આ પ્રમાણેનું ફળાદેશ સાંભળી હર્ષિત થએલ માતા પિતાએ પોતાના લાડકવાયા ચંદ્રકળાની જેમ દિનપ્રતિદિન વધતાં એકના એક શિશુકુમારનું પાલણ પોષણ ઘણીજ સંભાળ પુર્વક કર્યું, પાંચ વર્ષનો થતાં સુધીમાં ચાંગદેવે કાલીકાલી વાણીથી માતા પિતાને અનહદ આનંદ આપ્યો.

x x x x

" પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય તે પ્રમાણે બીજનાં ચંદ્રની જેમ વધતો પ્રભાવશાળી ચાંગદેવ બાલ્યાવસ્થામાંજ પૂર્વભવના ઉચિત સંસ્કારોનાં કારણે તેમજ ધર્મપરાયણ માતાના યોગે સંસ્કારી બન્યો.

માતા પાહિની નિત્ય નિયમ પ્રમાણે પુત્રસહિત દેવદર્શને જતી. જ્યાં પ્રભુભક્તિમાં એકધ્યાની બનેલ માતાના સંસ્કારોનું અનુકરણ ચાંગદેવ પણ કરતો. તેજ માફક પોતાના મહોલ્લામાં આવેલ ચૈત્યમાંજ દિવસે અનેક વખતે ચાંગકુમાર જઇ આનંદ અનુભવતો અને પ્રભુદર્શનમાં લીન બનતો.

આ પ્રમાણે જોત જોતામાં પાંચ વર્ષનો ગાળો ક્યાં પસાર થયો તેનું ભાન પણ હર્ષઘેલી માતા પિતાને ન રહ્યું.

# પ્રકરણ ૨ જું.

## ચાંગદેવનું અર્પણ

(૧)

સંવત ૧૧૫૦ ના મહા માસમાં શ્રીમદ્ દેવચંદ્રાચાર્ય પાટણથી ગામો ગામ વિહાર કરતા તીર્થયાત્રાર્થે ધંધુકા પધાર્યા. અહીંના સંઘે તેમનું બહુમાન પૂર્વક સ્વાગત કર્યું. વંદન કરવાને આવેલ પૌરજનોને આચાર્યદેવે સંસારની અસારતા દર્શાવતી ધર્મદેશના આપી. આ સમયે પાહિની તેનો ભાઇ નેમીચંદ અને પુત્ર ચાંગદેવ પણ હાજર હતા. વ્યાખ્યાન પૂર્ણ થતાં પાહિનીનાં ભાઇ નેમીચંદે અંજલી જોડી સૂરીશ્વરજીને જણાવ્યું કે–" હે પ્રભુ ! આ સંસારરૂપી સમુદ્ર તરવા મને ચારિત્ર અંગીકાર કરવાની ઇચ્છા થઇ છે, માટે આપ મને દીક્ષાપ્રદાન કરી કૃતાર્થ કરો." પુર્વજન્મના ઉચ્ચ સંસ્કારો, અને પુણ્ય, ભક્તિ આત્માનુ શુભ યોગો પ્રાપ્ત કરાવે છે. મામાને દીક્ષા માટે પ્રાર્થના કરતાં જોઇ ચાંગદેવ પણ શીઘ્ર ઉભો થયો અને પોતાને પણ પવિત્ર પંથે લઇ જવા વિનતિ કરી.

ગુરૂએ તરતજ જ્ઞાનનો ઉપયોગ મૂકી જોયું તો તેમને સમજાયું કે "આ તેજ બાળક છે કે જેને અંગે તેની માતાને ચિંતામણીનું સ્વપ્નફળ પોતે જણાવ્યું હતું, અને જેણે આજ બાળક પોતાને અર્પણ કર્યો હતો." ટુંક સમયમાં પરિસ્થિતિનું માપ કાઢી લઇ, કુદરતી સંકેત સમજી સંઘ સમક્ષ સૂરીજીએ જણાવ્યું કે "અહો પુણ્યાતમાઓ ! આપ બન્ને જરૂર ચારિત્રને લાયક છો. જરૂર તેથી શાસનનો ઉદય પણ થવાનો છે, છતાં અનુકૂળ સમય સુધી જરા ધીરજ ધરો.

x x x x

(૨)

નિત્ય નિયમ પ્રમાણે મામા અને માતા સહિત શિશુકુમાર ચાંગદેવ દેવ-દર્શન અને ગુરૂ વંદને જતો. જ્યાં આચાર્ય દેવના સંસર્ગમાં આ મામા ભાણેજ પરીપૂર્ણ પલોટાયા. એકદા ધંધુકા નગરની ચૈત્ય પરીપાટીમાં નગરના સંઘ સહિત નીકળેલ શ્રી દેવચંદ્રસૂરીજી, જે મહોલ્લામાં પાહિનીનું ઘર આવેલ હતું તે મહોલ્લાના ચૈત્યમાં જઇ ચઢયા. આચાર્યદેવ પ્રભુ સન્મુખ ચૈત્યવંદન કરતા હતા. આ સમયે સુયોગે પુણ્યશાળી પાહિનીદેવી પુત્ર સહિત ત્યાં આવી પ્રભુને પ્રદક્ષિણા દઇ સ્તુતિ કરવા લાગી.

.......આ સમયે માતાથી વીખુટો પડેલ ચાંગદેવ ચૈત્યવંદન કરતા ગુરૂદેવનાં ખાલી પડેલ આસન ઉપર બેસી ગયો.

ચાંગદેવની આ સમયની સુંદર આકૃતી, ભવ્ય લલાટ, અને તેના હૃદયમાં નમાતો હર્ષ, વગેરે સુલક્ષણો જોઇ ગુરૂ મહારાજે તુરતજ જ્ઞાનના ઉપયોગથી જાણી લીધું કે "આ બાળકે આ ક્ષણે આસન અંગીકાર કર્યું છે આ સમયે મુહૂર્ત એવું તો શ્રેષ્ઠ છે કે, આ ઘટિકામાં બાળકને દીક્ષા આપવામાં આવે તો તે જૈન શાસનમાં મહાન યુગ પ્રવર્ત્તક બને.

આ જોઇ ગુરૂદેવે સંઘસમક્ષ પાહિની દેવીને કહ્યું કે, "તમને પૂર્વે આવેલ સ્વપ્ન યાદ કરો. તેનો સમય પરિપક્વ થતો આવે છે. ચાંગદેવ પોતેજ આસન ઉપર બેસી ગયો છે." ગુરૂદેવને વંદન કરી પાહિની સ્વગૃહે ગઇ.

ત્યારબાદ આચાર્યદેવે તુરતજ સંઘને એકત્રિત કર્યો. અને તેજ સમયે સંઘના આગેવાનો સહિત પુત્રની માંગણી અર્થે પહિનીદેવીના ગૃહે ગયા. પાહિનીનો પતિ ચાચિંગ વેપાર અર્થે કર્ણાટક ગએલ હતો. જેથી પાહિની એકલીજ ઘેર હતી. તેણીનો ભાઇ નેમીચંદ પણ સાથે હતો. આંગણે આવેલ સંઘનું સ્વાગત પાહિનીએ શ્રેષ્ઠ પ્રકારે કર્યું. શ્રી સંઘે પાહિની દેવી પાસે ધર્મના અભ્યુદયાર્થે પુત્રની માગણી કરી.

સમસ્ત સંઘને પોતાના આંગણે આવેલ જોઇ તેણીના હર્ષનો પાર રહયો નહી. હર્ષાશ્રુ વહી રહયાં છે એવી પાહિની દેવીએ, બંને હાથ જોડી શ્રી સંઘને નમ્રતા પૂર્વક જણાવ્યું કે "પરમ પૂજ્ય તીર્થંકરોએ પણ માન્ય કરેલ એવો શ્રી સંઘ મારા પુત્રની માગણી અર્થે અહીં પધારે, એવું મારૂં

ધનભાગ્ય કયાંથી ? પરન્તુ આ પુત્રના પિતા વૈષ્ણવ સંપ્રદાયી હોવાથી આ વસ્તુ મારે માટે વીષાદને પાત્ર બનશે. જેનો વિચાર શ્રી સંઘે કરવાનો છે, બાકી શ્રી સંઘની આજ્ઞા મને શિરસાવંદ્ય છે.

શ્રી સંઘે જણાવ્યું કે "હે દેવી ! આ સ્થિતિ અમો સારી રીતે સમજીએ છીએ. આ પ્રમાણે હોવા છતાં આ કાલિન ગ્રહોનો યોગ જોતાં તમો રાજીખુશીથી આપનો પુત્ર શ્રી સંઘને સુપ્રત કરો ચાચીંગશેઠને લગતી દરેકજાતની જોખમદારી અમો માથે લઈએ છીએ.

પાહિની દેવીને પ્રાણપ્રિય એકનાએક પુત્રનો વિરહ કેવી રીતે સહન થાય ? પરંતુ આખરે પુત્રમોહને દુર કરી હૃદયમાં દ્રઢ નિશ્ચય કરી સૂરિશ્રીને તેણીએ કહ્યું કે " હે પ્રભુ ? આપની અને સંઘની આજ્ઞા ઉલ્લંઘન કરવી એ યોગ્ય નથી આપ સર્વને યોગ્ય લાગે તેમ કરો...... આટલું બોલતાં બોલતાં હર્ષઘેલી માતાએ પોતાના વ્હાલા પુત્રને ગુરૂદેવના હસ્તકમલમાં અર્પણ કર્યો.

તદ્પશ્ચાત્ સૂરિશ્રી ચાંગદેવ સાથે ત્યાંથી વિહાર કરી સ્તંભનપુર ( ખંભાત ) ગયા.

ધંધુકાથી વિહાર કરી આચાર્યદેવ ચાંગદેવ સહીત ખંભાત પધાર્યા. જ્યાં ખંભાતના શ્રી સંઘે તેઓનું ભાવભીનું બહુમાન કર્યું. અહીં આચાર્યદેવે ઉદાયન મંત્રીને ચાંગદેવ સંબંધી સર્વ વાતથી વાકેફ કર્યા.

સમયજ્ઞ બુદ્ધિશાળી અને ધર્મરંગી મંત્રીશ્વર ઉદયને તેમાં સહાનુભૂતી દર્શાવી ને ચાંગદેવ ઉદાયન મંત્રીને ત્યાં રહેવા લાગ્યા.
મુનિ રાખવામાં આવ્યું.



પાહિની દેવીનું અપૂર્વ સ્વપ્ન દર્શન.

૧. પાહિની દેવીએ સ્વપ્નમાં ચિંતામણી રત્ન જોયું.
૨. ભકિતના આવેશમાં તેણી તે રત્ન મહારાજને અર્પણ કરે છે,



પાંચ વર્ષનો ચાંગદેવ ગુરૂના આસને બેસે છે.

૧. પાહિનીદેવી મંદીરમાં સ્તુતિ કરે છે.
૨. શ્રી દેવચંદ્રસૂરિ શિષ્ય સાથે ચૈત્યવંદન કરે છે.
૩. ત્યાં ચાંગદેવ ઉપાશ્રયમાં જઈ ગુરૂદેવના ખાલી આસનપર બેસી જાય છે.

# પ્રકરણ ૩ જું.

## ચાંગદેવનો દિક્ષામહોત્સવ

ચાંગદેવના પિતા ચાચીંગ શેઠ પરદેશથી સ્વગૃહે (ધંધુકા) આવ્યા. ચાંગદેવને ખંભાત લઇ ગયાની માહિતી મળતાં તે અતિશય કોપાયમાન થયા, અને કોઇપણ હીસાબે પુત્રને લઇ આવવા તે શીઘ્ર ખંભાત ગયાં. અહીં મહાન બુદ્ધિ નિધાન ઉદયન મંત્રીશ્વરે ચાચીંગશેઠને સમજાવવામાં તેમજ તેમનુ બહુમાન સાચવવામાં જરા પણ કચાસ રાખી નહિ.

ઉદયન મંત્રીએ ચાચીંગ શેઠને જણાવ્યું કે—"આપ ચાંગદેવના બદલામાં ત્રણ લાખ સુવર્ણ મહોરો મારા તરફથી ગ્રહણ કરી પુત્રમોહનો ત્યાગ કરો. જેને માટે આપ જરા પણ હૃદયમાં ઓછું લાવશો નહી, કારણ કે તે દ્રવ્યથી તમો પણ ધર્મકાર્ય કરી શકશો" આ પ્રમાણે કહી ઉદયન મંત્રીએ ત્રણ લાખ દીનાર અને બહુમૂલ્ય વસ્ત્રોની પહેરામણી અતિશય પ્રેમથી નજરાણા તરીકે મૂકી. અને ચાંગદેવની માગણી શાસન સંરક્ષણાર્થે કરી.

જવાબમાં ચાચીંગશેઠે જણાવ્યું કે "આવા પ્રસંગોએ એક ક્ષત્રીયનાં મૂલ્ય તરીકે ૧૦૦૦ હસ્તી અને ૧૭૫૦ ઘોડાઓ. તેમજ અત્યંત સાધારણ સ્થિતિના વાહિતને (બ્રાહ્મણ) પણ પૂર્વકાળે રાજ્ય તરફથી બાળકનાં બદલામાં ૯૯ હાથીઓ. કે જેની કીંમત ૯૯ લાખ થાય છે તે, જરૂરીયાતને પ્રસંગે આપવામાં આવેલ છે. ત્યારે તેના બદલામાં તમો રાજ્યના મહા અમાત્ય થઇ ફકત ત્રણ લાખજ દીનાર આપો છો? આમાં તો તમો ઉપકાર બદલે કૃપણતા બતલાવો છો! પરન્તુ મહાનુભાવ! મારો પુત્ર તો આ સર્વથી અમૂલ્ય છે.

આ પ્રમાણેની તમારી ભક્તિ તેજ મારે માટે કલ્યાણ કરનારી છે. અને દ્રવ્યસંચય એપણ મને શીવનિર્માલ્ય છે. એટલુંજ નાહ પણ તે અસ્પૃશ્ય છે.

આ પ્રમાણે ચાચિંગ શેઠના જવાબથી સાનંદાશ્ચર્યયુકત થએલ મંત્રીશ્વરે ઉભા થઇ તેમને આલિંગન કર્યું, અને ધન્યવાદ આપી કહ્યું કે, "આપે

આપના પુત્રને સુપ્રત કરવાથી આ પુત્ર જગવંદનીય બનશે. માટે આપ હૃદયના ચઢતા ભાવોથી બાળકને પરમપુજ્ય સૂરીશ્વરજીને અર્પણ કરો.

જવાબમાં ચાચિંગ શેઠે જણાવ્યું કે " હે મંત્રીશ્વર ! હવે આ બાળક સમસ્ત જૈન શાસનનોજ છે. આપ ખુશીથી આપની ઇચ્છા મુજબ આચાર્યશ્રીને આપને હસ્તેજ અર્પણ કરો !

ત્યારબાદ બાળકને સંઘસમક્ષ શ્રી આચાર્યદેવને અર્પણ કરવામાં આવ્યો. આ સમયે શ્રી સંઘ તરફથી ખંભાતમાં અપુર્વ અઠ્ઠાઇ મહોત્સવ આનંદોત્સવ કરવામાં આવ્યો, જેમાં ચાચિંગ અને ઉદયન મંત્રીએ છુટા હાથે દ્રવ્ય ખરચ્યું.

( ૨ ).

### ચાચિંગને સૂરિશ્રીનો પ્રતિબોધ

ઉપરોકત સમયે આચાર્યદેવે ચાંચીગને પણ એવો સજ્જડ પ્રતિબોધ આપ્યો કે, જેણે ચઢતા ભાવોથી અનુમતિ આપ્યું. એટલુંજ નહિ પરન્તુ પુત્રના દીક્ષા પ્રસંગમાં હાજરી આપવા પણ વિનયપૂર્વક જણાવ્યું.

### ઉદયન મંત્રીને ત્યાં ચાંગદેવ

ઉદયન મંત્રીએ ચાંગદેવને ચાર વર્ષ સુધી પોતાને ત્યાં પોતાના પુત્રની જેમ રાખી લાલન પાલન. અને શાસ્ત્રોકત વિદ્યાભ્યાસ કરાવ્યો.

આ અપ્રતિમ પ્રભાવશાળી બાળક ટૂંક સમયમાં જે પ્રમાણે અગસ્ત્ય ઋષિ એક ક્ષણમાં સમુદ્રનું પાન કરી ગયા તેજ માફક આ બાળકે ખંભાતમાં રહી લગભગ ઉપરોકત સમયમાંજ અનેક પ્રકારના ગ્રંથોનો અભ્યાસ કર્યો અને તેને દીક્ષાધિકારને લાયક શ્રી દેવચંદ્ર સૂરીશ્વરજીએ બનાવ્યો.

× × × ×

( ૩ ).

### સોમચંદ્ર મુનિ બને છે

આ પ્રમાણે ઉદયન મંત્રીને ત્યાં રહેલ ચાંગદેવમાં દીક્ષાધિકારને લાયક દરેક જાતની યોગ્યતા જોતાં સંવત ૧૧૫૪માં મહા સુદ ૧૪ને શનીવારે રોહિણી નક્ષત્રમાં સ્તંભનપુર નગરનાં પાર્શ્વનાથ સ્વામીના મંદીરમાં અગર મતાંતરે મહાવીર સ્વામીના મંદીરને ઉપાશ્રયે જૈનકુલભૂષણ ઉદયન મંત્રી તરફથી

આચાર્યશ્રીએ પોતાના શિષ્ય તરીકે દીક્ષા આપી. તેનું નામ સોમચંદ્ર મુનિ રાખવામાં આવ્યું. આ સમયે તેના માતા પિતાએ તેમજ ધંધુકાના શ્રી સંઘે તેમજ પાટણ વિગેરે દુરદુરથી હજારો શ્રાવક સમુદાયે પુરતી હાજરી આપી હતી. દીક્ષા પ્રસંગે ખંભાતના શ્રી સંઘે અપૂર્વ લહાણુ લીધી હતી. જેમાં બ્રાહ્મણ પંડિતો, કવિશ્વરો, અને સર્વે જાતિઓએ, આ પૂર્વ સંસ્કારી બાળ દીક્ષીત મુનીરાજની દીક્ષામાં હાજરી આપી હતી. મંત્રીશ્વર ઉદયન મંત્રી તો ફુલ્યા સમાતા નહતા. તેમને મન તો જૈન શાસનનો ભાણ આકાશમાં ન ઉગ્યે હોય! તેટલો હર્ષિત થતો હતો.

નવ દીક્ષિત સોમચંદ્ર મુનીને જોઇ જેના બત્રીસે કોઠે અમીરસ સીંચાયો હતો એવા ઉદયન મંત્રીએ ? આ સમયે આ દીક્ષામા પોતાની ધાર્મિક ગૌરવતા દાખવી હતી. જેમાં તે સમજતા હતા કે " ભવિષ્યમાં આ મુનીરાજ ગુજરાતનાં નાથની ગરજ સારનાર અલૌકિક એક મહાન વિભૂતિ બનવાના છે જેમના હાથેજ ગુજરાતનું ભાવી સંસ્કારીક બનવાનું છે. વનરાજ ચાવડાનું રક્ષણ કરનાર શ્રી શીલગુણસૂરીનું વ્યવહાર ચાતુર્યતાનું ભાન શ્રી. દેવચંદ્રસૂરિમાં આ સમયે તેમને પ્રત્યક્ષ દેખાયું.

x x x x

સોમચંદ્ર મુની જોતજોતામાં સાધુ ધર્મની આવશ્યક ક્રિયામાં પારંગત બની ગયા. ખાણમાંથી નીકળેલા પાણીદાર હીરાને પાસા પાડતાં જેમ તે ઝળહળી ઉઠે છે તેમ, સોમચંદ્રમુનિનું તેજ અધિકાધિક દીપ્તિમાન થવા લાગ્યું. તેમની બુદ્ધિ એવી તીક્ષણ હતી કે દીર્ઘપર્યાયી સાધુને જે વસ્તુ ગ્રહણ કરવી કઠિન જણાતી તે સોમચંદ્ર મુની સહજમાં પ્રાપ્ત કરી લેતા. શ્રી દેવચંદ્ર સૂરીની દેખરેખ નીચે સોમચંદ્ર મુનિ સંયમ માર્ગમાં પ્રયાણ કરવા લાગ્યા.

ચાંગદેવના દીક્ષા અંગે ચોરી છુપી નાસ ભાગ વગેરેનાં જે જાતના કથાનુવાદો વર્તમાન ઇતિહાસકારોએ તેમજ ચરીત્રકારોએ વર્ણવેલા છે તેવું કોઇપણ જાત અયોગ્ય વર્તન ચાંગદેવની દીક્ષાને અંગે બનવા પામ્યુંજ નથી. નોવેલો લખનારાઓએ તેઓના અંગે સંયમ જાળવી લખવું જોઇએ.

# પ્રકરણ ૪થું.

## શ્રી સોમચંદ્ર મુનીનો વિદ્યાભ્યાસ

ગત પ્રકરણમાં આપણે વાંચી ગયા કે વીક્રમ સંવત ૧૧૫૪માં ચાંગદેવનો દીક્ષા મહોત્સવ ખંભાતના શ્રીસંઘ તરફથી મંત્રીશ્વર ઉદાવનની પુરતી સહાયતાથી ચાંગદેવના માતાપિતા તેમજ તેના કુટુંબીજનો અને ધંધુકા જૈન સંઘના પુરતા સાથ સાથે ઇતિહાસીક રીતે ઉજવાયો.

સૂરીશ્વરજી અને તેમના અન્ય વિદ્વાન શાસ્ત્રપારંગત એવાં શિષ્ય સમુદાયે બાળમુનિરાજ શ્રી સોમચંદને વિદ્યાભ્યાસ કરાવવામાં અત્યંત કાળજી દાખવી. કઇ રીતે આ બુદ્ધિશાળી સોમચંદ્ર મુનિ અનેક વાદીઓને જીતવામાં, રાજા મહારાજાઓ તેમજ શ્રી સંઘને પ્રતિબોધવામાં વિપૂલ શક્તિશાળી બને, તેવો પુરૂષાર્થી માર્ગ તેમના ગુરૂએ લીધો. જેનો લાભ અત્યંત તીવ્ર બુદ્ધિશાળી સોમચંદ્ર મુનીએ પુરતો લીધો. અને જોત જોતામાં પૂર્વસંચિત જ્ઞાનોદયના કારણે તેમણે તર્કશાસ્ત્ર, ન્યાય અને આવશ્યક શાસ્ત્રોક્ત અભ્યાસમાં ઓતપ્રોત રહી તેમાં તેઓ પારંગત બન્યાં.

શ્રી હેમચંદ્ર મુનીએ સાધુ સંઘાડામાં રહી મુનીઓને આવશ્યક બધી ક્રિયામાં પ્રવીણતા મેળવી. તેઓ મુની મહારાજોની તથા આચાર્યદેવની સેવામાં કાયમ તત્પરતા દાખવતા. આ કારણથી તેઓ શ્રી સાધુ સંઘાડામાં ઘણા વિનયી અને માનનીય બન્યા.

અભ્યાસક્રમમાંજ જેઓ પોતાના જીવનની સાર્થકતા માની રહ્યા છે એવા શ્રી સોમચંદ્રમુનીરાજને, એક વખત એક પદથી લગાવી લક્ષપદ કરતાં અધિક પર્વના માત્ર "એકજપૂર્વ" નો અભ્યાસ અને તેનું ચીંતવન પોતા માટે અધુરૂં દેખાવા લાગ્યું.

અગાધ જ્ઞાનશક્તિશાળી શ્રી સોમચંદ્રમુનીરાજે બુદ્ધિના પુર્ણવિકાશ અર્થે સરસ્વતી દેવીને પ્રસન્ન કરી, તેમની કૃપા મેળવવા કાશ્મીર જવા પોતાના ગુરુ પાસે વિનયતાપૂર્વક આજ્ઞા માગી.

બુદ્ધિશાળી શિષ્ય પ્રત્યે અતુલ પ્રેમ ધરાવનાર સૂરિશ્રીએ કેટલાક ગીતાર્થ સાધુઓ સાથે ઉપરોકત પ્રદેશમાં જવાની તેમને સગવડતા કરી આપી.

આ પ્રમાણે શ્રી ગુરૂ આજ્ઞા મેળવી શ્રી સોમચંદ્ર મુનીએ અનેક સાધુઓ સહિત કાશ્મીર તરફ વીહાર કર્યો.

x x x x

(૨)

## સરસ્વતી દેવીનાં સાક્ષાત દર્શન અને તેનો આશીર્વાદ

ખંભાતથી વિહાર કરતાં દરેક ગામોનાં સંઘોનું અપૂર્વ સ્વાગત પામતા શ્રી સોમચંદ્ર મુની સહિત સર્વે વિદ્વાન મુનીરાજો, જોતજોતામાં શ્રી રૈવતગિરી (ગીરનાર) પર (સૌરાષ્ટ્રમાં) આવી પહોંચ્યા.

અહીં ગિરિરાજ ઉપરજ શ્રી સરસ્વતી દેવીની આરાધના (ગઢની બહાર અંબીકા મંદીરની બાજુમાં) કરવા, શ્રી સોમચંદ્ર મુનીએ વિદ્વાન મુનીરાજોને પોતાની ઇચ્છા જણાવી. વિદ્વાન મુનીરાજાએ તેમની ઇચ્છાને માન આપી ત્યાંજ સ્થિરતા કરી.

અહીં આ પરમ પવિત્ર તીર્થરાજ પરજ દઢ ભકિતપૂર્વક શ્રી સરસ્વતી દેવીને પ્રસન્ન કરવા શ્રી સોમચંદ્ર મુનીએ અઠ્ઠમની તપશ્ચર્યા કરી, અને એકાગ્ર ચિત્તથી દેવીનું ધ્યાન ધરી આરાધના ચાલુ કરી.

અઠ્ઠમના ત્રીજા ઉપવાસની મધ્યરાત્રીએ બ્રહ્મ તેજનાં નિધાનરૂપ સાક્ષાત્ સરસ્વતી દેવી, તેમની સન્મુખ પ્રસન્ન ચીતે હાજર થયા, અને તેમણે શુભાશીષ દેતાં કહયું કે.

**"હે નિર્મળ બુદ્ધિવાન વત્સ હવે તારે કાશ્મીર સુધીના દુર્ઘટ વિહારના જરૂરિયાત નથી. તારી અપૂર્વ દ્રઢ ભકિતથી વશ થઇ હું તારી સર્વે મનો કામના પૂર્ણ કરીશ"**

આ જાતનું વરદાન આપી વાગદેવી અદ્રશ્ય થયા. ત્યારબાદ બાકીની રાત્રી અપૂર્વ પ્રસન્નતાથી ધ્યાનમાં પસાર કરી શ્રી સોમચંદ્ર મુની સ્વસ્થાને પધાર્યા.

પ્રભાતના પહોરમાં બાળસુર્ય સરખા દેદીપ્યમાન શ્રી સોમચંદ્ર મુની. પોતાની સાથે રહેલ વિદ્વાન મુનિરાજો આગળ પ્રસન્ન ચી-તે હાજર થયા. અહીંજ દેવીની પ્રસન્નતા થવાથી હવે આગળ ન જતાં પાછા ખંભાત જવા ત્યાંથી વિહાર કરી ગયા. આ સમયે શ્રી સોમચંદ્ર મુનીની ઉંમર માત્ર ૨૦ વર્ષનીજ હતી. આટલી નાની ઉંમરમાં તેઓએ દૈવિક શકિતની પ્રસન્નતા પ્રાપ્ત કરી અને ત્યાંથી વિહાર કરતાં કરતાં પોતાના ગુરૂને ચરણે આવી વસ્યા.

શ્રીમદ્ દેવચંદ્ર સૂરિશ્રીને પણ આવા પ્રખર પ્રભાવશાળી શિષ્યને ભારતની ચારે દીશાનાં તીર્થોનાં દેવદર્શન કરાવવાની તેમજ તેમની જ્ઞાનશકિત ખીલવવાની પુરતી જીજ્ઞાસા થઇ. તેઓ ખંભાતથી વિહાર કરી સોમચંદ્ર મુની સાથે અલગ અલગ પ્રદેશોમાં થઇ મારવાડ ( નાગોર ) નાગપુરમાં પધાર્યા. આ સમયે સોમદેવ મુનીની ઉમર લગભગ ૨૦-૨૧ વર્ષના ગાળાની હતી. જેઓનું મુખારવિંદ અને શારીરીક બહ્મતેજ એટલું તો દેદિપ્યમાન થતુ હતું કે જાણે કોઇ મહાન જયોતીર્ધર જીવન ઉદ્ધાર અર્થે ચારે દીશાએ જાણે પોતાની તેજોમય શકિતઓને ફેરવી ન રહ્યા હોય ?

જુઓ ચિત્રદર્શન

## પ્રકરણ ૫ મું.

### સૂરિપદની પ્રાપ્તિ

શ્રીમદ્ દેવચંદ્રાચાર્ય સુરીશ્વરજી પોતાના સંઘાડા સહિત નાગપુર શહેરમાં આવે છે એવી શ્રી નાગપુર તથા આજુબાજુનાં સંઘોને જાણ થતાં તેઓએ શ્રી આચાર્ય દેવનું સામૈયું ઘણાજ ઠાઠમાઠથી કર્યું અને તેમણે શ્રી ઉપાશ્રયે ઉતારો લીધો.

આ સમયે આ નગરમાં ધનદ નામે એક વણીક રહેતો હતો. આ વણીકનું કુટુંબ પુર્વભવના કર્મોથી, ગરીબાઇ ભોગવતું હતું. જેને એક દીવસે સ્વપ્નમાં પોતાના ઘરનાં ભોયરામાં સુવર્ણનો ઢગલો દેખાયો. છતાં જેનાં નસીબમાં દારીદ્રયોગની પુર્ણાહૂતીનો અંત હજુ દુર છે એવા ધનંદને, પોતાના ઘરનાં ભોયરામાંથી ખોદકામ કરતાં સુવર્ણ ઢગલાને બદલે કોલસાનો ઢગલો હાથ લાગ્યો.

આ પ્રમાણે નિરાશા પ્રાપ્ત થતાં પોતાના ઉદયને હજુ વાર છે. અને આમાં કોઇ ભાગ્યશાળી આત્માની જરૂરીઆત છે. એવી શ્રદ્ધા ધરાવનાર આ ધનંદે તે કોલસાનો ઢગલો પોતાના ઘરને આંગણે એવી રીતે ગોઠવ્યો કે જેના ઉપર ઘરમાં પ્રવેશ કરનાર દરેકની દષ્ટિ પડે.

× × ×

## કોલસાનું સુવર્ણ

પ્રસંગોચિત એક દીવસ. નાગપુર પધારેલ શ્રી સોમચંદ્રમુનિ તેમના ગુરૂ સહિત ગોચરીએ વીચર્યા જેમાં તેઓએ ધનદને ત્યાં જઈ "ધર્મલાભ" આપ્યો.

આ સમયે ઘણીજ દુઃખી સ્થિતિ ભોગવનાર ધનંદ અને તેની સ્ત્રીએ બંને હાથ જોડી મુનિ મહારાજ તથા આચાર્ય દેવને કહયું કે "હે સુજ્ઞ મુની રાજો? મારા ઘરમાં ઉદર પોષણાર્થે માત્ર જુવારની ઘેંસ રાંધી છે, તે આપ જેવાને વહોવરાવતાં મને શરમ આવે છે; છતાં આ આહાર સુઝતો અને (યોગ્ય) પ્રાસુક છે તે લેવાની આપ કૃપા કરો."

આ પ્રમાણે ધનદનું બોલવું સાંભળી સોમદેવ મુનીએ પોતાના ગુરૂને સાંકેતિક રીતે વિનંતિ કરી જણાવ્યું કે "હે આચાર્ય દેવ! આ વણિકના આંગણામાં સુવર્ણનો મોટો ઢગલો પડયો છે, છતાં તે પોતાને શા માટે નિર્ધન જણાવે છે?"

સુજ્ઞ સૂરિજીને શિષ્યની જ્ઞાન લબ્ધીનો આ સમયે પુરતો પરિચય થયો, તેમણે જાણ્યું કે "મને આ ઢગલો તો કોલસાનો દેખાય છે, તો એ સ્વતઃ આ ઢગનો સ્પર્શ કરે તો જરૂર આ ઢગ સુવર્ણનો બને" એમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી.

સર્વે મુનીવરોમાં અલૌકીક શકિત ધરાવનાર સોમદેવ મુનીને તેમની લબ્ધિના પરિચય માટે આ ઢગલા ઉપર પોતાના જમણા હાથની તર્જનીનો સ્પર્શ કરવા. ગુરૂદેવે જણાવ્યું.ગુરૂ આજ્ઞા પ્રમાણે નવકાર મંત્રનું સ્મરણ કરી શ્રી સોમચંદ્ર મુનીએ કોલસાના ઢગનો સ્પર્શ કર્યો.

અહો! હો! આ દૈવિક શકિતનો કેવો ચમત્કાર! જેમાં તુરતજ આ મુનીરાજનાં માત્ર હાથનો સ્પર્શ થવાથી તે ઢગલો સુવર્ણમય થઇ ગયો— અને જોતજોતામાં પોતાને દરિદ્રિ માનતું આ ધનદનું કુટુંબ ક્ષણમાત્રમાં કોટયાધી-

## —: શ્રી થાણા તીર્થોધ્ધારના ખાસ આત્માસમા :—

# શા. નરસીંગજી મનરૂપજી

અગવરી [મારવાડવાળા]

દુકાન : થાણા, દેરાસરજી સામે.

### ...શેઠ નરસીંગજીનું સંક્ષિપ્ત જીવન...

સદગત શેઠ નરસીંગજી મનરૂપજીએ શ્રી થાણા દેરાસરજીના ટ્રસ્ટી તરીકે શ્રી થાણા તીર્થોધ્ધારના મહાન કાર્યને તેમજ પ્રતિષ્ઠા મહોત્સવને યશસ્વી બનાવવામાં જીવનની સાર્થકતા માની હતી. જેમાં પુરતી રીતે સાથ આપી શ્રી નવપદજી જીનાલયને એવુ તો અમરત્વ યાત્રાનું ધામ બનાવ્યું છે કે, જે વસ્તુ તેમના માટે ભવાન્તરોના ભાથા તરીકે તરવામાં સાધક બને. શ્રી થાણા-

શા. નરસીંગજી
મનરૂપજી
જન્મ :
સંવત ૧૯૪૬



સ્વર્ગવાસ :
સંવત ૨૦૦૫ના
ફાગણ શુદ ૬
થાણા.

તીર્થોધ્ધારના મહાન કાર્યના પ્રબળ પુન્ય બંધને જાણે તેમના જીવનની સાર્થકતા આ ભવમાં પુરી ન થઇ હોય તેમ ? પ્રતિષ્ઠા મહોત્સવના એક મહીના પછી ફાગણ શુદ ૬ ની સવારના તેમનો અચાનક એવી રીતે સ્વર્ગવાસ થયો કે તેમાં તેમને વેદની કર્મો ભોગવવાનો યોગ પણ આવ્યો નહિ અને તેમની જીવન નઇયા પાર ઉતરી ગઇ

આવા મહાન સ્વ. ભાગ્યાત્માના આત્માને સર્વ સ્થળે શાંતિ અને ઉંચ કોટીનું સ્થાન મલ્યાજ કરે એવુ અમો પ્રભુને પ્રાર્થિએ છીએ.

સદગત શેઠ નરસીંગજીના જેવાજ ધર્મિષ્ટ તેમના સુપુત્ર શા. ગુલાબચંદજી પણ પોતાના પિતાને પગલે ચાલી દેરાસરજીના ટ્રસ્ટી તરીકે વહીવટને એવી રીતે સમ્ભાળે કે તે તેમના માટે તરવા અને તારવાના ભાથારૂપ બને અને લાભ સવાયા તરીકે જીવનની સાર્થકતા થાય.

થાણા. તા. ૨૦-૮-૪૯. મંગળદાસ ત્રીકમદાસ ઝવેરી.



● सरस्वती श्रुतिमहती महीयताम् ●

विद्वान्सोऽपि निमिषं हृदयानां [illegible] ।
[illegible] किंचित् [illegible] ॥

# ❋ प्रतिष्ठा—पत्रम् ❋

श्रीमान् मङ्गलदास श्रीकमलदास जी मोदी महो— देपी ग्राम प्रान्त निवासिन

अविद्यान्धंतमो निरस्यन्ती विद्या ज्ञानं जनयति। परमाभ्युदयसाधकं तस्याः स्वरूपं सतीष्वपि विविधासु विद्यासु भूतभव्यवर्तमानोदयविज्ञानत्वाद्विद्यान्तरापेक्षयोत्कृष्टतमां संस्कृतवाणीमेवाधिकृत्य जगति प्राकाशत। सांप्रतंजगद्-गुरुत्वेनाभिमते भारते जगन्मंगलायास्याः प्रचुरप्रचार आवश्यकः। स च संस्कृताध्यापनाध्ययनाभिभाषणपत्रप्रचारसरलोत्कृष्टग्रन्थलेखनगौरवप्रकाशनसम्मानवितरणोत्साहवर्धनादिभिः सम्भाव्यते। एतत्कार्यसंपादनार्थैव संस्कृतकार्यालयः समजनि।

सुरसरस्वत्याः कृपाकटाक्षास्पदीभूता ये केचिद्विद्वत्कार्मिकाभिभावकास्तेऽस्य कार्यालयस्य प्रेमपात्राणीति तत्रभवतो भवतः संस्कृतसंरक्षणकराणि कर्माणि दिवानिशं मुहुर्मुहुरालोचयन्नपि निःस्वतया वसुलवेनापि सत्-कर्तुमप्रभुर्महा-प्रतिष्ठोपनिषद्भूत्-कृतसदुपाधि--प्रदानमात्रेणैवोपचरितुकामः साम्प्रतं साहित्य-भीम योग्यतया एषः संस्कृतकार्यालयो भवन्तं साहित्यसूरि उपाधिनालंकृत्य परमानन्दमाप्नोति, तथा सर्वशक्तिमतया महाकालयोश्चरणकमलयोः सविनयं प्रार्थयते यद्भावत्की परा सांस्कृतसमुन्नतिर्भूयादिति शम्।

संस्कृतकार्यालयस्य च-प्रबन्धकः — संस्थापकः

संस्थापकः विद्यारत्न सुरभारतीसेवकः।
पं॰ कालीप्रसाद शास्त्री

संस्कृत कार्यालयः
संस्कृत--कार्यालयः, अयोध्या
विक्रमाब्द सम्वत्, २००४ वि॰

श्री

શની ગણુત્રીએ પહોંચ્યું. આનંદાશ્ચર્ય પામેલ ધનંદે આ પ્રમાણે પોતાને પ્રાપ્ત થએલ ગુરૂદેવની પ્રસાદિક તુલ્ય ધનની પ્રાપ્તીથી (તેણે) વિનયપૂર્વક સૂરીશ્વરજીને પ્રાર્થના કરી કે "હે સૂરિદેવ? આવા પ્રભાવશાળી શિષ્યને આપ આચાર્ય પદવી આપી કૃતાર્થ કરો" આપનાં ઉપકારનાં બદલા તરીકે તેનો બધોયે ખર્ચ કરવાની મારી ભાવના છે. તો તેનો આપ સ્વીકાર કરો.

સૂરિશ્વરે જણાવ્યું કે "હે શ્રાવક! જરા ધીરજ ધરો, તમારી ઇચ્છાને હું માન આપીશ. કારણ કે, આ લબ્ધીવંત મુની સૂરિપદવીની સંપુર્ણ લાયકાત ધરાવે છે.

તદ્ પશ્ચાશ્ચાત્ ઉપકારી આચાર્યદેવ અને મુનીરાજ સોમચંદ્ર ત્યાંથી ભાવ પુર્વક ઘેંસ વહોરી ઉપાશ્રયે ગયા.

(૨)

## સોમચંદ્ર મુની શ્રી હેમચંદ્રાચાર્ય તરીકે

ત્યારબાદ શ્રી નાગોરના સંઘ તરફથી અતિ ઉત્સાહ પૂર્વક સંવત ૧૧૬૬ ના વૈશાખ શુદ ૩ (અક્ષય તૃતીયા) ને દીવસે, શ્રી સોમચંદ્ર મુનીને આચાર્યપદ તેમની માતુશ્રીની હાજરીમાં અર્પણ કરવામાં આવ્યું. તેમના હસ્તસ્પર્શ માત્રથી કોલસાનું સુવર્ણ ( હેમ ) થએલ હોવાથી તેમનું નામ હેમચંદાચાર્ય રાખવામાં આવ્યું.

આ સમયે ઘણાજ ધામધુમપુર્વક અઠ્ઠાઇ મહોત્સવ ઉજવવામાં આવ્યો. જેમાં ધનંદશેઠે ખર્ચેલી લાખ્ખો રૂપીઆની ધર્મપ્રભાવના, મારૂ પ્રાતના સંઘ માટે અમરત્વને પામી.

આચાર્યદેવ શ્રીદેવચંદ્રસૂરિએ સોમચંદ્ર મુનીને નાગપુર નગરે આચાર્યપદ અર્પણ કર્યું. તે સમયે, ગુર્જરભુમીના મહાન શ્રેષ્ઠીઓ જેમાં મુખ્યત્વે ધંધુકાનિવાસી સંઘનો પણ મોટો સમુદાય હાજર હતો.

આ સંઘ સમુદાયમાં કોઇ પણ સ્થળે પુર્વકાલીન ગ્રંથકારોએ ચાંગદેવના પિતાનો ઉલ્લેખ કરેલ દેખાતો નથી. એ ઉપરથી એમ સમજાય છે કે ચાંગદેવના પિતાશ્રી આ સમયે સ્વર્ગવાસી થવા હોવા જોઇએ.

શ્રી સોમચંદ્ર મુનીને આચાર્યપદના સમર્પણ સમયે તેમની માતુશ્રી પાહિની દેવી નાગપુર ખાતે પધારેલ હતા.

આ જગવંદ્ય પુત્રની માતુશ્રીનો સંસાર પરથી મોહ ઊતર્યો હતો. જેથી આ સમયે શ્રીમદ્ હેમચંદાચાર્યે પોતાની માતુશ્રીની ભગવતી દીક્ષા ગ્રહણ કરવાની ઇચ્છા આચાર્યદેવને જણાવી. શ્રીમદ્દેવચંદ્રસૂરિએ તેમની ઇચ્છાને માનઆપી તેમને પ્રવ્રજ્યા આપી. અને આચાર્યદેવે પાહિની દેવીને પ્રવર્ત્તની પદ અર્પણ કર્યું.

આ સમયે જેમને સુરિપદની પ્રાપ્તી થઇ છે. એવા શ્રીમદ્ હેમચંદ્ર સૂરિશ્વરે પોતાના ગુરૂદેવને વિનંતિ કરી કે, "પોતાની જન્મદાતા મહાન ઉપકારી માતાને સંઘ સમક્ષ પ્રવર્તીની તરીકે સીંહાસન પર બેસવાની છુટ આપવી." પોતાના શિષ્યની વિનંતિને માન્ય રાખી આચાર્યદેવે આનંદિત થઇ આ જાતની છુટ પાહિની દેવીને આપી. ધન્ય હો એવા પુત્ર રત્નને ! કે જેણે પોતાની માતાને પણ આ પ્રમાણે તારી.

( ૩ )

નાગોર (મારવાડ)માં સુરીપદની પ્રાપ્તિ થયા બાદ શ્રીહેમચંદ્રાચાર્યે પોતાના ગુરૂદેવને જણાવ્યું કે "હે મહાન પરોપકારી આચાર્યદેવ ! હજુ અનેક શાસ્ત્રીય ગ્રંથોનાં મંથન માટે, શ્રી સરસ્વતી દેવીની સંપુર્ણ કૃપા પ્રાપ્ત કરવા અને આ દેવીના સાક્ષાત્કાર અર્થે ગિરનાર જવાની ઇચ્છા છે." જેમાં મુખ્યત્વે કારણ એ છે કે "પૂર્વરચિત વ્યાકરણની મહાન આઠ પ્રતો જે, કાશ્મીરના સરસ્વતી ભંડારમાં વિદ્યમાન છે, તે પ્રતોનાં અભ્યાસથી જરૂર સાર્થકતા થાય એમ છે. જેમાં માતાજીનો આશીરવાદ મળતા આ મહાન કાર્યમાં મને સફળતા પ્રાપ્ત થાય તેમ છે."

સરળ પ્રણામી શ્રીમદ્ દેવચંદ્રસુરિજીએ પોતાનાં શિષ્યનાં અભ્યુદયમાં લાભાર્થે તેમની ઇચ્છા પ્રમાણે દેશાટનથી જો કુશળતા પ્રાપ્ત થતી હોય ? અને શાસનનો પણ જો ઉદય થતો હોય તો ? યથાશક્તિ સાથ આપવા ખુશી દર્શાવી. અને થોડા મુનીવરો સાથે શ્રી હેમચંદાચાર્યે સૌરાષ્ટની તૈયારી કરી.

કલિકાળનાં અજ્ઞાનરૂપ અંધકારમાં સુર્યસમાન તેજસ્વી, જેઓનો પ્રભાવ ભવિષ્યમાં ચારે દીશાએ પ્રકાશિત થવાનો છે. અને જેમનાં

હાથે ગુર્જરભૂમિનું કલ્યાણ નિર્મિતછે. એવા મુનિરાજોએ હર્ષ મારવાડથી વિહાર કર્યો, અને તેઓ સૌરાષ્ટ ગિરનાર ઉપર આવી પહોચ્યા.

(૪)

સુરિશ્વરજીએ સાથે આપેલ **શ્રી સિદ્ધચક્ર મંત્રરાજની** આરાધના માટે, સાથે રહેલ સાધુઓમાંથી શ્રી મલયગિરિજી, શ્રી દેવેંદ્રસુરિજી, અને શ્રી હેમચંદ્રસુરિજી અંહિ તત્પર થયા. જેમાં એક પદ્મમણી સ્ત્રીની સાહયતાની જરૂર હતી. તેથી સર્વે સાધુઓ ગિરનાર નજદીકના કુમાર ગામે આવ્યા. ગામના સિમાડે તળાવ કાંઠે એક ધોબી વસ્ત્ર ધોતો હતો. જેમાંથી એક વસ્ત્ર તેણે સુકવ્યું હતું. વસ્ત્રની મધુરતામય સુંગધીના કારણે, જેની આસપાસ ભ્રમરો ગુંજારવો કરી રહયા હતા. જેથી સર્વે સાધુઓએ જાણ્યું કે, આ ગામમાં જરૂર પદ્મમણી સ્ત્રી હશે. તપાસ કરતા સમજાયું કે, અહિના ઠાકોરની સ્ત્રીના આ વસ્ત્રો હતા. જેથી તેઓ ઠાકોરના મહેલે ગયા. અહિ ઠાકોરે તેમનું ભાવ પૂર્વક સ્વાગત કર્યું, અને આગમનનું કારણ પૂછયું. ત્યારે શ્રીમદ્દ "હેમચંદ્રજીએ જણાવ્યું કે" અમારે વિદયા પ્રાપ્તિ અર્થે એક પદ્મમણી સ્ત્રીની સહયતાની જરૂર છે. જેના અર્થે અમો ગિરનારથી અહિં સુધી આવ્યા છીએ. જેમાં "હે ઠાકોર? આપની ભાગ્યાત્માં ઠકરાણી, ખરેખર નારી જાતિમાં ઉંચ કોટીની પદ્મમણી તૂલ્ય દેખાય છે. જેની સાહયતાથી અમો શ્રી નેમીનાથ પ્રભુની છત્ર-છાયામાં ગિરિરાજ પર શ્રી સિદ્ધચક્ર, મંત્રરાજની સાધનાથી, શ્રી વિમળેશ્વર દેવની પ્રસંતા પ્રાપ્ત કરી શકીએ તેમ છીએ. જો શ્રી યક્ષરાજદેવ પ્રસન્ન થાય, અને ધારવા પ્રમાણે વરદાન આપે તો? અમારાથી ધર્મ સેવા ઉંચકોટીની થઇ શકે તેમ છે. જવાબમાં ઠાકોરે જણાવ્યું કે "હે તપસ્વી સાધુઓ? અમારા દંપતીના એવા તે ધન્યભાગ્ય કયાંથી કે, અમો અમારા જીવનની સાફલ્યતા આપ ધારો તે પ્રમાણે સેવા આપી કરી શકીએ?

સૂરિશ્રી " હે ઠાકોર? આ સાધના મહાન વિકટ, કસોટીમય, અને એવી તો ગંભીર, છે કે, તેના ઉપર આપ પૂખ્ત વિચાર કરી જવાબ આપો. અમારે અઠ્ઠમની તપશ્ચર્યા કરી; રાત્રિના એકાંત સમયે, વસ્ત્ર તજી, વિદયાની સાધના અર્થે બેસવાનું હોય છે. તે સમયે આપે હાથમાં નાગી તલવાર સહિત ઉભા રહી, સાધકોના પરિક્ષક બનવાનું રહે છે. જેમાંજ તપસ્વી જીવનની ખરી કસોટી આ સમયે થાય છે. સાધક તપસ્વીનું મન જરા પણ આ સમયે વિકારી દેખાતા, તેનું મસ્તક ધડથી

જુદુ કરવાની શાસ્ત્રે, આજ્ઞા ફરમાવેલ છે. તે મુજબ હે " ઠાકોર ? આપે આ સમયે જરાપણ દયાનો ભાવ ન લાવતા, અમારા ત્રણે સાધકોમાંથી, આપને કોઇનું દીલ જરા પણ ચલાયમાન દેખાય તો, તેનો ખુશીથી આપે શિરછેદ કરવો. તપશ્ચર્યાની ત્રીજી રાત્રિએ સાધના સમયે અમારી સનમૂખ આપની દેવાંગના તુલ્ય પવિત્ર ઠકરાણીએ નિરવસ્ત્ર થઇ ઉભા રહેવાનું છે. આ સમયે અમારી નજર નિચી યંત્રરાજની સાધનામાં મુગ્ધ બનેલ હશે. જેથી, કોઇપણ જાતના નજર દોષનો તેમાં ભય નથી. રાત્રિના એકાંતમાં આ સમયે પર્વત ઉપર અંબિકા માતાના મંદીર પાસે અમો ત્રણ સાધુઓ, અને આપ બંન્ને જણાજ માત્ર હશો.

ઠાકોર અને તેની સ્ત્રીએ શ્રી હેમચંદ્ર સુરિજીની માંગણી માન્ય રાખી, અને કયે દિવસે સાધના અર્થે હાજર થવું તે પૂછ્યું. ચોકસ દિવસ નિશ્ચિત કરવામાં આવ્યો. પછી અહિથી સુરિમંડળ ગિરનાર તરફ વિહાર કરી ગયું.

(૫)

**વિમલેશ્વર દેવની પ્રશન્નતા :—**

ઠરાવેલ દીવસે કુમાર નગરના ઠાકોર, ઠકરાણી સહિત સાધના સમયે ગિરિરાજપર હાજર થયા. અને ઉપર જણાવ્યા પ્રમાણે ત્રણે સાધક માહત્માંઓએ શ્રી મંત્રરાજની સાધના ચાલુ કરી. ત્રિજા દીવસની મધ્યરાત્રિએ જ્યારે એક ધ્યાને નિશ્ચલતા પૂર્વક સાધના પૂર્ણ ધ્યાનસ્ત બની ત્યારે, યક્ષરાજ શ્રી વિમલેશ્વર દેવ પ્રત્યક્ષ થયા; અને સર્વેને દર્શન દીધા. ઠકરાણી આખના પલકારામાં સુસજીત બન્યા ? પ્રસન્ન થએલ દેવે ત્રણે માહત્માંઓને વરદાન માગવા કહ્યું; ત્યારે દેવેંદ્રસુરિએ **"કાન્તિપુરીનો જીનપ્રસાદ સેરીસા લાવવાની માંગણી કરી. મલયગિરિએ સિધાંન્તો ઉપર સુલભ વૃતિ રચવાની શકિત માંગી"** અને **શ્રી હેમચંદ્રસૂરિએ રાજાઓને પ્રતિબોધી, તેમને રીઝવી જૈન શાસનની સેવા માટે અપુર્વ શકિત માગતા જણાવ્યુ કે, "શાસન ઉપકારી હે યક્ષરાજેદેવ ? પૂર્વોક્ત ધર્માચાર્યો માફક રાજસભામાં વાદીઓને સિધાંતોનુસાર જીતવામં, તેમજ પ્રભુ મહાવીર પ્રેરીત જીનેદ્ર વ્યાકરણના અભ્યોદયાર્થે તેને સોહ્ય કરવામાં, આપ મને દૈવિક શકિતનું બળ આપો. જેથી હું એવા વ્યાકરણ ગ્રંથની રચના કરવા સમર્થ થઇ શકુ કે, આ ગ્રંથ ગર્વિગુર્જરભૂમિની ગૌરવગાથા રૂપ**

**બને. દેવે કહ્યું કે "હે મુનીવરો? આપની ધારણા પ્રમાણે આપનું કાર્ય સિધ્ધ થાવ. આ પ્રમાણે વરદાન આપી દેવ અદ્રશ્ય થયા.**

**નોટ**—અહિ સહેજે પ્રશ્ન થાય છે કે 'હેમચંદ્રસુરિએ રાજા મહારાજાને પ્રતિબોધવાની તેમજ રીઝવવાની શકિત શા માટે માંગી હશે? જવાબમાં જણાવવાનું જે, તેઓ ગુર્જરભૂમિના વતની હતા. આ કાળે પૂર્વ પ્રથા પ્રમાણે રાજા મહારાજાઓના દરબારે હંમેશા વિદવાન પંડિતોની ધર્મસભા, રાજાઓની હાજરીમાં ભરાતી. જેમાં દરેક ધર્મના ધર્માચારીઓને યોગ્ય સ્થાન મળતું. વાદિ અને પ્રતિવાદી સ્વરૂપે ધર્મવાદ થતો. જેની નોધ પુરેપુરી લેવાતી. જેમાં વિજેતા ધર્માચાર્ય અને પંડિતોનું બહુમાન રાજાઓ, સભા તેમજ મહાજન રાખતા. ને તેમની કિર્તિ ચારે દિશાએ પ્રસરતી. આ પ્રમાણે મહાન ગુજરાત અને માળવાના રાજ દરબારમાં પણ પુર્વપરંમપરાથી બનતું આવેલ હતું. જેમાં પોતાના ગુરૂદેવ, તેમજ તેમના ગુરૂદેવોએ આ પ્રમાણે રાજ્ય દરબારમાં વિજેતાવાદી તરીકે પ્રખર, વિદવાન ધર્માચાર્ય તરીકે અપૂર્વ માન મેળવ્યું હતું. જે પ્રથા પ્રમાણે પોતાના હાથે ધર્મની, અને રાષ્ટની સેવા મહારાજા સિધ્ધરાજને રીઝવી થઇ શકે તેની ખાતર સુરિજીએ આ પ્રમાણે વરદાન માગ્યું હતું. અને દેવે આપ્યું હતું."

ધાર્યા પ્રમાણે વરદાન મેળવી ત્યાંથી સુરિમંડળ નાગોર આવ્યું. જ્યાં પોતાના શિષ્યને પ્રાપ્ત થએલ વરદાનના આધારે, યોગ્ય કાળ પરિપકવ થએલ દેવચંદ્રસુરિને દેખાયો. જેથી સર્વે મૂનિરાજો મારવાડથી શુભ દીવસે અને શુભ શુકને વિહાર કરી, પાટણ ગુજરાત આવ્યા. અને પાટણના મહાજને તેમજ અમાત્ય વર્ગે તેમનુ ભાવભીનું સ્વાગત કર્યું.

( ૬ )

પાટણમાં પોનાના ગુરૂદેવ સાથે અનેક વખતે શ્રી હેમચંદાચાર્ય રાજ દરબારે જવા લાગ્યા. વિદવાનોની ધર્મસભામાં ધાર્મિકવાદમાં "**ગુરૂથી શિષ્ય સવાયો**" ની માફક નવયુવાન સૂરિશ્રીએ મહાન ગુચવાતા ધાર્મિક તેમજ રાષ્ટ્રિય પ્રશ્નોનો ઉકેલ, **ન્યાય, નિતિ, અને ધર્મના અમી ઝરતા માર્ગે,** એવો તો સરળતાથી કરવા લાગ્યા કે, જેના યોગે મુત્સદી—મહાન અમાત્યો અને ખુદ મહારાજા જયદેન તેમના પર પ્રશન્ન થયા. જેમાં સંવત ૧૧૮૧ ના ગાળામાં દિગંબરવાદીને જીતવામાં પોતાના ગુરૂદેવની છત્રછાયામાં, શ્રી હેમચંદાચાર્યે દાખવેલ અપૂર્વ કુશળતાથી—રાજસભા અને ખુદ મહારાજા તેમની

પ્રત્યે આકર્ષાયા અને તેમના અનુરાગી બન્યા. અને આ ધર્મચાર્યોના સત્સંગમાં મહારાજા સિદ્ધરાજ જયદેવ આવ્યા.

ગુરૂદેવ શ્રીદેવચંદ્રસૂરીશ્વરે પોતાને માટે ભાખેલ ભવીષ્યનો યોગ પણ પોતાને જ્ઞાનબળે યોગ્ય લાગ્યો. જેથી તેમને સ્વપરના હીતાર્થે, પોતાની માતૃભૂમીને જુગાર વીગેરે સાત વ્યસનોથી દુર કરાવવી, અમારી પડહથી હીંસાનો ત્યાગ કરાવી, સર્વે જીવોને અભયદાન અપાવવાનો, અને આ ભુમીને અહીંસાવાદી જૈન શાસનમય બનાવવાનો સુયોગ શ્રીહેમસૂરીને પ્રાપ્ત થયો. ને તેનો તેમણે સદઉપયોગ કર્યો.

ઉદયન મંત્રિ, મુજાંલ મહેતા, શાન્તુ મહેતા સજ્જન મહેતા. વગેરે જૈન અમાત્યોએ, તેમજ પાટણનાસંઘે શ્રી હેમચંદ્રસુરિના વધુ અભ્યાસની પ્રગતિ માટે કાશ્મીરથી ખાસ વિદ્વાન શાસ્ત્રીઓને બોલાવ્યા. તેમની મારફતે કાશ્મીરના સરસ્વતિ દેવીના જ્ઞાન ભંડરમાં રહેલ પ્રાચિન વ્યાકરણની મહત્તાભરી આઠ પ્રતો મંગાવી, અને સુરિશ્રીજીના વ્યાકરણના અભ્યાસમાં, શ્રીદેવચંદ્રસુરિજીએ પણ પુરતી સગવડતા કરી આપી.

પાટણમાં લગભગ પંદર વર્ષ સુધી કાશ્મીરી વિદ્વાન શાસ્ત્રીઓના સહકારમાં રહી. શ્રી હેમચંદ્રસુરિજી પ્રાચિન જૈન સિદ્ધાંતો, તેમજ વ્યાકરણના પ્રખર જ્ઞાતા બન્યા અને શાસન દીપાવ્યું.

# પ્રકરણ ૬ ઠું.

## શ્રી દેવચંદ્રસુરિ

પૂર્ણતલગચ્છના વિદ્વાન આચાર્ય શ્રી દત્તસુરિજી વાગડ દેશના વટપ્રદ નગરમાં વિહાર કરતા ગયા. જ્યાં યશોભદ્ર નામે રાણો રાજ્ય કરતો હતો. એના મહેલની પાસે ઉપાશ્રયમાં જૈન સંઘે શ્રીદત્તસુરિને ઉતારો આપ્યો.

પૂર્ણ ચંદ્રમાની રાત હતી. આ સમયે રાણાએ દુરથી મુનીઓને ઉપાશ્રયમાં બેઠેલા જોયા. આથી પોતાનો પ્રધાન જે જૈન હતો તેને તેણે પૂછ્યું કે આ મહાત્માઓ કોણ છે? ત્યારે તેણે કહ્યું કે **"વિષમ વ્રતનાં ધારણ કરનારા" આ જૈનાચાર્યો છે.** જેથી તેને શ્રધ્ધા ઉત્પન્ન થઇ, અને સવારે તે વંદન કરવા ગયો.

સુરિશ્રીએ યોગ્યપાત્ર જાણી તેને ધાર્મિકદેશના સંભળાવી. જેની અસર રાણાને સચોટ થઇ, અને રાણાની જૈન ધર્મ પ્રત્યે રૂચીઉત્પન્ન થઇ. અહીં આ સુરિશ્રી એક માસ રહયા અને ત્યાંથી વિહાર કરી અન્ય સ્થાને ગયા.

તેવામાં વર્ષાકાળ નજદીક આવી પહોંચ્યો. રાણો દેવપુજા વિગેરે ધર્મ વ્યાપારથી સંસ્કારિક જીવન પસાર કરે છે. એવામાં સરદઋતુ આવી. એક દિવસ રાણો પશુક્ષેત્ર જોવા ગયો. ત્યાં જંગલમાં ખેડુતો બાંટવાઓ બાળતા હતાં. તેમાં ગર્ભના ભારથી મંદ બનેલી એવી સર્પિણિને જવાળાઓથી દાઝેલી અને તરફડતી જોઇ. આથી રાણાને દયા ઉપજી, અને તેના હૃદયમાં વૈરાગ્યની પ્રાપ્તિ થઇ. તેને એજ જાતની ઝંખના થઇ કે, અહો! હો! સંસારી ગૃહવાસનાને ધીકકાર છે! કોને માટે આ પાપ મે કર્યું છે? રાજપાટ પણ તેવુંજ કપટના જાળ જેવું, અને નર્કગામી છે. તેથી સમસ્ત સંસારનો ત્યાગ કરવો જોઇએ. એ પ્રમાણેનો વિચાર કરી તે મહેલે આવ્યો. રાત્રે તેના શ્રાવક પ્રધાનને બોલાવી તેને ખાનગીમાં પુછ્યું કે મારા ધર્મગુરૂ શ્રીદત્તસુરિ કયાં વિચરે છે? મંત્રીએ કહ્યું કે **"ડીડુંઆણકમાં"?** ત્યારબાદ પરિચિત સમુદાયુ સહિત, એક ઉત્તમ હાર સાથે લઇ રાણો ગુરૂના શરણે જઇ

પહોંચ્યો. જ્યાં તેણે ગુરૂદેવના દર્શનથી આનંદ થયો. રાણાએ ભાવપૂર્વક વંદન કર્યું. અને સંસાર ઉપર પોતાને પૂર્ણપણે વૈરાગ્યની ભાવના થઇ છે એ પ્રમાણે જણાવ્યું.

ગુરૂદેવે કહ્યું કે " હે રાણા **"ચારીત્ર વિના જીવો પાપથી મુકત થતા નથી."** ત્યારે રાણાએ જણાવ્યું કે " તે જાતનું ચારીત્ર મને આપો" સૂરિશ્રીએ ટીંડુ આણકના સંઘને એકત્રિત કર્યો. અહીં દીવ્ય મંદીર બનાવવા પોતાની પાસે રહેલ કીમતિ હાર સંઘને રાણાએ અર્પિત કર્યો. તદપશ્ચાત રાણાએ ચારીત્ર અંગીકાર કર્યું, જેમનું નામ યશોમાનમુની રાખવામાં આવ્યું.

રાણાના રત્ન હારના દ્રવ્યનો સદુપયોગ થયો. અને અહીં એક ભવ્ય જિનાલય બંધાયું. આજે પણ આ જિનાલય મહારાણાના યશોગાન રૂપે વિદ્યમાન છે.

ચારીત્ર ગ્રહણબાદ નિયમિત છઠ અને અઠ્ઠમની તપશ્ચર્યા કરતા આ મુની ઉગ્ર તપસ્વી બન્યા.

યશોમાન મુનીને શ્રીદત્તસૂરિએ યોગ્ય સમયે સૂરિપદ અર્પણ કર્યું, અને તેમનું યશોભદ્રસૂરિ નામ રાખવામાં આવ્યું.

શ્રી યશોભદ્રસૂરિને જ્ઞાનબળે પોતાનો અંતકાળ નજદીક જણાતા રૈવત-ગિરિ પર જઇ શ્રી નેમિનાથ સન્મુખ અનશન કરી તેઓ સ્વર્ગે સિધાવ્યા.

આ યશોભદ્રસૂરિની પાટે શ્રીપદ્મસુરિ ગ્રંથકાર થયા, જેમની પાટે શ્રી ગુણસૂરિ થયા.

શ્રી ગુણસેનસૂરિની પાટે શ્રી દેવચંદ્રસૂરિ થયા, જેમણે થાણાંગસૂત્રની વૃત્તિ તેમજ શ્રી શાંતિનાથ ચરીત્ર વિગેરે મહાશાસ્ત્રો રચી પ્રજ્ઞાસૂત્રનો ચરીતાર્થ કર્યો. જેઓ વિહાર કરતાં કરતાં ગુર્જરભૂમિ સૌરાષ્ટ્રની સરહદ પર આવેલ ધંધુકાનગરે પધાર્યા

અહી તેમને ચાચિંગ શેઠના પાંચ વર્ષના પુત્ર ચાંગદેવ શિષ્યની પ્રાપ્તિ થઇ. જેનું દીવ્યદર્શન આપણે આ ગ્રંથની શરૂઆતમાં કરેલ છે.

આ ચાંગદેવ તેજ શ્રી હેમચંદ્રાચાર્યજી અને એ તેજ દેવચંદ્રસૂરિ કે જેઓ શ્રી હેમચંદ્રાચાર્યના ગુરૂપદને દીપાવતા હતા.

x x X

શ્રી ગિરનારપર ત્રણ સમર્થ જૈનાચાર્યોની ઉગ્ર તપશ્ચર્યા.



શ્રી શબ્દાનુશાસન ગ્રંથનુ રાજદરબારે પુજન સંવત ૧૧૯૪



# પ્રકરણ ૭ મું.

## સૌરાષ્ટ્રમાં વલ્લભીપુરની મહત્તા

વલ્લભીપુર એક વખત સમૃદ્ધીશાળી મહાન નગર હતું, કરોડાધીપતિઓ અહિં વસતા હતા. વલ્લભીપુરમાં મનોહર જીનાલયો અને સાત જ્ઞાન ભંડારો હતા. જ્યાંના શ્રીમંતોએ શેત્રુંજયના મંદીરો બંધાવ્યાં હતાં. પૂર્વ કાળે શેત્રુંજયની તલાટીનું સ્થાન વલ્લભીપુર ગણાતું. વલ્લભીપુરના શ્રી ઋષભદેવ મંદીરની એટલી બધી પ્રસિદ્ધિ હતી કે, જેના દર્શનાર્થે અંસખ્ય યાત્રાળુઓ દુરદુરથી આવતા. આ મંદીર ભવ્ય કારીગરીમય અને સ્થાપત્યના નમુના રૂપ હતું. જેના ભુગર્ભમાં એક ગ્રંથાલય પ્રાચિન ગ્રંથોનું સૌંરક્ષણ કરી રહેલ હતું.

કાળના પ્રભાવે બૌદ્ધ લોકોએ વલ્લભીપુરનો કબજો લીધો ત્યાંના જૈન મહાજને નગરનો ત્યાગ કર્યો પંચાસર અને આબુની ઉત્તરે ભીલમાલ વગેરે મારવાડના શહેરોમાં તેમજ ખંભાત, ભરૂચ અને ભરૂચના સમુદ્ર માર્ગે કોકણ દેશમાં દુરદૂર નગરોએ જઇ જૈનોએ વાસ કીધો.

( ૧ )

**સૌરાષ્ટ્રને સંસ્કારી બનાવનાર સમર્થ** જૈનાચાર્યોની જવલંત ગૌરવ ગાથામય **વલ્લભીપુરનો** જવલંત ઇતિહાસ, મહાન ગુજરાતના ઇતિહાસમાં ધર્મભૂમિ તરીકે પ્રસિદ્ધિને પામેલ છે. જ્યાં શ્રી શેત્રુંજય તેમજ શ્રી ગિરનારના મહાન જૈન તિર્થો ઉપરાંત સોમનાથ-દ્વારિકા, આદિ સનાતન તીર્થો સૌરાષ્ટ્ર પ્રાંતની ગૌરવ ગાથાતુલ્ય અનાદિકાળથી વિદ્યમાન છે.

સૌરાષ્ટ્રની તીર્થભૂમિ દેદિપ્યમાન વૃક્ષરાજોની લીલી હરિયાળી ઘટાજીમ ઝાડીથી ભરપુર ઉપવનો દીવ્ય ઔષધિઓના ભંડારરૂપ છે. સૌરાષ્ટ્રની ધર્મભૂમિ મહાન પ્રભાવિક દેવાલયોથી ભરપુર અને આકાશના તારાઓમાં જેમ

ચંદ્રમા દીપી નીકલે તે પ્રમાણે ભારતમાં મહાત્મરૂપ છે. આ ધર્મ ભૂમિનાં દેવાલયો મહાન પ્રભાવિક, ચમત્કારિક ગણાય છે.

આ ધર્મભૂમિના પવિત્ર તીર્થોમાં ગાંધર્વો, સિદ્ધિધરો, વિદ્યાધરો, દેવો, પક્ષી વગેરે જીવાત્માઓ મોક્ષ સુખની આશાથી ધર્મ સાધના અને તીર્થયાત્રા કરે છે અને આત્મ કલ્યાણ સાધે છે.

## (૨)

## પહાડો પણ સ્થાન બદલે છે

પૃથ્વીનું પડ સીત્તેર માઇલ જેટલું જાડું છે, હીમાલય જેવા પર્વતનું વજન ઉંચકી શકનાર પૃથ્વીનું પડ દબાણને લીધે નીચે નમતું જાય છે. જેમાં પર્વતોની હારમાળાઓ પણ પોતાની સુક્ષમગતિએ ચાલે છે. અનાદિકાળ પૂર્વે દૃષ્ટિગોચર થતા તમામ ખંડો એક બીજા સાથે સંકળાયેલા હતા. આ આ ખંડો દર સો વર્ષે ચાલીસથી પચાસ મિટર દુર ખસી રહ્યા છે. જેનું દ્રષ્ટાંત ટાંકતા નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સના અધ્યક્ષ મી૦ બી. એન. વાડીઆએ તારીખ ૧૯–૧૧–૪૫ના જાહેર ભાષણમાં જણાવ્યું છે કે, પંજાબમાં આવેલ મીઠાના પહાડોએ પણ મેદાન ઉપર આ પ્રમાણે વીશ માઇલની મુસાફરી કરી છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, શેત્રુજયની તળેટી અનાદિકાળ પૂર્વે વડનગરમાં હતી. તદપશ્ચિયાત કાળાન્તરોએ ધસાતા ધસાતા તે વલ્લભીપુરને કાંઠે પહોંચી, અને તદપશ્ચિયાત આજે પંચમ આરામાં પાલીતાણાના નગર છેડે વિદ્યમાન છે.

વલ્લભીપુરમાં બૌદ્ધ કાળે તેમજ ત્યાર પૂર્વે સંખ્યાબંધ ગિરિ ગુફાઓ હતી. જયાં સાધુસંતો, સાધકો, તેમજ મુમુક્ષો આ સ્થાનમાં રહી યોગની સાધના કરતા હતા. પૂર્વ કાળે આ ભૂમિમાં માઇલોના માઇલો સુધી ભોંયરાંઓ હતાં. જેમાં ભેદી રસ્તાઓ, અજવાળી અંધારી બારીઓ અને કેડીઓ સહીત એવી રીતે આવેલ હતા કે, જ્યાંથી બચવાનું સાધન સરળતાથી મળી રહેતું. દુરદુરથી શેત્રુંજય ગિરિરાજની યાત્રાએ આવતા સંઘો વલ્લભીપુર થઇને તિર્થ યાત્રાએ જતાં હોવાથી સિંધુ નદીથી તે પવિત્ર ગંગા સુધીના પ્રદેશમાં, તેમજ કન્યા કુમારી સુધીનું એક પણ નગર એવું નહિ હોય કે, જ્યાંના જૈન સંઘે પાલીતાણા તિર્થના દર્શને જતા વલભીપુરના જૈન સંઘનું ભાવભિનું સ્વાગત અને સ્વામી વાત્શલ્યનો લાભ નહિ લીધો હોય?

આ ભૂમિની અદ્દભૂત ધર્મ કથામાં નીચેની ઇતિહાસીક કથા જૈન સાસનની ગૌરવતાને ગર્જાવનારી અને પ્રમાણભુત પ્રાપ્ત થાય છે જે નીચે પ્રમાણે છે.

( ૩ )

જગત ગુરૂ પ્રભુ મહાવીર કેવળ જ્ઞાનની પ્રાપ્તી બાદ ત્રીજી વખત રાજગ્રહી પધાર્યા. દેવોએ સમવસરણ રચ્યું. ધર્મ સભામાં મનુષ્ય, તિર્યંચો અને દેવગણ આ સમયે વિદ્યમાન હતા. જેમાં મહારાજા શ્રેણિક. રાજકુટુંબ સહિત વિદ્યમાન હતા. બૌદ્ધ તેમજ વેદાંતીક ધર્મના ધર્માચાર્યો પણ વિદ્યમાન હતા. આ સમયે ઇંદ્રે ઉભા થઇ વિનય પૂર્વક પૂછયું કે હે "પ્રભુ બારમાં અંગમાંથી છેલ્લા દ્રષ્ટિવાદ નામના અંગનો વિચ્છેદ કયારે થશે ?

પ્રભુએ ગંભીરતાથી જણાવ્યું કે 'હે દેવન્દ્ર' સાંભળ ! મારા નિર્વાણ પછી એકસો સીતેરમાં વર્ષે શ્રુત કેવળી શ્રી ભદ્રબાહુ સ્વામી થશે. ત્યાર પછી ૨૧૫ માં વર્ષે શ્રી સ્થુલીભદ્ર નામે આચાર્ય થશે. ત્યાં સુધી ચૌદ પૂર્વ **અર્થ** સહિત રહેશે. પછી ૫૮૪ માં વર્ષે શ્રી **વ્રજ સ્વામી** નામે આચાર્ય **થશે.** ત્યાં સુધી દશ પૂર્વ રહેશે. ત્યાર પછી ૬૧૬ માં વર્ષે શ્રી દુર્બલિકા પૂષ્પમિત્ર નામે આચાર્ય થશે; ત્યાં સુધી હ્યા પૂર્વ રહેશે. મારા નિર્વાણ પછી ૧૦૦૦ વર્ષે સઘળા પૂર્વો વિચ્છેદ જશે.

શ્રી સૌધર્મા સ્વામીએ પુછયું કે હે પ્રભુ ! દેવાધિગણીનો જીવ હાલમાં કયાં છે ? ત્યારે પ્રભુએ જણાવ્યું કે ? તેનો જીવ, અત્યારે તારી તહેનાતમાં રહેનાર પાયદળ સેનાનો અધિપતિ, તારો અનન્ય ભકત, અને મને માતાના ગર્ભમાંથી સંહરનાર હરિણગમેશી દેવ છે. તે દેવ ચવિને દેવર્ધિગણી ક્ષમા ક્ષમણ થશે. દેવેન્દ્ર આ સાંભળી અત્યંત ખુશી થયો. દેશના પૂર્ણ થયે, પશુ, પંખી, મનુષ્ય, દેવ વિગેરે પોતપોતાને સ્થાનકે ગયા. પછી દેવન્દ્ર અને હરિણગમેશી દેવ સાથે ગયા.

( ૪ )

આ ઇતિહાસિક ઘટનાબાદ ૯૦૦ વર્ષે દેવપણાનું આયુષ્ય પૂર્ણ કરી, **હરિણગમેશી દેવ** ત્યાંથી ચવિ સૌરાષ્ટ્રમાં વેલકુળપટણ કહેતાં **વેરાવળ પાટણમાં** અરિદમણ રાજવીનાં દરબારમાં કાળધિંત નામે કાશ્યપ ગોત્રિય રાજ

સેવક હતા. જેની કલાવતી નામે સ્ત્રીના રત્નકુક્ષીથી વિરાત સંવત ૯૦૦ માં પુત્ર પણે ઉત્પન્ન થયો. પુત્રનું નામ દેવાર્ધિ રાખવામાં આવ્યું. બીજનાં ચંદ્રમાંની જેમ માતાપિતાના લાડમાં ઉછેરાતો પુત્ર, શીશુકુમારે બાલ્યવ્યસ્થાનો ત્યાગ કરી યોગ્ય વ્યવસ્થાએ આવતા, પિતાએ તેને બે કુંવરીઓ પરણાવી. સંતોષથી કુમાર ગૃહ સંસાર ચલાવવા લાગ્યો. પછી કાળે કરી કુમારે કર્મ-ક્ષયાર્થે સમર્થ જૈનાચાર્ય શ્રી દેવગુપ્ત આચાર્ય પાસે દિક્ષા લીધી. તલવારની ધાર મય સંયમને પાળતા મુનિરાજે, ગુરૂ પાસેથી પૂર્વ દત્ત જ્ઞાનની પ્રાપ્તી કરી. ગુરૂએ દેવાર્ધિ મુનિને પોતાની પાટ ઉપર ગણીપદ આપી સ્થાપિત કીધા. પછી દેવગુપ્ત આચાર્ય સ્વર્ગે સિધાવ્યા, જેમણે વિરાત સંવત ૯૮૦ થી ૯૩ સુધીમાં વલ્લભીપુરમાં **"સમસ્ત સિધાંતોની વાંચના દેનાર અને જૈન શાસન, પ્રભાવક કળીકાલ કેવળી તરિકેનું બીરૂદ પાંચશો આચાર્યની સભામાં પ્રાપ્ત કર્યું**". આ પ્રમાણે જૈનાગમને માથે દુશંમ કાળોના પ્રભાવે આપત્તીના ડુંગરો પડવા છતાં મહાન પૂર્વાચાર્યોએ પુરૂષાર્થી પ્રયાસોએ, કંઠસ્થ સૂત્રોને ગ્રંથારૂઢ કર્યા. તે સૂત્રો આજે પીસતાળીસ આગમ સૂત્રો તરીકે પ્રસદ્ધિને પામેલ છે. તેમજ શુરક્ષિત છે. જેના યોગે વિકાશીત જૈન સમાજ જળહળે છે. અનુક્રમે વિહાર કરી વિરાત સંવત ૧૦૦૦માં એટલે વિક્રમ સંવત ૫૩૦ માં સિદ્ધાંચલ ઉપર અનસન કરી શ્રી દેવર્ધિગણી આચાર્ય દેવલોક સિધાવ્યા. આ મહાન પુરુષના અક્ષર દેહને જૈન સમાજ આજે જેટલો પુજે તેટલો ઓછો છે.

( ૫ )

પુસ્તકારૂઢ થએલ આગમ સૂત્રો, મૂળ અર્ધ માગધિ ભાષામાં છે. જેના ઉપર ટીકા, ટીપન રૂપે વિવેચન કરવામાં આવ્યું છે. આ વિવેચન નિર્યુક્ત, ચુણિ, ભાષ્ય, સંગ્રહણી અને ટીકા એમ પંચાગી પ્રકારોથી ઓળખાય છે. પુસ્તકારૂઢ થએલ જૈન સાહિત્યની શરૂઆતમાં પ્રાચિન સાહિત્ય તરીકે **"જ્ઞાન પંચમી કહા,"** નામની તાડ પત્રપરની વિક્રમ સંવત ૧૧૦૯ની પ્રત, જેસલમેરના જ્ઞાન ભંડારમાં વિદ્યમાન છે. તાડપત્રિ ઉપર પ્રતો, ચૌદમી અથવા પંદરમી સદી સુધી લખાતી ત્યારપછી કાગળનો વપરાશ શરૂ થયો. આ ગ્રંથો લખવામાં અનેક પ્રકારની રંગબેરંગી શાહીનો ઉપયોગ થતો. તેમજ સોનેરી રૂપેરી ચિત્રો પણ દોરવામાં આવતાં. તેમાં ખાસ કરી **'કલ્પ સૂત્રમાં' મહાવીર પ્રભુનું** ચરિત્ર વર્ણવેલુ છે, તેની સચિત્ર પત્રો સેંકડો લહીયાના હાથે તાડપત્ર ઉપર વિવિધ ચિત્રમણોથી અંલકૃત થઇ, હજારોની સંખ્યામાં ચારે દિશાએ

**કલ્પસુત્ર** તરીકે વાંચનાંઅર્થે મોકલવામાં આવેલ છે. આ કામમાં લગભગ ત્રણસો લહીયાઓએ વલ્લભીપુરમાંજ વિક્રમ સંવત ૫૧૦ થી ૨૩ સુધીના ૧૩ વર્ષ સુધી સેવા બજાવી હતી આમાની કેટલીક પ્રતો વિદેશના મ્યુઝીયમોને શોભાવી રહેલ છે. તેમજ ગુજરાતમાં મુખ્યત્વે પાટણ, અમદાવાદ, ખંભાત, છાની, વડોદરા, સુરત, મુંબઇ, વગેરે સ્થળોએ છે, કાઠીઆવાડમાં ભાવનગર, પાલીતાણા, લિંબડીમાં તેમજ કચ્છ કોડાય ગામમાં, મારવાડમાં–બીકાનેર, જેસલમેર, પાલી, ઝાલોર, આહોર, તેમજ માળવાના રતલામમાં, અને મેવાડના ઉદયપુરમાં પંજાબમાં ગુજરાનવાલા, હોશીઆરપુર વિગેરેમાં, યુકત પ્રાંતમાં આગ્રા અને કાશીમાં તેમજ બંગાલના કલકત્તા તેમજ બલુચરમાં, અને દિગ્મબરય ભંડારો પૈકી ઉત્તરમાં આગ્રા વિગેરેમાં, અને દક્ષિણમા મુળ બિંદ્રી વગેરે નગરોમાં મોટા મોટા જ્ઞાન ભંડારો છે. ત્યાંની કલ્પસૂત્રોની પ્રાચિન પ્રતો વિદય માને નષ્ટ થતા અન્ય સાહિત્યના ગ્રંથોને બચાવી, શુરક્ષિત રીતે રાખવામાં આવેલ છે. જ્ઞાન ભંડારો જૈનાચાર્યોના ઉપદેશથી ધનાઢય શ્રાવકોએ તેમજ મહાજને કરાવેલા છે. અને જૈન મહાજનના વહીવટ નીચે સચવાય છે.

પીસતાળીસ આગમોમાં મુળ શ્લોક ૮૧૮૩૧ છે. તેના ઉપર ટીકાઓ અને ચુનિ મળીકુલ શ્લોક સંખ્યા ૭૦૨૫૮૨ની છે, આગમ ગ્રંથોની ૧૬ મી સદીના કાગળ ઉપર લખાએલ પ્રતોમાં હજારોની સંખ્યામાં આજે વિદ્યેમાન છે. ઉપરોકત આગમો અર્ધમાગધિ ભાષામાં લખાએલ છે તેના ઉપર ટીકાઓ સંસ્કૃતમાં છે. જેમાં અગીઆર અંગ સૂત્રો, બાર ઉપાંગ સૂત્રો, દશ પ્રક્રિણ, (પય્ના સૂત્રો) ૭ છેદ સૂત્રો, ચાર મુળ સૂત્રો, બે ચુલીકા સૂત્રો મળી પીસતાલીસ આગમ સૂત્રોની રચના મહાન ઉપકારી દેવાર્ધિગણી ક્ષમા ક્ષમણે શ્રી વલ્લભીપુરમાં વિક્રમ સવત ૫૧૦ થી ૧૩ સુધીમાં કરી. જેમાં રચાએ કલ્પ સુત્રનું પ્રથમ વાંચન આનંદપુર નગરે રાજવીના દરબારમાં થયું.

ભારતીય પ્રાચિન ઇતિહાસના સંશોધન પરથી તેમજ પુરાતત્વ શંશોધિક ગ્રંથોના આધારે, તેમજ દર્શનીય શિલા લેખો, સ્તુપો, અને આ ભુમિમાં આવેલ ધાર્મિક તીર્થો તેમજ દેવ મંદીરોના શિલા લેખો અને સ્થાપત્યમાં, પૂર્વાચાર્યોએ જે મહાન સેવા બજાવી છે, તે ઉપરથી સમજવા મળે છે કે, વલ્લભીપુરે સૌરાષ્ટ્રના પાટનગર તરિકે રાષ્ટ્ર અને ધર્મ સેવામાં અપૂર્વ સાથ આપ્યો હતો.

# નેપચુન ઍસ્યુરન્સ કું. લી.

જીંદગી

●

આગ

●

અકસ્માત

●

મોટર

દરેક જાતના
વિમાનું કામ
સ્વીકારે છે.

★

★

કંપનીના પ્રગતીના
આંકડાઓ

| | |
|---|---|
| ટોટલ અસ્કયામત | રૂ. ૭૫,૦૦૦,૦૦ |
| પ્રિમિયમની આવક | રૂ. ૨૦,૦૦૦,૦૦ |
| લાઇફ ફંડ | રૂ ૬૦,૦૦૦,૦૦ |
| ચુકાવેલા દાવા | રૂ ૨૫,૦૦૦,૦૦ |

★

પ્રોસ્પેકટસ એજન્સી માટે લખો:

નેપચુન ઍસ્યુરન્સ કુંપની લી૦
૧૯૭, હોર્નબી રોડ, નેપચુન બીલ્ડીંગ, કોટ, મુંબઇ.

ચીફ એજન્ટસ:—
આઇ. આઇ. કોરપોરેશન લી૦
અવડાણી ચેમ્બર, કોટ-મુંબઇ.

# પ્રકરણ ૮ મું.

## જૈન દર્શનની મહત્તા

**નોંધ**—બાવીસમાં તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુના સમયમાં પાંડવ, કૌરવ, શ્રીકૃષ્ણ, બળદેવ, આદી મહાપુરૂષો થયા. તેના અંગે મહાભારત જેવા ગ્રંથોની રચના થઇ.

પાંડવોએ શેત્રંજયનો ઉધ્ધાર કરાવી ઘણો મહિમા વધાર્યો હતો. અને છેવટે દીક્ષા લઇ મોક્ષે ગયા હતા.

**નોટઃ**—પાંડવ અને કૌરવ એ બંને કુળવાચક શબ્દો ગણાય. આ બંને રાજ્યકુળોમાં ઉત્પન્ન થયેલ દરેક વ્યક્તિઓ પાંડવ અને કૌરવનાં ઉપનામથી પ્રસિધ્ધિને પામેલ હતી. જે પાંડવોએ શેત્રંજય તીર્થનો ઉદ્ધાર કરાવી જૈન ધર્મનો મહિમા વધાર્યો હતો અને છેવટે દીક્ષા લઇ મોક્ષે ગયા હતા. તે પાંડવો પાંડવકુળમાં જન્મેલા, અને વેદાંતિક મહાભારતમાં દર્શાવેલ પાંડવો કરતાં આ વિભૂતિઓ અન્ય હતી. જેને લગતો ખુલાસો સિધ્ધરાજ જયદેવનાં પ્રસંગમાં શ્રી હેમચંદ્રાચાર્યે આપેલ શંકાનાં સમાધાન જવાબમાં મળી રહે છે.

આ પાંડવો તેમજ શ્રીકૃષ્ણ બળદેવાદિ મહાપુરૂષો રાજ્યકુળમાં જન્મેલા અને સગાસંબંધીઓ હતા. જેમનાં સમકાળે જૈન તેમજ સનાતન ધર્મે સમાનતા પ્રાપ્ત કરી હતી. **જૈન મહાભારત અને હરિવંશ પ્રબંધ આને અંગે વધુ ખુલાસો આપી શકે છે**)

[**નોટ**—અમારા તરફથી હરિવંશ રાસ ૪૪૦૦ ગાથાઓ સહિત પ્રાચિન હસ્ત લેખીત કૃતિને આધારે બહાર પડશે. [ જેમાં મહાભારત, પાંડવપ્રબંધ વગેરે ગ્રંથોના પ્રકાશનમાં ઉપયોગી સાહિત્યનું દિવ્ય દર્શન થઇ શકશે.]

ત્યાર પછી ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથના સમયમાં જૈન ધર્મે પ્રાધાન્યતા પ્રાપ્ત કરી હતી. જેમના શિષ્ય પરંપરામાં તેમના મુખ્ય ગણધર

શુભદત્તજી હતા. તેમના મુખ્ય શિષ્ય હરદત્તજી, તેમના આર્યસમુદ્રજી થયા, અને તેમના શિષ્ય સ્વયંપ્રભસૂરી થયા.

તેઓના કેટલાક શિષ્યોમાં વિહીતાશ્રવ નામે વિહિત શિષ્ય થયા. જેમના સંપ્રદાયમાં ગૌતમ બુધ્ધે દીક્ષા લીધી. અને બુદ્ધકીર્તિ નામે પ્રસિદ્ધિને પામ્યા.

આ ગૌતમ બુધ્ધે બૌધ્ધ મતની સ્થાપના કરી. આ કાળે પૂર્વકાલીન શાક્ય પંથ બૌદ્ધ ધર્મના મુળ પંથ તરિકે ગણાતો. ચોવીસમા તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામીના કેવળ જ્ઞાન પૂર્વે બૌદ્ધમત ઉત્તર હિંદમાં ચાલુ થયો.

**નોટ**—આ બૌદ્ધ અને જૈન ધર્મની સમાલોચના માટે અમારો મગધની મહારાણી અને પ્રભુ મહાવીર ગ્રંથ જુવો.

ચોવીસમા તીર્થંકર પ્રભુ મહાવીરના સમયમાં અનેક મહાપ્રાંતનાં રાજવીઓએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો અને મગધ સામરાજ્ય જૈનધર્મમય બન્યુ હતું.

રાજગ્રહી નગરીના મહારથી શ્રેણિક તથા તેના કુટુંબે પ્રભુ મહાવીરના અનુંયાયી તરીકે પોતનું પાછલું જીવન વ્યતીત કર્યું. અને તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

મહારાજા શ્રેણિકનાં કુટુંબમાંથી અનેક રાણીઓ રાજપુત્રો અને પુત્રીઓએ દીક્ષા લીધી.

ઇંદ્રિભૂતિ આદિ અગ્યાર ગણધરો જેઓ વેદાંતિક ધર્મનાં અલગ અલગ દેશના ક્રિયાકાંડી હતા. તેઓ પોતાના શિષ્ય પરિવાર સાથે જૈન સિદ્ધાંતનાં પારંગામી બન્યા, ને ગણધરપદને દીપાવવા લાગ્યા. પ્રભુ મહાવીરના સાથે દેશ વિદેશમાં વિચરી તે કાળે ભારતના સોળે પ્રાંતોને જેમને બહુધાયે જૈન ધર્મી બનાવ્યા.

પ્રભુ મહાવીરનું નિર્વાણ અપપાપા. (પાવાપુરી)માં હસ્તિપાલ રાજાની ધર્મશાળામાં થયું.

જેમના ભકત નવ–મલ્લિ જાતિના અને નવ-લચ્છિ જાતિના રાજાઓએ દીપોત્સવ કરી પ્રભુનું કલ્યાણક ઉજવ્યું. તે દીવસથી દીપાવલી પર્વ ચાલુ થયું.

પ્રભુ મહાવીરના પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામીને પ્રભુ મહાવીરના નિર્વાણના દિવસે, રાત્રીના પાછલા પ્રહરે પ્રભુના નિર્વાણની માહિતિ થઇ, જેઓ

અલ્પાયુષિ હોવાથી પ્રભુ મહાવીરે દીર્ઘાયુષિ એવા સુધર્મા સ્વામીને પાટના અધિકારી બનાવીચતુર્વિધિ જૈન સંઘની સ્થાપના કરી. જેમની પાટ પરંપરાએ પ્રભુનાનિર્વાણુ બાદ વીરાત સંવત ૧ થી ૬૦૫ સુધીમાં નીચેનાં વીસ યુગપ્રધાન આચાર્યો પટધર થયા.

| | |
|---|---|
| ૧ શ્રી સુધર્મા સ્વામી | ૧૨ { શ્રી નિગોદવ્યાખ્યાતા<br>શ્રી કાલિકાચાર્યજી (૧ લા) |
| ૨ ,, જંબુ સ્વામી | ૧૩ ,, શાંડિલ્યસૂરીજી |
| ૩ ,, પ્રભવ સ્વામી | ૧૪ ,, ગણિવીરસૂરીજી |
| ૪ ,, સ્વયંભવ સૂરી | ૧૫ ,, રેવતીમિત્રસૂરીજી |
| ૫ ,, યશોભદ્ર સૂરી | ૧૬ ,, આર્યમંગુસૂરીજી |
| ૬ ,, સંભૂતિ વિજય | ૧૭ ,, ભદ્રગુપ્તસૂરીજી |
| ૭ ,, ભદ્રબાહુ સ્વામી | ૧૮ ,, ગુપ્તસૂરીજી |
| ૮ ,, સ્થુલભદ્રજી | ૧૯ ,, વજસ્વામી |
| ૯ ,, આર્યમહાગિરી | ૨૦ ,, પુષ્પમિત્રસૂરિજી |
| ૧૦ ,, આર્યસુહિસ્તિજી | |
| ૧૧ ,, ગુણસુંદરસૂરીજી | |

જેને અંગે સ્થવિરાવલિમાં નીચે પ્રમાણેની ગાથાઓ વિદ્યમાન છે. જેમના સમકાળે શાકે શાલિવાહન સંવત્સરની સ્થાપના વિ૦ સં૦ ૬૦૫ માં થઇ.

( ૧ )

सिरि वीराउ सुहम्मो, वीसं चउचत्तवासजंबुस्स ।
पभवेगारस सिज्जं–भवस्स तेवीस वासाणि ॥

पन्नास जसोभद्दे, संभूइसट्ठ भद्दबाहुस्स ।
चउदस य थूलभद्दे, पणयालेवं दुपन्नरस ॥

अज्जमहागिरि तीसं अज्जसुहत्थीण वरिस छयाला ।
गुणसुंदर चउआला एवं तिसया पणत्तीसा ॥

ततो इगचालीसं निगोय वक्खाय कालिगायरिओ ।
अट्ठत्तीसं खंदिल ( संडिल ) एव चउसय चउवूरा य ॥

रेवइभित्ते छत्तीस अज्जमंगू अ वीस एवं तु ।
चउसय सत्तरि चउसय, निपन्ने कालगो जाओ ॥
चउवीस अज्ज धम्मे, एगुणचालीस भद्दगुत्ते अ ।
सिरिगुत्ति पनर वइरे, छत्तीसं एव पणचुलसी ॥
तेरस वासा सिरिअज्जरक्खिए वीस पूसमित्तस्स ।
इत्थय पणहिअ छसरासु सागसंवच्छरुप्पत्ती ॥

પ્રભુ મહાવીરના પટધરો સિવાય નીચે પ્રમાણેનાં સમર્થ જૈનાચાર્યોએ જૈન ધર્મની પ્રભાવના ગર્જાવી હતી. રાજામહારાજાઓને પ્રતિબોધી જૈન ધર્મી બનાવ્યા હતા.

સમર્થ જૈનાચાર્યોએ બજાવેલ સેવાની અમર ગાથારૂપે અલ્પાયુષિ મનક મુનિ નિમિત્તે દશવૈકાલિક નામના સૂત્રની રચના થઈ. જે સૂત્ર આજે સમર્થ મુની મંડળ માટે આચાર દર્શક અને ઉચ્ચ કોટીનું ગણાય છે. ત્યાર પૂર્વે ઓશવાળ અને શ્રીમાળી જૈનોની ઉત્પત્તિ થઈ. મહાવીર નિર્વાણ પછી ૭૦ વર્ષે, પાર્શ્વનાથ સાધુના સંતાનીયા સાધુઓમાંથી છઠ્ઠી પાટે શ્રીરત્નપ્રભસૂરીએ ઉકેશપટન નામના નગરમાં પ્રભુ મહાવીરની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. અને ઓશિયા નગરીમાં ક્ષત્રિય જાતિને પ્રતિબોધી **ઓશવાળ** જૈનોની સ્થાપના કરી. અને શ્રીમાળ નગરમાં **શ્રીમાળી** જૈનોની સ્થાપના કરી.

( ૨ )

ગૌડ દેશમાં ચણક નામના ગામમાં મહાન અર્થશાસ્ત્રી પંડિત ચાણક્ય થયો. જેણે વીર નિર્વાણ ૨૧૭ માં મૌર્ય વંશની સ્થાપના ચંદ્રગુપ્ત નામના રાજકુમારના હાથે કરી.

મગધ સામ્રાજ્યના પાટલી પુત્ર નગરમાં આ મૌર્યવંશી ક્ષત્રિય રાજ્ય કુટુંબે ત્યાર પછી ૧૬૦ વર્ષ રાજ્ય કર્યું.

આ રાજ્યના કીર્તિસ્થંભ રૂપે તેના સંસ્થાપક મહારાજા ચંદ્રગુપ્ત, બિંદુસાર-અશોક—મહારાજા સંપ્રતિ વિગેરે નવે રાજવીઓમાંથી મહારાજા સંપ્રતિ જાતિસ્મરણીય જૈન રાજવી થયા. અશોકે બહુધાએ બૌદ્ધ ધર્મનું પાલન કર્યું. ચંદ્રગુપ્ત અને બિંદુસારે દહીં દુધની માફક બંને ધર્મમાં પગ રાખ્યો.

મહારાજા સંપ્રતિના સમયમાં ઉજ્જૈની અવન્તીમાં પણ મૌર્યવંશી રાજયગાદી હતી. જયાં સંપ્રતિએ અવંતિપતિ તરીકે વીર્નિ૦ ૨૭૦ થી ૩૨૩ સુધી રાજય કર્યું.

જેમણે શ્રી આર્ય સુહસ્તિ સૂરીના ઉપદેશથી સવા કરોડ જૈન પ્રતિમાઓ બનાવી અનાર્ય દેશોમાં દુર દુરના દેશો સુધી જૈન ધર્મનો પ્રચાર કર્યો. જેમને ભારતના વિજેતા રાજવી તરીકે દક્ષિણ પ્રાંતનાં સનાતની રાજવીઓને પ્રેમથી જીતી જૈન બનાવ્યા. તેમના સમકાળે અવન્તીમાંજ ભદ્રા શેઠાણીના અવન્તી સુકુમાર નામે પુત્રે દીક્ષા લીધી. અને પહેલીજ રાત્રે ઊંચ્ચ કોટીના ધ્યાનથી અનશન કરી, નલિનીગુલ્મ નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. કે જયાંથી ચવી. તેમણે ભદ્રા શેઠાણીની કુક્ષીએ જન્મ લીધો હતો. જેમના પુત્ર મહાકાળે ઉજ્જૈનીમાંજ અવન્તીપાર્શ્વનાથનુ મંદિર બંધાવ્યું કાળાંતરે વિ. સં. ૩૭૦ માં અવન્તી જૈન રાજવીઓના હાથમાંથી સનાતનીઓના હાથમાં જતાં, આ મંદીરમાં રહેલ અવન્તી પાર્શ્વનાથની પ્રતિમાને ગર્ભાશયમાં ભંડારી તેના ઉપર મહાકાળે નામના સહાદેવની પ્રતિમાને સ્થાપિત કરવામાં આવી. આ પ્રતિમા અવન્તીમાં પ્રભાવશાળી ગણાવા લાગી. તેને મહારાજા વિક્રમનાં સમયમાં થએલ શ્રી સિદ્ધસેન સૂરિશ્રીએ કલ્યાણ મંદિર સ્તોત્રથી (ભોંયરાંમાં ભંડારેલ) પાર્શ્વનાથની પ્રતિમાને પ્રગટ કરી, આજે પણ અવન્તીમાં શ્રી પાર્શ્વનાથની આ પ્રતિમાનું મંદિર વિદ્યમાન છે. તેજ માફક મહાકાળેશ્વરનુ મંદીર પણ ઉજ્જૈનમાં વિદ્યમાન છે. મહારાજા વિક્રમે મહાકાળના મંદીરને રાજયના ખરચે બંધાવી આપ્યું તેમજ શ્રી અવંતિ પાર્શ્વનાથ મંદીરનો રાજયના ખરચે જીર્ણોદ્ધાર કરાવી આપ્યો.

**નોટ:**—આ ઘટનાનો સવિસ્તર ઇતિહાસ જાણવા વાંચો અમારો ગ્રંથનો **—માલવનો સુવર્ણ યુગ અને સમ્રાટ સંપ્રતિ.**

( ૩ )

શ્રી સુસ્થિતાચાર્ય તેમજ શ્રી સુપ્રતિ બુદ્ધાચાર્યે કોટિંગચ્છની સ્થાપના કરી, **શ્વેતાંબરમતે શ્રી ઉમાસ્વાતિ વાચકે** કરી મનાઇ છે. ગર્દભીલ રાજવી ઉન્છેદક તથા સાતવાહન રાજવીના દક્ષિણ પ્રાંતના પ્રતિષ્ઠાનપુર નગરમાં સંવસરી પર્વનું પાંચેમને બદલે ચોથને દિવસ પ્રતિપાલન કરાવનાર નિમિતાવેતા શ્રી કાલિકાચાર્યજી વીરાત સં. ૪૫૩ માં થયા. જેઓ દુરાચારી ગર્દભીલ રાજવીના ઉચ્છેદક તરીકે અપૂર્વ સેવા બજાવી છે. શ્રી સિંહગિરીજી, શ્રી આર્ય ખપૂટાચાર્યજી,

શ્રી પાદલિપ્ત સૂરીજી, શ્રી નાગાર્જુન સૂરીજી, શ્રી વ્રજસ્વામી, શ્રી આર્ય સમિતજી, શ્રી વજસેનાચાર્યજી, શ્રી આર્યરક્ષિત સૂરીજી, શ્રી દુર્બલિકા, પુષ્પમિત્ર સૂરીજી વગેરે સમર્થ જૈનાચાર્યો આ કાળે થયા.

વિક્રમ સંવત ૧ થી ૧૩૦ સુધીમાં શ્રી વ્રજ સ્વામીથી શ્રી દુર્બલિકા પુષ્પમિત્ર સૂરીજી સુધીનાં આ સૂરીશ્વરોએ ધાર્મિક પ્રભાવનાના કરેલ તે કાર્યોની નોંધ ધાર્મિક (ઇતિહાસિક) સૂત્રોને પાને ઉપલબ્ધ થાય છે.

શ્રી વ્રજસ્વામીનો સ્વર્ગવાસ વીક્રમ સંવત ૧૧૫માં થયો. તેમની પાટે શ્રી વ્રજસેન સૂરી થયા. તેમના સમયમાં બાર વર્ષી ભયંકર દુકાળ પડયો. જેઓ વિહાર કરતા કરતા કોકણુ સોપારક નગર સુધી આવ્યા. જ્યાં જિનદત્ત નામના ધનાઢય શ્રાવકને ત્યાં લાખ્ખોનું ધન હોવા છતાં દુકાળને કારણે સ્વ-કુટુંબ રક્ષણાર્થે આ શ્રાવક કુટુંબે વિષમિશ્રત ભોજન કરવાની તૈયારી કરવા માંડી હતી ત્યાં તેઓ જઇ પહોંચ્યા.

આ કાળે એક શેર ચોખા માટે હજારો રૂપીઆ આપવા પડતા. સારાંશે, આ પ્રદેશમાં બાર વર્ષી દુકાળનાં કારણે ધાન્યજ નહોતું મળતું. કર્મવશાત શ્રી વ્રજસેન સૂરી, જિનદત્ત શેઠને ઘેર ગોચરી માટે ગયા. જ્યાં આ કુટુંબે ઐશ્વર્ય ભાવનાથી રાંધેલ વિષ મિશ્ર વિનાનો લક્ષમૂલ્ય ભાત સૂરિશ્રીને વહોરાવતાં આંખમાંથી પડતા ચોધાર અશ્રુએ તેમને જણાવ્યુ કે "**હે સૂરીશ્વરજી!** આજે કુદરતી સંજોગોમાંજ આખાયે ભાતના પાત્રમાં વિષ મિશ્ર થયું નથી. જેથી હું આપને આ છેવટનો આહાર વહોવરાવવાને ભાગ્યશાળી થાઉં છું." ત્યાર બાદ જિનદત્ત શેઠની ગુણવાન સ્ત્રીએ ચોધાર અશ્રુમય સ્થિતિએ કાળનું ભયંકર સ્વરૂપ સમજાવ્યું ત્યારે જ્ઞાની આચાર્યે કહ્યું કે " હે ભાગ્યવતિ! આવતી કાલે અહીં પ્રભાતમાંજ અનાજના પુરતા જથ્થા સાથે વણજારાની પોઠો આવવાની છે, જેથી આખાયે આ પ્રદેશમાં સુકાળ થવાનો છે. માત્ર આજનીજ કાળ ઘડીકા જીવ રક્ષણાર્થે કિંમતી છે.

આ પ્રમાણે સુયોગનો સંયોગ થયેલ હોવાથી રક્ષણની ફિકર કરવાની નથી. માટે શાંતિથી આખો દીવસ પ્રભુ ભક્તિમાં ગાળો. આટલું કહી સૂરીશ્રી ઉપાશ્રયે પહોંચ્યા.

બીજેજ દીવસે સૂરીશ્રીના ભાવિ પ્રમાણે અનાજનો પુરતો જથ્થો સોપારકમાં આવી ચઢયો અને આ આખાયે કુટુંબ તેમજ નગરજનોની રક્ષા

થઇ. જિનદત્ત શેઠે પોતાના દ્રવ્યનો ધાર્મિક કાર્યોમાં ઉપયોગ કર્યો ને પોતે કુટુંબ સહિત શ્રી વજસેન સ્વામી પાસે દીક્ષા લીધી.

વિક્રમ સંવત **૧૦૮**માં શેત્રુંજ્યનો જાવડશાહે ૧૩ ઉદ્ધાર કરાવ્યો. **અને** તેમાં મુળ નાયક શ્રી અદિશ્વર પ્રભુની પ્રતિષ્ઠા શ્રી વજસ્વામીએ કરી.

( ૪ )

વિ૦ સંવત ૧૨૫ માં કોરંટનગરમાં નાહડ મંત્રીએ જિન મંદીર બંધાવ્યું. તેમાં શ્રી જિજ્જીગસૂરીએ બિંબોની પ્રતિષ્હા કરાવી. તેમજ સત્ય-નગરના જિનાલયમાં પણ આ સૂરીશ્વરે પ્રતિષ્હા કરાવી.

વિ૦ સંવત ૧૩૯માં શ્રી શિવભૂતિ અથવા શહસ્ત્રમલ નામના આચાર્યના હાથે પૃથ્વીપુર નગરમાંથી (દીગંબરોની ઉત્પત્તિ) થઇ. શ્રી ચંદ્રસૂરી, શ્રી સામંત ભદ્રસૂરી, શ્રી વૃદ્ધદેવસૂરી, શ્રી પ્રદ્યોતનસૂરી, શ્રી માનદેવસૂરી, શ્રી માનતુંગસૂરી, શ્રી વીરસૂરી, શ્રી જયદેવસૂરી, શ્રી દેવાનંદસૂરી અને શ્રી મહ્લવાદી વિગેરે આચાર્યો થયા. જેમને બૌદ્ધોનો વલ્લભીપુરમાં પરાજય કર્યો. આ કાળે શેત્રુંજય માહાત્મ્યની રચના થઇ. શ્રી વિક્રમસૂરી, શ્રી નરસિંહસૂરી શ્રી સમુદ્રસૂરી, શ્રી માનદેવસૂરી, શ્રી દેવાર્દ્ધિગણિ ક્ષમાક્ષમણસૂરિ થયા, અને જૈન સિદ્ધાંતોનું ગ્રંથારૂઢ થવું વિગેરે મહાન કાર્યો સંવત ૩૩૧ થી ૫૧૦ સુધીમાં થયા.

( ૫ )

શ્રી વ્રજસેન સૂરીની પાટે શ્રી ચંદ્રસૂરી થયા. તેમના સમયમાં કોટી-ગચ્છનું ચંદ્રગચ્છ નામ પડયું. જે ચંદ્રગચ્છમાં શ્રી હેમચંદ્રાચાર્યના ગુરૂ શ્રી દેવચંદ્રાચાર્ય હતા. અને તેઓએ જૈન ધર્મનો પ્રભાવ ગજાવ્યો.

આ ચંદ્રસૂરીની પાટે સીમંત ભદ્રસૂરી થયા. આ આચાર્ય પરમ વૈરાગ્ય વાસી અને વનમાં વસતા હોવાથી આ ગચ્છનું નામ ફરીથી **વનવાસીગચ્છ** પડયું. જેમની પાટે શ્રી વૃદ્ધ દેવસૂરી થયા. તેમની પાટે પ્રદ્યોતસૂરી થયા. તેમની પાટે શ્રી માનદદેવ સૂરી થયા.

આ માનદેવસૂરિ અગિયાર અંગો વિગેરે આગમ સુત્રોમાં પારંગામી અને તત્વજ્ઞાની હતા. જેમણે તક્ષશીલા નગરીમાં દૈવિક કોપથી ઉપદ્રવિત થએલ મરકીના રોગને શાંત કરવા **લઘુ શાંતિ નામના** સ્તોત્રની રચના કરી. (આ સર્વે) ત્યાંના સંઘની આજ્ઞાથી, નાલંદામાં રહેલ માનદેવસૂરીએ આ

લઘુશાંતિ નામના સ્તોત્રનો પાઠ તક્ષણશીલા નગરીએ કંઠસ્થ કરાવી મોકલ્યો. જે પાઠથી ત્યાંનો મરકીનો રોગ શાંત થયો. અને કોપાયમાન થએલ દેવીઓ શાંત થઈ.

આ કાળે તક્ષશીલામાં ૫૦૦ જૈન મંદીરો હતાં. સંતુષ્ટ થએલી દેવીઓએ શાસન દેવી મારફતે સંઘ જોગ સંદેશો કહેવરાવ્યો કે, આ નગરીનો ત્રણ વર્ષ બાદ તુરૂક્ષ લોકો વિનાશ કરશે. અને તે પ્રમાણે બન્યું. તે નગરીનાં ભોંયરાંમાં હજુ પણ પ્રાચીન દટાએલા ખંડેરોના પ્રતિમાઓ હોવાનો સંભવ છે.

શ્રી માનતુંગ સૂરીએ ભકતાંમર નામના ૪૪ ગાથાવાળા સ્તોત્રની રચના કરી. જેનાથી ૪૪ બેડીઓ તોડી, બનારસનાં હર્ષદેવ રાજવીને સાનંદાશ્ચર્ય કર્યા. તેજ માફક આ સૂરીશ્રી માળવ નરેશ ભોજને પ્રતિબોધવા સફળ થયા હતા.

શ્રી માનદદેવ સૂરીજીએ રચેલ શાંતિ સ્તોત્ર આજે પણ અનેક રોગોના વિનાશ માટે પ્રભાવશાળી ગણાય છે. અને તેથી દૈવિક કોપની શાંતિ થાય છે.

વિ૦ સંવત ૨૦૦માં શ્રી માનતુંગસૂરીની પાટે શ્રી વીરસૂરી થયા. જેમણે નાગપુરમાં (નાગોર) વિ૦ સંવત ૩૦૩માં શ્રી નેમીનાનાથજી પ્રભુનાં બિંબની સ્થાપના કરી. શ્રી વીરસૂરીની પાટે શ્રી જયદેવસૂરી થયા. તેમની પાટે શ્રી દેવાનંદ સૂરી થયા.

ભુગુ કચ્છમાં બૌદ્ધો સાથે વાદમાં શ્રી મલ્લસૂરીનો વિજય થયો. અને તેમને અહીંના રાજવીએ વાદીનું બિરૂદ અર્પણ કર્યું.

ભરૂચના કોટક વનમાં સતી સુદર્શનાએ બાંધેલ શ્રી મુનીસુવ્રત સ્વામી જિનાલયમાં આ સૂરીશ્રીએ **૨૪૦૦૦ શ્લોકોવાળુ પદ્મ ચરિત્ર (જૈન રામાયણ)** રચ્યું. અને **નયચક્રનું વ્યાખ્યાન** બનાવ્યું. તેજ માફક ધર્મોત્તરાચાર્યે અહીં રહી ન્યાયબિંદુ પર ટીકા રચી. આ મલ્લવાદી આચાર્ય વિક્રમ સંવત ૩૧૪ મતાંતરે ૩૬૪ માં વિદ્યમાન હતા.

( ૬ )

વલ્લભીપુરમાંના શિલાદિત્ય રાજવીને અંગે પ્રાચીન ગ્રંથકારો જણાવે છે કે, વિક્રમ સવંત ૫૭૫ માં ગુજરાતના ખેડા નામે ગામમાં દેવાદિત્ય નામે વેદાંનિક બ્રાહ્મણને ત્યાં, તેની પુત્રિ સુભગા જે બાળ વિધવા હતી.

તેણીના સૌર નામના મંત્રની સાધનાથી પ્રસન્ન થએલ સૂર્યના યોગથી તેને જન્મ થયો હતો.

સગર્ભા પુત્રીને લોક નિંદાથી બચાવવા, દેવાદિત્યે ( તેણીને ) વલ્લભીપુર મોકલી આપી. જ્યાં આ સુભગાએ એક પુત્ર અને એક પુત્રીનો જન્મ આપ્યો.

આઠ વર્ષની ઉંમરનો શિલાદિત્ય નિશાળમાં ભણતો હતો ત્યારે અન્ય બાળ મિત્રો સાથે તકરાર થતાં, બાળકોએ તેને નબાપાનુ મેણું માર્યું. જે ઘેર આવી પિતાનું નામ જાણવાને હઠગ્રહી થયો. અત્યંત દુઃખિત માતાએ બાળહઠને નમતું આપી. સૌર મંત્રની સાધનાનો યોગ દર્શાવ્યો.

આ કાળે પણ પ્રત્યક્ષ સૂર્યે પ્રગટ થઇ શિલાદિત્યને એક પત્થર આપ્યો કે "જેના યોગે તે જેના પર પડે તેથી શત્રુનો નાશ થાય."

આ જાતના શિલાના પ્રયોગથી આ બાળક વલ્લભીપુરના રાજાનો વિનાશક બન્યો. અને તેણે આ શિલાના પ્રભાવે વલ્લભીપુરની રાજ્યગાદી મેળવી.

આ રાજવીએ શેત્રુંજય તીર્થનો ઉદ્ધાર કર્યો. તેના રાજ્યકાળ દરમ્યાનમાં તર્કવાદી બૌદ્ધાચાર્ય સાથે શ્વેતાંબર આચાર્યોનો વાદ થયો. જેમાં જૈનાચાર્યો હાર્યા. મલ્લવાદીજીને ભરૂચમાં તેની ખબર પડવાથી તેઓએ અહીં વલ્લભીપુર આવી મહાન તર્કવાદી બૌદ્ધાચાર્યને હરાવ્યા.

આ બંને સમયના વાદોના પરિણામે શિલાદિત્ય રાજવી દહીં–દુધના જેમ બંને ધર્મમાં સમતા રાખવા લાગ્યો. આ રાજવીના આગ્રહથી શ્રી ધનેશ્વર સૂરીએ શ્રીશેત્રુંજય માહાત્મ્ય નામનો ગ્રંથ વિ૦ સં૦ ૧૩૧ માં રચ્યો.

કાળનાં પ્રભાવે **નામ તેનો નાશ** એ ઉકિત પ્રમાણે કાકુ વાણિઆની રત્નજડિત કાંસકી નિમિત્તે વલ્લભીપુરનો વિનાશ મ્લેચ્છ રાજવીના હાથે થયો. આ પૂર્વે વલ્લભીપુર પર અનેક વખત આક્રમણો થયા હતા જેમાં કાકુના દેશ દ્રોહી કૃત્યથી વલ્લભીપુરનો પુરતા પ્રમાણમાં વિનાશ થયો. ને શિલાદિત્ય રાજવીનું મૃત્યુ થયું.

પૂર્વકાલિન પ્રભાવશાલી વલ્લભીપુર આજે વળા નામના ગામની સીમામાં ખંડેરમય પરિસ્થતિએ–દર્શનીય પૂરાવા તરીકે વિદ્યમાન છે. જ્યાં પૂર્વકાળે સેંકડો મહેલાતો અને જીનાલયો ગુંજારવ કરતા હતા.

શ્રી દેવાધિગણિ ક્ષમાક્ષમણ, શ્રી લોહિતાચાર્ય અથવા મતાંતરે દુઃસહ ગણિનાં શિષ્ય થતા હતા. જેમને એકજ પૂર્વનું જ્ઞાન હતું. જેઓએ આગમ સૂત્રોને વિક્રમ સંવત ૫૧૦માં ગ્રંથારૂઢ કર્યાં જ્યાં શ્રી વિજયાનંદસૂરીશ્વરજીના પરિવારમાં પ્રસિધ્ધ મુની મહારાજ શ્રી હંસ વિજયજીનાં ઉપદેશથી તે દેવર્ધિ-ગણિ ક્ષમાક્ષમણ મહારાજની મૂર્તિ વળામાં સ્થાપન કરવામાં આવી છે.

ત્યાર પછી હરિભદ્ર સૂરી વિ૦ સં૦ ૫૮૫ માં થયા. જેઓ પણ મહાન પ્રભાવશાળી હતા.

તદપશ્ચાત શ્રી સિદ્ધસૂરી વિ૦ સંવત ૫૯૨ માં થયા. જેમણે પણ જૈન ધર્મનો પ્રભાવ અદભૂત રીતે દર્શાવી જૈન શાસનની ઉન્નતિ કરી. વિ૦ સવત ૫૯૨ માં તેઓ સ્વર્ગવાસી થયા.

પરમ શાસન પ્રભાવક કવિકુલ કીરિટ સૂરિસાર્વભૌમ
વ્યાખ્યાન વાચસ્પતિ

પુ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરિશ્વરજી
મહારાજના પટ્ટ પ્રભાવક



પુજ્યપાદ્ શાસન પ્રભાવક અજોડ વ્યાખ્યાતા
આચાર્યદેવ શ્રીમદ્ વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ

અમારા પ્રકાશનોમાં સહાયક બનેલ પૂ. સૂરિશ્વરજી મહારાજના
અમો ઋણી છીએ —ઝવેરી.

પૂ૦ આચાર્યદેવ

## શ્રીમદ્ વિજય લક્ષ્મણસૂરિશ્વરજી મહારાજ

*

જેઓશ્રીની ઓજસ્વી, જોસીલી, ગંભીર અને અજોડ વ્યાખ્યાન શૈલીએ ભવ્યાત્માઓનાં હૃદય આકર્ષી લીધાં છે. જેમની પ્રભાવિક દેશનાના પ્રતાપે અનેક ભવ્ય આત્માઓ પ્રભુ સિદ્ધાંતને પીછાણી, પ્રભુ માર્ગના પૂજારી બન્યા છે. જેમનાં પૂનિત પગલે, સ્થળે સ્થળે ધર્મપ્રભાવનાની ઝળહળતી જ્યોત પ્રસરે છે.

આવા પ્રાતઃસ્મરણીય, તાર્કિક ચુડામણિ, જ્યોતિર્વિદ શિરોમણિ, પરમકૃપાળુ, પૂ **આચાર્યદેવ શ્રીમદ્ વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ** જેમને અમારા સાહિત્ય સંશોધનના કાર્યને વેગવંતુ બનાવવામાં તેમજ શાસનહીતકારી પ્રકાશનો બહાર પાડવામાં સુંદર રીતે સહકાર આપે છે જેના માટે અમો તેમના અત્યંત ઋણી છીએ.

**થાણા.**
ઝવેરી જૈન સાહિત્ય મંદીર,
સંવત ૨૦૦૫ના આશો શુદ ૧ ને
શુક્રવાર, તા. ૨૩-૯-૪૯.

કૃપાભિલાષી ઝવેરીના
**કોટિશ વંદના**

## પ્રકરણ ૯ મું.

### મહાન ગુજરાતના પ્રાણ પ્રણેતા ધર્માચાર્યો

( ૧ )

**શ્રી દેલ્લામહત્તર સૂરી વિ૦ સં૦ ૬૦૦:—**

**આ** મહાન આચાર્ય સુરાચાર્યજીના શિષ્ય તથા શ્રી દુર્ગસ્વામીના ગુરૂ હતા. જેઓ નિવૃત્તિકુળમાં ઉત્પન્ન થએલા, ગ્નાતે બ્રાહ્મણ હતા. જ્યોતિષમાં તેઓ પારંગામી હતા. જેઓનો મુખ્યત્વે વિહાર લાટ દેશમાં ગણાતો. જ્યાં તેમણે અનેકોને પ્રતિબોધ્યા હતા.

( ૨ )

**શ્રી દુર્ગસ્વામી વિ૦ સંવત ૬૦૦:—**

આ સુરીશ્વરજી શ્રીદેલ્લામહત્તર સૂરીશ્વરજીના શિષ્ય અને સિદ્ધર્ષિ મહારાજના ગુરૂભાઇ હતા. તેમને વૈરાગ્ય ઉત્પન્ન થતા, અઢળક દ્રવ્ય સંપત્તિ તેમજ પોતાની પત્નીનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી હતી. આ સુરિશ્વરજીને 'ગણ' નામની વિદ્વાન શિષ્યણી હતી. તેણીએ "ઉપમિતિ ભવપ્રપંચ"ની પ્રથમ આવૃત્તિ રચી હતી. આ સુરિશ્વરજીનો સ્વર્ગવાસ ભિલમાલ નામે નગરમાં થયો હતો. આ ગ્રંથનો ગુજરાતીમાં અનુવાદ વિદ્વાન સાહિત્યકાર શ્રી મોતીચંદ ગીરધર કાપડીયા સોલીસીટરે કર્યો છે. જેમની આ કૃતિ લોકપ્રિય બની છે.

( ૩ )

**રવિભદ્રસૂરિ વિ૦ સંવત ૭૦૦**

આ મહાન પ્રભાવિક આચાર્ય શ્રી મહાવીરપ્રભુની ૩૦મી પાટે થયા હતા. તેમણે વિ૦ સંવત ૭૦૦ માં નાંડોલનગરના જીનમંદિરમાં શ્રી નેમિનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરી હતી.

**શ્રી જિન ભદ્રગણિજી ક્ષમાશ્રમણ વિ૰ સંવત ૬૪૫ થી ૬૮૫**

આ પ્રભાવિક યુગપ્રધાન આચાર્ય દેવે સંક્ષિપ્ત જિન કલ્પ—**"વિશેષ્યાવશ્યક ભાષ્ય." ધ્યાનશતક-બ્રહત્સંગ્રહણી-ક્ષેત્રસમાસ** વિગેરે ગ્રંથો રચ્યા છે. તેઓનું ૧૦૪ વર્ષની ઉંમરે સ્વર્ગગમન થયુ હતું.

(૪)

**શ્રી બપ્પભટ્ટી સુરિ તથા આમરાજા વિ૰ સંવત ૮૦૦ થી ૮૯૫**

ગુજરાતના પાટલા નામે નગરમાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો, ત્યારે ત્યાં શ્રી સિદ્ધસેનજી નામે મહાન જૈનાચાર્ય વસતા હતા.

અહીંથી એક દીવસ આ આચાર્યદેવ મોઢેશ નામે ગામમાં વીરપ્રભુની પ્રતિમાનાં દર્શને ગયાં. જ્યાં એ દીવસ રાત્રીના ચોથા પ્રહરે તેમણે સ્વપ્નમાં ચૈત્યના શિખર પર એક સિંહના બચ્ચાને જોયો.

આ ઉંચ્ચ કોટીના સ્વપ્ન બાદ તેઓ પ્રભુના ધ્યાનમાં મસ્ત રહ્યા. સ્વપ્ન ફળોધિશના જાણકાર, સિદ્ધાંત પારંગામી, આ સૂરિશ્વરજીને સ્વપ્નનું ફળ એક ઉત્તમ શિષ્યની પ્રાપ્તિમાં થશે એમ જણાયું. પ્રભાતે આચાર્યદેવ પ્રભુનાં દર્શને જિનાલયમાં ગયા. જ્યાં તેમની દૃષ્ટિએ ઉંચ્ચ કોટીના લક્ષણ યુક્ત એક દશ વર્ષનો બાળકુમાર ચઢયો. આચાર્યદેવે બાળકને પૂછયુ કે, "તું કયાંથી આવ્યો છે? અને તારૂં નામ શું છે?" ત્યારે તે બાળકે જણાવ્યું કે "મારૂં નામ બપ્પ છે અને હું પાંચાળ દેશના રહેવાસી ભદ્રીનો પુત્ર છું."

બાળકના શારીરિક લક્ષણો, તેની તેજોમય કાંતિ, અને વાકચાતુર્ય પરથી સૂરિશ્રીને સમજાયું કે, જરૂર આ બાળક શાસન પ્રભાવક બનશે ત્યારે તેમણે બાળકને પ્રેમથી કહ્યુ કે 'હે બપ્પકુમાર ?' તું મારી પાસે રહે તો ! હું તને ઉંચ્ચ કોટીનો શાસ્ત્રાભ્યાસ કરાવું.બાળકે હા પાડી. તેમજ જે સગાંને ત્યાં આ બાળક આવ્યો હતો તે સગાંઓએ તેના માતાપિતાની આજ્ઞા મેળવી. આ બાળકને સૂરિશ્રી પાસે શિક્ષણાર્થે મૂકયો.

શિષ્યપદને લાયક આવસ્યક ક્રિયાઓ અને સૂત્રોથી જાણકાર થએલ, એવા બપ્પ શિષ્યને વિ૰ સંવત ૮૦૭ના વૈશાખ સુદ ૩ ને ગુરૂવારે શ્રી સિધ્ધસેન સૂરીજીએ બપ્પ ગામમાં જઈ, તેના માતાપિતાની આજ્ઞા મેળવી દીક્ષા આપી, તેનું નામ તેના માતાપિતાના આગ્રહથી 'બપ્પભટ્ટ' એવું રાખ્યું. પછી

સૂરીજીએ આ શિષ્યને યોગ્ય જાણી મોઢેરા ગામમાં મહાન સારસ્વત મહામંત્ર આપ્યો. કુમાર અવસ્થામાંય બપ્પભટ્ટ મુની પણ થોડા જ દીવસમાં અનેક સૂત્રોના પારંગામી બન્યા.

એક દીવસ મોઢેરામાં સરસ્વતી નદીને કાંઠે અધિક જ્ઞાનની પ્રાપ્તિ અર્થે સરસ્વતી માતાને સંતુષ્ટ કરવા બપ્પભટ્ટે મંત્ર જાપ ચાલુ કર્યો. આ આરાધનાથી સંતુષ્ટ થએલ સરસ્વતી માતા ગંગા સ્નાનથી શુદ્ધ થઇ કપડાં પહેરતાંજ ત્યાં હાજર થયાં. જેમનું શરીર પુરી રીતે વસ્ત્રોથી ઢંકાએલ નથી એવા સરસ્વતી માતાને પોતાની સન્મુખજોઇ. માતાનું સન્માન જાળવવા બપ્પ ભટ્ટીએ પોતાનું મુખ ફેરવ્યું. બપ્પભટ્ટના વિનયથી પ્રસન્ન થએલ દેવી સરસ્વતીએ બપ્પનાં વિનય અને બ્રહ્મચર્યની પ્રશંસા કરતાં કહ્યું કે હે વત્સ ? "ધારેલ મનો ઇચ્છા પ્રમાણે તું ધાર્મિક કાર્યો કરી શકશે. જ્યારે જ્યારે તને મારી મદદની જરૂર જણાય ત્યારે ત્યારે હું તને પ્રસન્ન થઇ યોગ્ય મદદ કરીશ."

આ પ્રમાણેનું વરદાન દઇ માતા અંતરધ્યાંન થયા. એક સમયે મોઢેરા ગામમાં વરસાદનાં દીવસોમાં બપ્પભટ્ટસૂરિ ગામની બહાર ગયા હતા. એવામાં મૂશળધાર વરસાદ થવાથી તેઓ ગામનાં સીમાડા પર આવેલ ચૈત્યમાં જઇ ઉભા. ત્યાં તેમણે એક યુવાન પુરૂષને શોકમાં ડુબેલ દીઠો.

વરસાદ બંધ થયા બાદ સૂરિશ્રીએ આ દુઃખી યુવાનને ઉપાશ્રયે લાવી શાંતિ દેતાં કહ્યું કે, "હે મહાન ભાગ્યશાળી આપ કોણ છો ! અને કયાંથી આવો છો ? અને આમ દુઃખી થવાનું કારણ શું છે !

ત્યારે યુવાને કહ્યું કે, "મૌર્ય વંશના ચંદ્રગુપ્ત રાજાના ગોત્રનો અને કાન્યકુબ્જ દેશના યશોવર્મા રાજવીનો હું પુત્ર છું. મારું નામ 'આમ' છે. સૂરિશ્રીને ઘણા વર્ષો પૂર્વેની એક ઘટના આ સમયે યાદ આવી કે જે સમયે આ બાળક છ માસનો જ હતો ત્યારે પીલુ વૃક્ષ નીચે ઝોળીમાં સુતેલ હતો. બાળક પર મધ્યાન્હ થઇ જવા છતાં આ વૃક્ષની છાયા અચલિત રહી હતી. જેના યોગે આ સૂરિએ નિધાન બાંધ્યું હતું કે, આ ભાગ્યશાળી જીવ કોઇ ભાગ્યવિધાતા થવાનો છે. એવામાં જેની માતા નજદીકના વૃક્ષોના ફળો વીણતી હતી તે દાસી સહિત ત્યાં આવી ચઢી. ત્યારે, તેને સૂરિશ્રીએ પૂછતાં તેણીએ જણાવ્યું કે, કાન્યકુબ્જના રાજવી યશોવર્માના તે રાણી છે. શોકયની ઇર્ષ્યાથી તજાએલ વનમાં બાળકુમારના રક્ષણાર્થે નિવાસ કરે છે.

પછી ભવિષ્યમાં આ બાળક જૈન ધર્મનો મહાન ઉધ્ધાર કરનારો થશે એવું માની સૂરિશ્રીએ તેજ ગામની બહારના ચૈત્યમાં રાણી અને બાળક માટે સુખરૂપ રહેવાનો શ્રાવકો મારફતે બંદોબસ્ત કરાવ્યો. પછી જે શોક્યના કારણે આ રાણીને રાજાએ તજી હતી તે શોકય ગુજરી જવાથી તજાએલી રાણી રાજાને પાછી યાદ આવી. બલાઢય સંજોગોવશાત રાણી રાજાને નજરે ચઢી, અને બાળક સહીત તેણીને માનપૂર્વક રાજ્ય મહેલમાં આણીને રાખી. અહીં તેણીના દીવસો સુખરૂપે પસાર થતા લાગ્યા.

ઉપરોક્ત ઘટના સૂરિશ્રીની નજર સામે આ સમયે બરોબર તરી આવી.

જ્ઞાનનો ઉપયોગ મુકતા સૂરિશ્રીને જણાયું કે આ 'આમ' કુમારને થોડાજ દીવસમાં રાજયગાદી પ્રાપ્ત થવાની છે, જેથી જો હું તેની આ સમયે પૂરતી કાળજી રાખીશ તો જરૂર તે, ઉપકારીનો ઉપકાર કદાપિ કાળે નહિ ભૂલે. એવું વિચારી સૂરિશ્રીએ આ કુમારને અહીં શાસ્ત્રાભ્યાસ માટે રાખ્યો. એક દીવસ રાજયકુમારે સૂરિશ્રીને જણાવ્યું કે, હે આચાર્ય દેવ! મને જયારે રાજ્ય મળશે ત્યારે હું તે આપને સમપર્ણ કરી આપની સેવામાં હાજર રહીશ.

ટુંક સમયમાં જ કાન્યકુબ્જ નરેશ મૃત્યુ પામ્યો. મંત્રીશ્વરોએ આમ કુમારને શોધી રાજ્ય ગાદી પર બેસાડયો ત્યારે, આમ રાજાએ પોતાના ઉપકારી સૂરિશ્રીને બોલાવવા મંત્રીઓને મોઢેરા મોકલ્યા.

અહીં 'બપ્પભટ્ટી' પોતાના ગુરૂની આજ્ઞા લઇ અનેક ગીતાર્થો સહિત ત્યાં પધાર્યા.

આમ રાજાએ તેમનું અપૂર્વ સામૈયું કર્યું. પછી ભર દરબારમાં રાજાએ હાથ જોડી સૂરિશ્રીને વિનંતી કરી કહ્યું કે હે ભગવન! મેં પ્રતિજ્ઞા કરી છે કે, મને ગાદી મળે તો હું તે આપને સમર્પણ કરી આપની સેવામાં હાજર રહીશ. માટે આપ તે ગ્રહણ કરો?

સૂરિશ્રીએ જણાવ્યું કે "હે રાજન! નિસ્પૃહી એવા જૈન મુનીઓ રાજયને શું કરે! અમોને રાજયનો ખપ નથી. પરંતુ તમોને જૈન ધર્મના પસાયથી રાજય મલ્યું છે. જેથી તમો જૈન ધર્મની ઉન્નતિ કરો. ગુરૂ આજ્ઞાને શિરસાવંધ્ય માની, પોતાના ઉપકારી ગુરૂદેવને અહીં ઘણા સમય સુધી રાખી પછી મંત્રીઓ સહિત તેમને તેમના ગુરૂ પાસે મોકલ્યા. પછી વિ૦ સંવત ૮૧૧ માં ચૈત્ર વદ ૮ ને દીવસે શ્રી સિદ્ધસેન સૂરીએ બપ્પભટ્ટ

મુનીને મોઢેરામાં આચાર્ય પદવી આપી. આ કાળે આમ રાજા અને બપ્પભટ્ટી વચ્ચે એટલે ગાઢો સંબંધ થયો હતો કે, જેથી જેઓ શ્રી બપ્પભટ્ટીજીના વિયોગથી દુઃખી થવા લાગ્યા.

આ હકીકતની માહિતી બપ્પભટ્ટીના ગુરૂદેવને આમ રાજાના મંત્રીઓ દ્વારા મળી. જેમણે કહ્યું કે, ભલે તમો આમ રાજા પાસે જાઓ, અને તેને તમારા પૂરતો પ્રેમી બનાવો. પરંતુ, એક તો **તમારી** તરૂણતા, અને બીજી બાજુએ રાજયમાન, આ બંને વસ્તુઓ સાધુઓ માટે વિકારના હેતુ રૂપ ગણાય માટે હે વત્સ ! તમારે ઘણાજ સાવધ રહેવું."

પોતાના ગુરુની શિખામણને પૂરતી ધ્યાનમાં લઇ. આત્મ હિતાર્થી બપ્પ-ભટ્ટી પણ મોઢેરાથી વિહાર કરી કાન્યકુબ્જ પધાર્યા. જ્યાં રાજાએ તેમને બહુ માનથી નગર પ્રવેશ કરાવ્યો.

અહીં સૂરિશ્રીએ આમ રાજાને પ્રતિબોધી ચૂસ્ત જૈન ધર્મી બનાવ્યો.

પરિણામે અહીં ૧૦૮ હાથ ઉંચું એક ભવ્ય જિનાલય રાજવીએ બંધાવ્યું. જેમાં ૧૮ ભાર સુવર્ણનાં વજનની શ્રી પ્રભુ મહાવીરની પ્રતિમા સ્થા-પિત કરી. જેની પ્રતિષ્ઠા બપ્પભટ્ટસૂરિ પાસે કરાવી, તેમજ કાન્યકુબ્જ નજીક ગોપગીરી પર્વત પર ૨૩ હાથ ઊંચું. જિનાલય બંધાવી, તેમાં રાજાએ પ્રભુ મહાવીરની લોહમય પ્રતિમા કરાવી. જેની પ્રતિષ્ઠા પણ બપ્પભટ્ટી સૂરિના હાથે થઇ. અહીં થોડો સમય રહી બપ્પભટ્ટ સૂરિ મારવાડમાં આવેલા લક્ષણાવતિ નગરીમાં પધાર્યા. ત્યાંના 'ધર્મ' રાજાએ સૂરિજીનો મોટા માનપૂર્વક નગર પ્રવેશ કરાવ્યો.

આ રાજવી અને આમ રાજા વચ્ચે અણબનાવ હતો. પરંતુ બપ્પ-ભટ્ટીના ઉપદેશથી બંને વચ્ચે મિત્રાચારી થઇ.

અહીં કુંજન નામના એક બૌદ્ધવાદીને બપ્પભટ્ટી સૂરિએ વાદમાં જીત્યો. જેથી રાજાએ ખુશી થઇ સૂરિશ્રીને વાદી કુંજરકેશરીનું બિરૂદ આપ્યુ.

ત્યાર બાદ બપ્પભટ્ટી પાછા કનોજ પધાર્યા. અહીં એક દીવસ એવો પ્રસંગ ઉપસ્થિત થયો કે, આમ રાજાની સભામાં કેટલાએક ગવૈયાઓ આવ્યા, જેમાં એક મહા સ્વરૂપવાન નટી હતી, આ સમયે શ્રી બપ્પભટ્ટી પણ અહીં યોગ્ય આસને બીરાજમાન હતા.

નટીના સ્વરૂપમાં મુગ્ધ થએલ રાજવીએ લજ્જા અને મર્યાદાનો ત્યાગ કર્યોને, નટીનાં સ્વરૂપમાં તે મુગ્ધ બન્યો.

સૂરિશ્રી પણ, બહુજ ચપળ અને ચાણાકય હતા. જેમણે રાજાની દુરાચારી વૃત્તિ જાણી. તરતજ તેમને પ્રતિબોધાર્થે ગવૈયાનાં કાવ્યો કરતાં ઉંચ્ચ પ્રતિબોધક વૈરાગ્યમય કાવ્યોની રચના તાત્કાલિક કરી, રાજયમહેલનાં દ્વાર પર ચર પુરૂષ મારફતે કાવ્યો લખાવ્યાં. જેને વાંચતાં આ રાજવીને પશ્ચાતાપ થયો. અને તેને એમ લાગ્યું કે, આ કાર્ય જરૂર મારા ગુરૂદેવનુજ છે કે, જેમણે મને ડુબતાં ખરેખર બચાવ્યો છે . જેને અત્યંત પશ્ચાતાપ થયો. પોતાનું શરમીંદુ મુખ ઉપકારી સૂરીશ્રીને બતલાવવામાં તેને અત્યંત શરમ આવી. અને તેણે ચીત્તા પ્રવેશ કરવાની ઇચ્છા આત્મવર્ગને પ્રદર્શિત કરી.

આ વૃત્તાંત નગરમાં પ્રસર્યો અને તે વાત સૂરિશ્રીને કાને આવી. જેમણે જાતે મહેલમાં જઇ આમ રાજવીને આ સર્વે ઘટની ભવિતવ્યતાના યોગે બની જણાવી પ્રતિબોધી અખંડ સ્વદારા વ્રતધારી બનાવ્યો

ત્યાર પછી આમ રાજાની સલાહથી સૂરિશ્રીએ મથુરામાં જઇ ત્યાંના શિવમાર્ગી વાકપતિ નામે યોગીને પ્રતિબોધી જૈન બનાવ્યો.

ત્યાંથી પાછા વિહાર કરી સૂરિશ્રી કાન્યકુબ્જ આવ્યા. અહીં આચાર્ય દેવના ઉપદેશથી રજવીએ કનોજ–મથુરા–અણુહિલપુર પાટણ, સતારક નગર, અને મોઢેરા આદી અનેક શહેરોમાં જૈન મંદીરો બંધાવ્યા. અને પોતે બાર વ્રતધારી જૈન રાજવી બન્યો જેણે જૈન ધર્મની પ્રભાવના ઘણીજ સારી કરી.

આ બપ્પભટ્ટ સૂરિશ્રીનો જન્મ વિક્રમ સંવત ૮૦૦ ના ભાદરવા સુદ ૩ ને રવિવારે થયો હતો જેમણે ૯૫ વર્ષનું આયુષ્ય ભોગવી વિ૦ સંવત ૮૯૫ માં પોતાની પાટે તેમના વિદ્વાન શિષ્ય નન્નસૂરીને સ્થાપિત કરી, તથા ગોવિંદ-સૂરીને પણ તેઓએ પૂર્ણ પ્રભાવિક કરી. મોઢેરામાં સ્વર્ગવાસકર્યો. જેમના ઉપદેશથી આમ રાજાના પૌત્ર ભોજ રાજાએ પણ જૈન શાસનની ઘણી સારી પ્રભાવના કરી હતી.

## પ્રકરણ ૧૦ મું.

### પૂર્વકાલિન ઇતિહાસની સમાલોચના

**ગુ**જરાતનું પાટણનગર વસ્યું ન હતું. ત્યાર પહેલાં મારવાડનું **ભીલ્લમાલ ઉર્ફે શ્રીમાળનગર** ગુર્જર ભૂમિનું રાજધાનીનું શહેર હતું. આ કાળે સૌરાષ્ટ્રનું **વલ્લભીપુર**, ગુજરાતનું **વડનગર**, ભૃગુ કચ્છનું **ભરૂચ**, અવંતિનું **ઉજ્જૈન** એ સિવાય બીજા મોટા નગરોનો વેપાર અરસપરસના પ્રાંતો સાથે પ્રમાણિકતાથી સંકળાએલ હતો.

વલ્લભીપુરનો વિનાશ થતાં ભીલ્લમાલ વસ્યું. 'ભાંગ્યું ભાંગ્યું તો પણ ભરૂચ,' એ હિસાબે વલ્લભીપુરનાં વિનાશ પછી પણ વલ્લભીપુરમાં વ્યાપારીઓએ નિવાસ રાખ્યો હતો. પરંતુ ત્યાં બાર વર્ષી દુકાળ પડતાં અંતે આ નગરનો ત્યાગ કરી, તેઓ મારવાડ ગયા, જેથી ભીલ્લમાલ વ્યાપારી કેન્દ્ર તરિકે પ્રસિદ્ધ થયું. ને વલ્લભીપુર ઘસાતું ગયું.

આ ભીલ્લમાલ નગર સાથે મારવાડનાં દુર દુર પ્રદેશનો વેપાર સંકળાએલ હતો. અને મારવાડનું વ્યાપારી કેન્દ્ર આ કાળે ભીલ્લમાલ ગણાતું.

વલ્લભીપુરમાં જે પ્રમાણે તેના વિનાશ સમયે જૈન મહાજનનું સામ્રાજ્ય હતું તેજ માફક ભીલ્લમાલમાં વલ્લભીપુરવાસીઓ જઇ વસવાથી અહીં પણ વલ્લભીપુરનાં મહાજને વ્યાપારી કોમ તરીકે ઘણી જ સારી સત્તા હાથ કરેલી.

શ્રીમાલની રાજ્ય સત્તા અને શ્રીમાલનો વ્યાપાર, આ કાળે મુખ્યત્વે જૈનોના હાથમાં હતા. જયાં સમર્થ જૈનાચાર્યો મહાજન, તેમજ રાજ્ય કર્તાઓના મહાન ધર્મગુરૂઓની ગરજ સારતા હતા.

શક સરદારોના અનેક વખતના હલ્લા સમયે પણ વલ્લભીપુર વાસીઓથી ભીલ્લમાલ લગભગ ચાર સૈકાથી વસવાટનું નગર બન્યું હતું. આ કાળે તદ્દપૂર્વે

સમર્થ જૈન ત્યાગી મહાત્માઓએ, જૈન ધર્મનો પ્રચાર ઉત્તર હિંદથી આરંભી પશ્ચિમ હિંદ સુધી, તેમજ દક્ષિણમાં છેક લંકા સુધી અહીંથી કીધો હતો. જ્ઞાની ધર્માચાર્યોની તેમજ દક્ષ-જૈન મહાજનની અર્થસુચક ધર્મનીતિ એટલી સરલ હતી કે, જેના યોગે ચારે વર્ણો પોત પોતાનો ધર્મ સ્વતંત્રતાથી પાળી શકતા. અને સહપ્રેમે ઐક્યતાથી સંપીને રહેતા હતા.

રાજ્ય તરફથી દરેક ધર્મસ્થાનોને પુરતો આશ્રય મળતો. પુરોહિતોને પુજનાર્થે પુરતું વેતન મળતું. તેમજ ધાર્મિક શાસ્ત્રોના શિક્ષણ માટે, રાજ્ય તરફથી પુરતી સહાય મળી રહેતી. કહેવાનું તાત્પર્ય સારાંશે અહિં એટલું જ છે કે **"આ કાળે પણ સનાતન વૈદિકધર્મ, સમાનતાથી મારવાડ અને ગુજરાતમાં પ્રવર્તી રહ્યા હતા. અને બંને પંથના ધર્માનુયાયિઓને પુરતું માન મળતું."** રાજ્ય કુટુંબોમાં બંને ધર્મો પળાતા. રાજ્ય તરફથી બંને ધર્મના આચાર્યોને પુરતું પીઠબળ મળતું, રાજ્ય સભામાં વિદ્વાન પંડિતોમાં બંને ધર્મના ઉંચ્ચ કોટીના સ્થાનો રાજ્ય માન્ય ગણાતા.

આ કાળ અથવા તદ્દપૂર્વેથી આરંભી તે ગુજરાતના બીજા ભીમદેવના રાજ્ય અમલ સુધીમાં, દરેક રાજવીઓના રાજ્ય અમલમાં જૈન દેવાલયો, પૌષધ શાળાઓ, ઉપાશ્રયો અને, અનેક પ્રકારના જ્ઞાનભંડારોને રાજ્યાશ્રય મળ્યો હતો ને મળતો, જૈનો માફક સનાતન ધર્મની પણ ગૌરવતા આ કાળે સચવાઇ હતી.

શ્રીમાલદેશમાં અથવા શ્રીમાલ નગરમાં આ કાળે વસતા બ્રાહ્મણોએ, વણિકોએ, સોનીઓએ, તેમજ દરેક જ્ઞાતિઓએ પોત પોતાનો જથ્થો બાંધ્યો. અને સંગઠન કરી રહેવા લાગ્યા.

જેના યોગે શ્રીમાળના બ્રાહ્મણો, વાણીઆઓ અને સોનીઓ, શ્રીમાળી ઉપનામથી સંબોધાવા લાગ્યા. અને આજે પણ શ્રીમાળીઓ તેજ ઉપનામથી ઓળખાય છે. તેઓ જૈનોના મંગળીક કાર્યો કરાવવામાં સાથ આપે છે જૈનાચાર્યોએ પણ શ્રીમાળના સેંકડો કુળોને પ્રતિબોધી જૈન બનાવ્યા. જેની સંખ્યા લગભગ ૧૪૦૦ ઉપરાંતની ગણાય છે.

શ્રીમાળનગરના વેપારની વૃદ્ધિને અંગે પૂર્વ દેશમાંથી આવી વસેલ પ્રજાએ પોતાના મૂળ સ્થાનની ઓળખાણ માટે પ્રાગવટ એટલે પૂર્વાટ જેનું બીજું નામ આજે પોરવડ (જૈન) કહેવાય છે, તેની ઉત્પત્તિ અહીંથી થઇ, જેમાં શ્રીમાળીઓ

ભજ્યા અને સંખ્યા વધી.

બુદ્ધિશાળી પોરવાડવંશી જૈન મહાજને રાજયવહીવટ હાથ કર્યો અને એકનિષ્ઠાથી રાષ્ટ્ર તેમજ ધર્મની ઉચ્ચ કોટિની સેવા બજાવવામાં તેઓ સફળ થયા. આ પ્રમાણે સમર્થ જૈનાચાર્યોના પુરુષાર્થી-ધર્મજાગૃતિના ઉદ્યોતને જૈન મહાજને પૂરતો સાથ આપ્યો. જેના યોગે-રાષ્ટ્ર અને ધર્મ-ટેક અર્થે પોરવાડવંશી અમાત્યો, સેનાપતિઓ તેમજ અમલદારો રાજવહીવટમાં ગુજરાતની કીર્તિ અને યશગાથા ગર્જાવવામાં ભાગ્યશાળી થયા. જૈન મહાજન રાષ્ટ્રપ્રેમી, મુત્સદ્દી, વફાદાર, રાજયકુળનું સાચું માર્ગદર્શક અને ધર્મપ્રેમી હતું. જેના યોગે ગુજરાતની ગૌરવતા શ્રી. હરિભદ્રસૂરિના કાળ પછીથી એટલે વિરાત સંવતની પહેલી સદિથી તે બારમી સદિ સુધીમાં જૈન મહાજનની કીર્તિ અને સેવા ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે **"નિપક્ષપાતી, રાષ્ટ્રપ્રેમી વફાદાર મહાજન તરીકે અમરત્વને પામી."**

# પ્રકરણ ૧૧ મું

## ગુજરાતમાં રાજગાદીની સ્થાપના

### શ્રી. શિલગુણસૂરિની અપૂર્વ સેવા

**મ**હારાજા જયશિખર જ્યારે ગુજરાતના **પંચાસર** નગરમાં રાજ્ય કરતા હતા ત્યારે દક્ષિણ પ્રાંતનાં કલ્યાણનગરમાં ભુવડ નામે રાજા રાજ્ય કરતો હતો.

આ ભુવડે નીતિવાન અને દયાળુ એવા જયશિખરની અતુલ સંપત્તિ અને ઉજ્જવળ કીર્તિ કવિઓના મુખેથી સાંભળી હતી, તેથી તેણે પંચાસર સર કરવા ચઢાઇ કરી અને પંચાસર પર ઘેરો ઘાલ્યો. આ સમયે જયશિખર ઘણીજ બહાદુરી-પૂર્વક લડયો; પરંતુ છેવટે મરાયો. તે વખતે તેનો સાળો સૂરપાળ જયશિખરની રાણી રૂપસુંદરી જે ગર્ભવતી હતી તેને લઇ વનમાં રક્ષણાર્થે ગયો. ત્યાં રાણીએ સુસ્વરૂપવાન પુત્રનો જન્મ આપ્યો, જેનું **વનરાજ** નામ રાખવામાં આવ્યું. આ સમયે વઢીયાર દેશમાં (શીલાંગાચાર્ય) શિલગુણસૂરિ નામે એક પ્રાભાવિક આચાર્ય વિચરતા હતા. એક સમયે તેઓ દેહચિંતા માટે વનમાં નિત્યનિયમ પ્રમાણે ગયા હતા. ત્યાં એક ઝાડ સાથે ઝોળી લટકેલી તેમના જોવામાં આવી. તપાસ કરતાં તેમને સમજાયું કે, જે બાળક આ ઝોળીમાં સૂતેલો છે તે તેજસ્વી—શુભ રાજલક્ષણયુક્ત છે. તેમજ આ વૃક્ષની છાયા પણ તેના પરથી ખસતી નથી. તે પરથી સૂરિશ્વરજીને પોતાના જ્ઞાનના બળે સમજાયું કે, આ બાળક કોઇ મહાન પ્રાભાવિક પુરુષ થવાનો છે. એટલામાં ત્યાં પાસેની ઝાડીમાંથી બાળકની માતા રૂપસુંદરીએ આવી આચાર્યદેવને નમન કર્યું. અને ચોધાર અશ્રુપ્રવાહ વચ્ચે તેની દાસી વીરમતીએ રાજમાતાનો સઘળો દુઃખદવૃત્તાંત સૂરિશ્વરજીને વિનયપૂર્વક જણાવ્યો. લક્ષણશાસ્ત્રના જ્ઞાતા આ સૂરિજીએ વનરાજનાં શારીરિક લક્ષણો જોઇ રાણીને ધીરજ આપતાં કહ્યું કે, 'હે રાજમાતા! તમો જરાયે ગભરાશો નહિ. આ તમારો પુત્ર **"ગુજરાતનો નાથ"** થશે, અને ધર્મનાં ઘણાં કાર્યો કરશે. આ સાંભળી રૂપસુંદરીને ઘણોજ આનંદ થયો.

ત્યારબાદ ગુરુદેવ ત્યાંથી ઉપાશ્રયે ગયા. અને રાજકુમાર તેમજ તેની માતાને જૈનસંઘ મારફતે પૂરતો આશ્રય અપાવ્યો. જ્યાં તેઓનું પાલનપોષણ થવા લાગ્યું.

વીર કુમાર લગભગ ૧૫ વર્ષનો થતાં રાજકુમાર વનરાજને સૂરિશ્વરજીએ ઉચ્ચ કોટિની રાજવંશી કેળવણી આપી ધર્મપ્રેમી બનાવ્યો. સદ્‌ગુરુના સત્સંગમાં રહી વીરકુમાર પણ ભીલોની માફક અજોડ બાણાવળી બન્યો; એટલુંજ નહિ પણ બચપણમાંથી વનવાસીઓ માફક હિંમતવાન, બહાદુર અને વનરાજના ઉપનામને દીપાવનારો વીરાત્મા બન્યો. રૂપસુંદરી કુમારને લઇ પોતાનો ભાઇ સુરપાળ જે વનમાં રહેતો હતો ત્યાં ગઇ. આ સમયે સુરપાળ, ભુવડનાં રાજયમાં ભેદી પહાડી વનોમાં રહી, ભીલોની સહાયતાથી રાજયને હેરાન કરી રહ્યો હતો, વનરાજને પણ તે જ જોઇતું હતું. આથી તે પણ મામાના કાર્યમાં મદદગાર બન્યો. એક સમયે વનરાજ વનમાં ભોજન કરવા માટે બેઠો હતો. આ સમયે ઘી નહિ હોવાથી તેણે પોતાના માણસોને ચારે દિશામાં ઘી માટે મોકલ્યા. તેમાં એક દિશામાં જતાં વનરાજનાં માણસોને ચાંપરાજ નામના એક વાણિયાનો ભેટો થયો. આ વણિક પાસે ઘીના ધાડવા હતા. તેને વનરાજ પાસે લાવવામાં આવ્યો. વાણિયાએ વનરાજને જોતાં જ જાણ્યું કે, આ કોઇ રાજયલક્ષણવાળો પ્રાભાવિક ભાગ્યાત્મા છે. એની પાસે માણસો ઘણા છે. અને હું એકલો છું. તેથી તેણે આનાકાની કર્યા સિવાય કહ્યું કે 'હે મહારાજ ! આ ઘી આપનું જ છે. મારે જોઇએ તેટલું લ્યો' એમ કહી તેણે વનરાજને ઘી આપ્યું. વનરાજે તે વણિકને તેના ઘીની કિંમત કરતાં બમણો માલ આપી સંતોષ્યો. આ સમયે તે વણિકે વિચાર્યું કે આ તો મને ઘણો જ લાભ થયો. પછી વનરાજે આ વણિકની ચતુરાઇ જોઇ તેને કહ્યું કે, જો તું મારો પ્રધાન થઇને રહે તો તારી હું યોગ્ય કદર કરીશ. વણિકે તે વાત કબૂલ કરી. અને ચાંપરાજ પ્રધાન થયો.

તેવામાં ભુવડના માણસો ગુજરાતમાંથી મં[illegible] ઉઘરાવી ચોવીસ લાખ સોનામહોરો, ચારસો ઘોડા, અને હાથીઓને લઇ ગુજરાતથી દક્ષિણ તરફ જતા હતા. તેઓને વનરાજે પોતાના પ્રધાન અને ભીલોની મદદથી લૂંટી લીધા. ત્યારબાદ આ દ્રવ્યથી વનરાજે મોટું લશ્કર ઊભું કર્યું. અને લશ્કરની મદદથી તેણે કેટલાક રાજાઓને જીત્યા. ભુવડે વનરાજને પ્રબળ સત્તાધીશ થએલો જાણી સતાવ્યો નહિ. આમ ગુજરાતનો પ્રદેશ વનરાજનાં હાથમાં આવ્યો. પછી તેણે નગર વસાવવાનો વિચાર કર્યો. એટલામાં તેના પ્રધાનને એક ભરવાડે આવી જણાવ્યું કે "તમોને નગર વસાવવા હું એક ઉત્તમ ભૂમિ બતાવું.

પછી વનરાજ અને પ્રધાન તે ગોવાળની સાથે ગયા. આ ભરવાડની સાથે એક કુતરો હતો. ગોવાળના સંકેતસ્થાન પર એક સસલાએ અચાનક કૂતરા પર હુમલો કર્યો, તેથી કૂતરો ભય પામીને નાસવા લાગ્યો.

આ પ્રમાણેની આશ્ચર્યયુક્ત ઘટના નિહાળી વનરાજે આ ભૂમિમાં જ નગર વસાવવાનો નિશ્ચય કર્યો. અને ત્યાં અણહિલ નામના **આ ગોવાળના નામ પરથી શુભ દિને, શુભ મુહૂર્તે વનરાજે અણહિલ્લપુરપાટણ નામે નગર** વસાવ્યું. ચાવડાવંશના મહાન પરાક્રમી રાજા વનરાજે સંવત ૮૦૨માં અણહિલપુર પાટણમાં જ રાજગાદીની સ્થાપના કરી. અને પંચાસરની રાજધાની ત્યાં લાવીને વનરાજ અને રાજકુટુંબે પણ પાટણમાં જ નિવાસ કર્યો.

( ૨ )

આ સમયે વનરાજને પરમ ઉપકારી ગુરુ મહારાજ શ્રી. શિલગુણસૂરિ યાદ આવ્યા; જેથી તેમને નવા નગરમાં સામૈયું કરી વિનયપૂર્વક પ્રવેશ કરાવી કરી કહ્યું કે, "હે ભગવન! આપની સહાયતાથી મને રાજ્ય મળ્યું છે. માટે મને આપ આજ્ઞા કરો કે હવે શું ધર્મકાર્ય કરું?"

ત્યારે સૂરિશ્વરે જણાવ્યું કે 'રાજન! જિનમંદિર બંધાવવાથી ઘણું પુણ્ય થાય છે,' તે સાંભળી વનરાજે પંચાસરમાં અત્યંત મનોહર શ્રી. પંચાસરા પાર્શ્વનાથજીનું મંદિર બંધાવ્યું અને તેમાં શ્રી. પાર્શ્વનાથની તેમજ પોતાની છત્રયુક્ત મૂર્તિ સ્થાપિત કરી. આજે પણ આ બંને પ્રતિમાઓ વિદ્યમાન છે. વનરાજે ૬૦ વર્ષ સુધી રાજ્ય કર્યું. તે દરમિયાનમાં સૂરિશ્વરજીના પ્રતિબોધે વનરાજે જૈન શાસનની પ્રભાવના ઘણી જ વધારી અને વફાદાર એશાનબાજ ચાંપા પ્રધાનના નામ પરથી વનરાજે ચાંપાપુરી પણ વસાવ્યું હતું.

પાટણના રાજ્યદરબારમાં શ્રીમાળી અમાત્યોમાંથી પોરવાડ થએલા અમાત્યોનું ચલણ ઘણુંજ સારું ગણાતું, જેમણે વિદ્યાગચ્છ માટે શ્રી ઋષભદેવનું મંદિર બનાવ્યુ. પોરવાડ જાતિને સંઘટિત કરનાર શ્રીહરિભદ્રસૂરિ વિદ્‌. ૨ ગચ્છના હતા.

બાલ્યાવસ્થાથી જ વનરાજને ચૈત્યવાસી જૈન સાધુ શ્રી. શિલગુણસૂરિ મતાંતરે દેવચંદ્રસૂરિએ આશ્રય આપી પોષેલ હતો. જે સૂરિએ પંચાસરમાં વનરાજનાં રાજ્યાભિષેકસમયે ઉપકારના બદલામાં અન્ય સંપ્રદાયોના ભયથી

પાટણમાં ફક્ત ચૈત્યવાસીઓએ જ રહેવું અને બીજા શ્વેતાંબર જૈન સાધુઓએ ત્યાં ન રહેવું એવો લેખ રાજવી પાસેથી લખાવી લીધો હતો.

**श्री चापोत्कर यशोद्भव महाराज श्री वनराज गुरू श्री नागेन्द्र गच्छे श्री शीलगुणसुरि शिष्य श्री देवचन्द्र सूरि मूर्तिः**

નોટઃ-જુઓ શ્રી શિલગુણસૂરિ સંતાનીય શ્રી દેવચંદ્રસૂરિનો સંવત ૧૩૦૧નો લેખ નં. ૫૧૯ જિ. ૨. શિલાલેખ નં. ૫૧૦

**पुरा श्रीवनराजो मूच्चापोत्करवरान्वयः ॥**
**स बाल्ये वर्द्धितः श्रीमद् देवचंद्रेण सूरिणा ।**
**नागेन्द्रगच्छ मूद्वार प्राग वराहो प मा स्पृशा ॥**
**चैत्य गच्छयति व्राल संमतो मसतान्मुनि : ।**
**नगरे मुनिभिर्नात्र वस्तव्यं तद् संमते : ॥**

મહારાજા વનરાજે શિલગુણસૂરિને ચૈત્યવાસીઓ માટે આપેલ પટ્ટાને આધારે, મહારાજા ભીમદેવનાં રાજ્યઅમલ સુધી ચૈત્યવાસી સાધુઓનાં ૮૪ ઉપાશ્રયો પાટણમાં હતા. મહારાજા ભીમદેવનાં રાજયઅમલ દરમિયાનમાં થએલ શ્રી. વર્ધમાનસૂરિએ પોતાનાં બે શિષ્યો જીનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરસૂરિને પાટણ મોકલી તેમની મારફતે સુવિદિત એવા જૈનાચાર્યો માટે વિહાર ચાલુ કરાવ્યો અને રાજ્ય પુરોહિતે પોતાના ખર્ચે પાટણનાં ભાતબજારમાં ખાસ ઉપાશ્રય બાંધ્યો. ત્યારથી પાટણ ક્રિયાશુદ્ધ આચાર્યોના પ્રભાવે જૈન ધર્મની પ્રચારક કેન્દ્રભૂમિ બન્યું. જેમાં મહારાજા વનરાજથી કુમારપાળ સુધીનાં દરેક રાજવીઓએ જૈન ધર્મને પૂરતો સાથ આપ્યો હતો.

પંચાસરમાં વનરાજે પંચાસરા પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું. અને તેણે ચાંપા નામના ઉપકારી જૈન વણિકને રાજયનું અમાત્યપદ આપ્યું. તેના પુત્ર લહિરને દંડનાયક બનાવ્યો. તેણે પણ પાટણમાં ઋષભદેવનું ભવ્ય જિનાલય બંધાવ્યું.

આ ચાંપા શેઠ શ્રીમાળી જાતિના જૈન હતા. મહાન અમાત્ય ચાંપાના પુત્ર લહિરે, વનરાજ પછીના ત્રણ રાજવી સુધી પાટણમાં દંડનાયક તરીકે સેવા બજાવી. તેનો પુત્ર વીર અથવા વિમલ તરીક પ્રસિદ્ધ થયો છે. તેણે આબુ-દેલવાડા પર જિનાલયો બંધાવી, શિલ્પકળાને જગતભરમાં વિખ્યાત કરી.

નોંધ–રત્નશીખર નામના ગ્રંથમાં ચાંપાશેઠ માટે નીચે પ્રમાણેની નોંધ મળે છે:

गौर्जरात्र मिहं राज्यं वनराजात् प्रभृत्य भूत ।
स्थापितं जैन मंत्रौघै स्तद् द्वेषि नैवनन्हति ॥

આ ચાંપાનું બીજું નામ જાબમંત્રી તરીકે ઇતિહાસને પાને અમર થયું છે. તેણે પાવાગઢ પાસે ચાંપાનેર વસાવ્યું. વનરાજને રાજતિલક કરનાર શ્રીદેવી પણ જૈન હતાં. વનરાજે ગાંભુમાં વસેલ પોતાના ઉપકારી નીના શેઠને પાટણમાં લાવી સેનાધિપતિ બનાવ્યો.

અહીં મતાંતરે અથવા ઇતિહાસકારોની ભૂલભૂલામણીમાં બે અલગ અલગ નામો ઇતિહાસકારો રજૂ કરે છે. જેની સમાલોચના કરતાં જૈન ઇતિહાસકાર સ્વર્ગસ્થ શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઈ જણાવે છે કે, **જાબ** અને **ચાંપાશેઠ** એ બંને એક જ વ્યક્તિ સંભવી શકે છે. અને તેઓ શ્રીમાળ (જૈન) જ્ઞાતિના હતા, આ ઘટનાને અમો પણ માન્ય રાખીએ છીએ.

૨૧૦ કવિ શ્રી. નાનાલાલ દલપતરામ ગુજરાતના જૈન મહાજનની ગૌરવતા અંગે જણાવે છે કે:—

"પાટણની સ્થાપનામાં શરૂઆતથી જ કારભારીઓ, મંત્રીશ્વરો, સેનાપતિઓ તેમજ અનેક રાજ અમલદારીઓ જૈન હતા. મારવાડથી સંખ્યાબંધ જૈનો ગુજરાતની ફળ-ફુપ ભૂમિમાં આવી વસ્યા હતા.

"મહારાજા વનરાજને શ્રી. શિલગુણસૂરિએ આશ્રય આપ્યો હતો. જો તેમ ન થયું હોત તો પાટણ તથા સોલંકી રાજ્ય હોત નહિ એટલું જ નહિ પરંતુ ગુજરાતના પાટનગર તરીકે સાત સૈકા સુધી પાટણ કીર્તિવંત રહ્યું તે પણ જૈન કાર-ભારીઓ તેમજ જૈન મહાજનને આભારી છે; કેમકે પાટણમાં રહી જૈનોએ શું કર્યું? તે માટે સાત સૈકાના ઇતિહાસમાં આપણને ઘણું જાણવા મળે છે. ગુજરાતના સ્થાપત્યમાં, રાજ્ય વહીવટમાં જૈન મંત્રીઓએ પાટણના બચાવમાં અપૂર્વ સેવા બજાવી છે. જેની નોંધ વિશ્વભરના ઇતિહાસકારોએ લીધી છે; જેને માટે અમો તેમને ધન્યવાદ આપીએ છીએ.

ગુર્જર રાજ્યગાદીના સ્થાપક મહારાજા વનરાજનો સ્વર્ગવાસ વિક્રમ સંવત ૮૬૧માં, તેમના ૫૯ વર્ષના રાજ્યઅમલ બાદ થયો. ચાવડાવંશની વંશાવળી અંગે જે કંઇ નોંધો પ્રાપ્ત થઇ છે તેમાં ચાવડાવંશના પાંચમા રાજવી ક્ષેમરાજ અંગે પ્રામાણિક નોંધ નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે:

"મહારાજા વનરાજના પુત્ર યોગરાજ અતિ વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થએલ હતા. જેઓ પોતાની નજરે ચોથી પેઢીના પ્રપૌત્ર વીર ક્ષેમરાજની વીરતાનું દિવ્ય દર્શન કરવા શક્તિશાળી થયા હતા. ક્ષેમરાજ ઊગતી યુવાનીમાં લગભગ બાલ્યાવસ્થા જેવા હતા ત્યારે, બીજા દેશના રાજાના અન્ય દેશોએ જતાં વહાણો પવનના તોફાનથી ઘસડાઇ સોમેશ્વર પાટણ આવી ચઢયા; જેમાં ૧૦૦૦ તેજસ્વી તૂરી અશ્વો, ૧૫૦ હાથીઓ અને કરોડોનો માલ ભરેલો હતો. આ વહાણોનો વણઝારી કાફલો અન્ય દેશોએ જઇ રહ્યો હતો. કુદરતી સંજોગો અનુસાર કુમાર **ક્ષેમરાજ** આ સમયે સોમેશ્વર પાટણમાં વિદ્યમાન હતા. તેમણે આનો લાભ લીધો, અને આ વહાણોની સર્વ સંપતિ હસ્તગત કરી. તુરત તેઓ ત્યાંથી ચાંપાનેર પોતાના પિતા **વીરસિંહ** સનમુખ ઉપરોકત સંપત્તિ સહ પહોંચી ગયા; જયાં તેમના પિતા રાજગાદી ઉપર હતા અને પ્રદાદાજી વિદ્યમાન હતા અને દાદા રત્નાદિત્યનો સ્વર્ગવાસ થએલ હતો.

રાજ્યખજાનામાં કરોડોની મિલકત, પાયદળમાં તેજસ્વી અશ્વો અને હસ્તીઓનો વધારો થયો. આ વસ્તુ યોગરાજજીને અયોગ્ય લાગી. તેમણે ક્ષેમરાજને આ જાતની અયોગ્ય રાજનીતિ અંગે ઠપકો આપ્યો અને જણાવ્યું કે "ધનના લોભે ચાવડાવંશી કુમારનું આ જાતનું કૃત્ય ખરેખર ઇતિહાસના પાને કલંકિત લેખાશે. જો કે આથી ગુર્જર રાજસત્તામાં પૂરતો વધારો થયો છે, પરંતુ તે વસ્તુ ખરેખર અયોગ્ય ગણાય."

(૪)

વનરાજે પાર્શ્વનાથ પંચાસરનું તથા કંઠેશ્વરનું મંદિર બંધાવ્યું. યોગરાજે ભટ્ટારિકા યોગીશ્વરીનું મંદીર બંધાવ્યું હતું. ને ભુવડે ભુવડેશ્વરનું મંદીર બંધાવ્યું હતું.

પ્રબંધ ચિંતામણિકાર આ ત્રણે કાર્યોને રાજવીઓના શોભાનાં કાર્યો તરીકે જણાવે છે:—

પૂર્વોક્ત પ્રબંધકારો ચાવડાવંશને શકિતશાળી સામંતોની ઉપમાં આપે છે.

## ગુજરાતમાં ચાવડાવંશ

| | વિક્રમ સંવત | વર્ષ |
|---|---|---|
| વનરાજ | ૮૦૨ થી ૮૬૧ | ૫૯ |
| યોગરાજ | ૮૬૧ થી ૮૭૦ | ૯ |
| રત્નાદિત્ય | ૮૭૦ થી ૮૭૩ | ૩ |
| વૈરસિંહ | ૮૭૩ થી ૮૮૪ | ૧૧ |
| ક્ષેમરાજ | ૮૮૪ થી ૯૧૩ | ૨૯ |
| ચાંમુડ | ૯૧૩ થી ૯૪૪ | ૩૧ |
| રાઠ (ઘાઘડ) | ૯૪૪ થી ૯૭૧ | ૨૭ |
| ભુવડ | ૯૭૧ થી ૯૯૮ | ૨૭ |

આ મુજબ ચાવડા વંશ કુલ ૧૯૬ વર્ષ સુધી રાજ્યાસને રહ્યો.

# પ્રકરણ ૧૨ મું.

## સોલંકી વંશનો સંક્ષિપ્ત ઇતિહાસ

કનોજના રાજવી ભુવડને કર્ણાદિત્ય નામનો કુંવર હતો, છેને ચંદ્રાદિત્ય અને સોમદિત્ય નામે બે પુત્રો થયા. સોમદિત્યને રાજ, બીજ અને દંડ નામના ત્રણ કુંવરો થયા જેમાંના રાજનાં ચાવડાવંશી પાટણનરેશ સામંતસિંહની બહેન લીલાવતી સાથે લગ્ન થયાં તહાં.

કર્મવશાત્ સગર્ભાવસ્થામાં લગભગ પૂર્ણ માસે લીલાવતીનું મૃત્યુ થયું. તેના ઉદરમાં રહેલ બાળકનો બચાવ તેનું ઉદર ચીરી કરવામાં આવ્યો. આ બાળકનો જન્મ મૂળ નક્ષત્રમાં થએલ હોવાથી તેનું નામ મૂળરાજ રાખવામાં આવ્યું.

મૂળરાજની બાલ્યાવસ્થા અને ઊછેર પાટણમાં જ વીસાં હતાં. તેના મામા સામંતસિંહ અત્યંત મદિરાપાન કરતાં અને નશામાં ચકચૂર રહેતા. તેમણે દારૂના નશામાં બે વખત મૂળરાજને રાજગાદીએ બેસાડયો અને ઉતાર્યો.

આ પ્રમાણે બનતા કિસ્સામાં બુદ્ધિશાળી મૂળરાજ સમજણો થતાં, તેના આ પ્રમાણે વારંવાર થતાં અપમાન તે સહન કરી શકયો નહિ અને મામા પર ગુસ્સે ભરાયો. અને મામાનો ઘાત કરી પાટણની રાજગાદી પ્રાપ્ત કરી.

( ૨ )

સોલંકી વંશના સ્થાપક પ્રાભાવિક રાજવી મૂળરાજે સંવત ૯૯૮ થી લાગલગાટ ૧૦૫૩ સુધીનાં ૫૫ વર્ષ સુધી પ્રભાવશાળી નરેશ તરીકે ગુર્જરભૂમિની કીર્તિને ગજાવી. એ અંગે મલતી નોંધો પરથી જણાય છે કે અજમેર સપાદ-લક્ષના રાજા વિગ્રહરાજે ગુજરાત પર સંવત ૧૦૩૦ માં ચડાઇ કરી. બરોબર આજ કાળે ગુજરાત પર તિલંગ દેશના બારપનો સેનાપતિ પણ ચઢી આવ્યો.

સમય કટોકટીનો હતો. એ સમયે બુદ્ધિશાળી અમાત્યોએ રાજવીને જણાવ્યું કે, 'રાજન ! આવા સમયે બન્ને સેનાઓ સાથે એકી સાથે લડાઇ કરવી દુર્લભ છે. માટે "કથાદુર્ગમાં ભરાઇ થોડા દિવસ શાંતિમાં પૂરતી યુદ્ધ તૈયારીમાં જ કાઢવા યોગ્ય છે. કારણ નવરાત્રિ આવતાં સપાદલક્ષના રાજવી પોતાની રાજધાની શાકંભરીમાં પોતાની કુળદેવીની પૂજા અર્થે જશે. ત્યારે બારપને હરાવવો અને પછીથી સપાદલક્ષના રાજવીને હરાવવો."

મંત્રીશ્વરોની સમજાવટથી મૂળરાજ અણહિલવાડ તજીને વણે આથે કચ્છના નાકા પર આવેલ કંથકોટના કિલ્લામાં ભરાયો.

મૂળરાજની ચાલબાજીને કંઇક અંશે સમજી ગએલ શાકંભરીના રાજવીએ ચોમાસામાં પણ ગુર્જરમાં જ પડાવ રાખ્યો. જ્યાં રાજસરહદો આગળ વિગ્રહરાજનો પડાવ હતો. ત્યાં જ અજમેરના રાજવીએ શાકંભરી નગરની રચના કરી ત્યાં જ ગામદેવી લાવી નવરાત્રમહિમાં રણક્ષેત્રમા જ ઉજવવાનો આરંભ કર્યો.

આ સમયે મૂળરાજે અપૂર્વ બુદ્ધિબળે અનેકનો સદ્ઉપયોગ કર્યો ને ચારે દિશાના આજ્ઞાંકિત સામંતોને બોલાવ્યા અને તેમની સાથે મંત્રણા કરી. તથા તેમની મારફતે લાગવગનો પૂરતો ઉપયોગ કરી, સપાદલક્ષના રાજવીના મદદગાર એવા રાજકુમારો, પાયદળ અને અમલદારોને શામ, દામ અને ભેદની રાજનીતિથી વશ કરી લીધા. અને અમુક વખતે હાજર રહેવું એમ જણાવી સર્વેને સપાદલક્ષ રાજવીના તંબૂની ચારે દિશાએ ગોઠવી દીધા. પછી નક્કી કરેલ દિવસે મુખ્ય સાંઢણી પર ચઢી ચકોર સાંઢણીસવારને સાથે લઇ રાતોરાત લાંબી મજલ કાપી પ્હો ફાટતાં પહેલાં વીર રાજવી મૂળરાજ જીવનના જોખમે દુશ્મનની છાવણીમાં ઘુસી ગયો. અને હાથમાં ઉઘાડી તલવાર સાથે મૂળરાજ સપાદલક્ષના રાજવીના તંબુએ પહોંચી ગયો. દ્વારપાળને બહાદુરીથી દૂર કરી તંબૂમાં પેસી રાજાના પલંગ પર પોતે બેઠો ને કહ્યું કે, "હે રાજન, તારી સનમુખ તારો દુશ્મન ગુર્જરાધિપતિ મૂળરાજ યમદૂતની માફક આવી ઊભો છે. માટે તારાથી થાય તે કરી લે."

ભયભીત થએલ રાજવી માટે આ સમયની એક ક્ષણ પણ અણમોલ હતી. તે હજુ બીક ખંખેરી 'શું તમે મૂળરાજ છો ?' એટલું કહેવા જાય છે ત્યાં તો પૂર્વસંકેત પ્રમાણે ચાર હજાર પાળદળ સેના રાજાના તંબૂને ઘેરી વળી. ને તેને તેની છાવણીમાં જ નજરકેદ બનાવ્યો. અને કહ્યું કે, રાજન

જયાં સુધી હું તેલંગના સેનાપતિ બારપને જીતીને પાછો આવું ત્યાં સુધી તમારે શાંતિ ધારણ કરી રહેવું; કારણ મારે તમારી સાથે મિત્ર રાજવી તરી સંધિ જ કરવી છે. તમને અન્ય કોઇ રીતે હેરાન કરવા નથી."

મૂળરાજની વીરતા પર પ્રસન્ન થએલ રાજવીએ મૂળરાજને જમવાનું આમંત્રણ આપ્યું પણ તેનો સ્વીકાર ન કરતાં તુરતજ મૂળરાજ મારતે સાંઢ ભારે લશ્કર સહિત સેનાપતિ બારપના લશ્કર પર તુટી પડયો. તેને મારી તેના દસ હજાર ઘોડા તથા અઢાર હાથીઓ લૂંટી લઇ જ્યાં છાવણીમાં જ મૂળરાજ વિજયી તરીકે મુકામ કરે છે ત્યાં તો સમાચાર મળ્યા કે સપાદલક્ષનો રાજવી નાસી ગયો છે.

( ૩ )

આ પ્રમાણે રણક્ષેત્રમાં દુશ્મનની છાવણીમાં વીરતાથી ધુસી જીવના જોખમે ગુર્જરભૂમિ અને સોલંકી રાજવંશની કીર્તિને ગજાવનાર મૂળરાજે પાટણમાં મૂળરાજ વસહિકા કરાવી. મૂળદેવ સ્વામીનું મંદિર બંધાવ્યું તેમજ મંડલીનગરમાં મૂળેશ્વર મહાદેવનું દેવાલય બાંધ્યું.

મૂળરાજ સોમેશ્વર મહાદેવનો પરમ ભકત હતો, જેથી મહાદેવે તેના પર પ્રસન્ન થઇ પાટણમાં પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું. શીવ સાથે સાગરના પાણી પ્રભાસ પાટણથી આવેલ હોવાથી પાટણના બધાં જળાશયોનાં પાણી ખારાં થયાં. સોમેશ્વર મહાદેવની સ્થાપનાં અર્થે પાટણમાં ત્રિપુરુષપ્રાસાદ નામનું મંદિર બંધાવ્યું. અને જીવનની અંતીમ સાર્થકતા અર્થે મૂળરાજ સિદ્ધપુર જઇ વસ્યો; જ્યાં પણ તેણે એક દેવળ બંધાવવાની શરૂઆત કરી.

અહીં સરસ્વતી નદીનાં વહેણ વહે છે ને તેનો અહીં જળપ્રવાહનો મહિમા વધારે ગણવામાં આવે છે. પોતાના અંતીમ સમયે તીર્થવાસી બ્રાહ્મણોને દાન અને મહાદાન આપી, પોતાના પુત્ર ચામુંડરાયને પોતાના હાથે રાજગાદી અર્પણ કરી સિધ્ધરાજે દેહત્યાગ કર્યો.

આ પ્રમાણે મૂળરાજે ૫૫ વર્ષ સુધી રાજ કર્યું.

મૂળરાજ પછી તેના પુત્ર ચામુંડરાયે સંવત ૧૦૫૩ થી ૧૩ વર્ષ સુધી રાજ્ય કર્યું. તેણે પાટણમાં ચંદનનાથદેવ તથા આમિણેશ્વર મહાદેવનાં મંદિરો બંધાવ્યાં. તેના રાજઅમલ દરમિયાન કોઇ મહત્ત્વતાભરી ઘટનાની નોંધ મળતી નથી પણ તે સરળ સ્વભાવનો ને મળતાવડો હતો એવી નોંધ પ્રાપ્ત થાય છે.

ચામુંડરાય પછી તેનો શૂરવીર, રાજનીતિજ્ઞ અને પ્રબળ બુદ્ધિશાળી પુત્ર વલ્લભરાય રાજગાદી પર આવ્યો. પાપબુદ્ધિથી વલ્લભરાય દૂર હતો. તેને રાજ્યલોભ ઘણો હતો પણ મનની ઉમેદ મનમાં રાખી તે માત્ર ૭ માસ સુધી જ રાજ કરી શક્યો. તેના સ્વર્ગવાસ બાદ તેના ભાઇ દુલભરાયને રાજગાદી પ્રાપ્ત થઇ.

દુલ્લભરાયે ૧૧ વર્ષ અને ૬ માસ સુધી સારી રીતે રાજ કર્યું. તેણે શ્રી. જીનેશ્વરસૂરિ પાસેથી જૈનદર્શનના તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કરી હતી. તેઓ જૈનધર્માનુરાગી બન્યા હતા. તેમણે અનેક દેરાસરો બંધાવ્યાં હતાં. અને પાટણમાં દુર્લભ સરોવર બંધાવ્યું હતું.

તેણે પોતાનાં બહેનને પરણાવવા સ્વયંવર રચ્યો હતો; જેમાં મારવાડના રાજા મહેન્દ્રને પસંદ કરી તેની બહેન પરણી હતી.

આ સમયે સ્વયંવરમંડપમાં આવનાર અન્ય રાજવીઓ સાથે શત્રુતા બંધાઇ.

આ વેળા તેની નાની બહેન (લક્ષ્મી) નાં લગ્ન ચામુડનાં નાના કુંવર નાગરાજ સાથે થયાં.

પછીથી દુર્લભરાયના ભાઇ નાગરાજને એક પુત્ર થયો, જેનું નામ **ભીમ** પાડ્યું.

**ભીમદેવ ૧ લો**: કાળે કરી ભીમ મોટો થયો ત્યારે આત્મકલ્યાણના માર્ગે વળેલ દુર્લભરાયે ભીમની આનાકાની વચ્ચે તેનો રાજ્યાભિષેક કરી કાશી યાત્રા કરવા ગયો ને પોતે ક્ષેત્રસંન્યાસ લીધો અને આત્મકલ્યાણ સાધ્યું.

# પ્રકરણ ૧૩ મું

## રાજવંશી જૈનાચાર્યોએ ગુર્જર સાહિત્યની બજાવેલ અપૂર્વ સેવા

પૂર્વ પરંપરાથી અવંતિ રાજ્યકુટુંબમાં બે જાતના ધર્મો પળાતા; સનાતન અને જૈન. માલવ રાજનરેશોમાંથી તેમના કુટુંબીઓએ અને ઉચ્ચ કોટિના અધિકારીઓએ જૈન ધર્માચાર્યો, ધર્મ અને રાષ્ટ્રની અપૂર્વ સેવા બજાવેલ હતી અને મહારાજા ભોજના સમકાળે પણ બજાવતા હતા. આ સમર્થ જૈનાચાર્યોમાં અવંતિના અનેક વિદ્વાન એવા પંડિતોનો સમાવેશ થતો હતો; જેઓ શાસ્ત્રપારંગત ગણાતા. તેઓને ચારે વેદો કંઠસ્થ હતા. તેમજ તેઓ યજ્ઞક્રિયાકાંડના કર્તા, વેદાંત ધર્મમાં શ્રેષ્ઠ આચાર્ય પદને દીપાવનારા અને ખાસ પુજનીય ગણાતા.

આવા વિદ્વાન તત્ત્વજ્ઞાની વૈદાંતિક શાસ્ત્રીઓએ પણ વેદાંત ધર્મ સાથે જૈન દર્શનના સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનનું સમન્વય કરી "અહિંસાવાદી જૈન ધર્મ એ જ આત્મ અને રાષ્ટ્રકલ્યાણ અર્થે સર્વ પ્રકારે શ્રેષ્ટ છે એટલું જ નહિ પણ વિશ્વધર્મ તુલ્ય છે, આ પ્રમાણે પરિપૂર્ણતાથી ખાતરી કરી. પછી જ તેઓએ પંચ મહાવ્રત ધારી જૈન સાધુપણું અંગીકાર કર્યું હતું. અને જીતેન્દ્રીય વીર ધર્મની અપૂર્વ સેવા બજાવી, અમર કીર્તિ સંપાદન કરી હતી.

અવંતિ, મારવાડ, (ગોડદેશ) અને ગુજરાતના ઇતિહાસમાં જૈન મુનિરાજો. સેવા અજોડ ગણાય છે. જૈનચાર્યોનો સહકાર રાષ્ટ્રહિતાર્થે પણ ઉચ્ચ કોટિનો મનાયો છે. જેમના સહકાર અને સેવાથી એ સમયે માલવ, મારવાડ, અને ગુજરાત સંસ્કારની ટોચે પહોંચ્યું હતું. જેમના મહત્ત્વતાભર્યા ધર્મકાર્યો માર્ગદર્શક બન્યાં હતાં.

( ૨ )

મહારાજા ભોજ જાતે એક સિદ્ધ કવિ અને વૈદાંતિક શાસ્ત્રોનો અભ્યાસી હતો; એટલું જ નહિ પણ તે ખાસ વ્યાકરણશાસ્ત્રનો ખાસ રસિયો હતો,

વિદ્વાન શાસ્ત્રીઓનો ખાસ કદરદાન હતો. તેનામાં તત્વજ્ઞાન ગ્રહણ કરવાની શ્રુતશક્તિ ઘણીજ તેજ હતી.

તેણે વેદાંતિક શાસ્ત્રપારંગત વ્યાકરણાચાર્યોના સહકારથી વર્ષોગણતરીની મહેનતે એક વ્યાકરણ ગ્રંથની રચના કરી. આ **"ભોજ વ્યાકરણ"** સમસ્ત માલવ, મારવાડ અને પાટણની વિદ્યાપીઠો અને પાઠશાળામાં ચાલતું હતું.

પૂર્વોક્ત વ્યાકરણાચાર્યોમાં **"પાણિની, શાકટાયન"** મહાન કવિ ચાંદ્રણ તેમજ અન્ય પ્રાચીન વ્યાકરણ ગ્રંથોના શબ્દ કોશનો ઉપયોગ આવ્યાકરણ ગ્રંથકારી મહારાજા ભોજે આ ગ્રંથ ઘણો જ ઉચ્ચ કોટિનો બનાવ્યો હતો. જેથી આ ભોજ વ્યાકરણ દુરદુરના દેશાંતરો સુધી ચાલતું હતું. શ્રી. **સૂરાચાર્યજીએ** સિદ્ધાંતિક ન્યાય દલીલથી ગ્રંથકાર મહાન શાસ્ત્રીઓની મંગળાચરણનાજ શ્લોકમાં ગંભીર ભૂલનું દિવ્ય દર્શન ભર દરબારમાં મહારાજાને કરાવ્યું. ત્યારથી રાજદરબારી શીવમાર્ગી પંડિતને તેમાં પોતાનું સ્વમાન હણાતું લાગ્યું. તેઓએ મહારાજા ભોજને એમ ઠસાવ્યું કે, શ્રી **સૂરાચાર્યજી** અને તેમના વિદ્વાન સાધુઓ જરૂર માલવથી ગુજરાત જઇ, આ વ્યાકરણ ગ્રંથની ટીકા પંડિતોની સભામાં કરે તેના કરતાં યુક્તિપુર્વક તેમનો અહીંજ ઘાટ ઘડવો ઠીક થઇ પડશે.

પ્રાચીન જૈન સાહીત્યના ચારે વિભાગોનો સંબંધ પૂર્વ મહર્ષિ પ્રણિત સંસ્કૃત વ્યાકરણ સાથે સંકળાએલ છે. જેથી વ્યાકરણના સંપુર્ણ અભ્યાસ વગર, પ્રાચીન ધર્મ સાહિત્યના ગ્રંથો સમજવા ઘણાજ મુશ્કેલ થઇ પડે છે. આ વસ્તુસ્થિતિને પૂરેપૂરી રીતે સમજનાર શ્રી. સૂરાચાર્યજીએ માલવના **સરસ્વતિ જ્ઞાનભંડારમાં** સંગ્રહીત રહેલ પ્રાચીન વ્યાકરણની પ્રતોનું સુક્ષ્મતાથી નિરીક્ષણ કર્યું. બન્યો તેટલો સમજ પૂર્વક ઉતારો પણ લીધો. તેમજ **"ભોજ વ્યાકરણ"** નો પૂરતો અભ્યાસ પણ કર્યો.

અવંતિના જ્ઞાન ભંડાર સંગ્રહીત ગ્રંથો પરથી તેમને ખાતરી થઇ કે વલ્લભીપુરના વિનાશ સમયે ત્યાંના જૈન મહાજને માલવામાં સંરક્ષણાર્થે મોકલેલ પ્રાચિન જ્ઞાનભંડારનો સુરક્ષિત મોટો ભાગ આ જ્ઞાનભંડારમાં છે. જેના આધારે જીનેન્દ્ર વ્યાકરણ ગ્રંથની રચના પરિપુર્ણતાથી થઇ શકે તેમ છે. તેમજ ગુર્જર ભાષાનો વ્યાકરણનો **શબ્દકોષ** પણ ઉચ્ચ કોટીનો થઇ શકે તેમ છે.

જો આ ગ્રંથોના આધારે ગુર્જર વ્યાકરણની રચના થાય તો ગુજરાતના જૈન મુનિમહારાજો તેમજ વિદ્વાન શાસ્ત્રીઓ માટે પ્રાચીન ગ્રંથોનું વાંચન અને અધ્યયન શુદ્ધ અને સરળ થઇ શકે તેમ છે.

પરંતુ ભવિતવ્યતાને યોગે શ્રીસૂરાચાર્યજીને માલવથી મહામુશીબતે વિહાર કરવો પડયો, અને માલવમાં રહી વ્યાકરણ-રચનાનું તેમનું ધારેલ કાર્ય અધુરૂં રહ્યું ને અધવચ્ચે જીવનને જોખમે કુંભારના વેશે પાટણ આવવું પડયું.

શ્રી૦ સૂરાચાર્યજી અને જૈન મુનિ મહારાજોએ પાટણ આવી મહારાજા ભીમદેવ અને જૈન મહાજનને માલવમાં બનેલ સર્વ ઘટનાઓ કહી સંભળાવી અને કહ્યું કે, **"જે થાય છે તે સારા માટે"**. હવે પાટણમાં રહી ગુર્જર વ્યાકરણની રચના એક ધ્યાને ઉચ્ચ કોટિની થઇ શકશે. પછી સંવત ૧૦૮૦ ના ગાળામાં શ્રી૦ જીનેશ્વર સૂરિજી તેમજ શ્રી૦ **બુદ્ધિસાગરજી**એ એકત્રીત થઇ ૮૦૦૦ શ્લોકપ્રમાણ **બુદ્ધિસાગર નામના** વ્યાકરણ ગ્રંથની રચના કરી. તેમજ **લક્ષ્ણ** નામના ન્યાયશાસ્ત્રના ગ્રંથની રચના થઇ. આ બન્ને કૃતિઓ આ કાળે અતિ ઉપયોગી થઇ પડી.

તેમના શિષ્ય નવાંગી વૃત્તિકાર શ્રી૦ **અભયદેવસૂરિએ સમંતિ-તર્ક** નામના ગ્રંથની રચના કરી.

આ પ્રમાણે ત્રણે મહાન ગ્રંથો મહારાજા ભોજના સમકાળે ગુજરાતમાં રચાયા ને મહત્વના મનાયા.

મહારાજા ભીમદેવના રાજદરબારના કવિન્દ્રવાદી ચક્રવતી શ્રી૦ **શાંતિ-સૂરિ** મહારાજનું અપૂર્વ ગૌરવ હતું. તેમના સમકાળે ભોજરાજના દરબારમાં સરસ્વતિ બિરૂદધારી **ધનપાલ કવિએ તિલકમંજરી** નામના અદ્દભૂત અને અને પ્રાભાવિક ગ્રંથની રચના કરી. શ્રી શાંતિસૂરિજીએ આ ગ્રંથને વાંઙ્ગમય સાહિત્યમાં વ્યાકરણની શુદ્ધિ પુર્વક સુધારી આપ્યો હતો.

આ ગ્રંથ મહાકવિ ધનપાળ માટે કસોટીરૂપ બન્યો હતો; જે માટે સ્વમાનની રક્ષા અર્થે કવીશ્વરજીને માલવનો ઘણાં વર્ષો સુધી ત્યાગ કરવો પડયો હતો. જો કે આ ગ્રંથની રચનાની અણમોલતાની ખાતરી મહારાજા ભોજને પૂરતી રીતે થઇ ચુકી હતી.

## શ્રી થાણા નવપદજી જીનાલય પ્રતિષ્ઠા મહોત્સવ

મહા શુદ પંચમી સંવત ૨૦૦૫ ને ગુરૂવાર
તા. ૩ ફેબ્રુઆરી ઇસ્વીસન ૧૯૪૯

મુળનાયક અમીઝરા



મુનિશ્રી સુવ્રતસ્વામી પ્રભુ જયવંતાવર્તો

વાંચક જ્ઞાની મહાનુભાવને વિનંતિ કે, મહેરબાની કરી
ગ્રંથની શુદ્ધિ સાચવજો.

( ૫ )

સોલંકીવંશી રાજકુટુંબીઓમાંથી ચારિત્ર અંગીકાર કરનાર શ્રી દ્રોણાચાર્યજી અને સૂરાચાર્યજીએ ગુર્જર અને માલવની ભૂમિમાં જૈન ધર્મના મૂળિયાં એવાં તો સુદૃઢ કર્યાં કે જાણે શેષ નાગના માથા પર તેની સચોટ અસર ન થઇ હોય ?

તેમણે પાટણના રાજકુટુંબ તેમજ રાષ્ટ્રને લગભગ જૈન ધર્માનુરાગી બનાવ્યું. માલવ પર પણ તેમના પ્રતિબોધની પૂરતી અસર થઇ. માલવના રાજકુટુંબમાં પણ જૈન ધર્મ પળાવા લાગ્યો. આ જશકર્મી મહાત્માના માલવના વિહારે માલવમાં ચારે દિશાએ જૈન ધર્મ વિકાસિત બન્યો.

શ્રી૦ સૂરાચાર્યજી અને શ્રી૦ દ્રોણાચાર્યજીની બંધુ વેલડીએ ખુદ મહારાજા ભીમદેવ પર જૈન ધર્મનો પૂરતો પ્રભાવ પાડયો. રાજકુટુંબે તેમાં સાથ આપ્યો. અને મહારાજા જૈન ધર્માનુરાગી બન્યા.

મહારાજા ભીમદેવના સમકાળે ગુજરાતમાં સર્વાંગિ સાહિત્યની પ્રવૃત્તિનો વેગ નદીપૂરની માફક વધવા લાગ્યો. અને સન્માન્ય બન્યો.

કુદરત પણ સંસ્કૃતિમય ગુર્જર સાહિત્યના વિકાસ અર્થે સરસ્વતી માતાના માહીરઘરરૂપ પોતાના અમીઝરતા (નદીપૂર) સ્થાનને જાણે સુદૃઢ ન બનાવતી હોય ? તે પ્રમાણે આ કાળે માલવનરેશ મહારાજા ભોજની સ્પર્ધા કરવાની જિજ્ઞાસા ગુર્જર ભૂમિના પંડિતો, શાસ્ત્રીઓ અને રાષ્ટ્રને ઐકયતાના બળે થઇ. અને સૂરાચાર્યજીની ગુર્જર વ્યાકરણરચનાની જિજ્ઞાસાને પૂરતું પ્રોત્સાહન મળ્યું.

મહારાજા ભીમદેવે શ્રી૦ સૂરાચાર્યજીનું અપમાન તે ગુર્જર રાષ્ટ્રનું અપમાન માન્યું, મહત્ત્વકાંક્ષાએ માલવ સરહદ સુધીના દરેક દેશો જીતી લીધા અને પોતાની સત્તા અને સરહદ વધારી.

'સરસ્વતિ જ્ઞાનભંડાર' પ્રાપ્ત કરવા તેઓએ માલવ પર અનેક વખત ચઢાઇ કરી. પણ તેમાં તેમને ફાવટ આવી નહિ; પરંતુ શ્રી૦ સૂરાચાર્યજીના વાવેલ બીનો લાભ શ્રી૦ હેમચંદ્રચાર્યજીને પૂરતી રીતે મહારાજા જયદેવના સમકાળે મળ્યો. અને **"શ્રી૦ સિદ્ધહેમ શબ્દનુશાસન"** નામના મહાન વ્યાકરણ શબ્દકોશની રચના થઇ.

# પ્રકરણ ૧૪ મું

## રાજકુમારનું આદર્શ બલિદાન

ગુજરાતની સત્તા વનરાજ ચાવડા પછી ધીમે ધીમે મક્કમ થતી ગઇ; જેમાં મૂળરાજ સોલંકીએ પૂરતો સાથ આપ્યો. વિ૦ સં૦ ૧૧૨૦ પછીના કાળમાં કાઠિયાવાડ–કચ્છ–અજમેર અને ત્યાંથી આગળ વધી ઉત્તર પ્રદેશો સુધી ગુર્જરનરેશની આણ પ્રવર્તતી. અને તે પ્રદેશ ગુજરાતની સરહદ ગણાતો.

મહાન પ્રભાવશાળી ચામુંડરાયે દક્ષિણ તરફ પણ પોતાની સત્તા ફેલાવી. આ ગુજર્રનરેશે વીરતાથી તૈલપના સેનાધિપતિ બારપને હરાવી લાટ પ્રદેશ પણ કબજે કર્યો હતો.

આ કાળે મહીથી તાપી નદીની વચ્ચેનો પ્રદેશ લાટના નામથી ઓળખાતો હતો. એટલે ગુજરાતની સરહદ પણ દક્ષિણે તાપી નદી સુધી આગળ વધી હતી.

ચામુંડરાયે પોતાના પિતાના ક્ષેત્રસંન્યાસ પછી રાજયની જાહોજલાલી સાચવી રાખી હતી. ત્યાર પછી જોતજોતામાં બે પેઢીઓ પસાર થઇ ગઇ અને ભીમ પહેલો ચામુંડરાયના ઉત્તરાધિકારી વારસ તરીકે રાજયગાદી પર આવ્યો.

ભીમદેવ પહેલાએ પોતાના રાજયઅમલ દરમિયાનમાં અને બુંદેલખંડના રાજવીઓને ગુજરાતની સત્તા નીચે આણ્યા.

આ વખતે પણ યવનોનાં પગલાં ગુજરાત પર ફરી વળ્યાં હતાં. મહમદ ગજનવીએ સોમનાથ પાટણ પર ચઢાઇ કરી તેને લૂંટયું; આ યવન રાજવી પાટણની ભરપૂર રિદ્ધિસિદ્ધિ સાથે સ્વદેશ તરફ પાછો વળ્યો. તેના ગયા બાદ ભીમે ફરીથી ગુજરાતનો કબજો લઇ ત્યાં પોતાના બાહુબળે સત્તા જમાવી.

ભીમદેવે અણહિલપુર પાટણમાં ૪૨ વર્ષ સુધી રાજય કર્યું.

આ રાજવીના રાજયઅમલ દરમિયાનમાં (ગુર્જરભૂમિમાં) એક વખત વરસાદની તાણ પડી, જેથી સમસ્ત રાજયના ખેડુતોએ બે પેઢીથી

ચાલતા આવેલા રિવાજ પ્રમાણે, આ સમયે (રાજ્યનો ભાગ) બટાઇ આપવાને અશક્તિ દર્શાવી. સર્વે ખેડુતોએ પાટણ જઇ ત્યાંના મહાજનને વિનંતિ કરી કે, "આ સમયે અમારો બચાવ કરવામાં નહિ આવે તો અમારાં બાળ-બચ્ચાં ભૂખે મરી જશે. સુકાળમાં અમે રાજયને વફાદાર રહી આજ સુધી બટાઇ આપવાને ચૂકયા નથી. આવતે વર્ષે આ વર્ષની બટાઇ અમે રાજયને ભરી દેશું તો અમને રાજ્ય–અમલદારો તરફથી કનડગત થવી ન જોઇએ. આપ સર્વે મહાજન શ્રી૦ મહારાજાધિરાજ ભીમદેવને અમારી અરજ જણાવી, અમને તેમના કૃપાપાત્ર બનાવો."

મહાજનના અગ્રણીઓએ ખેડુતોને જોઇતી રાહત મહારાજાધિરાજ પાસેથી અપાવવાનું વચન આપ્યું. ને મહારાજાને મળવા સર્વે મહેલમાં ગયા. તેઓએ મહારાજાને વિનંતી કરી અને તેના સંતોષકારક જવાબની રાહ જોવા લાગ્યા.

મહારાજાધિરાજનો જવાબ મળે તે પૂર્વે જ સંજોગવશાત્ એવું બન્યું કે, પાટવીકુંવર મૂળરાજનું ત્યાં આગમન થયું. મહારાજાધિરાજને નમન કરી મૂળરાજદેવે જણાવ્યું કે, "હે પિતાજી ! હું આજે ફરતો ફરતો એક કણબી કુટુંબનાં ખેતરોમાં જઇ ચડ્યો. જયાં કર ઉઘરાવનારા અમલદારોને કર માટે ખેડુતો પર બેહદ જુલમ ગુજારતા મેં જોયા. એ સ્થાને શું બને છે તે શાંતિપૂર્વક મેં જોયા કર્યું. આ અમલદારો જ્યાં કર ઉઘરાવતા હતા ત્યાં ખેડુતોનાં સ્ત્રી–બાળકો કરગરીને રુદન કરી રહ્યાં હતાં. તેઓ કહેતાં હતાં કે 'આજ બે પેઢીથી અમે રાજયને કર ભરતાં આવ્યાં છીએ. સંજોગ-વશાત્ વરસાદ ન પડવાથી અમે બટાઇ જેટલી રકમ પણ આપવાને આજે તદ્દન અશકત છીએ.'

"ત્યારે અમલદારે નિર્દયતાથી જણાવ્યું કે, 'તમારાં બાળબચ્ચાં વેચીને પણ રાજયનો કર ભરી આપો.'

"આ સમયની પેલા ખેડુતોની કરુણાજનક સ્થિતિ હું મારી નજરે જોઇ ન શકયો. અને મને તેઓના પર દયા ઉત્પન્ન થઇ. મેં તરતજ મારો ગુપ્ત ખેડુતનો વેશ તજી, રાજમુદ્રા બતાવી અમલદારોને જણાવ્યું કે—

"સરદારો ! આ પ્રમાણે કહેવું તે ગરવી ગુર્જરના અમલદારોને શોભતું નથી. **શું સમુદ્રે માઝા મૂકી** છે? અરે ! આ બિચારા ખેડુતો

આ ભૂમિનો ત્યાગ કરી શું બીજે જશે ? આવા સંજોગોમાં રાજ્ય તરફથી મદદ મળવી જોઇએ તેને બદલે શું આવી નીતિ અખત્યાર કરવી તે અમલદારોને યોગ્ય ગણાય ખરી કે ?

" 'શામાટે ગુર્જરનરેશને સત્ય હકીકતથી વાકેફ કરતા નથી? શું રાજ્ય-ખજાનામાં ખોટ છે ? ગર્વી ગુર્જરનો ધણી ખેડુતોનાં લોહીની લક્ષ્મીથી વૈભવ ભોગવી સુખી થવામાં મોજ માનશે ?' વધુમાં મેં તેઓને જણાવ્યું કે, 'હે સરદારો ! તમે મારી આજ્ઞાથી અહીંથી ચાલ્યા જાઓ.'

"ત્યારબાદ તેઓ દૂર થતાં મેં આ ગામના દરેક ખેતરેખેતરે ફરી પાકની સ્થિતિ જાતે તપાસી, તો રૂપીએ બે આની પણ પાક ઊતરેલો ન દેખાયો. અને તેમાં કેટલાકોને તો મેં અર્ધભૂખે ટળવળતા જોયા. પછીથી મેં મહેલમાં આવી રેવન્યુખાતાના અમલદારોને બોલાવી, તે ગામ વિષેની તેમજ સમસ્ત ગુજરાત વિષેની ઉત્પન્ન સંબંધી પૂછપરછ કરી ખાતરી કરી લીધી છે. સમસ્ત ગુર્જરભૂમિમાં વરસાદની તાણના કારણે બે આની પાક પણ ઊતર્યો નથી."

"હે પિતાજી ! રાજઆજ્ઞા મુજબ ( કાયદા પ્રમાણે ) કર ઉઘરાવનારા અમલદારોએ ખેડુતો પાસેથી કર ઉઘરાવવો પડે છે. એ સમયનું દૃશ્ય ગમે તેવા કઠોર માનવીને માટે પણ હૃદય પીગળાવનારૂં થઇ પડે છે. પરંતુ તેમાં અમલદારોનો શો ગુનો ? તેઓએ તો ફરજ જ બજાવવાની હોય છે."

આ સાંભળી મહારાજાએ ખામોશ જાળવી ટુંકમાં કહ્યું કે, "વખત આવ્યે જોઇ લઇશું."

એક બાજુથી નગરમહાજને ખેડુતો પાસેથી આ વર્ષનો કર મોકૂફ રાખી બીજે વર્ષે લેવાની મહારાજાને વિનંતિ કરી, જેનો બહુમાન-પૂર્વક રાજવીએ સ્વીકાર કર્યો; બીજી બાજુથી પોતાના પાટવીકુંવરને જ મુખે ખેડુતોની દુર્દશાનું વર્ણન સાંભળી મહારાજા વિચારમાં ગરકાવ થયા. અને આ વરસની બટાઇ તદ્દન માફ કરવાનો નિશ્ચય કર્યો.

પાટવીકુંવર મૂળરાજદેવે નિશ્ચય કર્યો કે, "હું પણ કુશળતાથી મહારાજાને રિઝવી ખેડુતોને હમેશને માટે દુકાળના પ્રસંગોએ કરથી મુક્ત કરૂં ત્યારે જ ખરો !"

× × ×

બીજે દિવસે અશ્વપરીક્ષા અને તેની સવારીમાં અસાધારણ બુદ્ધિશાળી એવા કુમારે એવી રીતની અશ્વસવારી કરી બતાવી કે જેથી મહારાજા

પ્રસન્ન થયા. અને તેમણે જણાવ્યું કે, "હે કુમાર ! તારી અસાધારણ અશ્વ-સવારીની શકિતથી પ્રસન્ન થઇ હું તને વર માગવા જણાવું છું. માગ, જો તું આ સમયે રાજગાદી માગશે તો તે પણ આપવાને હું ખુશી છું, જેને માટે તું સંપૂર્ણ લાયક છે."

વિનયી કુમારે જણાવ્યું કે, "હે પિતાજી ! આપની છત્રછાયામાં પાટવી કુંવર અને રાજ્યના સલાહકાર તરીકે પ્રજાની ફરિયાદ સાંભળવામાં મને જેટલો લાભ મળે છે તેટલો જ લાભ મને ગાદી પ્રાપ્ત થયા પછી મળવો દુર્લભ છે. માટે આપ મારા ઉપર જો પ્રસન્ન થયા હો, તો આપે આ વર્ષે ખેડુતોને બટાઇ મુકત કરવા." અને આ પ્રમાણે જયારે જ્યારે બને ત્યારે ત્યારે ખેડુતોને આ જાતના રાજ્યલેખનો લાભ મળે એ પ્રમાણેનું લખાણ આપે રાજ્ય–દફતરે દાખલ કરવું; જેમાં લખવું કે કોઇ પણ દુઃખી ખેડુત પર કર ઉઘરાવ-નારે જુલમ ન કરવો.'

આ પ્રમાણેનું ગૌરવશાળી અને કુળદેવીની પ્રસન્નતા પ્રાપ્ત કરનારૂં દેશદાઝભરી માંગણી સાંભળતાં જેનાં ચક્ષુઓમાંથી હર્ષની અશ્રુધારાઓ વહી રહી છે, એવા પ્રસન્નચિત્ત રાજવીએ રાજકુમારને ધન્યવાદ આપતાં કહ્યું કે, "હે કુમાર ! તેં આ સમયે રાજ્યકુટુંબ અને દેશની સેવા એવી રીતની બજાવી છે કે, જેને અંગે આ ઘટના ભવિષ્યમાં ઇતિહાસને પાને અમર બનશે." આનું નામ તે રાષ્ટ્રપ્રેમ ! આનું નામ તે સેવા !

આજના રાજકુમારો અને પાટવીઓ આ પ્રમાણે રાષ્ટ્રસેવા બજાવવા ભાગ્યશાળી થશે ખરા કે ?

મહારાજાએ "તથાસ્તુ" કહી તે પ્રમાણેની નોંધ રાજ્યદફતરે કરાવી. અને તેને લગતો ખાસ દરબાર ભરવામાં આવ્યો: જેમાં મહાજનશ્રીની હાજરીમાં આજ્ઞાપત્રક બહાર પડયું કે:

**પાટવીકુંવર મૂળરાજે ખાસ વરદાનમાં આ વસ્તુ દેશહિતાર્થે માગી લીધી છે કે દુષ્કાળને અંગે આ વર્ષની ખેડુતોની બટાઈ માફ કરવી. તે સુજબ હું ખેડુતોને બટાઈમાંથી મુક્ત કરૂં છું તેમજ હું રાજી-ખુશીથી 'ભવિષ્યના રાજવીઓને ભલામણ કરૂં છું કે જયારે આવા સંજોગો ઉપસ્થિત થાય ત્યારે ત્યારે ખેડુતોને બટાઇમાંથી મુક્ત રાખવા." ત્યારબાદ દરબાર બરખાસ્ત કરવામાં આવ્યો.**

"બીજે જ વર્ષે વરસાદ એટલો સારો થયો કે ખેડુતોને બેવડું ધાન્ય એક જ વર્ષમાં પાક્યું; એટલે તેઓએ ગયા વર્ષનો તેમજ આ વર્ષનો બટાઇનો ભાગ એકત્રિત કરી, પાટણનરેશને આપવાનો ઠરાવ કર્યો. કર ઉઘરાવનારા અમલદારોને ખેડુતોએ બે વર્ષની ભેગી બટાઇ આપવા માંડી; પરંતુ અમલદારોએ એક જ વર્ષની બટાઇ ઉઘરાવી. અને તેઓએ જણાવ્યું કે "ગત વર્ષની બટાઇ પાટવીકુંવર મૂળરાજને અપાયેલ વરદાનનાં કારણે માફ કરવામાં આવી છે"

હજુ બટાઇ ઉઘરાવનારા અમલદારો પાછા ફરે ત્યાર પૂર્વે જ સેંકડો ખેડુતોના આશીર્વાદો એવી રીતે મળ્યા કે જેની **'મીઠી નજર'** રાજકુમાર મૂળરાજને લાગી. તદ્‌પશ્ચાત તે માંદો પડયો જેમાંથી તે બચી ન શકયો. અને તેનું બેત્રણ દિવસમાં જ મૃત્યુ થયું.*

મહારાજા ભીમદેવને રાજકુમાર મૂળરાજના સ્વર્ગવાસથી અત્યંત ઉદ્વેગ થયો. તેથી તેના નિમિત્તે તેમણે પાટણમાં ત્રિભુવનપ્રાસાદ નામનું ભવ્ય જિનાલય બંધાવ્યું. અને ભીમેશ્વર મહાદેવ તેમજ ભટ્ટારિકા ભીરૂ આણિ નામનાં મંદિરો બંધાવ્યાં ને તેઓ દેહસ્થળીમાં જ રહેવા લાગ્યા.

મહારાજા ભીમદેવને ઉદયમતિ નામની રાણી હતી; તેણીએ સહસ્રલીંગ કરતાં પણ વધુ શોભાયમાન એવી એક વાવ પાટણમાં બંધાવી. તદ્‌પશ્ચાત પુત્રશોકમાં ડુબેલા મહારાજા ભીમદેવ; સંવત ૧૧૨૦ માં મતાંતરે સંવત ૧૧૩૦ માં બહુમતિએ ૪૨ વરસ, ૧૦ માસ, ૯ દિવસ સુધી રાજ્ય કરી સ્વર્ગવાસી થયા.

તેમણે ઉદયમતિને વચન આપ્યું હતું કે, હું તારા પુત્રને ગાદી આપીશ. ગૌરવશાળી ગુર્જરપતિ તરીકે ૪૨ વર્ષ સુધી પૂર્વપરંપરાગત રીતે મહાજનની તેમજ જૈનાચાર્યોની સલાહ મુજબ રાજ્યવહીવટ ચલાવનાર ભીમદેવે પાટણની પ્રભુતામાં વધારો કર્યો. ને પોતાના અંત સમયે પુત્ર કર્ણદેવને ગાદી સુપ્રત કરી તેઓ દેહસ્થળીમાં સ્વર્ગસ્થ થયા.

---

*પ્રાચીન પ્ર૦ ચિ૦ની હસ્તલિખિત પ્રતોમાં આ વસ્તુ વિદ્યમાન છે. જુઓ મૂળ પૃ૦ ૮૬ ટી૦ ૧માં જણાવ્યું છે કે, "ખેડુતોની નજર લાગવાથી કુંવર મૃત્યવશ બન્યો."

# પ્રકરણ ૧૫ મું

## મહારાજા કર્ણદેવ

મહારાજા ભીમદેવના સ્વર્ગવાસ બાદ રાજકુમાર કર્ણનો રાજ્યાભિષેક વિ૰ સં૰ ૧૧૨૦ ના ચૈત્ર વદ ૭ ને સોમવારે હસ્ત નક્ષત્ર સમયે મીન લગ્નમાં થયો હતો. તેમનાં લગ્ન કર્ણાટકના રાજાની કુંવરી મલયાદેવી (મીનળદેવી) સાથે થયાં હતાં.

આ લગ્નના તેમજ રાજ્યમાતાના દેવાંશી પવિત્ર જીવનને અંગે લિખિત અને સરળ નોંધો પ્રાપ્ત થાય છે; જેમાંની થોડી નીચે પ્રમાણે છેઃ-

"એક વખત કર્ણાટકનો રાજા શુભકેશી અશ્વ પર બેસી વનક્રીડા નિમિ-તે બહાર ગયેલ હતો; ત્યારે ભવિતવ્યતાના યોગે રાજવીના હાથમાંથી ઘોડાની લગામ છુટી ગઇ. અને તે ઘોડો સવાર સહિત ગાઢ જંગલમાં જઇ ચઢયો. પૂર્વસંચિતયોગે આ જંગલનાં સ્થાનમાં આગ લાગવાથી વિશ્રાંતિ અંગે આરામ કરતા રાજવીનો અશ્વ સહિત ( અગ્નિજવાળાથી ) જંગલમાં સ્વર્ગવાસ થયો.

ત્યારબાદ શુભકેશીના પુત્ર જયકેશીનો રાજ્યાભિષેક પ્રધાનોએ કર્યો. આ જયકેશીને મલયાદેવી (મીનળદેવી) નામે કુંવરી હતી. મીનળદેવી લગભગ ૧૩-૧૪ વર્ષની હતી ત્યારે શ્રાવણ માસમાં જ અનેક શિવભકતોએ (બ્રાહ્મણોએ) 'સોમેશ્વર સ્તોત્ર' રાજકુમારી તથા મહારાજા સન્મુખ ગાઇ સંભળાવ્યું.

આ પ્રભાવશાળી સ્તોત્ર પૂર્ણ થતાં મીનલદેવી બેશુદ્ધ બની અને તેના હૃદયમાં પૂર્વસંચિત સંયોગના આધારે ઊંડી ઉદ્‌ઘોષણા અને વિચાર શ્રેણી એટલી બધી થઇ કે જોતજોતામાં તેને પોતાના પૂર્વજન્મનું જ્ઞાન થયું. અને તરતજ મલાયાદેવીએ સાવધ થતાં રાજ્યકુટુંબીઓ અને ઉપકારી બ્રાહ્મણો સન્મુખ પોતાના પૂર્વજન્મનું કથન કરતાં જણાવ્યું કેઃ—

"હું પોતે પૂર્વજન્મમાં બ્રાહ્મણી હતી. તે જન્મમાં મેં બાર વર્ષ સુધી શ્રાવણ માસનું વ્રત કર્યું. અને તેની ઉદ્યાપન વિગેરે ક્રિયાથી બાર-બાર વસ્તુઓની સંખ્યાથી વ્રતની સમાપ્તિ કરી. પછી હું સોમેશ્વરની યાત્રાએ નીકળી. આ સમયે

**બાહુલોદ** ગામ પાસે આવતાં ત્યાં આગળ જાત્રાળુઓ પાસેથી રાજ્ય તરફથી કર લેવામાં આવતો. આ કર આપવા જેટલી રકમ પણ મારી પાસે ન હતી. તેથી હું ત્યાંથી આગળ ન જઈ શકી. અને નિરાશ થઈ. તે સમયે મને ઘણું જ દુ:ખ થયુ. "યાત્રામાં આવો કર લેવામાં આવે તે તદ્દન અયોગ્ય હોય. મેં પ્રતિજ્ઞા કરી કે, "આવતા જન્મમાં આ કરને દૂર કરનારી હું થાઉં." એ જાતનો નિશ્ચય કરી અન્નનો ત્યાગ કરી તે જાતનાં નિયાણાથી હું મૃત્યુ પામી."

પરિણામે પૂર્વજન્મનાં કરેલ નિશ્ચયનાં પરિણામે, હે રાજન! આપને ત્યાં રાજકુમારી તરીકે મારો જન્મ થએલ છે; તો તમારે બાહુલોદ (શુકલતીર્થ) ની યાત્રાએ જનાર અને નર્મદાનદીમાં સ્નાન કરી પાછા ફરનાર યાત્રાળુઓના કરવિમોચનાર્થે ગુર્જર દેશના રાજવી કર્ણરાજ સાથે મારાં લગ્ન કરવાં, કે જેથી મારા પૂર્વજન્મનાં કૃતનિશ્ચયની સાર્થકતા થાય. અને આ જન્મની પવિત્રતા સાધી હું ભવાંતરે ઉચ્ચ કોટિનું ભાતું બાંધી શકું."

ત્યારબાદ ઉંમર લાયક થએલ રાજકુમારીની ઇચ્છા મુજબ તેના પિતાએ ગુર્જરાધિપતિ મહારાજા કર્ણદેવ સાથે મીનળદેવીનાં લગ્ન કર્યાં.

લગ્નને લગતી હકીકતમાં સમજવા મળે છે કે—

"રાજ્યકુમારી મીનળદેવીનો સ્હેવાસ સાદો અને જીવન તદ્દન મીરાંબાઈ જેવું ધર્મિષ્ઠ હોવાની બાતમી કર્ણદેવને મળતાં તેણે લગ્નની ના પાડી. પરિણામે જો મહારાજા કર્ણ લગ્ન ન કરે તો તેને શિરે સ્ત્રીહત્યાનું પાપ આવશે એમ મીનળદેવીએ કહેરાવ્યું. જેમાં તેની આઠ સખીઓએ પણ આ જાતનું વ્રત લીધું.

આ જાતની હકીકત કર્ણદેવની માતા ઉદયમતીને કાને આવી. સ્ત્રીઓનું કોમલ હૃદય, એકનિષ્ઠતા અને હઠાગ્રહને સમજનાર તેમજ "**એકજ પતિવ્રતનો મહિમા.**" જાણનાર રાજમાતા ઉદયમતિએ કર્ણને કહેરાવ્યું કે, જો તું મીનળદેવી સાથે લગ્ન નહિ કરે તો તેની સાથે હું પણ આત્મહત્યા કરીશ. મહાજને પણ મહારાજાને સમજાવી લેવામાં પુરતો પ્રયાસ કર્યો.

આ પ્રમાણે રાજમાતાની હઠ તેમજ મહાજનની સમજાવટથી કર્ણદેવે નમતું આપ્યું. અને રાજવીના લગ્ન મીનળદેવી સાથે થયાં. પરંતુ કર્ણરાજે લગભગ ૨૦ વર્ષ સુધી તેની સામે નજર પણ ન કરી. પરિણામે મીનળદેવીએ પોતાનું જીવન પવિત્રતાથી પ્રભુ ભકિતમાં ગાળ્યું.

## પ્રકરણ ૧૬ મું.

### રાજકુમાર સિદ્ધરાજનો રાજ્યાભિષેક

**મ**હારાણી મિનળદેવી સારી રીતે સમજતાં હતાં કે, પોતાના લગ્ન પાટણનરેશ સાથે મહાન મહત્વાદે થયાં હતાં. તેમાં જો રાજમાતા જેવાં સંસ્કારી સાસુજીનો સાથ ન હોત તો પૂર્વજન્મના ધારેલ નિર્માણને સિદ્ધ કરાવવા કદાપિ કાળે પોતે સમર્થ થઇ શકત નહિ. પોતાના જીવનની સાર્થકતા તુલ્ય ધારેલ કાર્યમાં કયારે અને કઇ રીતે શુકલતીર્થનો **"સ્નાનકર"** રદ કરાવવા પોતે ભાગ્યશાળી થાય છે, શાંતિથી તેના તકસાધક બન્યાં. મિનલદેવીનો અત્યંત મિલનસાર વિનયી હસમુખો સ્વભાવ; કુશળ બુદ્ધિપ્રભા, અત્યંત માયાળુ, અને પરગજુપણું, આ સર્વે ઉચ્ચ કોટિના સદ્‌ગુણોએ રાજમાતા ઉદયમતિને તેમજ રાજકુટુંબમાં મિનલદેવી પ્રિય થયા. અન્ય રાણીઓમાં કર્ણાટક દેશની રાજકુમારી જયાદેવીને દેવીએ પોતા પ્રત્યે આકર્ષ્યાં હતા. રણવાસના આખાએ રસાલા પર મહારાણીનું કુદરતી વરચસ્વ એવુ તો સુંદર હતું કે, તેમનો પડયો-બોલ ઝીલવા દરેકે દરેક વ્યકિત તત્પર રહેતી.

રાજમહેલમાં અન્ય રાણીઓ વૈભવી દરદમામથી રહેતી હતી. ત્યારે મિનળદેવીનો રહેવાસ તદન સાદો એક આદર્શ સાધ્વી તુલ્ય હતો. જેઓ સતીઓમાં સીતાજી, તારામતી, અંજના, દ્રોપદિ, દમયંતિ, મેનાસુંદરી આદિ નારિ રત્નોના ઉચ્ચ કોટિના ચરિત્રો નજર સામે રાખી, તે માર્ગ દીવસનો ઘણોખરો ભાગ પ્રભુભક્તિ તેમજ ધર્મ આરાધનમાં તેઓ ગાળતાં.

નિત્ય પ્રભાતે રાજમાતાના મહેલમાં માતાના દર્શને કર્ણરાજ જતા. જયાં રાજના અનેક એવા મહત્તાભર્યા પ્રશ્નોની ચર્ચા થતી કે જેની ચર્ચા જાહેરમાં થઇ ન શકે.

આ ચર્ચામાં રાજમાતા, મુત્સદી દેવી, **શાંતુમહેતા, સજ્જન મહેતા, મુંજાલ મહેતા, ઉદયન મહેતા,** સર સેનાપતિ **ત્રિભુવનપાલ,** નગરશેઠ વગેરે રાજ્યના કિંમતી રત્નોની હાજરી રહેતી.

ગુજરાતના મહારથીઓની આ ખાનગી ચર્ચામાં મિનળદેવીની સલાહ અનેક વખત અણમોલ ને કિંમતી બનતી. અને સર્વ માન્ય રહેતી, આ સમયે બુદ્ધિશાળી પુત્ર વધુની પ્રાપ્તિ અર્થે રાજમાતાનું હૈયું દોઢ દોઢ હાથ ઉછળતું. પરંતુ સંસ્કારી દેવી સામે દ્રષ્ટિ કરતા, તરતજ તેમનાથી આંતરિક નિશાસો નીકળી જતો અને તેઓ રડી પડતા. માતાથી અધિક પ્રેમ દાખવી આસવાસન આપતાં તે કહેતાં કે, “બેટા? ધીરજ રાખ, પરમાત્મા તારું ભલું કરશે? તેઓ કુદરતને દોષ દઈ કહેતા કે, હે કુદરત! —**“કર્યા તે કંટક શા ગુનાએ, વળી મોર તે શીં આંબે? સુલોચનાને શાર શો અંધ સ્વામી? ખરે વિધાતા તુજ કૃત્ય ખામી.”**

( ૨ )

આ કાળે પાટણમાં નમુંજલા નામે અત્યંત સ્વરૂપવાન વારાંગના રહેતી હતી. જેને રાજ્ય તરફથી રાજદરબારના નૃત્ય માટે વર્ષાસન મળતું

આ નવયુવાન નૃતિકના હાવભાવમય નૃત્ય, સંગીત અને પ્રેમકટાક્ષેથી મહારાજા કર્ણદેવ વિંધાયા. એક દીવસ રાત્રે નિશ્ચિત ટાઈમે મહારાજાએ પોતાના ખાનગી મહેલમાં તેણીને બોલાવવાની બધી ગોઠવણ કરી.

આ ભેદી ઘટનાની માહીતી રાજમાતાને એક વિશ્વાસુ દાસી મારફત મળી. જેની મહારાજા કર્ણ અને નિમુંજલા વચ્ચે કાર્યસાધક બની હતી. **મુત્સદી અમાત્ય મુંજાલ મંત્રિને તુરત જ મહેલે બોલાવ્યા.** અને રાજકુટુંબનો **અભ્યુદય અર્થે** તેમની સાથે મહત્વની ચર્ચા રાજમાતાએ કરી પછી દયાળુમાતાએ મિનળદેવીને બોલાવવા એક દાસીને મોકલી આ સમયે તે **ધ્યાનસ્થ અવસ્થાએ પ્રભુ** ભક્તિમાં લીન હતાં.

દેવી હાજર થયાં અને સાસુજીને ભાવપૂર્વક વંદન કર્યું. મમતાથી માથે હાથ ફેરવતા માતાએ કહ્યું કે, ‘હે દેવી! તારું **કલ્યાણ** થાવ? મુંજાલ કાકા શું કહે છે તે ધ્યાનપૂર્વક સાંભળો? અને તે **પ્રમાણે સમજપૂર્વક** બુદ્ધિ-

દુરીથી કામ લો. જેમાં તમારા જીવનની સાર્થકતા, કાર્યસિદ્ધિ, અને સોલંકી વંશની રક્ષા થાય તેમ છે. સમજ્યા વહુ બેટા ?

મુંજાલ મહેતાએ શાંતિથી જણાવ્યું કે, 'હે દેવી ! હું કહું છું તે શાંતિથી સાંભળો. વિલાસી રાજન વારાંગના નિમુંજલા પર આકર્ષાયા છે. તેના માટે આજ રાતના જ રાજમહેલમાં જ કર્ણરાજે ખાસ ખાનગી મીજલસ ગોઠવી છે. મધ્યરાત્રીએ મીજલસ સમાપ્ત થયો બાદ નિમુંજલાને પ્રેમીલા દાસીએ મહારાજાના ખાનગી આવાસમાં દાખલ કરવી. એ પ્રમાણે ગોઠવણુ થઇ છે. જેની માહિતી પ્રેમીલા લાવી છે. દેવી ? તમારા ભાગ્ય પરિક્ષા અર્થે આ તક ઉચ્ચ કોટિની છે. જેનો પુરતો લાભ શેત્રંજની રાજરમતની માફક તમારે લેવો. એવું મેં અને રાજમાતાએ ઠરાવ્યું છે તમારે પ્રેમીલા સાથે રાજ-મહેલમાં જવું, ને બરાબર યોગ્ય સમયે નિમુંજલાના બદલે કર્ણરાજના ખાનગી ખંડમાં નિમુંજલા તરીકે તમારે દાખલ થવું. નિમુંજલા અને તમારો બાંધો, ઉંચાઇને ચહેરો અને અવાજની મીઠાસ લગભગ મળતી હોવાથી, આ સમયે તમે મહારાજાને આ ચારિત્રનો પુરતો પ્રભાવ દેખાડી રીઝવી શકશો. રાજમાતાના કહેવા પ્રમાણે ગઇ કાલે જ તમો ઋતુ સ્નાનથી શુદ્ધ થએલ છે તો ? જરૂર આપની ધારેલ ધારણાઓ સિદ્ધ થશે. અને રાજમાતાના મોહનમદ દીપાવવા તમો ભાગ્યશાળી થશો કેમ કંઇ સમજાય છે ખરૂં દેવી ? સમય વાદવિવાદનો નહિ પણુ કર્તવ્ય પરાયણતાનો અને મહાન મુત્સદ્દીપણાનો છે તો, તેમાં વિના સંકોચે આપે મને પિતા તુલ્ય માની રાજકુળના હીતાર્થે તેમાં હકાર આપવો તેમાં જ રાજકુળનું હીત સર્જાએલ છે.

મિનળદેવી આ સમયે લજ્જાથી માથું નીચું નાખી રડી પડયાં. જેને આશ્વાસન આપતાં રાજમાતાએ કહ્યું. બેટા મિનળ ? તારા જેવા નારી રત્નો માટે મને ઘણું જ લાગી આવે છે. તારા જેવું રત્ન સોલંકીકુળને મળવું મુશ્કેલ છે. તારા પૂર્વ જન્મના અંતરાય યોગો જ, તને નડી રહ્યા છે. બેટા ? "આજનો આ યોગ તારા ઉદ્ધાર્થે સર્વોત્તમ છે તો, ખુશીથી કર્ણદેવના મહેલે જા, પતિ દેવની ભકિતનો પુરતો લાભ લે ? મારા અંતરના શુભાશિષ છે."

અતિ આનાકાની વચ્ચે રાજમાતાએ મિનળદેવી પાસે હા કહેવરાવી. ત્યારબાદ મુંજાલ મંત્રિ તુરત જ નિમુંઝલાના આવાસે ગયા. જ્યાં તેને રીઝવી, અને રાષ્ટ્રના હીતાર્થે કુશળતાપૂર્વક યોગ્ય સમયે પોતાને બદલે મહારાણી

મિનળદેવીને મહારાજ કર્ણની સંયોગીની બનાવવી. આ પ્રમાણે ઠરાવ્યું. ને તેની પાસેથી યોગ્ય વચન લીધું.

હવે કહેવાની જરૂરીયાત નથી કે, તેજ રાત્રિએ નિમુંઝલા સાથે મિનલદેવી મહારાજા કર્ણવાળા મહેલમાં ગયા. જલસામાં મહારાજા નિમુંઝલાના હાવ-ભાવમાં અત્યંત મુગ્ધ બન્યા. પછી યોગ્ય પળે હું હમણાંજ આવું છું. એવું બહાનુ કાઢી આ ચતુર ગુણિકાએ મિનળદેવીને મહારાજા કર્ણવાળા ઓરડામાં દાખલ કર્યા. સાનુકુળતા ભર્યા સંજોગોમાં મહારાજા કર્ણ ભુલ ભુલામણીમાં પડયા, મિનળદેવીને પોતાનું પ્રેમપાત્ર માની તેની સાથે સંસાર વહેવાર સહપ્રેમે ભોગવ્યો. મિનળદેવીએ પણ મહારાજાને હૃદયના સાચા ભાવથી આરાધક દેવ માની પ્રસન્ન કરવામાં કચાસ રાખી નહિ. તેજ રાત્રીએ પ્રથમ સમાગમમાં મિનળદેવીએ નારી જાતિની કુશળ બુદ્ધિ પ્રભા દાખવી. મહારાજા પાસેથી નિશાની વાળી રાજમુદ્રાની પ્રાપ્તિ કરી. જે મહારાજાએ સ્વહસ્તે અને પ્રસન્ન ચિતે પહેરાવી. **"આનુ નામ તે સ્રી ચરિત્ર"** આ પ્રમાણે લગ્ન બાદ લગભગ ૧૮ વર્ષે મહારાણી મિનળદેવીએ પહેલી વખતજ સંસાર સુખનો લ્હાવો લીધો

ભાગ્ય વસાત મિનળદેવી સગર્ભા બન્યાં. સિંહણ સત પ્રસતા માફક વીર મહારાણીએ તેજસ્વી દેવાંશી રાજકુમારનો જન્મ આપ્યો.

સોલંકી રાજકુળમાં રાજરત્ન સમા યુવરાજ કુમારનો જન્મોત્સવ અત્યંત આનંદથી ઉજવાયો; રાજમાતાએ શ્રી સિદ્ધગિરિ રાજની માનેલ માનતા પ્રમાણે કુમારનું નામ **'સિધ્ધરાજ'** રાખ્યું. રાજમહેલ અને સમસ્ત રાષ્ટ્રમાં આનંદોત્સવ ઉજવાયો. અને રાજમાતાના હર્ષનો પાર ન રહ્યો.

કાળે કરી પાંચ ધાવ માતાઓ-રાજમાતા અને-પોતાની માતાના અત્યંત પ્રેમમાં ઉછરતો સિધ્ધરાજ કુમાર લગભગ સાત વર્ષનો થયો. એક દિવસ મહારાજા કર્ણદેવ સાથે રાજ દરબારમાં જતા-રાજ સિંહાસને પિતાની પૂર્વે રમતમાં તે ચઢી બેઠો.

રાજ જ્યોતિષિઓએ મહારાજાને આ સમયનું મુહૂર્ત અભ્યુદયને પાત્ર જણાવ્યું. તેમાં કુમારની જન્મ કુંડલીના આધારે પણ જણાવ્યું કે, આજ યોગ રાજકુમાર માટે રાજગાદી પ્રાપ્તિનો છે. જો આ ઘટિકાએ યુવરાજને રાજતિલક કરવામાં આવે તો, બાળ રાજવી ભાવિમાં મહાન ભાગ્યશાળી રાજવી

બને તેમ છે. જો કુમારનો આ ઘડીએ રાજ્યાભિષક થાય તો? આ સમયનો ગ્રહયોગ એવા ઉચ્ચ કોટીના સ્થાને કેન્દ્રીત છે કે, આ રાજયોગ મહાન ગુજરાતનાં ઉદયાર્થે લાભેદાયક છે. જેમાં સિધ્ધરાજ દીર્ઘકાળ સુધી રાજગાદી ભોગવશે અને પોતાના ચરણે મહાન દુશ્મનોને નમાવશે."

મહારાજા કર્ણે રાજ જ્યોતિષિઓનું કહેવું માન્ય રાખ્યું. અને સાત વર્ષના રાજકુમારને રાજ તિલક કરી, સ્વહસ્તે રાજદંડ તેના હાથમાં આપ્યો. ને રાજમુગટ તેના માથે સ્થાપિત કર્યો. મહારાજા કર્ણે સિધ્ધરાજને ગુજરાધિપતિ મહારાજા જયદેવ બનાવ્યો. અને રાજ દરબારે મહારાજા જયદેવના નામનો જયનાદ બોલાવ્યો. આ ઘટના સંવત ૧૧૫૦ ના પોષ વદ ૨ ના દીવસે બની. જેની નોંધ રાજ દફતરે તેમજ ધર્મ ગ્રંથોમાં નોંધાઇ.

# પ્રકરણ ૧૭ મું

## મહારાજા કર્ણની રાષ્ટ્રસેવા

બાળયુવરાજ સિદ્ધરાજને સાત વર્ષની બાળવયે રાજ્યારૂઢ કર્યા પછી પાટણના રાજ વહીવટમાં એવી તો ઐકયતા દેખાણી કે જાણે શાક્ષાત કુળદેવીનોજ તેમાં ભેદી રીતે હાથ ન હોય ? અને કુદરતજ ગુજરાતની ગૌરવતા વધારવામાં મદદગાર ન બની હોય ?

રાજવહીવટને લગતી દરેક જાતની મંત્રણાઓ રાજ મહેલમાં થતી. જેમાં પાટણના બુદ્ધિશાળી મુત્સદી અમાત્યો, પાટણના નગરશેઠ, રાજમાતા ઉદયમતિ, મહારાણી મિનળદેવી તેમજ કર્ણરાજ પુરતો સહકાર આપતા. રાજ્ય સામંતો, સરદારો, અમલદારો, અને પાટણનું વીર જુસ્સાબાજ સૈન્ય અને સેનાપતિઓ પોતાની ફરજ વફાદારીથી અદા કરવામાં ગૌરવતા માનતા સમસ્ત રાષ્ટ્રમાં આકાળે રાષ્ટ્રપ્રેમ, વફાદારી, અને રાજકુટુંબ પ્રત્યેની એક નિષ્ટ ભકિતનું દિવ્યદર્શન સ્પસ્ટતાથી થતું.

ગુર્જરાધિપતિ મહારાજા કર્ણને રાજ વહીવટમાં જ્યારે મહાજનની મહત્તા અધિક ગૌરવશાળી અને ઉપયોગી લાગી ત્યારે, તેમજ એકનિષ્ટ ગુર્જર પ્રજાનો રાજકુટુંબ પ્રત્યે પુજ્ય ભાવનાઓની ખાતરી થઇ ત્યારે, તેમજ ગુર્જર રાજસત્તા નીચેના આજ્ઞાંકીત સામંતો અને સરદારોમાં પુરતો સંતોષ દેખાયો ત્યારે, અને જ્યારે **બાળયુવરાજ સિદ્ધરાજે અજબ ચમત્કારીક યોગોમાં રાજ સિંહાસનની પ્રાપ્ત કરી** ત્યારે, કર્ણરાજને ખાતરી થઇ કે, હવે ગુર્જરભૂમિની સરહદમાં છેક આસાપલ્લી (વર્તમાને અમદાવાદ) સુધી વધારો કરવાનો સુયોગ પ્રાપ્ત થયો છે.

ગુર્જરરાજનું શકિતબળ દક્ષિણ સુધી વધારી, વધાગનુ નગર **આશા-**

પલ્લીમાં સ્થાપીત કરવામાં આવે તો છેક કોકણ દક્ષિણપ્રાંત સુધી રાજ સરહદ મહાન ગુજરાતના પરિકર્ણમાં શક્તિશાળી બને.

ભરૂચથી લગાવી આશાપુર સુધીનો પહાડી ભીલ પ્રદેશ જો ગુજરાતના તાબામાં આવે તો આશાભીલ સરદારની લગભગ છ લાખ જેટલી ભીલ્લ બાણાવળીઓના સૈન્યબળથી મહાન ગુજરાત રાષ્ટ્રની ચારે દીશાની સરહદ મજબુત બને.

ગુજરાત પર ત્રાસી રહેલ બળાઢય રાજસત્તાઓમાં માલવના પરમારો જુનાગઢના માંડલીકો, દક્ષિણના તૈલપો તેમજ અહમેદી દુશ્મનોને મહાત કરવા આ પહાડી બાણાવળી ભીલ્લ સૈન્ય રાષ્ટ્રમાં ચારે દીશાએ અને જંગલે જંગલે પહાડી ટેકરીઓમાં ઉંદરની માફક ઘુમી ખુણેખુણેથી દુશ્મનોને શોધી કાબુમાં રાખવા શક્તિમાન બને.

સર સેનાપતિ ત્રિભુવનપાળ પણ રાજકુટુંબીજ છે. જેથી સામંતો, સરદારો, તેમજ મહાજનનો પણ રાજવહીવટમાં સુંદર સાથ મળી રહે તેમ છે. ને તે આપી શકે તેમ છે આ પ્રમાણે નિશ્ચય કરી રાજવહીવટમાં કર્ણરાજે સંગીન ફેરફાર કર્યો.

પાટણના નગર શેઠના પ્રમુખપણા નીચે ખાસ ધારાસભાની રચના સંગીન બની. કર્ણરાજ રાજપ્રમુખ તરીકે તેના સરમુખત્યાર બન્યા. મહાન મંત્રિઓમાં સાંન્તુ મહેતા, મુંજાલ મહેતા, સજ્જન મહેતા, ઉદામહેતા તેમજ અન્ય મંત્રિઓએ પોતાની ફરજ એક નિષ્ઠાથી બજાવવાનું માથે લીધુ. તે રાજ વહીવટ એવી રીતે ગૌરવતાને, તેમજ લોકાદરને પ્રાપ્ત થયો કે જાણે આકાશે "મહાન ગુજરાતની સુવર્ણ યુગ"નો પુર્ણઉદયન થયો હોય?

( ૨ )

આ સમયે એક તરફ ઉત્તરમાં સિંધુ નદી સુધી યવનોની સત્તા જામી હતી; અને ત્યાંથી તેઓ માલવ સુધી આગળ વધી રહ્યા હતાં. આ વૈરંતુ મહારાજા કર્ણની નજરે તરી આવી.

બીજી બાજુ દક્ષિણાધિપતિઓ તૈલપે મુંજને મારેલા મારને ભૂલી જઇ માળવાના રાજા લક્ષ્મદેવે ગરદન ઉંચી કરી હતી. અને તેઓ સામસામા ધુરકી રહ્યા હતા. ત્રીજી બાજુએ સૌરાષ્ટ્રનો રા. નવઘણ પોતાની સત્તા જમાવતો હતો.

ચોથી દીશાએ લાટ પ્રદેશ આ કાળે ગુજરાતની સત્તા નીચે હતો છતાં તૈલપની સત્તા ત્યાંથી સાવ નાબુદ નહોતિ થઇ. અને તૈલપના માણસો છુટા છવાયા બંડ કરાવતા હતા; જેમાં લાટનો છેલ્લો સત્તાધિશ ગુર્જર સુબો પોતાની સત્તા જમાવવા મથી રહ્યો હતો. તૈલપને માલવ સાથે અણબનાવ હોવાથી અને તેનું લક્ષ્ય માલવ તરફ દોરાએલ હોવાથી લાટ તરફ તે પુરતું ધ્યાન આપતો નહતો.

આ કાળે મહીથી તાપી નદી સુધીનો પ્રદેશ લાટ દેશ તરીકે ઓળખાતો હતો, આ પ્રદેશ પર ચામુંડરાયના પિતા મૂળરાજ પહેલાના સમયથી ગુજરાતની આણ વર્તતી હતી. તૈલપના માણસોએ લાટ પ્રદેશ પ્રાપ્ત કરવા બે ત્રણ વાર બંડ કર્યાં હતા; પરન્તુ તેમા તેઓને નિષ્ફળતા મળી; છતાં તેઓએ આશા છોડી નહતી. કારણ કે તેમાં ભરૂચ અને ખંભાત જેવા સમૃદ્ધિશાળી બંદરોનો સમાવેશ થતો હતો. આ કાળે ભરૂચની અપૂર્વ જાહોજલાલી કીર્તિની ટોંચે પહોંચેલી હતી

પૂર્વ પરંપરાથી લાટ કિનારાનું આ બંદર વ્યાપારી કેન્દ્ર તરીકે સમસ્ત ભારત માં મહત્વતાભર્યું ગણાતું જેનો વેપાર હિંદની ચારે દીશાએ વિદ્યમાન હતો.

કાબુલ અને પટણાથી પરદેશ ચઢાવવાનો માલ અહીં આવતો અને ભરૂચનો વેપાર ઇજીપ્ત અરબસ્તાન, અને ઇરાની અખાતો સાથે પણ સંકળાએલ હતો.

આ કાળે ભારતવર્ષ મીસર તેમજ અરબસ્તાનને, ભરૂચ બંદરેથીજ ચોખા, બીયાં, તેલ, રૂ, ખાંડ, મલમલ તેમજ ઉંચી જાતનું કાપડ વિગેરે ઘણીજ પુરૂં પાડતુ.

અહીંથી ઇરાની અખાતમાં પિત્તળ, શીંગડાં, સુખડ, લાકડાં વિગેરે જતાં. જ્યારે પરદેશથી પણ ત્યાંની બનાવટની ચીજો તેના બદલામાં પ્રથમ ભરૂચના બંદરેજ આવતી. આ પ્રમાણે આયાત અને નિકાશના વેપારમાં ભરૂચ અને ખંભાતનાં બંદરો આ સમયે ગુર્જર નરેશને માટે સૂવર્ણ ખાણ સમાન બન્યા હતા.

સોલંકીઓની સત્તા લાટ પર પ્રસરી ત્યારે ભૃગુકચ્છની જહોજલાલી પૂરી જામી હતી. અને તત્કાલિત ખંભાત બંદર પણ પોતાનો દરિયાઇ વેપાર પૂરતી

રીતે વીકસાવી રહ્યું હતું. સુરત અને (નવસારી) પણ વ્યાપારિક ક્ષેત્રમાં પુરતો ફાળો આપી રહ્યા હતા.

આ ભરૂચ ભૃગુકચ્છનાં વહાણો સમસ્ત મહાસાગરમાં ઘુમી આવતા અને આ બંદર પરદેશી સોદાગરોથી ઉભરાતું.

વટ્પ્રદેશ, જંબુસર, અંકલેશ્વર અને નાંદોદ જેવા મહત્વતાભર્યા વેપારી નગરો તથા મહી અને તાપીના પ્રદેશો પણ નિર્ભયતાથી ગુર્જર નરેશની છત્ર છાયા નીચે વેપાર ખીલવી રહ્યા હતા.

આ ભરૂચ બંદરનું અતિ મહત્વ વધારનાર નર્મદા ( રેવા ) નદી પર આવેલ શુકલતીર્થ નામનું તીર્થ છે. જે અદ્યાપિ વિદ્યમાન છે. આ તીર્થપર સતયુગમાં રત્નના મહાન પર્વતો હતા.

આ પર્વતની હારમાળાઓ શુકલતિર્થથી તે છેક ઉજ્જેન માલવ સુધી પ્રસરેલી હતી. જ્યાં સેંકડો વિદ્યાધરો નીયમીત કોતરો અને ગુફાઓમાં સિદ્ધિની પ્રાપ્તિ અર્થે વર્ષો સુધી સાધનાઓ કરતા. શ્રીપાળ મહારાજને દીવ્ય ઔષધીઓ અહીંના વિદ્યાધરો પાસેથીજ પ્રાપ્ત થઇ હતી.

( ૩ )

ગુર્જર, લાટ, અને માલવી ફસાએલ વફાદાર રણઘેલા યોદ્ધાઓના પુર જુસ્સાથી આશાવલીના પહાડી ભીલ્લ પ્રદેશ પર કર્ણરાજની સરદારી નીચે ગુર્જર સૈન્યે ચઢાઇ કરી.

બલાઢ્ય સૈન્ય અને પુરતી લશ્કરી સામગ્રીના કારણે આશા ભીલ્લનું બાણાવળી તીરંદાજ સૈન્ય મહાત થયું. અને આશા ભીલે કર્ણરાજ સાથે સંધી કરી. જેને પોતાનું છ લાખનું બાણાવલી ગેરીલા ભીલ સૈન્ય મહાન ગુજરાતની સેવામાં મુકયું અને પોતાની ગુર્જરરાજ પ્રત્યેની વફાદારી જાહેર કરી.

તેને મહારાજા કર્ણ તરફથી યોગ્ય વર્ષાસન બાંધી આપવામાં આવ્યું. તેના તેમજ સમસ્ત ભીલાડ કોમ પ્રત્યે રાજ્યે સદાસદવર્તન રાખવાનું કૃતજ્ઞશીલ ફરમાન બહાર પાડયુ ને આ પ્રદેશ ગુર્જર સરહદમાં જોડી દીધો.

ભૈરવી દેવીના શુભ શુકને મહારાજા કર્ણદેવે આશાપલ્લી નગરમાં પ્રવેશ કર્યો. અને અહીં નુતન રાજગાદીની સ્થાપના કરી. પાટનગર આશાપુરને પુરતી રીતે ખીલવ્યું.

મહારાજા કર્ણે અહીં કોછરબ નામનું દેવીનું મંદીર બાંધ્યુ. તેમજ ત્યાંના અન્ય દેવ મંદીરમાં જયંતિ નામની દેવીની સ્થાપના કરી. તદઉપરાંત કર્ણ

સાગર નામનું તલાવ, કર્ણેશ્વર નામનું મહાદેવનું મંદીર તેમજ પોતાને રહેવા માટે કર્ણપ્રસાદ નામનો ભવ્ય રાજમહેલ બાંધ્યો. જ્યાં રાજ દરબાર કચેરી વગેરેની પુરતી રીતે ગોઠવણ કરી.

પછી મહારાજા કર્ણ પોતાના રણવાસ સાથે અહીં રહેવા આવ્યાં. જેથી રાજમાતા મિનળદેવી અને સગીર રાજવીવાળુ રાજકુટુંબ અને રાજ્યમાતા ઉદયમતિ પાટણ રહ્યા. અવારનવાર કર્ણરાજ પાટણ પણ રહેતા હતા. અને પાર્લમિન્ટરી પધ્ધતિએ મહાજનરાજ તરીકે ગુર્જરરાજ સત્તાધીશ બન્યું. ટુંક સમયમાંજ આ પ્રમાણે સોલંકી રાજ્ય કુટુંબમાં બે વિભાગો પડયા. ખરા પણ બન્ને વિભાગી રાજ સત્તાએ એકજ રાજ સત્તા તરીકે મહાન ગુજરાતના પ્રતાપી રાજ તરિકે રાજ્ય કર્યું,

મહારાજા કર્ણે વીર સોલંકી રાજવી તરીકે માલવ, જુનાગઢ તેમજ તૈલપના હલ્લાઓને મારી હઠાવવામાં તેમજ તેમને રંજાડવામાં જરા પણ કચાસ રાખી નહિ. તેમજ સ્પાદલક્ષના બલાઢય રાજસત્તા સાથે રણક્ષેત્રમાં ઉતરવામાં કચાસ પણ રાખી નહતી. જેને સપાદલક્ષના રાજવીને ગુજરાતની સરહદે યુદ્ધારંગ આપી વારંવાર મહાત કરવામાં વીરતા દાખવી. તેમજ માલવ અને જુનાગઢી રાજસત્તા પર કાબુ મેળવવામાં પણ તાતી તલવારનો સ્વાદ તેમને ચખાડવામાં પુરતી તકેદારી રાખી. તેમજ પોતાના સહાયકોની કદર કરવામાં પણ કચાશ રાખી નહતી.

કર્ણરાજે પાટણમાં કર્ણમેરૂ નામનો પ્રાસાદ બંધાવ્યો હતો તેમજ અનેક પ્રકારના ધાર્મિક કાર્યોમાં સનાતન અને જૈન ધર્મના તેઓ પુરતા સહાયક બન્યા હતા.

---

નોટઃ–અમદાવાદના સાબરકાઠા નજદીકમાં પૂર્વકાલિન આશાવલ ગામના ચિન્હો વર્તમાને પણ નજરે પડે છે. આજનું અમદાવાદનું આસ્ટોડીયા તે ભૂતકાલિત આશાપુર હોવું જોઇએ એવું પુરાતત્વકારો તેમજ અમારૂં દૃષ્ય પુર્વક માનવું છે—

અમદાવાદની આસપાસમાં પૂર્વ કાળે કર્ણ સાગર નામનું બીજું એક તળાવ હતું તેની પ્રાપ્તિ હજુ સંશોધન ખાતાને થઇ નથી પણ ખંતીલાપણાથી ખોદકામ કરતા થવી જોઇએ એવી આશા છે.

મહારાજા કર્ણે ચાણસ્મા તાલુકામાં બંધાવેલ કર્ણસાગર તળાવ પુરાએલી સ્થીતિમાં હજુ પણ દૃષ્ટિગોચર થાય છે.

( ૪ )

ચોર્યાસી બંદરનો જયાં ધ્વજ ફરફર ફરકતો હતો. એવા લાટના મૂખ્ય ભરૂચ બંદર પર કર્ણદેવના માનીતા મંત્રીશ્વર શાંતુ મહેતા સુબા તરીકે વહીવટ ચલાવતા હતા સમસ્ત લાટ પ્રદેશની રાજ્ય વ્યવસ્થા પણ તેમના જ હાથમાં હતી. ભરૂચની વ્યવસ્થા શાંતુ મહેતાની ચાણક્ય બુદ્ધિદ્વારા બળાઢય થતી હતી અને તેની જાહોજલાલી પણ વધતી જતી હતી.

આ ભૃગુકચ્છનાં વહાણો સમસ્ત મહાસાગરમાં ઘુમી આવતા. અને આ બંદર પરદેશી સોદાગરોથી ઉભરાઈ જતું, જેનો લાભ લેવા તૈલપના ( મહારાષ્ટ્રના એક ભાગના રાજવી ) જાસુસો મથતા પણ, શાંતૂ મહેતાની તીક્ષ્ણ બુદ્ધિ અને કાર્યદક્ષતાને લીધે તેમાં તેઓને જરાપણ માર્ગ મળી શકતો નહિ

આ તૈલપના ભેદી જાસુસોદ્વારા શાંતૂ મહેતાને ફોડવાના અને તેનાં દંડનાયકનું તથા કર્ણ મહારાજાનું ખુન કરવાના પ્રયત્નો ઘણી વખત થતા હતા. જેમાં મહાસાગરના બંદરી સ્થાનોનો ઉપયોગ તૈલપના જાસુસો માટે ઘણોજ ભેદી થઈ પડયો હતો.

આ સર્વે ભેદી હીલચાલ ભરૂચના એક જુના ખંડેર મંદીરમાંથી થઈ રહી હતી. જેમાં ગુર્જરના એક જાસુસે સન્યાસી વેશે ભલી જઈ, ચાણક્ય બુધ્ધિથી આ ભયંકર કાવતરૂ પકડી પાડયું.

જેણે શાંતુ મહેતાને જણાવ્યું કે, આવતી પુનેમની રાત્રીએ મહારાજા કર્ણની ખંભાતથી–ભરૂચના ગુપ્ત આગમનની માહીતી–તૈલપની ટોળીને મલી છે. અને આ ટોળીએ ભરૂચના બંદરગાહમાંજ સમુદ્રમાંજ મહારાજાના ખુનનો ભયંકર પ્રપંચ રચ્યો છે

આ ખુનના કાવતરામાં અનેક એવા રાજઅમલદારોનો સમાસ થાય છે કે જેઓ બહારથી મહારાજા પ્રત્યે વફાદારી બતલાવે છે પણ અંદરખાનેથી સત્તાના લોભે તૈલપના જાસુસો મારફતે ફુટયા છે. જેઓ અત્યારે ભરૂચમાંજ છે. અને રાજ્ય–દ્રોહનું ભયંકર કાવતરાનું સ્થાન પણ સમુદ્ર કાંઠાનું લોકપ્રિય મહાદેવનું મંદીર બનેલ છે અને સાંરાત્રીના ભાગમાં ખાનગી મીજલસો મળે છે

પોતાને મળેલ મહત્તામય માહીતીના આધારે શાંતુ મહેતાં અને તેમની સાથેના વિશ્વાસુ અમલદારો-જીવના જોખમે યોગ્ય રસ્તનો પાકો પ્રબંધ કરી

ખારવાના વેશમાં તૈલપના જે કાવતરાખોર રક્તપીપાસુઓ જે વહાણમાં કર્ણરાજનું ખુન કરવા જવાના હતા તેમાં ભળ્યા. કંઇક દીવસ સુધી તેમની મૈત્રી કરી અને તેમનો વિશ્વાસ સંપાદન કર્યો. બુદ્ધિશાળી મહેતા આ ટોળીના વિશ્વાસુ સભાસદ ગણાવા લાગ્યા અને જેમને એ એવું કાવતરું એવી રીતે સમજી લીધું કે જેમાં ગુર્જર પતિનો બચાવ થઇ શકે. અને તૈલપને સદાને માટે મહાત કરી શકાય.

શાંતુ મહેતાએ એવી રીતે આ ભેદી પ્રવૃતિ પર કાબુ મેળવ્યો કે મધ્ય રાત્રીએ જયારે આ હોડી મહારાજાના ખુન માટે જાય ત્યારે રાત્રીના સમયે સમુદ્રમાંજ તેનો એવી રીતે ઘાટ ઘડી નાખવો કે જેની માહીતી કોઇને પડે નહિ અને વિરોધીઓનો પોતાની મેળે અંત આવે.

આ ઘટનાની માહીતી ન તો મહારાજાને પડવા દીધી ન તો તેમને ભરૂચની દરબારીઓને પડવા દીધી.

કર્ણદેવ ખંભાતથી પુનેમની અજવાળીરાત્રીએ આવવા નીકળ્યા જેમની ભરૂચની મુલાકાત તદન ગુપ્ત રાખવામાં આવેલ હતી. તેજ મધ્યાન રાત્રીએ કર્ણરાજના ખુનની પુરતી તૈયારી સાથે એક વહાણ કાવતરાખોરોના સારા જેવા સમુદાય સાથે ભરૂચથી ખંભાતના માર્ગે વળ્યુ અને ભરૂચથી લગભગ પાંચ સાતમાઇલના છેટે, કર્ણરાજવાળા વહાણની રાહ જોતા થોભ્યું.

તેમની દ્રષ્ટિએ પહો ફાટતાંજ મહારાજાવાળુ વહાણ ચઢયું.

આ વહાણના માલમે કર્ણરાજવાળા વહાણના કપતાનને પોતાની દીશાએ વહાણને વાળવાની નીશાનીઓ બતીઓ ધ્વારા સંકેત ભાષામાં દાખવી.

કપ્તાને સરળતાથી સંકેત દાખવનારાઓને પોતાના વિશ્વાસુ માણસો માની તે દીશાએ વહાણ વાળ્યું ને બન્ને વહાણોનો ભેટો થયો.

હજુ તો કર્ણરાજવાળા વહાણના ખારવાઓ અને રક્ષકો સતેજ થાય પુર્વે તો આ વાહણના રકત પીપાસુઓએ પોતાના ધારેલ શિકાર પર એવી રીતે નજદીકમાં જઇ ત્રાપ મારી કે જાણે રખે એક ક્ષણમાં શિકાર અદૃષ્ય ન થતો હોય ?

જે દેવાંસી રાજવીના રક્ષણાર્થે જ્યાં કુદરતજ અને તેના પુર્વાનું બંધી પુણ્યોજ સમર્થ હોય ત્યાં તેનો કોણવાળ પણ વાંકો ભરસમુદ્રમાં કરી શકે તેમ છે ?

તૈલપના જાસુસો તેમજ રાજયના બેવફા દ્રોહી અમલદારો જેઓ કર્ણ-રાજના વહાણ પર ત્રાટકવાની તૈયારીમાં નાગી તલવારો અને ભાલાઓ અને ખંજરોથી સજ્જ થએલ હતા. તેઓ આ કર્ણરાજવાળા વહાણ પર તુટી પડે

તેટલામાંતો પાછળથી ખારવાના વેશમાં રહેલ શાંતુમહેતા અને તેમની ટોળીએ તેમના પર ઓચીંતો એક સામટો હલ્લો કરી. તેમના શસ્ત્રોથી એવી રીતે તેમને પુરાકર્યા કે જાણે ઘાસની કાપણી દાતરડાથી ન થતી હોય.

શાંતુ મહેતાની આ સમયની હીંમત, અને વફાદારીના મુકતકંઠે પ્રશંશા કરતા ઇતિહાસકારો તેમજ નવલકથાકારો મુક્તકંઠે પ્રશંસા કરતા કહે છે કે " જો **આ અણી પ્રસંગે શાંતુ મહેતાએ કર્ણરાજનો બચાવ ચાણક્ય બુદ્ધિથી ન કર્યો હોત તો ?**

પાટણના ઇતિહાસમાં જૈન મહાજનરાજ **અને વફાદાર અમાત્યોની અણમોલ કીમત જે વિશ્વભરમાં અંકાય છે તેના કરતા આકાલીન ઇતિહાસ જુદી રીતેજ લખાત "**

શાંતુ મહેતાનું મૂળ નામ સંપત્તકર હતું તેઓ મૂળ વટપ્રધાન રહે વાસી અને જાતે ધરકટગોત્રીય શ્રીમાળી વણિક હતા. એમની માતાનું નામ સંપૂરી અને પિતાનું નામ ધરણીશ હતું. જેઓ પુત્રને ભરયુવાવસ્થાના મૂકી સ્વર્ગે ગયા હતા.

ગુજરાતના પાટનગર પાટણથી ભૃગુકચ્છ અને સ્થંભતીર્થ જરાપણ ઉતરે તેવા ન હતા જેમાં આ દંડનાયકે, કર્ણદેવ કરતાં પણ અધિક સેવા અહીં રહી ચારે દીશામાં બજાવી હતી.

તૈલપના હુમલાઓ સામે ટકકર ઝીલવી, માલવાના યશોવર્મા રાજવીને મહાત કરવાની બલાઢ્ય યોજનાઓ ઘડવી, તેમજ સૌરાષ્ટ્રના મદાંધ રાજવીને નજર સામે બહાર રાખવો અને ગુજરાતની સત્તા નીચે તેને કેવી રીતે લાવવો. એની ગોઠવણો પણ શાંતુ મહેતાએ ભરૂચમાં રહીને કરી હતી.

આ સત્ય ઘટનાની નોંધો શ્રીમદ હેમચંદ્રાચાર્યે એવી રીતે લીધી છે કે, જે સિધ્ધહેમની પ્રશસ્તિમાં આજે પણ તત્કાલિન ઇતિહાસનું પુરતુ જ્ઞાન કરાવે છે. જેનો ઉપયોગ ઇતિહાસિક ઘટનાઓ રજુ કરવામાં અમોએ પણ કર્યો છે.

સૌરાષ્ટ્રનો રા'નવઘણ, સીધી યા આડકતરી રીતે ચાંચીયાઓને ફોડી ભૃગુકચ્છના બારામાં રમખાણ મચાવી લાટને રંજાડતો, આથી લાટને સાચવવા આ કાળે શાંતૂ મહેતા જેવા બાહોશ અને બુધ્ધિશાળી દંડનાયક ન હોત તો ? પાટણની રાજ્યગાદી સ્થિર રહી હોત કે કેમ? તેની પણ શંકા રહે છે. ?

જેમના સમકાળે રાજકુટુંબ અને રાષ્ટ્રમાં બે પ્રકારના ધર્મો પળાતા સનાતન અને જૈન. પાટણનો રાજ વહીવટ કુશળતાથી ચલાવનાર, આશાપુર સુધી પાટણની સૈન્ય સામગ્રી પુરતી રીતે વધારનાર મહારાજા કર્ણનો સ્વર્ગવાસ મોહટી ઉંમરે પાટણમાં થયો.

## પ્રકરણ ૧૮ મું

### રાજમાતાની ધ્યેય સિદ્ધિ

**બોલતો પોપટ**

એક વખત રાજમાતા મીનળદેવીના પિયર કર્ણાટક દેશથી ખાસ પ્રતિનિધિ રાજમાતાને મળવા પાટણ આવ્યો. જેનો રાજમાતા તેમજ યુવાન રાજવી સિદ્ધરાજે બહુ માનપૂર્વક સત્કાર કર્યો. પોતાના સહોદરોની કુશળતાના સમાચાર પૂછતાં જેની ચક્ષુઓમાંથી અશ્રુધારાઓ વહી રહી છે. એવા આ સંબંધીએ રાજમાતાને જણાવ્યું કે, "હે બાઇ સાહેબ ? પ્રભાતમાં જેમનું નામ લેવાથી આત્મ કલ્યાણ થાય છે. એવા ધર્માત્મા રાજવી, આપના પિતાએ એક દેવાંશી શુકરાજ (પોપટ)ને પાળેલ હતો. જે તેમને અતિ પ્રિય હતો. જેના માટે ખાસ રત્નજડિત સુવર્ણનું પાંજરૂ રાખવામાં આવેલ હતુ. શુકરાજ પર મહારાજાનો અત્યંત પ્રેમ હતો. જેને એવી ટેવ હતી કે, મહારાજા ભોજન સમયે જમવા બેસે ત્યારે જ તે તેમના હાથનો ગ્રાસ ખાતો, અને મહારાજા તેમને સ્વહસ્તે જમાડી પછી જમતા. આ પ્રમાણે નીત્ય ચાલતું.

એક દિવસ મહારાજા જમવા બેઠેલ હતા. તે સમયે બાજઠ ઉપર પોતાની સનમૂખ પાંજરૂં મુકી, તેનું મૂખ ખોલવામાં આવ્યું. પોપટ મહારાજા નજીક મુકેલ બીજા બાજઠ ઉપર આવી બેઠો. અને મીઠાસભર્યા શબ્દોથી મહારાજાની કુશળતા પુછવા લાગ્યો જેની સનમુખ સૂવર્ણ થાળમાં મહારાજાએ પોપટને પ્રિય એવા ભોજનનો ગ્રાસ મૂક્યો. આ સમયે પોપટ બોલ્યો કે, "હે રાજન ! બિલાડી ? બિલાડી ? મહારાજાએ ચારે તરફ દૃષ્ટિ ફેરવી તો, એમની નજરમાં પોતાના બાજઠ નીચે છુપાએલ બિલાડી જોવામાં આવી નહિ.

બિલાડી હંમેશાં પક્ષિઓની ઘાતક હોવાથી પોપટે બિલાડીને જોયા બાદ ધાસ્તીના માર્યા ચીચીઆરી કરવા માંડી ત્યારે, મહારાજાએ આ લાડકવાયા નિર્દોષ પક્ષિને અભય વચન આપતાં જણાવ્યું કે, " હે શુકરાજ ! બિલાડીથી તારો ઘાત થશે તો, હું પણ તારી સાથે મરણ સ્વીકારીશ ? આ પ્રમાણેનું

રાજાનું અભય વચન સાંભળી, પોતાના આત્મામાં પૂર્ણ સંતોષ પામી, ભોજનના પીરસેલ થાળમાં તેણે ગ્રાસ લેવા અર્થે ડોક નીચી કરી કે, તરત જ મહારાજાના બાજઠ નીચેથી છુપાએલ બિલાડીએ તેના ઉપર ઓચિંતી ત્રાપ મારી. અને જોત જોતામાં બિલાડીની દાઢ જેના ગરદનમાં ક્રુરતાથી પેસી ગઇ છે. એવા શુકરાજે હે રામ ! કહેતા સાથે જ તાત્કાલિક પ્રાણ ત્યાગ કર્યો. આ સમયે વાતાવરણ અત્યંત કરુણામય બન્યું, ને ખુદ મહારાજા એક બાળકની માફક રડી પડયા.

( ૨ )

## આનું નામ તે અભય વચન–?

આપેલ વચનના પ્રતિપાલનાર્થે અનાજનો એક પણ કોળિઓ લીધા સિવાય ઇષ્ટદેવનું સ્મરણ કરતા રાજવી, પોપટના મૃત્યુ દેહ સાથે આત્મ બલિદાન અર્થે તૈયાર થયા. આ હકીકત આખાએ રણવાસમાં, રાજદરબારમાં, તેમજ નગરમાં પવન વેગે ફેલાણી. જોતજોતામાં દરબારગઢ, નગરજનો, વિદ્વાન શાસ્ત્રીઓ અને મહાજનથી ચીકાર ભરાયો. દરેકના ચક્ષુઓમાંથી અશ્રુ પ્રવાહ વહી રહેલ હતો. વાતાવરણ એવું તો શોકમય બન્યું હતું કે જાણે, આ સમયે મહારાજાનો સ્વર્ગવાસ ન થયો હોય ? રણવાસમાં રાણીઓ તેમજ દાસદાસીઓના રુદને તો એવું શોકમય વાતાવરણ ઉત્પન્ન કર્યું હતું કે, જેનો કરુણાજનક ચીતાર રજુ કરવા અમારી કલમ પણ ધ્રુજી ઉઠે છે. દરબારગઢના મધ્યમાં ચંદન કાષ્ટની ચીત્તા ખડકાતી હતી, સ્વર્ગવાસી શુકરાજના મૃત્યુગત દેહને રત્નજડિત સૂવર્ણ થાળમાં લઇ ખુદ મહારાજા ચિત્તા નજદીક પ્રભુ સ્મરણ કરતા ધ્યાનસ્થ અવસ્થાએ બેઠા હતા. જ્યાં ધાર્મિક સ્તોત્રોનો પ્રવાહ શુકરાજની ઉચ્ચ ગતિ માટે વહી રહ્યો હતો.

દુતે જણાવ્યું કે, "હે રાજમાતા ! આ સમયની કરુણાજનક ઘટના, અને તેનું વર્ણન કહેતાં જ્યાં મારાં રૂવેરૂવાં ધ્રુજી ઉઠે છે ત્યાં ! તમને આગળની બનેલ ઘટના કઇ રીતે સરળતાથી કહી શકું ? આટલું વૃતાંત કહેતામાં તે ચોધાર અશ્રુએ રડી પડયો.

બીજી બાજુ ચોધાર અશ્રુએ ધ્રુસકે ધ્રુસકે રડતાં રાજમાતાએ પૂછયું કે, શું ? પિતાજીએ પછી વચનના પાળનાઅર્થે શુકરાજ સાથે ચિત્તા પ્રવેશ કર્યો ? આ સમયે મહારાજા સિદ્ધરાજ પણ અસ્વસ્થ બન્યા ! તેમણે જીજ્ઞાસાથી જણાવ્યું કે, "સુત્ત?

મામાશ્રી પછી શું બન્યું ? **શું નાનાએ દેવ પુરૂષ તરીકે અમર નામના કરી ?** આપ જરા હૃદયને શાંત કરી પછીની ઘટના જણાવો. આ સમયે રાજમાતાના હોંશકોસ ઉડી ગએલ હતા. અને મહેલનું વાતાવરણ શોકજનક બન્યું હતું. અને શ્રોતાઓની ચક્ષુઓમાંથી પણ અશ્રુ પ્રવાહ ચાલુ વહી રહ્યો હતો.

કંઇક શાંતિ મેળવી આગળ ચલાવતા મામાએ જણાવ્યું કે—

" હે દેવી ! આ સમયે આપના વૃદ્ધ માતુશ્રીએ રણવાસમાંથી આક્રંદ કરતાં જણાવ્યું કે, "આપની લાડકવાઇ પવિત્ર પુત્રી **મીનળદેવી** જેને પૂર્વ જનમના જ્ઞાનની પ્રાપ્તી થએલ છે તેને, તેમજ પાટણમાં વસતા સમર્થ જ્ઞાની જૈનાચાર્ય શ્રીમદ્ દેવચંદ્રાચાર્યજી અને તેમના વિદ્વાન શિષ્ય સમુદાયને આનુ યોગ્ય નિવારણ પુછાવી, ત્યાંથી જવાબ આવ્યા બાદ મહારાજાએ યોગ્ય પ્રબંધ કરવો. કારણ હું પણ તેમની સાથે સતિ થવા માગું છું."

બીજી બાજુ ધર્મો ઉપદેશક વિદ્વાન શાસ્ત્રીઓએ પણ એકત્રિત થઇ મહારાજાને જણાવ્યું કે, "હે રાજન ! પ્રાચિન સૂત્રોમાં લખ્યું છે કે, આ પ્રમાણેની ઘટનાઓના પ્રાયશ્રિતમાં મહારાજાના ધાટનું પુતળુ બનાવી, તેને ચિત્તામાં પધરાવવાથી, લીધેલ પતિજ્ઞાનું પાલન થઇ શકે છે." આ પ્રમાણે ચારે બાજુના યોગ્ય દબાણને વશ થઇ મહારાજાએ પોતાના ધાટના પુતળાનો અગ્નિદાહ મહામુશીબતે કરવા દીધો. પછી શોક ગ્રહસ્ત સ્થિતિએ રાજ મહેલમાં મહારાજાએ તપસ્વી તરીકે વાસ કીધો છે. અને આ ઘટનાના પ્રાયશ્રિતના ઉપાય અંગે આપની પાસ મને અંહિ મારતી સાંઢે મોકલ્યો છે. તો આપ તુરત જ આનો પ્રબંધ કરી જણાવો.

( ૩ )

## દાનનો અર્થ કેવી રીતે સધાય ?

શાન્તુ મહેતા, મુંજાલ મહેતા વગેરે અમાત્યોને રાજમહેલમાં તરત જ બોલાવવામાં આવ્યા. પછી ઉપાશ્રયે દેવચંદ્ર આચાર્યને પુછવા મહાન મંત્રિશ્વરો ગયા. જ્યાં સૂરીશ્વરે જ્ઞાનનો ઉપયોગ મૂકી જણાવ્યું કે, " પૂર્વ જન્મનું જ્ઞાન ધરાવનાર રાજમાતા, આનો ઉપાય ખરેખર જણાવી શકશે." તરતજ વિદ્વાનશાસ્ત્રીઓ પણ રાજ્ય મહેલે એકત્રિત થયા. તેમાં એ પ્રમાણે ઠરાવવામાં આવ્યું કે—

મીનળદેવીનું પાપઘટ દાન.



રાજન ! તારા પછી કુમારપાલ રાજગાદી પર આવશે અને તે મહારાજા સંપ્રતિ માફક જૈનધર્મને દીપાવશે.



**"મહારાણી મીનળદેવીએ પિતૃકુળ કલ્યાણ અર્થે સોમેશ્વર મહાદેવની યાત્રાએ જવું, જ્યાં વૈદજ્ઞ એવા બ્રાહ્મણને પાપ ઘટનું દાન આપવું. જેથી પાપનું નિવારણ થઇ શકશે." રાજમાતાએ પણ તેમાં પુરતી સમંતિ આપી.**

( ૪ )

જેનો તુરતજ પ્રબંધ કરવામાં આવ્યો. રાજમાતા કર્ણાટકનો પ્રતિનિધિ જે તેમનો પિતરાઇ ભાઇ થતો હતો તેને સાથે લઇ પ્રભાસ પાટણ ગયા ત્યાં જઇ વિદ્વાન એવા વૈદજ્ઞ એક રાજ પુરોહિતને બોલાવી માતાએ જણાવ્યું કે, આપ અમારા ત્રણે કુળનું પાપ માથે લેતા હોય તે, હું આપને ત્રણે કુળનું દાન મનવાંન્છીત રીતે ઉદારતાથી આપું. સમર્થ જ્ઞાની એવા પુરોહિતે રાજ-માતાને સંતોષ થાય તે પ્રમાણે દાન લેવાનું વચન આપ્યું.

**રાજમાતાનું પાપઘટ દાન**

જેમના વચનથી પરિપૂર્ણ સંતોષ થએલ છે તેમજ જેમણે શાસ્ત્ર અને ધર્મ ઉપર અવિચલ શ્રદ્ધા છે, એવા પરમ પવિત્ર રાજયમાતા મીનળદેવીએ આત્મસંતોષ પામી, આ બ્રહ્મદેવને હાથી, ઘોડા, સુવર્ણ અને રત્નોથી ભરપૂર (સવા કરોડ કિંમતનો) પાપ–ઘડાનું દાન આપ્યું.

આ સમયે આ રાજયપુરોહિતદેવ એક દરિદ્રિ સ્થિતિના પરન્તુ વિદ્વાન ક્રિયાકાંડ બ્રહ્મદેવને પોતાની સાથે લાવેલા હતા.

મહારાણી પાસેથી કિંમતી દાનનો સંકલ્પ મેળવનાર રાજયપુરોહિતે મહારાણીના દેખતાંજ મળેલું સર્વે પૂણ્યદાન, તેમજ પોતાના કુટુંબનું દાન તે બ્રહ્મદેવને સંકલ્પપૂર્વક અર્પણ કર્યું,

આ જાતના પુરોહિતની ઉદારતા જોઈ હૃદયમાં સાનશ્ચર્ય પ્રાપ્ત થયું છે એવાં મહારાણીએ રાજપુરોહિતને પૂછયું કે, 'હે પુરોહિતજી? આપે આ પ્રમાણે પ્રાપ્ત થયેલ કીંમતી દાન તેમજ તમારૂં પૂણ્યદાન આ બ્રહ્મદેવને કયા કારણોસર અર્પણ કર્યું. અને તેનો અર્થ શો? જ્ઞાની એવા પુરોહિતે મહારાણી, મુંજાળ મહેતા અને તેમની સાથે રહેલ કર્ણાટક દેશના ખાસ પ્રતિનિધિ સન્મુખ જણાવ્યું કે, " હે રાજયમાતા!.... પૂર્વ જન્મના નિર્ણિત યોગોના કારણે અને લીધેલ પણના અંગે આપ આ જન્મે ભૂમિ ગુર્જરની મહારાણી

અને રાજ્યમાતા થયા છે. અને આ જન્મમાં આવા પ્રકારના લોકોત્તર દાનો તેમજ સત્કર્મોથી ભાવિ જન્મોમાં પણ તમારૂં કલ્યાણ થવાનું છે. એવું મને જ્ઞાનબળે દેખાતાં મે આપનું ત્રણે કુળનું પાપ ગ્રહણ કર્યું."

આ પ્રકારનું દાન ગ્રહણ કરનારો ઉચ્ચ કોટીનો સંસ્કારી, રાજ્ય અને રાજ્યકુળનો હિતાર્થી બ્રમ્હદેવ હોવો જોઇએ. એવી શાસ્ત્ર આજ્ઞા છે. જેમાં આર્થિક લોભનો વિચાર ન કરતાં, રાજ્યકુટુંબોના અને આપના કલ્યાર્થે પાપ ઘટતું દાન લેવા, એને આપના કુળોને મે તારવા નિશ્ચય કર્યો. પરન્તું સાથોસાથ યુકિતપૂર્વક આ જાતના દાનથી મારૂં બ્રહ્મકુટુંબ પાપમાં ન ડુબે. અને હું પણ સ્વકુટુંબસહિત નિર્મળ રહું તેને ખાતર, મેં લીધેલ દાન આપની સન્મુખ આ વિદ્વાન દુઃખી બ્રહ્મદેવને સંકલ્પ પૂર્વક અર્પણ કર્યું છે, આથી 'હે માતુશ્રી ? આપ હૃદયમાં જરાપણ ખોટું લગાડશો નહિ જેના યોગે પ્રાપ્ત થનારા પૂણ્યના બદલામાં આઠગણું પૂણ્ય ત્રણે કુળને પ્રાપ્ત થયુ છે અને આપના ત્રણે કુળોના દોષનું નિવારણ આ જાતના દાનથી થયું છે એમ આપે નિશ્ચય માનવું.

આ પ્રમાણે પુરોહિતનો ખુલાસો મેળવનાર અને તેની વફાદારી નજરોનજર જોનાર રાજમાતાએ, આ પુરોહિતના કુટુંબને એવી રીતના દાનથી સંતોષિત કર્યું કે, જેથી તેની સાતે પેઢીઓ તરી જાય. આ બ્રહ્મદેવ પણ રાજ્યમાતાને શુભાશિષ દઇ નિત્યકર્મમાં પ્રવૃત્ત થયા.

( ૫ )

## પ્રતિજ્ઞાની પૂર્ણાહુતી

આ પ્રસંગ રાજમાતા મીનલદેવીને તેમની લગભગ ૫૦ વર્ષ ઉપરાંતની પૂખ્ત વયે પ્રાપ્ત થયો હતો. આ ઘટના બાદ મહારાણી મીનલ દેવીના હૃદયમાં તરતજ પોતાના પૂર્વ જન્મની બાહુલોદતીર્થની લીધેલી પ્રતિજ્ઞા યાદ આવી. અને સોમેશ્વરથી અણહિલપુર પધારતાંજ ( રાજપુત્ર ) મહારાજા સિધ્ધારાજને તેમણે જણાવ્યું કે, ઉપરોક્ત તીર્થની યાત્રાએ જવું છે. જેનો પૂરતો પ્રબંધ કરી આપો. તેમજ મારી પૂર્વજન્મની પ્રતિજ્ઞાના પાલન અર્થે **"રાજ્ય તરફથી જે સ્નાનકર લેવામાં આવે છે તે કર નાબુદ કરવાનું રાજ્ય ફરમાન પણ મને લખી આપો."** કે જેથી રાજ્યમાતા તરીકેની મારી સાર્થકતા થાય. તેમજ મારા નિયાણાના ફળની પ્રાપ્તિ થાય.

રાજયમાતાના કુશળતાભર્યા રાજય વાહિવટથી તેમજ તેમની ઉચ્ચ કોટીની દૈવિક ભકિતથી પ્રસન્ન થયેલ મહારાજાએ ઉપરોકત તીર્થમાંથી આ જાતના કરનાયોગે પેઢી પર પરાથી ઉત્પન્ન થતી વાર્ષિક લગભગ ૭૨ લાખ રૂપીઆ જેટલી મોટી આવકને તીલજલિ આપી અને માતુશ્રી પ્રત્યેનો અવિચલ પ્રેમ સાબિત કરી આપ્યો તેમજ તે જાતનો રાજયખરીતો રાજયના સિકકા સાથે માતુશ્રીને સુપ્રત કરી તેની નોંધ રાજય દરબારે લેવરાવી.

પૂર્વ જન્મમાં લીધેલ પ્રતિજ્ઞાની પરિપૂર્ણહુતિ ગુર્જર નરેશનાં હાથે થવાનો જેમને યોગ પ્રાપ્ત થયો. એવા રાજયમાતાએ ( બાહુલોદ (શુકલતીર્થ) ની યાત્રાએ જવા અને ત્યાં) ઉચ્ચ કોટીના દાનાદી કાર્યોમાં પોતાની ખાનગી સવા કરોડ સુવર્ણની પૂજાની સામગ્રી સાથે લઇ બાહુલોદ તીર્થની યાત્રાએ જવા પ્રયાણ કર્યું.

આ તીર્થ પહોંચ્યા બાદ રાજયમાતાની દૃષ્ટિએ તીર્થસ્નાને આવેલ શિવભકત સાધુઓનું એક ટોળું કે જે, ત્રાસદાયક યોગે સ્નાન કર્યા વગર અશ્રુ સારતું પાછું ફરતું હતું તે, નજરોનજર તેમણે જોયું. આ સમયે તેમના હૃદયમાં ત્રાસનું એવું તો સચોટ પ્રતિબિંબ પડયુ કે, તે જોતાંજ તેમને ખાત્રી થઇ કે, જરૂર આ તીર્થની એધિષ્ટાયક દેવીએ મનેજ આ જાતના કરમાંથી ભાવિક ભકતોના ઉદય અને કર્મના વિયોગનાર્થેજ રાજકુળમાં જન્મ આપેલ છે.

( ૬ )

**૭૨ લાખનો સ્નાનકર જયદેવ માફ કરે છે.**

આ પાછા વળતાં સાધુઓને પોતાની સાથે લઇ રાજયમાતા તીર્થ સ્નાનાર્થે નર્મદાજીએ પધાર્યા. અહીં આવી યાત્રાળુઓના અતુલ સમૂહ સન્મુખ, રાજમાતાએ સાથે આણેલ કિંમતી એવી સુવર્ણ પૂજાથી આ તીર્થ સ્થાને રહેલ અધિષ્ઠાયક દેવની સર્વેના દેખતાં પૂજા કરી.

તુલાપુરૂષાદી મહાદાન, ગજદાન વિગેરે દાનો તેમણે અર્પણ કર્યા. તેજ પ્રમાણે મહારાજ સિધ્ધરાજે આ નદી સ્નાનાર્થે લેવાતો કર રદ કરવાનો રાજય ખરીતો તો અહીંના રાજય સુબાને સુપ્રત કર્યો. તે દિવસથી આ શુકલ તીર્થમાં લેવાતો કર ત્યારથી યાત્રાળુઓ માટે બંધ થયો

આ જાતના કર મુકત થએલ આ તીર્થ અંગે પુરાતત્વ સંશોધકો તેમજ ઇતિહાસકારો જણાવે છે કે, "શ્રી હેમચંદ્રાચાર્યે લખેલ દ્વાશ્રય કાવ્યની મૂળપ્રતમાં આ કરમુકતને લગતો "पट्टक" શબ્દ વાપર્યો છે." જેનો અર્થ ઇજારો અપાતો હોય તેને લગતું, ખતપત્રક એવો થાય છે.

તુલાદિ મહાપુરૂષ દાન શબ્દનો અર્થ, પોતાના વતન જેટલું સુવર્ણાદિ-દ્રવ્ય એવો થાય છે.

"ગજદાન એટલે-સુવર્ણાદિ આભૂષણોની અંબાડી સહિતનું હસ્તિદાન" જુઓ દ્વાશ્રય કાવ્યની મૂળ પ્રતોના શ્લોક તેમજ ઇતિહાસકારોના નિવેદનો.

રાજયમાતા મીનલદેવીએ કરેલ સોમનાથની યાત્રાનો, બાંહુલોદના તીર્થકરને મુકત કરનાર ખત્રપત્રના ઉલ્લેખો સૂરીશ્રીના સમકાલે લખાયેલ ચરીત્રને લગતા નિબંધોમાં પરિપુર્ણતાથી મળી રહે છે.

રાજમાતા મીનળદેવીને આ જાતના બે પ્રકારના મહાદાનોથી એવી જાતનું અભિમાન પ્રાપ્ત થયું કે મારા જેવી ગુર્જર કુટુંબમાં કોઇપણ દાનેશ્વરી રાજ્યમાતા અથવા રાજ્ય રાણી થઇ નથી. અને થવાની પણ નથી.

( ૭ )

## મહારાણી મીનળદેવીની સ્વપ્ન સૃષ્ટિ.

આ જાતનો વિચારમાં અને અભિમાનમાં કુલાઇ મીનળદેવી એક રાત્રીએ નિંદ્રાવશ થયા. તેજ રાત્રીના ચોથા પ્રહરે ખૂદ સોમેશ્વર દેવે મહારાણીને સ્વપ્નમાં તપસ્વી વેષે દર્શન દીધાં. અને જણાવ્યું કે, 'હે રાજ્યમાતા! આ તીર્થમાં (સોમેશ્વરમાં)યાત્રાએ આવેલ એક યાત્રાળુ (કાપડીસ્ત્રી) અહીં મારા મંદીરમાં જ વિદ્યમાન છે તેની પાસેથી તું તેનું પુણ્ય માગી લે?

આટલું જ કહી દેવ અંતરધ્યાન થયા "આ સમયે સ્વપ્નમાં જ રાજ્યમાતાએ પોતાને દેવનાં મંદિરમાંજ ઉભેલી જોઇ."

રાજ્યમાતાએ દેવાજ્ઞા મુજબ તરત જ પોતાના સુભટોને આ કાપડીસ્ત્રીને શોધી લાવવા જણાવ્યું. તરતજ એક સુભટે આ કાપડી સ્રીને ત્યાં હાજર

કરી. મંદીરમાં જ પોતાની સન્મુખ હાજર થએલ આ કાપડી બાવી પાસેથી મહારાણીએ પ્રેમપૂર્વક યાત્રાનું પુણ્ય માંગ્યું. ત્યારે તેણીએ દ્રઢતાથી જણાવ્યું કે, "આ પુણ્ય હું કોઇપણ પ્રકારે અર્પણ કરી શકું એમ નથી. કારણકે તે અણમોલ અને આત્મ કલ્યાણકારી છે."

ત્યારે રાજયમાતાએ જણાવ્યું કે, હે યોગીની ! અહીં સુધી યાત્રાએ આવતાં આપને શો ખર્ચ થયો છે !"

ત્યારે તેણીએ જણાવ્યું કે, હે રાજયમાતા ! મારૂં જીવન ભિક્ષુકી તરીકેનું હોવા છતાં, યાત્રાનો નિર્ણય કરી, આ તીર્થ સ્નાનાર્થે ૮૦૦ માઇલ દુરથી હું અહીં આવી છું. આગલે દીવસે તીર્થોપવાસ કરી, પારણાને દીવસે એક પુણ્યશાળી પાસેથી માત્ર (સાથવો) પ્રાપ્ત કર્યો. તેમાંથી એક કટકાને સોમેશ્વરજીને નિવેદ તરીકે ધરી, બીજો ભાગ અતિથીને આપી, બચેલ ભાગથી મેં પારણું કર્યું છે.

આ પ્રમાણે મે સોમેશ્વર દેવની ભકિતપૂર્વક સેવા કરી છે.

'હે માતુશ્રી ! આપ પુણ્યશાળી છો. આપના પિતાશ્રી, બંધુઓ, અને પુત્ર એ બધાએ રાજવીઓ છે. અને આપ બાહુલોદ્ જેવા મહાન તીર્થનો કર રદ કરી અધિષ્ઠાયક દેવનું પૂજન કર્યું છે. તેમાં આપે પૂર્વજન્મના જ્ઞાની તરીકે મહાન પુણ્ય ઉત્પાર્થન કર્યું છે. તો પછી, મને આશ્ચર્ય થાય છે કે, આપ જેવાને મારા જેવી બાવીના પુણ્યથી કઇ જાતની અધિકતા રહે છે ? આપ જો ગુસ્સે ન થાઓ, તો આપને હું સાચી રીતે બે શબ્દો દેવમંદીરમાં જ પ્રભુ સનમુખ જણાવું છું કે, "ખાસ રીતે તમારા પુણ્યથી મારૂં પુણ્ય પૃથ્વી ઉપર અધિક ચઢિયાતું છે. કારણકે, સંપત્તિવાળી **(૧) સ્થિતિમાં સંયમ રાખવો, (૨) શકિત હોય છતાં સહન કરવું, (૩) જુવાનીમાં ઇંદ્રિયવશ રાખવાનું વ્રત પાળવું અને (૪) દારિદ્ર સ્થિતિમાં થોડુંઘણુ પણ દાન કરવું. એ સર્વે મહાન લાભને આપનારા છે.**

તેજ પ્રમાણે મેં દારિદ્રભરી સ્થિતિમાં પણ, પ્રાપ્ત થએલ ખોળ. કે જે, ગાય અને ભેંસને અપાય છે તેથી પણ સંતોષ પામી ઉપવાસનું પારણું કરી પ્રભુને હૃદયના ચઢીયાતા ભાવપૂર્વક સંતોષ્યા છે. તો ? આ જાતનું મારૂં કર્મ તમારા પુણ્ય કરતાં ઘટે ? કે ચઢે ?

આ પ્રમાણેનાં યુક્તિપૂર્વકના વાકયોથી સ્વપ્નમાંજ મહારાણીના ગર્વનો વિનાશ થયો. તેણીએ આ સાધ્વીને નમસ્કાર કર્યો. તદ્પશ્ચાત તરતજ સોમેશ્વર ભગવાને સ્વપ્નમાં તેમને દર્શન દીધાં. તે દીવસથી નિરાભિમાની બની દાનેશ્વરી રાજ્યમાતા મીનળદેવી સદોદિત પ્રવૃત્તમાન રહેતા હતા જેમાં શાંતૂ અને મુંજાલ મંત્રી તથા શ્રી દેવચંદ્ર આર્ય અને કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના ઉપદેશનો લાભ તેઓને મળતો. અને તેમણે આ પ્રમાણેના ઉચ્ચ કોટીના સદ્યોગોએ પોતાના જીવનની સાર્થકતા એક આદર્શ માતુશ્રી તરીકે કરી.

અનેક વખતે રાજ્ય મંદીરે શ્રી દેવચંદ્રસૂરી, શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી દેવેન્દ્રસુરી, શ્રી વાદી શાંતિસૂરીજી વગેરે પધારતા. રાજયમાતાની ધાર્મિક દ્રઢતા સુદ્રઢ થાય તે પ્રમાણે તેમને ધર્મોપદેશ આપતા. અને રાજયમાતા તેમના ઉપદેશ પ્રમાણે યથાશકિત ધર્મસેવા બજાવતા.

આ કાળે રાજય પુરોહિતો પણ રાજ્ય માતાને અવારનવાર ધર્મોપદેશ આપતા. જેનો લાભ પણ તેઓ પરિપુર્ણતાથી લેતા.

આ રીતે રાજય માતાનું વૈધવ્યાવસ્થાનુ જીવન, તેમજ તેમની ભર-યુવાની અને ઉત્તરાવસ્થા એવી રીતના ઉચ્ચ સંસ્કારોથી સત્સંગમાં, પૂર્વ-જન્મનાં જ્ઞાની આત્મા તરીકે પરિચિત થએલ હતી કે, જેમાં તેમને માટે કોઇ પણ જાતની શંકાનું સ્થાન રહેતુંજ નથી. આવી માતાઓ ભાગ્યેજ રાજ્ય કુળને પ્રાપ્ત થતી હોય છે. ધન્ય હો આવી રાજ્યમાતાને અને તેમના રાજયકુળોને.

## પ્રકરણ ૧૯ મું.

### શુકલ તીર્થની મહત્તા અને રત્ન પરિક્ષા

શુકલ તીર્થમાં આવેલ રેવા (નર્મદા) નદીમાં ઉત્પન થતા રત્નોનો ઉલ્લેખ કરતાં પ્રાચિન ગ્રંથકારો જણાવે છે કે "પૂર્વકાળે ભૃગુકચ્છ નગર (ભરૂચ) નજદીક રેવા નદીના તટ પાસે, ચારે દીશાના દેવોથી રક્ષણ કરાતું શુકલતીર્થ નામનું મહાનતીર્થ છે. આ તીર્થના પુર્વ ભાગમાં ઇન્દ્ર મહારાજે રત્નોના પર્વતો રાખ્યા છે. તેના રક્ષણાર્થે શ્રૃંગાર શ્યામાક્ષી નામની અધિષ્ઠાય દેવી સ્થાપી છે, આ પર્વતમાં ગરૂડને વમન થયું. અને તે વમનથી મણિકાલા નામની મોટી નદી ઉત્પન્ન થઇ.

આ શુકલ તીર્થના કેદાર કુંડના નિર્મળ જળમાં ઇંદ્રિ પુજિત ત્યાં રહેલ કેદારનાથ નામના ભૈરવની અંગે વર્ણન કરતો અને તેની પુજા વિગેરેની વિધિ દર્શાવનારો ગ્રંથ "ભૈરવો પાસના ધ્યાયકલ્પ" વિદ્યમાન છે. તેમાં દર્શાવ્યા પ્રમાણે આ ભૈરવની પુજા કરવાથી લાભ થાય છે.

આ તીર્થમાં ઉપરોકત મણિકાલા નદીમાંથી **ગલજીભીની** (અર્થાત ભોપાથરી) નામની ઔષધિનો લેપ કરી રત્નોને ઇચ્છનારો પુરૂષ, નદીમાં અનેક જાતની મનોકામના પૂરા કરનાર રત્નોને જોઇ શકે છે અથવા શોધી શકે છે.

તે દરેક મણીમાં ઇંદ્રવજ્ર સ્થાપિત છે. અર્થાત વજ્રનું તેજ દરેક મણિમાં અલૌકિક રીતે રહેલું છે. કુબેર ભંડારી દેવે પ્રત્યેક મણિમાં નીધિ રાખેલ છે. દરેક મણિમાં મહાદેવે મંત્રનો સાર સ્થાપિત કર્યો છે. અર્થાત દરેક મણિ મંત્ર યુકત છે.

આ મણિઓમાંના કેટલાએક મણિઓ સાધકની આજ્ઞા પ્રમાણે ફળ દેનારા, કેટલાએક આકાશ ગતિગામિ, કેટલાએક રૂપો ધારણ કરવાની શકિતઓ

આપનારા, અને કેટલાએક મણિ અનેક જાતના પાપોનો નાશ કરનારા હોય છે.

જેમાં કેટલાએક મણિ કોઢ વિગેરે રોગને હરનારા—કેટલાએક અણુચીંતવ્યા કર્મ વિના પણ ફળ દેનારા, કેટલાક વંધ્યાદોષ હરનારા, કેટલાક વૈધવ્યતાના દોષનું નિવારણ કરનારા, તથા પ્રજા પુત્રી પુત્ર વિગેરેનું સુખ દેનારા છે.

તે સર્વે મણિઓ (રત્નો) સારા વર્ણ મડલું નાના પર્ણ રૂપ રેખા તે બધા પ્રકારનાં લક્ષણ યુકત હોવાથી તે શુભ યા અશુભ છે તેની પરીક્ષા પણ થઇ શકે છે.

જે મણિઓ બહારના ભાગમાં મધનાજેવી કાંતિવાળા, મધ્યના ભાગમાં નિર્મળ, નીચેનાં ભાગમાં સુવર્ણના જેવી કાંતિવાળા, અને નાલિન જેવા મંડળો વડે શોભિતા હોય તે મણિઓ શ્રેષ્ઠ જાણવા.

**(૧) નરસિંહ મણિ :—**

નરસિંહ ભગવાનના મુખ જેવા મંડળવાળો ત્રિમુખ મનોહર રેખા યુકત જે મણિ હોય તે નરસિંહ મણિ સમજવો અને તે મનવાંછિત કામના પુરનારો ગણાય.

આ મણિ સર્વ પ્રકારે સૌભાગ્ય ઉત્પન્ન કરતા તેમજ સર્વ શત્રુઓનો નાશ કરનારો છે. આ મણિનું ચરણોદક પીવાથી પાપ અને રોગો દુર થાય છે. તેજ માફક આ મણિનું હંમેશ શાસ્ત્ર વિધિ પ્રમાણે પુજન કરવાથી મનોવાંછિત સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

**(૨) નીલકંઠ મણિ :—**

આ મણિ ડાંગર—(પ્રહકાળાના) ફુલ સમાન શોભિત શ્વેતવર્ણી મનોહર કાલી રેખાઓથી વીંટળાએલ આ મણિ અક્ષત હોય છે. અર્થાત ખરબચડો ખોડ ખાપણ વગરનો હોય છે.

આ મણિના મસ્તક ઉપર શેષ નાગની જેમ મધ્યમાંથી ચારે દીશાએ છત્રીની જેમ પ્રસરતી રેશાઓ સ્પષ્ટતાથી દેખાતી હોય છે. જેનો પાછલા ભાગનો રંગ કંઇક રતાશ પડતો હોય છે. જેની બહારની તેમજ અંદરની

કાંતિ ઉત્તમ શોભાવંત હોય છે આ પ્રમાણેનાં લક્ષણ યુકત જે હોય તે નીલકંઠ મણિ કહેવાય છે.

આ નીલકંઠમણિનું ચરણોદક આરોગવાથી અસાધ્ય કોઢ વિગેરે રોગોનો સમુળથી નાશ થાય છે. તેમજ આ મણિનું નિયમિત ભકિત સાથે વિધિપૂર્વકનું પુજન કરવાથી, આ લોકમાં નાના પ્રકારના ભોગ અને પરલોકમાં મોક્ષની પ્રાપ્તિ થાય છે.

(૩) ચોસુખમણી :-

આ મણિ સ્પર્શમાં સુંવાળો કાધા વિનાનો ગોળાકાર, નાનો, અધિક કાંતિવાળો ધોળી રેખાઓ વડે યુકત અને ધોળાં ધુંમરાવાળો જાણવો.

ઉપર પ્રમાણેનાં જણાવેલા રોગોનો નાશ અને ભોગોની પ્રાપ્તિ તેમજ મોક્ષનું સાધન આ મણિથી થઇ શકે છે.

(૪) ગરૂડમણિ :-

સુવર્ણરંગી અત્યંત સુંવાળો અંદરનાં ભાગમાં પાર દર્શક અત્યંત પ્રકાશિત અને બહારના ભાગમાં કાંઇક ફાટલી ઝાંઇ પડતો દેખાવ દેનારો, અને ગરૂડપક્ષીનાં જેવા ઘુમરાઓથી વીંટળાએલો હોય છે.

આ જાતના કેટલાક મણિઓમાં ઘુમરાઓ હોય છે, તેમાં કેટલાક ધોળા કાળા અને પિળાશ પડતા અરૂણ વર્ણવાળા અપૂર્વ લક્ષણવંત હોય છે.

આ ગરૂડમણિ અનેક જાતના ઝેરને હરનારા તેમજ પાપનો નાશ કરનારા હોય છે. જેનાં ચરણોદક પાનથી અસાધ્ય રોગોનું નિવારણ થાય છે.

(૫) મણિરાજ :-

આ મણિ સેવાળ જેવા રંગવાળો હીરા જેવો ચમકતો, મધ્ય ભાગમાં આકાશના રંગને મળતો, અને ઉગતા સૂર્ય-મંગળ. વિગેરે સર્વે ગ્રહોનાં ચિન્હથી યુકત હોય છે. આ મણિના ઓળખાણમાં વધુ ઉલ્લેખ મળે

છે કે, તે આઠમના ચંદ્રમા જેવી રેખાઓ જેવા પ્રકાશમાન મંડળવાળો અને મંડળ વિગેરે સર્વે ચિન્હોથી યુક્ત હોય છે.

આનું શાસ્ત્રોક્ત પૂજન કરવાથી સર્વે પ્રકારની શાંતિ, અનેક પ્રકારના જાણ્યા-અજાણ્યા પાપોને બાળી ભસ્મ કરનાર, અને અનેક પ્રકારના ઝેરોનો તે શત્રુ સમાન છે. તે સર્વે પ્રકારના સૌભાગ્યને દેનારો, મનોવાંછિત ફળદાતા અને મન ઇચ્છીત કામનાઓ પૂર્ણ કરનાર છે.

(૬) હંસગર્ત :-

આ મણિ ગોળાકાર-સુંવાળો અને અંદરથી હીરાની માફક કાંતિમય હોય છે. ઉપરના ભાગમાં બ્રહ્મ બિંદુજેવી કાંઇક ઝાંખી જેના ઉપર પડતી હોય છે. જેનો રંગ જળભરેલા વાદળા જેવો હોય છે. અને તે "મણિરાજ" રત્નનાં જેવોજ લક્ષણ યુક્ત હોય છે આ મણિ સઘળા વિઘ્નો વિનાશક છે. જેનાં પૂજનથી પાપનો નાશ થાય છે. અને ચર્ણામૃતનાં પાનથી બુધ્ધિ બળ વધે છે.

(૭) અરૂણવર્ત :-

અલતા જેવી કાંતિવાળો (લાક્ષી રસ પ્રભ) નિર્મળ, ઉત્તમ ગોળાકાર નિશ્ચયે કરી નાનો હોય છે. અને અરૂણ એટલે રાતા ઘુમરાઓથી યુક્ત હોય તે મણિ અરૂણાવર્ત કહેવાય છે.

આ મણિ નેત્રની હરેક પ્રકારની પીડાંઓને મટાડનારો અને નેત્રોને સુખદાતા બને છે.

(૮) તક્ષકમણિ :-

તક્ષક નાગના જેવા ચિન્હોવાળા ઘુમરાઓથી યુક્ત શ્વેત રેખાઓ વડે શોભિતો હોય છે.

આ મણિની વિધિપૂર્વક મંત્રતંત્ર શાસ્ત્ર વિધિથી ભક્તિપૂર્વક પૂજા કરવામાં આવે તો તે, મારણ, મોહન, સ્તંભન, ઉચ્ચાટન, વશીકરણ, વિદ્વેશન, એ છ પ્રકારના કર્મોને દેનારો છે.

જેના ચરણામૃતથી મહાન ઝેરોનો વિનાશ થાય છે. અને પાપોનો નાશ થાય છે. જેનાથી સર્પ ભય પણ દુર થાય છે.

આ મણિના શાંતિ પાઠથી અનેક પ્રકારનાં કાર્યોની સિધ્ધ થાય છે. જેનાં શાંતિપાઠ સમયે સ્વાધ્યાય, દાન, અધ્યાપન અને પતિગ્રહ, એ દરેક પ્રકારની વિધિ યુક્ત ભકિત ભાવની પૂજાથી છ પ્રકારના કર્મોને· આ મણિ દેનારો છે.

### (૯) હનુમાનમણિ :-

આ મણિ મેઘના જેવી કાંતિ વાળો, નાનો નિર્મળ કાંતિના સમુહથી શોભતો, જાતે કાળી અનેક રેખાયુકત વિવિધ રૂપવાળો અને થોડો ગોળ અત્યંત ચીકણો હોય છે.

આ હનુમાનમણિ ભૂત. પ્રેત અને પિશાચાદિના ભયંકર દોષોનો નાશ કરનારો છે.

### (૧૦) શેષમણિ :-

આ મણિ નાનો ગોળાકાર અતિ નિર્મળ, સુંવાળો, ચંદ્રનાં જેવો શુશોભિત. એવા આ શેષમણિનાં ચરણોદક વડે ઝેરી સર્પોનું ઝેર અને સોમ વિગેરે ઝાડોના તથા તેવાજ અતિતીક્ષ્ણ ઝેરનો વિનાશ કરનારો છે.

### (૧૧) મયુરમણિ :-

મોરનાં આકાર જેવો મનોહર, કાળી આંખથી શોભિત, ન્હાનો કોમળ, અતિનિર્મળ, મધ્ય ભાગમાં આકાશજેવો, ધુમરાઓની પંકતિમાં મોરપિછના આંડલા જેવી કાંતિમય ઘેરાયેલો, જે મણિ હોય તે મયુરમણિ જાણવો.

આ મણિથી દરેક પ્રકારનાં વિષોનો નાશ થાય છે. જેનાં ભકિતપૂર્વક પુજનવડે સર્વે પ્રકારનાં સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. તેમજ તેનાં ચરણોદકનાં પાનથી વિંછીનું ઝેર, લોહીના ઝાંડા, અને નેત્રરોગ મટે છે. તેમજ કાન અને પેટનાં ભયંકર શુળો, તેમજ બીજા અનેક જાતના વ્યાધિઓ પણ મટે છે.

(૧૨) કૌસ્તુભમણિ :-

બપોરીયાના ફુલનાં રંગવાળો, લાલરેખાઓથી દેદીપ્યમાનલાલ આવર્તવાળો ન્હાનો, નિર્મળ, સારી રીતનો કોમળ જે મણિ હોય તેને કૌસ્તુભમણિ જાણવો.

જેનાં ચરણોદક પાન વડે રોગોનો નાશ થાય છે. અને ભકિતથી, પુજન વડે અનેક પ્રકારના મનોરથોની પ્રાપ્તિ થાય છે. જવરાદિક રોગોનો ખાસ હરનારો, તેજ માફક કમળારોગનો વિનાશ કરનારો રકતક બંધુંજીવક તેમજ દુપહરિયા નામથી પણ આ મણિ ઓળખાય છે.

(૧૩) શુક મુખ મણિ :-

આ મણિ ધોળા અને કાળા રંગનો થોળા બિંદુથી વિભુષિત હોયછે-જેનાં ચરણોદકથી સર્વે પાપોનો નાશ થાય છે- અને ભકિત પૂર્વકની પૂજાથી પ્રિયકર મનોરથો પ્રાપ્ત થાય છે.

(૧૪) કુબેરમણી :-

કાળા કમળના પત્ર સમાન કાંતિવાળો કાળી રેખા યુકતસાક્ષાત કુબેર ભંડારસમ ધનદાતા એવો આ મણિ શંકારહિત ફળદાતા મનાય છે.

કુબેર યક્ષ જંગમ હોવા છતાં ધનદ-પદને પ્રાપ્ત થએલ છે, જે પોતાના જંગલતત્ત્વ ગુણોને લીધે સર્વે દેવાદિ પાસે જઇ તેમને દ્રવ્ય પ્રધાન કરે છે પરન્તુ આ મણિ સ્થિતિશીલ હોવાથી જંગલ ધનદ સમાન સર્વને દ્રવ્ય પ્રધાન કરવામાં એ પોતાની ઉદારતા માને છે. જેના અંગે આ મણિને ધનદ મણિની ઉપકમા પણ આપવામાં આવી છે.

(૧૫) બિડાલ મણી :-

અનેક પ્રકારના રંગોને ધારણ કરનારો નિરંતર જાતજાતની રેખાઓથી દેદીપ્ય-મીંદડાના નેત્રો જેવા ચીન્હોવાળો આ મણિ બિલાડ નેત્રમણિ (લશણીયો) કહેવાય છે.

આ મણિ સમગ્ર શત્રુઓનો નાશ કરનારો છે-અઢી રેખા યુકત આ મણિ જેને પ્રાપ્ત થયો હોય તે ઘણું સંપૂર્ણ ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે.

**(૧૬) લક્ષ્મી તીલક:-**

આમણિ-કમલપત્ર સમાન કાંતિમય શ્વેતરેખાઓથી પ્રકાશમાન હોય છે. આ મણિ નિધિના વિધાન અને લાભને દેનારો છે.

**(૧૭) લક્ષ્મીપતિ:-**

આ મણિ પાકેલા જાંબુના ફળસમાન શોભિતો બધા રંગના બિંદુઓ મય હોય છે. તે સર્વે પ્રકારનાં લાભને દેનારો છે.

**(૧૮) કૃષ્ણમણિ:-**

આ મણિ આંમળાના ફળજેવો, બિંદુઓવાળો પ્રકાશમાન અને ન્હાનો હોય છે. યથાવિધિથી આ મણિના ચરણોદક સેવનથી પુણ્ય લાભની પ્રાપ્તિ થાય છે.

ચંદ્રના મંડળ જેવો વિવિધ આવર્તો યુકત, ચંદ્રિકાઓથી વિરાજીત જેનાં અંતરિક્ષમાં આકાશ જેવો નિર્મળ, બહારના ભાગમાં બાલચંદ્રસમ પ્રકાશિત, સમર્થ, અને પ્રભુ સમાન અચિન્ત્ય ફળ દેનાર, પાપોથી છોડાવનાર, જે મણિ પુજ્ય હોય તે સર્વે વ્યાધિ હરનાર, અને ભોગ અને મોક્ષને દેનાર થાય છે.

પ્રખર રેખાઓનો વિચાર કરી શુભલક્ષણવાળા મણિઓનોજ સાધક પુરૂષોએ ઉપયોગ કરવો.

દરેક મનુષ્યને પોતપોતાના ભાગ્યનુંજ ભોગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

## શુકલ તીર્થની મહત્તા અને રત્ન પરિક્ષા

મણીઓથી સાધકોને કઇ રીતે ફળની પ્રાપ્તિ થઇ શકે. નર્મદા નદીના પટમાં રહેલ દેવાંસી મણીઓના લક્ષણોનું વર્ણન કર્યાબાદ તેના ગુણ દોષનુ

વર્ણન કરતા–ગ્રંથકાર સુરિશ્વરજી જણાવે છે કે:–

જ. ૧. જે મણીમાં લાલ રેખા હોય તે મણી મંત્રની સિધ્ધિ કરનારો જાણવો.

૨ કાળી રેખાવાળો મણી ધન અને પુત્રની પ્રાપ્તિ આપનારો છે

૩ પાંડુરંગની રેખાવાળો મણી, પાપનો નાશ કરનારો ગણાય.

૪ કમળ સમાન રેખાવાળો મણી, નાના પ્રકારના ભોગ દેનારો ગણાય.

૫ લુખીરેખાવાળો મણી, મનમાં ચિંતા ઉત્પન કરાવનારો, કાળા વર્ણની લુખી રેખાવાળો દરિદ્ર દેનારો અને ધર્મ નાશક ગણાય.

દરેક મણીઓ મનુષ્યને પોતપોતાના ભાગ્યાનુસારેજ ભોગ અને મોક્ષ દેનારા છે. છતા ભાગ્યાત્માઓએ શુભ લક્ષણવાળા મણીઓ–તેની રેખાઓ તથા ગુણનુ નિરક્ષણ કરી પછીજ તેના સાધક બનવું.

શુભ લક્ષણવાળા મણીઓની પ્રાપ્તિ બાદ–શ્રી કેદારેશ્વર યાત્રાએ જવું. પછી મણીના જેવડીજ ગુગળની ૧૦૮ ગોલીઓ બનાવી આ ગોલીઓ કેદારેશ્વર મહાદેવના લક્ષણ પર મુકવી.

**સાધના અને પુજન વિધિ.**

સાધક શ્રી કેદારેશ્વરના બાણને યથા વિધિથી સ્નાન કરાવે લઘુરૂદ્ર અથવા મહારૂદ્રથી શકિતનુસાર પુજા કરે પછી ગુગળની ૧૦૮ ગોળીઓને હાથમાં લઇ ૐહીનમ: મંત્ર જાપ જપતા જઇ દરેક ગોળી મંદિરના ચોકમાં હોમવી પછી ત્યાં રહેલ ભૈરવની પુજા કરવી અને શ્રી કેદારેશ્વરના લિંગ પર મણી મુકી પછી આ મણી પોતે ભાવ પૂર્વક ગ્રહણ કરવો.

ત્યારબાદ રત્નગિરિ શીખર પર જઇ ત્યાંના કુંડમાં સ્નાન કરી ત્યાં રહેલ દેવીના ખોળામાં તે મણિ મુકવો.

પછી શ્રી ગરૂડજીએ સ્થાપીત **શ્રી ગરૂડેશ્વર** મહાદેવના મંદીરે જઇ શ્રી કેદારેશ્વર મહાદેવના મંદીરે જે પ્રમાણે મણિનું પુજન હતું તે પ્રમાણે પુજન કરવું આ સમયે અને આ સ્થળે **ૐશ્રીનમ : સવાલક્ષ પ્રમાણ જાપ કરવો.**

આ પ્રમાણે શુદ્ધ વિધિપૂર્વક મણીને ગ્રહણ કરનારો ભાગ્યાત્મા મણીના ભેદો પ્રમાણે ફૂલની પ્રાપ્તિ કરે છે, જેમાં મંત્રવાદી મણીને મંત્ર સિધ્ધ બનાવે છે તેજ પ્રમાણે સંસારીઓ અષ્ટ મહાસિધિઓની પ્રાપ્તિ કરે છે, અને મુમુક્ષ સાધકો–મોક્ષની પ્રાપ્તિ કરે છે, આ પ્રકારનું ફળ સાધકોને તત્કાલિત્ત પ્રાપ્ત થાય છે અને ઇચ્છીત સમયે મણી ધાર્યા પ્રમાણે ફલ દેનારો સિધ્ધ બને છે.

આ પ્રમાણે મણી પ્રબંધનું દર્શન કરાવ્યા, બાદ, ગ્રંથકાર સૂરિશ્રી જણાવે છે કે, જે મનુષ્ય પ્રભુનો ગુણાનુરાગી હોય, તેમજ તે સદાએ સુકૃતનો લાભ લેતો હોય, અને ધર્મના તત્વજ્ઞાનને પામેલ હોય તે મનુષ્ય પછી ભવિષ્યતાના યોગે, ક્રોધ, દોષ, અને કામ રૂપી અવગુણવાળો હોય તો પણ તે મનુષ્ય લક્ષ્મી અને ધનની પ્રાપ્તિ કરી શકે છે. ને તેનું જીવન–સુધારી શકે છે.

૩ તે મહાનુભાવનેજ ધર્મ, લક્ષ્મી, અને માનની પ્રાપ્તિ થાય છે. જેના હાથે ભાવપુર્વકનો દાનપ્રવાહ, વહેતો હોય, અને સુકૃત્યો થતા હોય છે. તેને આવા ઉચકોટીના ફળદાતા રત્નોની પ્રાપ્તિ થતી હોય છે.

૪ તે ભાગ્યાત્માજ ઉચકોટીનો ધર્માત્મા અને સાધક બની શકે છે કે, જે સંયમરાગમાં મગ્ન રહેતો હોય તેનેજ અષ્ટ મહાસિધિ અને નવનિધાનની પ્રાપ્તિ થતી હોય છે, તેમાં કામ ક્રોધ અને અનેક પ્રકારના દોષોનુ નિવારણ પણ જલદીથી થઇ તે ઉમંગથી અરાધક બની શકે છે.

ભલે કોઇ ભાગ્યાત્મા અનેક પ્રકારના અવગુણોથી ભરેલો હોય છતા તે પુરૂષ સદકૃત્યનો લાભ લેતો હોય, સદગુરૂનો સમાગમી બનેલ હોય તો તે, આત્મા કાળે કરી ધર્મને પામી શકે છે અને સ્વ અને પરનું કલ્યાણ કરી શકે છે. પણ આ બધુ એ કયારે બને કે જયારે દેવ ગુરૂ, અને ધર્મ પર પુરતી શ્રદ્ધા હોય ત્યારે.

૬ તે પુરૂષજ વિતરાગ ધર્મને પામી શકે છે કે જે, પ્રભુના ગુણોનો રાગી હોય. સુકૃતોનો સદા લાભ લેતો હોય. અને જ્ઞાન પ્રાપ્તિના માર્ગનો સદા ભાગીદાર બનતો હોય. તેને અનુમોદનકારક તરિકેના પુણ્યની ભાગીદારીનો પણ ભાભ મળતો હોય છે. અને ભવાનંતરોમાં ઉચ્ચગતિ પ્રાપ્તિ થતી હોય છે.

આ ગ્રંથમાં બતલાવેલ "મણી કલ્પ"ના સાધકોને મણીઓના ગુણોમાં પ્રેમ થાય, મણીઓની યથાવિધિ પુજા કરતા પુણ્યનો લાભ થાય, વિધિપુર્વક પુજાતા મણીઓ સતેજ ઇચ્છિત પ્રાપ્તિ દેનારા અને તેવા શુભ લક્ષણવાળી મણીઓની પ્રાપ્તિ એ ઇષ્ટતાને દેનારી હોય છે ઉચ્ચકોટીના મણીઓની પ્રાપ્તિ બાદ જે પુરૂષ વીતરાગ ધર્મને ભૂલી માત્ર એશ આરામ અને ધન પ્રાપ્તિમાંજ જીવન ગાળનારો બને છે, તે ભવાંતરોનું ભાથું બાંધી શકતો નથી માટે મીથ્યાભીમાની બન્યા વગર દરેકે યથા શક્તિ—સુકૃતનો લાભતો લેવાજ રહેવો, અને-વિતરાગ ધર્મના રાગી બનવું તેમાંજ જીવનની સાથકતા છે.

અહી આ મણી પ્રબંધને લગતું આટલુ વિવેચન કરી. અમો વાંચક બંધુઓને જણાવીએ છીએ કે મણીઓની પુરતી પરીક્ષા ઝવેરીઓ અથવા તો જ્ઞાનીઓ પાસે કરાવ્યા પછીજ, તના ગ્રાહક બનવું, નહિ તો દોષવાળા મણીના પુજનથી રોષ થાય, અને તેનાથી દરિદ્રતા પ્રાપ્તી થાય માટે ખાસ સતેજ બની શુભ મણી અને સદકૃત્યના સદાએ ગ્રાહક બનવું.

આવા અણમોલ રત્નો અને દૈવિક ઔષધિઓ ધરાવતા શુકલતિર્થ ધર્મ ક્ષેત્ર ધરાવનારો મહાન ભાગ્યાત્મા ગુર્જર દેશ અને તેના ભાગ્યવિધાતા નરેંન્દ્રો અને શાસકો માટે ભરૂચ બંદર અને શુકલતીર્થ પટ અને નર્મદા નદી ગુર્જર દેશની રક્ષક, સહાયક, અને કામધેનુ તુલ્ય હતા.

કીમતી અલંકારોમાં આવા રત્નો—વિદ્યમાન છે. તેજ માફક ગુર્જરાધિપતિ મહારાજના રત્ન ભંડારમાં, રાજમુગટમાં, તેમજ કીમતી અલંકારોમાં અનેક વિત્ર પ્રકારના અણમોલ રત્નો તેજ માફક પ્રભુના મુગટોમાં, આવા રત્નો અલંકારરૂપ ગણાય છે. કુંડલો, અને હારોમાં કીમતી રત્નોના દર્શન થાય છે.

અનેક ભાગ્યાત્માઓ પાસે કીમતી એવા રત્નોની રંગબેરંગી પ્રતિમાઓ વિધ્યમાન છે કે, જેને સફેત નિર્મળ જળમાં મુકવામાં આવે તો, જળનો રંગ પ્રતિમાના રંગનાં જેવો પ્રભાવિક અને ચળકાટમય બને છે. કાશ્મીર–નેપાલ મેવાડ, હૈદરાબાદ, મૈશુર–વડોદરા–અને કોલ્હાપુરના રાજ ભંડારોમાં તેમજ શ્રી નાથજી–કેશરીયાજી–એકલીંગજી અને ભારતના અનેક દેવાલયોમાં–આવા અણુમોલ રત્નોના દાખીનાંઓ સમજાય છે.

શ્રી ભકતામર સ્તોત્રના રચીયતા શ્રી **માનતુંગ** સુરિએ, આ પ્રબંધની રચના કરી છે તે ઉપયોગી હોવાથી અમો અત્રે રજુ કરીએ છીએ.

૫ જેઓ **લઘુશાંતિ** અને **તિજયપહુત** સ્તોત્રના કર્તા, શ્રી માનદેવ સુરિના શિષ્ય અને તપગચ્છના વીશમા પટધર–અને મહાન પ્રભાવિક હતા, જેમનું (ભયહર) સ્તવન તેમજ ભકતામર સ્તોત્ર મહાન પ્રભાવિક અને સિદ્ધ મનાય છે.

જેમને પહેલાં દિગંબર સંપ્રદાયમાં દીક્ષા લીધી હતી. કોઈ સુયોગે તેમની બ્હેનના પ્રતિબોધથી તેઓ જૈનાચાર્યના સમાગમમાં આવ્યા, અને શ્વેતાંબરી દીક્ષા સ્વીકારી હતી જેમનો રચેલો આ મણી પ્રબંધ–વાંચકોને ફળદાતા બનો અને અભવ તેમજ પરભવના વાંચકોનું કલ્યાણ થાવ.

રાજમાતા મીનળદેવીએ તીર્થ સ્નાનનો વાર્ષિક ૭૨ લાખનો કર રદ કરાવવા નીમાણું બાંધી જન્મ ધારણ કરેલ હતો અને મહાન કાર્યની સિદ્ધિ કરી ઉચ્ચગતિની આરાધના કરી હતી.

# ખંડ ૨ જો

## પ્રકરણ ૧ લું.

### શ્રી હેમચંદ્રાચાર્ય અને મહારાજા સિધ્ધરાજ

પાટણના જૈન ઉપાશ્રયમાં સમર્થ જૈનાચાર્યો. **જીનેન્દ્ર વ્યાકરણના** આધારે **શબ્દાનું શાસન** ગ્રંથની રચનામાં ગુંથાયા હતા. શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય તેમાં જીવનની સાર્થકતા માનતા હતા, અને પાટણનો શ્રીસંઘ તેમાં ઉત્સાહથી સાથ આપી રહેલ હતો. આ પ્રમાણે પાટણનો ઉપાશ્રય વિદ્વાન ધર્મોચાર્યો શાસ્ત્રીઓ તેમજ લહીયાઓથી મહાન ગુજરાતની વિદ્યાપીઠ બન્યો હતો. જેમા સુરિશ્રીના આ મહાન કાર્યના મુકતકંઠે ચારે દીશાએ પ્રશંસા થતી હતી એક દિવસ મહારાજા સિધ્ધરાજ રયવાડીએ જવા ગજારૂઢ થઈ નગરમાંથી પસાર થઇ રહ્યા હતા નગરજનો હારબંધ બને બાજુ ઉભા રહી મહારાજાની પ્રભાવશાળી સ્વારીને નિહાળી રહ્યા હતા. સમયજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીજી પણ એક બાજુએ યોગ્ય સ્થળે એવી રીતે ઉભા રહ્યા હતા, કે જેમની ઉપર મહારાજાની દ્રષ્ટિ કુદરતી રીતેજ પડે

ભવિતવ્યતાના સુયોગે બન્યું પણ તેમજ, રાજ્ય સ્વારી રયવાડીએ જતાં મહારાજાની દ્રષ્ટિ અપુર્વ બ્રહ્મ તેજથી જેમનું લલાટ સુર્ય સમાન ચળકી રહ્યું છે, એવી દિવ્ય મુર્તિ ઉપર પડી.

આ બને સમર્થ મહાપુરૂષોની દષ્ટિ અન્યોન્ય એકત્રિત થઇ. દષ્ટિનું મિલન થતાંજ જેમનુ હૃદય શ્રી હેમચંદ્રાચાર્ય પ્રત્યે લોહ ચુંબકની માફક આકર્ષાયું છે એવા રાજવીએ તુરતજ દુરથી આચાર્ય દેવને નમન કર્યું. અને શ્રી હેમચંદ્ર સૂરીશ્વરે સ્મિત વદને નીચેનાં સંસ્કૃત પદમાં પ્રસંગોચિત આશીર્વાદ આપ્યો

कार्यं प्रसरं सिध्ध। हस्ति राज म शङ्कतम्
त्रस्यन्तु दिग्गजाः किं तै मुस्त्व य वोध्धृ ता यतः
(प्रमा वैम चरित्र)

ભાવાર્થ—હે સિદ્ધરાજ ! શંકા વિના તું હસ્તિને આગળ ચલાવ ભલે; દિગ્ગજો ત્રાસ પામે તેથી શું ? કારણકે ભૂમંડળને તું ધારણ કરી રહ્યો છે.

આ પ્રમાણેની સંસ્કૃત મધુર વાક્યમયથી પ્રસન્ન થએલ રાજને હાથીને ઉભો રખાવી નમ્રતાપૂર્વક સુરિશ્રીને નમન કરતા જણાવ્યું કે હે મહાત્મા આપ રાજદરબારે નિત્ય પધારી આપની અમૃતતુલ્ય વાણીનો લાભ આપતા રહેશો. સુરિશ્રી હેમસુરિએ તેનો સહર્ષ સ્વીકાર કર્યો.

આ પ્રમાણે ગુર્જરાધિરાજ અને શ્રી હેમચંદ્રાચાર્યજીનો પ્રથમ સમાગમ સંવત ૧૧૭૬ના ગાળામાં થયો.

ઉપરોકત પ્રસંગ બન્યા બાદ શ્રી. હેમચંદ્રચાર્ય નિયમીત રાજસભામાં જવા લાગ્યા જયાં તેમનું માન દીનપ્રતિદીન વધવા લાગ્યું. જેમાં શ્રી સિદ્ધરાજ અને હેમચંદ્રાચાર્ય વચ્ચે સ્નેહ દોરી સરસ રીતે ગુંથાઇ. અને મહારાજા ઉપર તેમનો પ્રભાવ સારી રીતે પડયો.

એક દીવસે ભરસભામાં વિદ્વાન વર્ગની હાજરીમાં શ્રીમદ્ આચાર્ય દેવ પોતાના નિયમિત સ્થાને બિરાજમાન થયેલ હતા. એવામાં જેમને શાસ્ત્રવાદ અતિપ્રિય છે એવા મહારાજા સિધ્ધરાજે હાજર રહેલ વિદ્વાનો સમક્ષ પ્રશ્ન કર્યો કે **"વિશ્વમાં કયો ધર્મ સંસારથી તારનારો છે?"**

દરેક દર્શનકારોએ પોતપોતાના ધર્મની મહત્તા સમજાવી. પછી શ્રીમદ્ સુરીશ્વરે શાંતિથી જણાવ્યું કે "હે રાજન્! જેમ દર્ભાદિ સાથે મળી જવાથી દિવ્ય ઔષધિની પિછાન થઇ શકતી નથી, તેમ આ યુગમાં વિવિધ ધર્મોથી સત્યધર્મ સંકલિત રહ્યો છે **પરન્તુ સમગ્ર ધર્મોના** સેવનથી દર્ભામિશ્રિત દિવ્ય ઔષધિની પ્રાપ્તિ પ્રમાણે કોઇક વીરલાનેજ શુધ્ધ ધર્મની પ્રાપ્તિ થાય છે. જેને લગતું સંસ્કૃત કાવ્ય નીચે મુજબ છે.

तिरोधीयते दर्भाद्यै यथा दिव्यं तदौषधम ।
तथा ऽ मुष्मिन् युगे सत्यो धर्मो धर्मान्तरेन्रृप ॥
पर समग्र धर्माणां सेवनात् कस्यचित् क्वचित ।
जायते शुद्ध धर्मा.स दर्भच्छन्नौषधाप्तिवत् ॥

(૩) એક વખત રાજસભામાં આચાર્ય શ્રી હેમસુરીજી મહારાજ હાજર હતા. ત્યાં વિનોદી રાજવીએ ઉપરોકત વિષયને લગતો ફરીથી પ્રશ્ન કર્યો કે "સાચો ધર્મ કયો ?"

અનેક વિદ્વાનોનાં જવાબો બાદ સુરીજીએ જણાવ્યું કે "હે રાજન ! પરીક્ષા કરતાં જે ધર્મ આત્મકલ્યાણકારી અને ખરો લાગે તેજ સાચો ધર્મ, જેના અંગે દ્રષ્ટાંત આપતાં રાજયસભામાં શ્રી સુરીશ્રીએ જણાવ્યું કે "શંખપુર નગરમાં શંખ નામે એક વણિક રહેતો હતો. તેને યશોમતિ નામની સ્ત્રી વિદ્યમાન હોવા છતાં તે બીજી સ્ત્રી પરણ્યો, તેમાં તે લુબ્ધ બન્યો. આથી યશોમતિ તેની દ્વેષી બની. જેણીએ એક મંત્રવાદી પાસેથી જડીબુટ્ટી પ્રાપ્ત કરી, કે જેનાથી તેનો ધણી બળદ બન્યો. આ જડીબુટ્ટીનો ઉપયોગ અને આ વાત નગરમાં પ્રસરતાં યશોમતિની નિંદા થવા લાગી. જેની શોકે આ વસ્તુ નજરે જોઇ જેથી તેણીએ રાજા પાસે જઇ પોતાની ફરીયાદ રજુ કરી. નગરનરેશે યશોમતિને તે બળદ સુપ્રત કર્યો. જેથી હંમેશા યશોમતિ આ બળદને ચરાવવા જંગલમાં લઇ જતી, એ પ્રમાણે તેણીનો નિત્ય નિયમ હતો. એક વખત એક વિદ્યાધર અને એક વિદ્યાધરી વિમાનમાં બેસી જતા હતા. ત્યારે વિદ્યાધરી એ બળદ ચરાવતી યશોમતિને રૂદન કરતી જોઇ જેના દુઃખનું કારણ વિદ્યાધરીએ વિદ્યાધરને પુછ્યું-તેણે કહ્યું કે "આ યશોમતિએ હાથે કરીને પોતાના ધણીને બળદ કરેલ છે, અને હવે તે રોતી બેઠી છે. તેમાં કોનો દોષ ?

ત્યારે વિદ્યાધરીએ કહ્યુ કે "નારીજાત હંમેશા શોકયના શાલથી દ્વેષી રહે છે. તેમાં આ જાતની ગંભીર ભુલ તેણે કરેલ છે તો દયા કરી તેનો ઉપાય બતલાવો.

ત્યારે વિદ્યાધરે કહ્યું કે "જયાં આ સ્ત્રી બેઠી છે, ત્યાંજ એક એવી જાતની જડીબુટ્ટી છે કે તે જો આ બળદને ખવડાવવામાં આવે તો તે ફરીથી પુરૂષ બને.

આ પ્રમાણે વાતચીત કરી વિદ્યાધરનું વિમાન ત્યાંથી ચાલ્યું ગયું.

તેઓનો આ સંવાદ યશોમતિએ સાંભળ્યો. જેથી આ જગ્યામાં ઉગતુ જડીબુટ્ટી સાથેનું સર્વઘાસ ચુંટી લઇ તે બળદને ખવડાવ્યું જેમાં વિદ્યાધરે

જણાવેલ જડીબુટ્ટીના યોગે તે બળદ ફરીથી પુરૂષ બન્યો. મહારાજ જંગલના ઘાસમાં જડીબુટ્ટીની પરીક્ષા વિદ્યાધરે કરી, અને યશોમતિને તારી, તે પ્રમાણે હે રાજન્ ! આપ પણ ધર્મ પરીક્ષા કરી ઘણા ધર્મોમાંથી પોતાના કલ્યાણાર્થે ધર્મોના સાચાં તત્વો ગ્રહણ કરો કે આ દ્દષ્ટાંત ઉપરથી આપ સમજી શકશો કે સર્વ દર્શનમાંથી સાચો ધર્મ આપને યોગ્ય લાગે તેનાજ આપ ગ્રાહક બનો. તેમાં હઠાગ્રહ હોઇ શકેજ નહ આવા સુરિશ્રીના યુક્તિમય વચનો અને દ્રષ્ટાંતથી મહારાજા સિદ્ધરાજ પ્રસન્ન થયા.

ત્યારબાદ રાજવીએ સિધ્ધપુરી એટલે સિદ્ધપુરમાં ઐતિહાસીક રુદ્ર માળનું મંદિર બંધાવ્યું, જેની સાથે પોતાના આશુ મંત્રી પાસે રામ વિહારનો એક ભવ્ય જિનપ્રસાદ કરાવી તેમાં શ્રી વીરપ્રભુની સ્થાપના મહોત્સવ સહિત કરી.

× × ×

એક વખત શ્રી હેમસૂરીજીને રાજાએ પુછ્યું કે સુરિશ્વરજી ! શંકરના **"મસ્તક ઉપર ચંદ્ર રહે છે, ત્યારે અરિહંતના ચરણે ચંદ્ર નમે છે."** આપ શિલ્પશાસ્ત્રીઓને બોલાવી, તેને લગતું અંતર પૂછો. તરતજ રાજવીએ ભરસભામાં શિલ્પશાસ્ત્ર જાણકાર શીલ્પીઓને બોલાવી આને લગતો પ્રશ્ન કર્યો. ત્યારે તેમણે કહ્યું કે "હે રાજન્ ! **શિલ્પશાસ્ત્રમાં એનો ઉલ્લેખ છે કે, સામાન્ય ઘરમાં નરની પાંચ શાખા છે, રાજાના ભુવનમાં સાત છે, ઇશ્વર ભુવનમા નવ, અને જિનભુવનમાં એકવીશ હોય છે. શિવમંદીરમાં એક મંડપ હોય છે. જ્યારે જિનગ્રહોમાં ૧૦૮ હોય છે. જીનને ત્રણ છત્ર શિરપર હોય છે, એને માટે સિંહાસન બેસવા હોય છે. જીનમુદ્રા પદ્માસન સ્થિત હોય છે, અને નવે ગ્રહો તેમના ચરણો સેવે છે. વળી તેને દેખીને ભય ઉપજતો નથી. ત્યારે બીજા દેવોના હાથમાં હથીઆર અને પાસે નારી વિગેરે હોય છે.** આ પ્રમાણે અરિહંત (તીર્થંકરો) અને શંકર વગેરેમાં વાસ્તવિક તફાવત સમજવો.

આ જાતના શિલ્પીના જવાબથી રાજસભા અને મહારાજાધિરાજે વિચારમગ્ન થયા તેમજ મહારાજા પ્રસન્ન પણ થયાં.

## પ્રસંગ બીજો

( ૨ )

એક વખત શ્રી ચતુર્મુખ મંદીરમાં શ્રી હેમચંદ્રાચાર્ય નેમિચરીત્ર વાંચતા હતા–આ સમયે મહારાજાધિરાજ ત્યાં હાજર હતા.–તેમાં આ પ્રમાણેનો પ્રબંધ આવ્યો કે "પાંડવો શેત્રુંજય ચડી સિદ્ધ થયા" આ જાતનું વાકય સાંભળી હાજર રહેલા બ્રહ્મદેવો આ વાકયને ખમી ન શકયા, અને તેમણે કહ્યું કે "તેઓ હિમાલયમાં મુકિત પામ્યા છે. નહિ કે શત્રુંજયેપરી "અહી મદીરમાં ખળભળાટ થયો, ત્યારે મહારાજા સિદ્ધરાજે સુરીશ્વરને પૂછયું, કે આમાં શું સત્ય છે? આચાર્ય મહારાજે મહાભારતનો શ્લોક ટાંકતાં જણાવ્યું કે હે રાજન! આ કાળે સો ભીમ, ત્રણસો પાંડવો, એક હજાર દ્રોણાચાર્યો અને કેટલાં કર્ણો રણક્ષેત્રમાં મરી ગયા તેની સંખ્યા નથી.

આ કાળે શ્રી કૃષ્ણ, પરમાત્માના કાકાના પુત્ર શ્રી નેમિનાથ એ જૈન ધર્મના બાવીસમાં તીર્થંકર તરીકે વિદ્યમાન હતા. અને તેના સંબંધમાં પાંડવ અને કૌરવ ગોત્રની સર્વે રાજ્યવિભૂતિઓ કુટુંબીઓ તરીકે વિદ્યમાન હતી.

જેમાં પાંડવ અને કૌરવ ઉપનામ ધારી અનેક વિભૂતિઓ હોવાનો સંભવ સમજી શકાય છે, એટલે તેમાંથી શ્રીનેમિનાથ પ્રભુના પ્રતીબોધથી આત્મ કલ્યાણ સાધક ૧૦૦ નામધારી કૌરવો, સો ભીમ ત્રણસો પાંડવો, અને એક હજાર દ્રોણાચાર્યો, અને અનેક કર્ણ નામધારી યોદ્ધાઓ વીર મૃત્યુને પામ્યા હોય તો તેમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી.

આ પ્રમાણેનાં જવાબથી મહારાજાને અને બ્રાહ્મણોને સંતોષ થયો, અને એમને એમ લાગ્યું કે પાંચ પાંડવોને અંગે મહાભારતમાં પ્રભાવશાળી મહાન વીભૂતીઓ તરીકેનો જે રીતનો ઉલ્લેખ છે તે સીવાય જૈન ગ્રંથોમાં જણાવેલ શેત્રુંજય ગીરીએ જઇ આત્મકલ્યાણ સાધનારા પાંડવો, તે અન્ય વીભૂતીઓ હતી. આ ઘટના સર્વ માન્ય રહી.

## પ્રકરણ ૨ જું.

### વિદ્વાન રાજવીની ધર્મ પરીક્ષા

આપણે ગત પ્રકરણમાં જોઇ ગયા તે પ્રમાણે ગુર્જરાધિપતિ મહારાજા સિદ્ધરાજને શ્રી હેમચંદ્રાચાર્યે ધર્મ પરીક્ષાર્થે એવો સુંદર તોડ કાઢી આપ્યો કે જેમાં ધર્મની ગૌરવતામાં કોઇ પણ પ્રકારનો બાધ આવે નહિ; અને રાજવીના હૃદયમાં પોતાના પ્રત્યે અવિચલ શ્રદ્ધા રહે.

### એક ફકીર અને સાધુનો વીવાદ:–

રાત્રીના ચોથા પ્રહરે લગભગ બ્રાહ્મ મુહુર્તમાં નિત્યનિયમ પ્રમાણે ધાર્મિક સાધના ધરાવનાર હિંદુ સાધુસંતો તેમજ મુસ્લીમ ફકીરો મહારાજાએ બંધાવેલ સહસ્રલિંગ તળાવને કિનારે કે જ્યાં એક આંબાનું વૃક્ષ આવેલ હતું ત્યાં, સ્નાનાર્થે આવતા હતા, જેમાં તેઓ પગથિએથી ઉતરી સ્નાનાદિક ક્રિયાઓ કરી શારિરીક શુદ્ધિ કરતા હતા. જ્યાં નિયમિત એક ફકીર પણ પ્રભાતે વહેલો આવી સ્નાનાદિક ક્રિયાઓ કરી તેમાં મુખ પ્રક્ષાલન કરતો અને પોતાના મુખનું એઠું પાણી પાછું તળાવમાંજ નાંખતો.

આ જાતની ક્રિયાથી તળાવનો આ વિભાગનો ભાગ અશુધ્ધ થતો. તે વસ્તુસ્થિતિ તેની પશ્ચાત તુરતજ સ્નાનાર્થે આવનાર એક સનાતન ધર્મી **મહાન પ્રભાવશાળી** સાધુના જોવામાં આવતી.

આ સાધુ તે ફકીરને આ પ્રમાણે તળાવ અશુધ્ધ કરતાં રોકાણ કરતો, અને તેથી આ તીખાસ્વભાવના ફકીર તેમજ તપસ્વી સાધુ વચ્ચે હંમેશાં ઝઘડો થતો.

આ ઝગડાએ એક વખતે વિતંડાવાદનું સ્વરૂપ પકડયું. અને બન્ને વચ્ચેની જીદ વધી પડી; એટલે બન્ને (ધર્મ) દુરાગ્રહી બન્યા.

આ ઘટનાનું નિરીક્ષણ અહિં રહેલ આંબાના વૃક્ષપરની એક કોયલ કરી રહી હતી.

મહારાજ સિદ્ધરાજનો રાજ્ય મહેલ પણ આજ તળાવની સમીપમાંજ હતો.

ધર્મ શ્રદ્ધાળુ રાજવી પણ નિત્ય પ્રભાતે વહેલા ઉઠી શિવ ભકિતમાં લીન થઇ આત્મકલ્યાણ સાધતા.

નિત્ય નિયમથી પરવારી સુર્યોદય પુર્વે રાજવીનું મહેલના ઝરૂખા ઉપર આવવુ થયું.

આ સમયે રાજવીની નજરે તળાવ ઉપર ચાલતો ઉપરોક્ત ઝઘડો જોવામાં આવ્યો અને તેમાં "શુ બને છે" તે જોવા પોતે શાંતિથી ઝરૂખામાં બેસી રહ્યા.

નગર જનોમાંથી અનેક ધર્મ શ્રદ્ધાળુઓ સહસ્રલિંગ તળાવમાં સ્નાન કરી મંદીરોની પ્રતિમાના પુજનાર્થે એકત્રિત થતા, તેઓની નજરે પણ આ હઠવાદી સાધુના ઝઘડાનો બનાવ પડ્યો.

"શું બન્યું છે" તેની પુરતી સમજ થાય તે પહેલા તો મનુષ્યની મેદની વધવા લાગી. તેમાંથી કંઇક સુજ્ઞોએ આ વિતંડાવાદીઓને પુછપરછ કરી.

જેના જવાબમાં ફકીરે જણાવ્યું કે આ પવિત્ર સહસ્રલીંગ તળાવમાં મનુષ્યો, મનુષ્યો સિવાય અનેક (જીવો) જાનવરો, પશુ, પક્ષીઓ, પણ પાણી પી સ્નાનાદિક કામ કરી આત્મશાંતિ પામે છે તેમાં હું માત્ર મુસ્લીમ હોવાથી મને આ હઠીલો સાધુ દંતધાવન તથા સ્નાન કરતાં દમદાટી આપે છે."

ત્યારે શું "જગતમાં એનો સનાતન ધર્મજ સાચો છે ?" અને એ સિવાયનાં ધર્મો શું ખોટા છે ?

આનો જવાબ કોઇ પક્ષપાતી મનુષ્યના મુખમાંથી નીકળતાં પહેલાં વિતંડાવાદી બને તે પહેલાંજ અહીં આંબા પર રહેલ કોયલ દૈવવાણીથી કહ્યું કે, "હે ભાઇઓ આ ફકીર કહે છે કે–"**જગતમાં સાચા ધર્મદેવ તરીકે હઝરત મહંમદ પેગંબર હઝરત થયા છે.**" આજ વ્યકિત તારણહાર છે" તેમજ આ સાધુ કહે છે કે, "અમારા ધર્મ પ્રમાણે તારણહાર એવા રામ-લક્ષ્મણ દશરથજ છે.

ઉપરોકત મુજબ કોયલ બોલી રહી હતી તેવામાં એક વણિક કે જેને ખભે હળદર-મીઠું વગેરેનો કોથળો હતો તેણે વચમાં ટહુકો પુરાવતાં જણાવ્યું કે–

"ભાઇઓ તમે લડો છો શું કામ" જુઓ ખરી વસ્તુ તો ધાણા–મીઠ અને અધરક [આદુ] આજ સાચો દેવ છે.

કારણ એના વગર તો મુદ્દલ ચાલી શકે એમ છેજ નહિ.

એટલામાં કુસ્તીબાજ મલ્લોનું ટોળું આવી ચઢ્યું. જેમાંનો એક અગ્રેસરે જણાવ્યું કે "અમારી રીત પ્રમાણે દંડ, બેઠક, અને મગદળ," એજ સાચી વસ્તુ છે"

એટલામાં એક મુસ્લીમે આવી જણાવ્યું કે 'અલ્લાહુમીયાં હઝરત" કુદરત એજ સાચું છે.

અહીં હાજર રહેલ એક મીયા સાહેબે જણાવ્યું કે–વાહ કરીમ તેરી કુદરત, આજ સાચું છે

તદ્પશ્ચાત્ જૈનધર્મના એક અનુભવીએ જણાવ્યું કે "ભાઇઓ **જીતેન્દ્રિય પ્રભુ અરિહંત" એ સર્વેમાં સાચા દેવ છે.**

આ સમયે ઝરૂખામાં બેઠેલ મહારાજાધિરાજને પણ એમ થયું કે, "મનુષ્ય ધર્મના નિતિમાર્ગોનું સત્ય દિગ્દર્શન થાય તેમજ સત્સંગથી સરલતાએ ધર્મ પ્રાપ્તિ થતી હોય એજ ધર્મ સાચો કહેવાય! હવે તેની ખાત્રી કરવા નિત્ય નિયમથી પરવારી આજે મહારાજા રાજયદરબારમાં વહેલા આવ્યા

( ૨ )

### શ્રી. હેમચંદ્રસૂરીનું જ્ઞાનબળ :–

બીજી બાજુએ જેમને સરસ્વતિ અને શાસનદેવની સહાયના મળી છે. એવા શ્રી. હેમચંદ્રસૂરી મહારાજન નિત્ય નિયમ પ્રમાણેની પ્રભાતની યોગસાધના સમયે '**જ્ઞાનના બળે**' આ ઉપરોક્ત ઘટનાનું દિવ્ય દર્શન થયું એટલે તેઓ પણ દરબારે આવી ત્યાં ભૂમિ પરમાર્જિ કર્માચારીઓ, યોગ્ય સ્થાને બિરાજમાન થયા.

જોતજોતમાં રાજસભાજનો, મંત્રીશ્વરો, અમલદારો, રાજય, મહાજનો, અને વિદ્વાન પંડિતો, પણ આવી સ્વસ્થાને બિરાજમાન થયા.

મહારાજાએ મહાઅમાત્ય મુંજાલ મંત્રીને કહ્યું કે, "હે મંત્રી! આજનું રાજકાર્ય જલદીથી પુરૂં કરી લો, કારણ કે મારે મહત્વતાભરી કાંઇક ધાર્મિક ચર્ચા કરવાની છે.

મહારાજાએ રાજયકાર્યને લગતી કાર્યની પૂર્ણતા કર્યાબાદ પંડિતોને આજે પણ "કયો ધર્મ સાચો તેને લગતો ફરીથી પ્રશ્ન પૂછયો.

"હાજર રહેલ દરેક વિદ્વાનોએ પોતપોતાના મત પ્રમાણે જવાબ આપ્યા"

બાદ શ્રી હેમચંદ્રાચાર્યજી સન્મુખ દ્રષ્ટિ કરી નમ્રતાપૂર્વક રાજવીએ જણાવ્યું કે "હે ભગવંત! આપ આ સંબંધમાં આજે પણ કંઇક વધુ ખુલાસો આપો કારણ કે મારૂં મન આજે ફરીથી ચલિત બન્યું છે'

જવાબમાં જ્ઞાની સુરિશ્વરે જણાવ્યું કે "રાજન! આપનાં પ્રશ્નના જવાબમાં હું ટુંકમાં જણાવું છું.'

કે આજેજ પ્રભાતે જ્ઞાનબળે તમોને મેં ઝરૂખે બેસી કોયલના મુખથી સંભળાએલ દૈવિવાણી, અને હાજર રહેલ દરેક ધર્મશ્રધ્ધાળુઓનાં વાકયોને શ્રવણ કરતા જોયા છે અને તેથી શું આપનું મન ચલાયમાન થયું છે?

હે રાજન! સાચો ધર્મ કયો છે? તેની ખાત્રી તો મહાન જ્ઞાનીઓ પણ આપને કરાવી નહિ શકે છતાં "હે રાજન! આ વિષય મહત્વતા ભર્યો હોવાથી હું આ વિષય શાંતિથી સમજાવું છું તેના પર આપ ધ્યાન આપો."

સમસ્ત ભારતને અને તેમાં પણ ખાસ કરીને ગરવિ ગુર્જર ભુમિની ગૌરવતા ગર્જાવનાર જિતેંન્દ્રિય અરિહંત પ્રભુની ધર્મ ઉપાસના, વ્યાખ્યાનાદિનું ધર્મ શ્રવણ જ્ઞાની મુનીરાજોનો સત્સંગ સાથે તેના પ્રત્યેની શ્રધ્ધા, એ આપને તેમજ સૌને શ્રેયસ્કર છે"

હે રાજન! આ જૈન ધર્મ સર્વે ધર્મોના સારરૂપ અને આત્મ કલ્યાણકારી છે.

પંચમહાવ્રતધારી જૈન મુનીરાજો કે જેઓ કંચન કામિનીના ત્યાગી, આહંસા પરમો ધર્મનાં સુક્ષ્મમાં સુક્ષ્મભેદોના જ્ઞાતા, અજોડ વ્યાખ્યાનદાતા અને ત્રીષષ્ઠિ શલાકાના મહા પુરૂષો તરીકેની પ્રસિધ્ધીને પામેલ છે. આ ત્રિષષ્ઠી મહાન વીભુતીએ ને જન્મ પણ વૈભવશાળી ક્ષત્રિય રાજય કુળમાં થએલ હોઇ તેઓ મહાન કુબેર ભંડારી સમ હતા. સનાતન ધર્મમાં પણ જેમને પોતાના અવતારી પુરૂષો તરીકે પૂજનિક ગણવામાં આવ્યા છે. તેઓને પણ જૈન ધર્મે જિતેન્દ્રિય મહાન વિભૂતિઓ તરીકે માન્ય રાખેલ છે. જૈન ધર્મમાં પણ મહાભારત રામાયણ આદિ ગ્રંથો પણ વિદ્યમાન છે ત્રિષષ્ટિ યોગીની દેવીઓ, નવગ્રહ, દશદીગપાળો. વિગેરે જે જે મહાન દૈવિક શકિતઓનું વર્ણન વૈદિક ધર્મમાં

કરેલું છે. તેને પણ જૈન દર્શન શક્તિશાળી દેવી દેવતાઓ તરીકે માન્ય રાખે છે.

"જૈન દર્શનમાં અહિંસાવાદનું પ્રતિપાદન એકિંદ્રિય જીવથી તે પંચેન્દ્રિય સુધીનું પરિપૂર્ણ વર્ણવેલ છે.જેમાં પ્રભુ મહાવીર અને શ્રી ગૌતમ સ્વામી આદિ અગિયાર મુખ્ય ગણધરો તેમજ તેમની સાથે રહેલ ૪૪૦૦ જેટલા વિદ્વાન પંડિતો વચ્ચેનો સંવાદ જે પ્રભુ મહાવીરના મુખેથી શંશયોના નિવારણાર્થે ૩૬૦૦૦ શ્લોક પ્રમાણે ભગવતિ સૂત્રના નામે ગણધરોએ ગુંથેલ છે. આ તત્ત્વજ્ઞાની સંવાદ વર્તમાને પણ જૈન ધર્મના મહાન ભગવતી સૂત્રો નામના અગિયાર અંગ સૂત્રોમાંના ચોથા અંગ સૂત્રમાં ખુલ્લી રીતે મંત્રાક્ષરોથી સંશયભાજક તરીકે પ્રસિધ્ધિને પામેલ છે; જેનું માત્ર શ્રવણ કરવાથી આપને ખાત્રી થશે કે, જૈન ધર્મ એ પક્ષપાતી ધર્મ નથી. પરંતુ જિતેન્દ્રિયોનો મહાન ધર્મ છે."

હે રાજન! આ પાંચમા આરામાં પણ પ્રભુ મહાવીર અને તેમના પછી આજ સુધીમાં થએલ પટધર યુગ પ્રધાનોમાં કેટલાક વેદાંતવાદી વિદ્વાન બ્રાહ્મણ પંડિતો પણ જૈન ધર્મનાજ પ્રચારક હતા, અને જેઓએ જૈન દર્શનના અનેક તાત્વિક ગ્રંથોની રચના કરી હતી.

હે રાજાધિરાજ! પ્રભુ મહાવીરના સમકાળે ચૌદ હજાર જેટલા દીક્ષિત મુનીરાજોમાંથી પોણો ભાગના બ્રાહ્મણ પંડિતોજ હતા. શ્રી હરિભદ્રસૂરી, શ્રી ભદ્રબાહુ સ્વામી, શ્રી સ્વયંભવસૂરી, શ્રી સંભૂતિવિજય, અને તીલકમંજરીનાં કર્તા ધનપાળ કવિ, પણ જાતે બ્રાહ્મણ હતા.

તેમજ તે કાળે ભારતના સોળ પ્રાંતો હતા. જેમાંથી લગભગ બાર પ્રાંતો અને અનેક જીલ્લાના સામંતો, રાજવીઓ, અને નગરજનો જૈન ધર્મી હતા.

મગધ જેવા મહાન રાજ્યના મહારાજા શ્રેણિક તેમજ તેમનો પુત્ર અજાતશત્રુ ચુસ્ત જૈનધર્મી હતા, અને તેમના કુટુંબીઓમાંથી અનેક રાણીઓ, તથા રાજપુત્રોએ દીક્ષા અંગીકાર કરી હતી.

મગધના પાટવી પુત્ર અભયકુમારે પણ રાજમુદ્રાને બદલે દીક્ષા અંગિકાર કરી હતી.

વિત્તભય પટ્ટનનાં મહારાજા ઉદાયન અંતિમ રાજર્ષિ બન્યા હતાં.

વૈશાલિ નગરીના રાજવી ચેટકની છ કન્યાઓ જેમના લગ્ન ભારતના જુદા જુદા છ પ્રાંતોમાં થયા હતા. તે સર્વે તેમના શ્વસુર કુટુંબો સાથે જૈન ધર્મ પાળતા હતા તદ્પશ્ચાત અનેક રાજવીઓએ જૈન ધર્મનો ઉદય કર્યો હતો. હેરાજન મહારાજો અવંતિપતિ મહારાજા સંપ્રતિએ વી. નિ. સં. પછીની ત્રીજી શતાબ્ધિમાં અવન્તી પતિ તરીકે ચાલીશ કરોડની પ્રજાને જૈન ધર્મી બનાવી અને સમસ્ત ભારત સાથે છેક રોમ અમેરીકા અને ઓસ્ટ્રેલિયા સુધી જૈન ધર્મને ફેલાવ્યો હતો. જેમાં અફઘનિસ્તાનના પ્રદેશમાં શ્રી આદિશ્વર ભગવાનનું મંદીર કર્યું હતું કે જે પ્રતિમા વર્તમાને શ્રી શેત્રુંજય ગિરીરાજ પર વિદ્યમાન છે.

તદ્પશ્ચાત અવન્તિપતિ મહારાજા ગર્દભીલ્લની અભિમાની અને અત્યાચારી રાજય સત્તાનો સ્વશકિત બળે અંત લાવવા દુર દેશાંતરે પારસ ભુમિમ શાસન રક્ષણાર્થે કાલિકાચાર્યજી ગુપ્ત જૈન લિંગે જઇ આ પ્રદેશના જડ અનાર્ય જેવા છન્નુ રાજવીઓને પ્રતીબોધી જૈન બનાવ્યા અને અવન્તીની ગાદી ઊપર રહેલ દુરાચારિ ગર્દભીલ્લ રાજવીને જૈન ધર્મનો તેમજ મહાવ્રતધારી જૈન સાધુઓનો દીવ્ય પ્રભાવ બતલાવ્યો હતો અને કોઇપણ જાતના રકતપાત સિવાય અવન્તીની સરહદથી સૌરાષ્ટ્ર તેમજ નર્મદા નદી સુધીના પ્રદેશના છન્નુ પ્રાંતો બનાવી છન્નુ શક રાજવીઓને તેના શાસક બનાવ્યા અને તેટલીજ કુશળતાથી બુધ્ધિ પ્રભાવે રકતપાત વિના અવન્તીની ગાદી બાળમિત્રને સુપ્રત કરી હતી.

સૌરાષ્ટ્રની રાજધાની વલભીપુરમાં વી. સં. ૮૮૦ થી તે ૮૯૨ સુધીમાં કંઠસ્થ રહેલ અને અલગ અલગ સ્થળેએ તાડપત્રી આદી પત્રો પર લખાએલ એવા ચોર્યાસી આગમ સુત્રોનું પંચાંગી વિભાગી સુત્રોનું સુવર્ણાક્ષરે ૧૨ વર્ષ સુધી લહીયાઓના હસ્તે ગ્રંથકરણ એકત્રિત થયુ હતું. જેમાં ૫૦૦ જેટલા સમર્થ સુરિશ્વરો ૫૦૦ જેટલા ઉપાધ્યાયો અને લગભગ ૫૦૦ જેટલા મુનીરાજો આ સમયે વળાની ભુમિમાં આ કાર્ય માટે વિદ્યમાન હતા. અને તેઓને વલ્લભી નરેશ શક રાજવીઓનોજ રાજયાશ્રય હતો.

યુગ પ્રવર્તક મહારાજા વિક્રમાદિત્ય જેવાને પ્રતિબોધનાર શ્રી સિધ્ધસેન દીવાકર પણ મહાન જૈનાચાર્ય હતા. કે જેઓ પણ જાતે બ્રાહ્મણ હતા.

મહારાજા વિક્રમાદિત્યે ભારતના ચારે વિભાગોમાં અજોડ દાનેશ્વરી તરીકે ભારતની સમસ્ત પ્રજાને ઋણમુક્ત કરી. અને ૧૮૦૦ જેટલા જિનાલયોનો પુનરોધ્ધાર કરાવ્યો હતો.

આ પ્રમાણે રાજા મહારાજાઓ અને જૈનાચાર્યોએ પણ રાષ્ટ્રહિતાર્થે ધર્મ અને નીતિનું સરક્ષણ કરી પુરતા આત્મભોગી બન્યા હતા; અને બનતા આવ્યા છે.

આવા જૈન ધર્મના જૈનાચાર્ય તરીકે હું આપને આગ્રહ કરીને ખાતરી પૂર્વક જણાવું છું કે "**જૈન ધર્મ એ પૂર્વકાળથી રાષ્ટ્રધર્મ તરીકે પળાતો આવેલ છે, અને ચક્રવતી રાજવીઓ પણ પોતાની કુળદેવીને માન્ય રાખી જૈન ધર્મના અનુયાયી રાજવી તરીકે પોતાને જાહેર કરતા હતા.**

રાજન્! હવે પછીનું જ્ઞાનબળે ભાવિ જોતાં પણ એમ ખુલ્લું સમજાય છે કે, "મહારાજાધિરાજ સિદ્ધરાજ જયદેવ, અને તદ્પશ્ચાતના ગુર્જર નરેશના હાથે જ જૈનધર્મનો ઉદય થશે; અને અમર ઇતિહાસને પાને સુવર્ણાક્ષરે લખાશે. એવા અનુકુળતા ભર્યા સંજોગોમા હે રાજવી ? તમારો અને મારો સંબંધ માત્ર **સત્યધર્મની** કસોટી અને પ્રચાર અર્થેજ થએલો છે. જેનો ન્યાય પક્ષપાત રહિત હૃદયના સાચા ભાવથી લેવો તેમાંજ ગુર્જર નરેશની ગૌરવતા અને અમર કીર્તિ સમાએલ છે. "કેમ કાંઇ ધ્યાન પુર્વક સમજાય છે? રાજન્!

હે **રાજન્?** જિનેન્દ્ર વ્યાકરણના આધારે તેમજ પ્રાપ્ત થએલ અન્ય **મહાન દૈવિક** શકિતશાળી ગ્રંથોના આધારે રચાતુ **વ્યાકરણ** પ્રસિધ્ધિ પામશે. **જૈન ધર્મને** લગતી **ગ્રંથિક** પ્રભાવના ગુર્જર નરેશને હસ્તેજ થવાની છે. જેમાં એવા અનેક પ્રભાવશાળી ગ્રંથની રચના "ત્રિષષ્ઠિશલાકા પુરૂષ" ચરિત્રના **નામથી થવાની** કે, જે-ગ્રંથ ગુર્જર ભૂમિની અમર કીર્તિ ઉપર સુવર્ણ કળશ ચઢાવનારી બનશે.

આ પ્રમાણેનું ભાવિ પોતાના જ્ઞાનબળે જાણનાર શ્રી સૂરીશ્વરના મુખથી સાંભળી મહારાજા સિધ્ધરાજની ધાર્મિક શંકાઓનું સમાધાન થયું. અને તે જૈન ધર્મનો અનુરાગી બન્યો, જો કે આ રાજવી પોતાના અંતિમ સમય સુધી શિવમાર્ગી રહ્યો હતો. છતા જૈન ધર્મ, જૈનાચાર્યો અને મહાજન પ્રત્યે ગુજરાતના નાથની સંપુર્ણ ઉચ્ચકોટીની ભાવનાઓ અમી ઝરતી રહી હતી.

x x x x x x

# ખંડ ૩ જો.

## પ્રકરણ ૧ લું

### પાટણની રાજસભાનો ધર્મવાદ

**કીર્તિ-કલગી**

સ્વર્ગસ્થ મહારાજા કર્ણદેવના સમયમાં શ્રી ગોવિંદાચાર્યજી મહારાજ તેમના ખાસ ધર્મસ્નેહી હતા, જેમની નિશ્રામાં રહી શ્રી વિજયસિંહસૂરી અને શ્રી વીરસૂરિજી મહારાજ સૂત્રપારંગતી બન્યા હતા. આ મહારાજશ્રી મહારાજા સિદ્ધરાજ જયસિંહના સમાગમમાં પૂરતા આવ્યા હતા, તેમજ વયમાં બન્ને સમાન હતા.

રાજસભામાં સનાતની તેમજ જૈનધર્માચાર્યોનું બહુ માન હતું. વિદ્વાન પંડિતોની હાજરીમાં, સભામાં નિત્ય ધર્મવાદ થતો, જેમાં મહારાજા સિદ્ધરાજ પૂર્વના રાજવીઓ માફક રસપૂર્વક ભાગ લઇ મધ્યસ્થ પદે સ્થિત થતા આ સભામાં થતા અતિ આકર્ષક તથા ન્યાયપૂર્ણ ધર્મવાદથી ગુર્જર દેશ તથા નરેશનું ગૌરવ, દૂરદૂર દેશાંતરો પર્યંત ગજતા મેઘનાદ સમાન ગાજતું હતું. અહી દુરદુર દેશાંતરોથી વિદ્વાનો ધર્મવાદ માટે આવતા ગુર્જરનરેશની વિદ્વતાની કીર્તિમાં આવો ચાલુ ધર્મવાદ કલગી રૂપ શોભતો હતો. કોઇ ખાસ પ્રસંગે શાસ્ત્રાર્થ રૂપ પણ થતો. ધર્મવાદ જેવોજ લગભગ આ ધર્મચર્ચારૂપ વાદ રોજ થતો.

આ પંડિતોનાં હૃદય કેવા સરળ હશે !

**સ્વાર્થની મારામારી !**

પૂર્વ કાલમાં વાદ પણ ધર્મના થતા. આસ્તિક્ય પ્રેમી પ્રજા માટે ધર્મવાદ મહત્વનો તથા આકર્ષણીય પ્રસંગ હતો. રાજાઓ મધ્યસ્થ નીમાતા.

મધ્યસ્થનું મૂલ્યાંકન વાસ્તવિક માધ્યસ્થ્યથીજ થતું. સમર્થ વિદ્વાન એવા વાદી પ્રતિવાદીમાં પણ વિજયને પચાવવાનું તથા પરાજયને ગળી જવાનું ખમીર હતું, નિદાન એ કે એ વાદ ધર્મવાદ હતો, વાદીને, પ્રતિવાદીને રાજાને, પ્રજાને, રાષ્ટ્રને સર્વને ધર્મપ્રેમ જ્વલંત હતો. આજતો નાદ એટલા વાદ અને સાદ એટલા વિસાદ: કારણ કે મૂળમાં છે ચેતનવાદને ચુરનારો જાલિમ જડવાદ! ત્યાં ધર્મવાદ તો શું પણ ધર્મની વાતનાય વાંધા છે! ધર્મ અને પવિત્ર દેવસ્થાનોની સામે મોરચા એ આજનું વિજ્ઞાન, આજની પ્રગતિ, આજનો વાદ, નાદ, સાદ જે કહો તે એનું પરિણામ? દ્રષ્ટિ સમક્ષ પ્રત્યક્ષ છે. શું આજે ધર્મચાળણીએ ચળાવવાનો દુર્ઘટ પ્રસંગ પ્રાપ્ત થયો છે?

**ઘમંડનું ઘેન!**

ધર્મવાદ પ્રસંગે માધ્યસ્થ્યને સંપૂર્ણ સંરક્ષનાર, તમામ વિદ્વાનોને હાર્દિક આવકાર આપનાર, વિદ્વતા પ્રેમી ગુર્જર નરેશમાં એક વિષમપળે, ભરસભામાં અભિમાને પ્રવેશ કર્યો, કલિ પ્રવેશતાંજ નલ રાજા જેવા પુણ્ય શ્લોક રાજાની મતિએ કેવી અવળી ગતિ કરી હતી? સંપૂર્ણ શિસ્તને સાચવનાર સિદ્ધરાજે ભરસભામાં શ્રી વીરસૂરિજીને હસતાં હસતાં, અંગમાં પ્રવેશેલ રાજમદના રંગથી, કહ્યું: 'સૂરિજી! રાજ્યાશ્રયથી તમારૂં તેજ કેવું દીપે છે?' સુરિજી નરેશની નાદાનિયત કળી ગયા, દયા આવી. પોતે આચાર્ય હતા એટલે આચાર્ય પદની પ્રતિષ્ઠા પર પ્રહાર ન સાંખી શકે, શાસન પર, શાસનના કોઇ પણ અંગ પર થતો પ્રહાર, શાસનને સમર્પાયેલ સામાન્ય સાધુ પણ ન સાંખે તો શાસનના સ્તંભ સમા સુરિજી સાંખે ખરા? ભરસભામાં રાજાનો આવો કટાક્ષયુક્ત શબ્દ પ્રહાર સુરિજીને હાડોહાડ લાગ્યો. તથાપિ કરૂણાભર્યા હૃદયવાળા શ્રી વીરસૂરીજી બોલ્યા; "રાજન! **શાન્તં પાપમ્**" ત્હારો મતિભ્રમ દુર થાઓ.

શું ગુજરાતનો નાથ આજે ઘમંડના ઘેનથી ઘેરાયો છે? કે એથીજ એનો વિવેક આ પ્રમાણે વેરાયો છે?"

**સુરિજીનું સ્પષ્ટ કથન.**

પ્રતિભા સંપન્ન સુરિજીનાં આ વચનોથી સભા સ્તબ્ધ થઇ ગઇ, અને રાજાના મુખ તરફ અવલોકવા લાગી, ત્યાં તો સુરિજીનાં વચનો ફરીથી સંભળાયાં રાજેશ્રીને આ અભિમાન! ન છાજે, ન છાજે, એક આસ્તિક નરેશને આ ન

છાજે. સિંહ પોતાની દીપ્તિથીજ દીપે છે, રાજ્યાશ્રયમાંજ દીપાવવાની તાકાત હોય તો શ્વાન કે શૃંગાલ પણ સિંહવત્ દીપ્યા વિના રહે ?

સુરિજીનો આ કટાક્ષ કમ ન હોતો પણ જ્યાં કેવળ સત્ય ઝળહળતું હોય એવા કટાક્ષ સામે પ્રતિ કટાક્ષ થઇ શકેજ ક્યાંથી? સુરીજીને ક્યાં સ્પૃહા હતી કે રાજ્યાશ્રય કબૂલી લે! સુરિજીએ છેલ્લે કહ્યું મહાનુભાવ! વસ્તુ માત્ર (દરેક વસ્તુ) કર્માધીન છે. રાજ્યાદિ પણ પુન્યે મળે છે, એટલે આશ્રય કોનો, અને આશ્રિત કોણ એ ખાસ વિચારવા જેવું છે. ગમે તેવા ઉચ્ચ પદે, પહોંચેલ કોઇપણ વ્યક્તિ, શુભાશુભ કર્મના વિચાર પૂર્વક, પુણ્યોદયને માને એજ ઇષ્ટ છે, અન્યથા વિપરીત મન્તવ્ય અનિષ્ટકર અજ્ઞાન છે. **व्यतिसजति पदार्थानंतर कोऽपि हेतु** :। હે રાજન ! પ્રત્યક્ષ **कोऽपि** એવું આ સૂત્ર સાવ વિસ્મૃત કેમ થાય ? ખરી વાત છે કે **"અભિમાન જ્ઞાનીને પણ પાગલ બનાવી દે છે."**

સિદ્ધરાજે આવું પરિણામ કલ્પ્યું પણ નહિ હોય. પૂછતા પૂછાઇ ગયું એટલે જવાબ તો મળેજને! સચોટ જવાબ મળ્યો. ભલે તે સાચો હોય પણ હવે રાજાને એ રૂચે ખરો? આ જવાબમાં તેને પોતાની માન હાનિ લાગી, એટલે અત્યાર સુધી માનમાંજ રમતા રાજાએ ક્રોધનો આશ્રય લીધો, લાલચોળ થઇ ગયો, રાતો પીળો બની ગયો. જો કોઇ દરબારીએ કે કોઇ કુટુંબજને લેશ પણ અપમાન આ રીતિએ કટુ વચને કર્યું હોત તો એ તુરતજ સજા સંભળાવી હોત–પણ આ ગજા બહારની વાત ગણાય અહીં તો સામે સમકાલીન સુપરિચિત જ્ઞાની જૈનાચાર્ય હતા, જેમની પુણ્ય પ્રતિભા પૃથ્વીપતિને પાછી પાડતી હતી એટલે ક્રોધને હોઠે અદૃશ્ય રીતે દાબીને શમાવ્યો, છતાં એ ભાનભૂલા ભૂપાળે વળી ભૂલ કરી કહ્યું, "સુરિજી! આપ જેવા જ્ઞાની જેકાંઇ બોલે તે કાંઇ ખ્યાલ બહાર તો નજ હોયને? વારૂ! ત્યારે એ જણાવો કે, આપને આ સમયે રાજઆજ્ઞાથી આ પાટણનો ત્યાગ કરી જવું પડે તો, આપની દશા એક અનાથ ભિક્ષુક તુલ્ય થાય કે બીજું કાંઇ?"

## સૂરિશ્રીનો જવાબ !

સનાથપંચ મહાવ્રતધારી ત્યાગી મહાત્માને અનાથ ભિક્ષુક તરીકે સંબોધનાર અને કહેનાર ભયંકર વાસનાઓના અતૃપ્ત ભિક્ષુક રાજન! જરા પોતાના પગ નીચે બળતું તપાસ અને પછી અવિવેકી મદાંધમન ?

"સમર્થ જૈનાચાર્યને ભર સભામાં ભિક્ષુક કહી તેમનું અપમાન કરનાર અવંતિપતિ–દુરાચારી રાજવી ગર્દભીલના કેવા બુરા હાલ થયા હતા. તેનો આપને કાંઇ ખ્યાલ આવે છે ખરો? ત્યાગી મહાત્માઓનું ભરસભામાં આ પ્રમાણે માનભંગ કરવું તે શું સંસ્કારી રાજન માટે ઉચીત ગણાય ખરૂ?

જે ત્યાગી સંસ્થાએ ગુર્જર ભૂમિને સંસ્કારી અને ધર્મિ બનાવવામાં અવિરત સાથ આપ્યો છે, જે ત્યાગી સંસ્થાએ રાષ્ટ્રોધ્ધાર અને ધર્મોધ્ધારમા જીવનની સાર્થકતા માની, પોતાના પ્રાણથીએ જે ભૂમિને વહાલી ગણી. તેજ સંસ્કારી ધર્મભૂમિનો ભાન ભુલ્યો ભૂપાળ, શું? આજે ધર્મ મર્યાદાનો લોપ કરે છે? આજે આ હું શું જોઉં છું! પ્રભુ! પ્રભુ! ઓ અધિષ્ટાયક દેવી દેવતાઓ આં ધર્મભૂમિના આપ સંરક્ષક બનશો. અને શાસનને દીપાવશો.

રાજન! ઘણા વખતથી તીર્થયાત્રાર્થે જવાની મારી તીવ્ર ઇચ્છા હતી પરંતુ તારા ધર્મસ્નેહને લઇ, પાટણમાં કેવળ ધર્મોદ્યોતાર્થે રહ્યો હતો. સમજાય છે કે, પાટણથી વિહાર માટેનો કાળ હવે પરિપકવ થયો છે, તેથીજ પાટણના ત્યાગ માટે તૈયાર છું. અને રાજઆજ્ઞાને વધાવી લઇ હું પાટણથી આવતી કાલે સવારના જ વિહાર કરવાનો છું.

જેમાં બે પ્રકારના લાભ છે. એક તો મને તીર્થયાત્રા અને ધર્મપ્રચારાદિનો લાભ વિહારના યોગે થશે, ને બીજો લાભ તને મારી દશા જોવા મળશે. હાથકંકણને આરસીની શી જરૂર? ધર્મલાભ! સર્વ સભાજનો અને રાજન આપ સર્વેને, ધર્મ ધ્યાનમાં તત્પર રહેજો!

## સુરિજીના સંયમનો પ્રભાવ: ધન્ય જૈન શાસન!

આખી સભા ક્ષોભ પામી, એ ક્ષોભે ગર્વિષ્ટ રાજાનું હૃદય પણ ખળખળી ઉઠયું, ને ડંખવા લાગ્યું. ઘણી આનાકાની કરી પણ સુરિજીએ હવે પાટણ છોડવાનો દ્રઢ નિશ્ચય કર્યો હતો.

બીજે દીવસે વિહાર કરી જવા માટે દરબારગઢના દરવાજા નજીક સુરીશ્રી પધાર્યા. વીદાય વખતે સન્માનવા રાજસામંતો, સરદારો, સેનાપતિ

નગરશેઠ, મહાજનો, પ્રજાજનો, નરનારીઓ, અબાલવૃદ્ધ સૌ કોઇ મહદ્ આશ્ચર્ય વચ્ચે હાજર થયા. પાટણની પ્રજાના હૃદયમાં સુરિજીના આ રીતના અચાનક થતા વિહાર માટે રોષ માતો ન હતો. સુરિજીના સંયમનો, જ્ઞાનનો, તપનો, તેમજ તેમના શ્રવણ થયેલાં વચનામૃતોનો એ પ્રભાવ હતો કે, સૌ કોઇ આંસુ ભર્યાં નયનોથી હાથ જોડી ઉભા હતા. રાજાના ઘમંડને ખંડ ખંડ કરી નાખવાની સુરિજીની પરમાર્થ ભાવના, આ વિહારમાં સમાયેલી હતી.

મહાઅમાત્ય શાંતુમહેતા આવી પહોંચ્યા, વિધિપૂર્વક વંદન કરી આંખમાં ઝળઝળીઆવાળી હાલતે બોલ્યા : થયું તે થયું, ક્ષમાવિધાન " સુરિદેવ! પણ મહારાજાને ઘણું દુઃખ થયું છે, એમણેજ મને મોકલ્યો છે. સમસ્ત સંઘ તથા પાટણની પ્રજાની વતી તેમજ રાજવી અને મારી આપને પ્રાર્થના છે. કે આપે વિહાર ન કરવો.

મહારાજાના સહસાત સુચન પર દ્રષ્ટિ ન ધરો, એ તો આપના પરિચિત. બાલ ધર્મસ્નેહી છે, દુશ્ચેષ્ટિતાંનું નિવારણ આપજ કરો. સાધુ વર્ગ માટે વિહાર એ આવશ્યકીય જીવન ચર્યા જરૂર, પણ, જ્ઞાનગંગામાં તમામને ઝીલવવા એ પણ વિહારનો એક પ્રકાર ખરોને? હે સુરિદેવ આપને સમજાવનાર હું કોણ"

**પાટણને પાવન કરવા પધારવાના છે.**

સુરિજી :—મહામંત્રી! આપની ભક્તિપૂર્ણ વાણીને ધન્યવાદ! તમને, રાજવીને, સંઘને, તેમજ સમસ્ત પ્રજાને ધર્મલાભ! વિધિની આ ચેષ્ટા સારા માટે ગણી લેવી ઇષ્ટ છે. માનો; આજ દેવાજ્ઞા! 'સહન કરવું એ દેવની આજ્ઞા છેને! આમાં વિધિનોજ સંકેત હશે. એમ કેમ નથી માનતા? જે થાય તે સારા માટેજને? એ તો આપ જાણો છોને! અન્ય ક્ષેત્રે મારા નિમિત્તે કદાચ આથી અધિક સેવા કેમ સર્જાય નહિ હોય? આપે મહારાજાને ધર્મલાભ પૂર્વક કહેવું કે, મારા તરફના વ્યક્તિગત ધર્મસ્નેહને તેઓ સમષ્ટિગત (વ્યાપક) બનાવે ને ધર્મનું રક્ષણ કરે.' પાટણના સંઘની જ્ઞાન પ્રાપ્તિની તથા પ્રચારની પ્રબલ જીજ્ઞાસા અતિ આવકારદાયક છે. પ્રભુનું શાસન સદૈવ વિજયવંત છે. તમે સૌ જાણો છો. કે થોડાજ સમયમાં ખંભાતથી વિહાર કરી મારાથી અધિક સામર્થ્યવાન "**શ્રી હેમચંદ્રસૂરી**" તમારા પાટણમાં પધારવાના છે, કહો, કહો, મહા અમાત્ય! પાટણને પાવન

કરવાના છે. શાસનના પરમ પ્રભાવક બનનાર એ મહર્ષિની થાય એટલી સેવા કરજો, જેટલી કરશો એટલી ઓછીજ છે. એમના સતસંગનો, તેમજ જ્ઞાનનો લાભ લેવામાં રાજ્યનું તથા રાષ્ટ્રનું કલ્યાણ છે.

ધર્મલાભ !

આ બધું ચાલીરહ્યું છે ત્યાં તો મંત્રી **સાજન મહેતા**—મંત્રી **મુંજાલ** તથા **ઉદા** મહેતા, ત્યાં આવી પહોંચ્યા. લગભગ આખું પાટણ પ્રાર્થી રહ્યું હતું. 'હે **સૂરિદેવ** ! વિહાર ન કરો !

## મહાપુરૂષોની મહત્તાનો પાર કોણ પામી શકે ?

પાટણની રાજસભાના **ધર્મવાદે** આખા દેશને જ્ઞાન પિપાસુ બનાવી હતી. એનું જ આ પરિણામ હતું. મંત્રી મંડળે સત્યાગ્રહ કર્યો. દેખાવ અતિ કરૂણ હતો. યદ્યપિ સૂરિજીના વાત્સલ્યભર્યા હૃદયમાં રોષ જેવું કાંઇ ન હતું. છતાં સમસ્ત પાટણ, ગજવી અને રાજકુટુંબની આ પ્રમાણેની ધર્મ લાગણી અને સુરિશ્રી પ્રત્યેના પ્રેમને નીહાળી મહા અમાત્યે હવે અતિ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું. "**સુરિદેવ અત્યારે પાટણનો શ્રી સંઘ અત્રે આપને રોકવા વિનતિ કરે છે.** બહુમાન કરવા યોગ્ય સંઘનું મુખ્ય અંગ આપ છો, પણ ક્ષમા કરો, કહ્યા વિના રહી નથી શકાતું કે, આપને રોકવામાં જ શાસનનુ હિત છે. સમયજ્ઞને સમય ઓળખાવવો એ મારી ફરજ નથી, પણ ભકિત છે."

અત્ર સંઘપતિ તરીકે મારેમારી કડવી ફરજ બજાવવી પડી છે. જેને માટે આપ મને ક્ષમા કરશો. સૌને શાંતવન આપવા આપે ઉપાશ્રયે પધારવું એવી મારી તથા અત્રે પધારેલ પાટણનગર મહાજનની આપને ભારપૂર્વક પ્રાર્થના અને આજ્ઞા છે.

શ્રી સંઘના તથા સર્વના આગ્રહવશાત્ સૂરિશ્રી પાછા ઉપાશ્રયે પધાર્યા, શ્રી વીરનો જયઘોષ પોકારાયો. વહાલા વાંચક ! અધીરો ન થઇશ ! કલ્પનાના ઘોડા ન દોડાવીશ ! ઔચિત્ય પણ સચવાય છે, અને ધાર્યું પણ થાય છે.

## પાદ વિહારને બદલે ગગન વિહાર.

ઉપસર્ગ અને અપવાદના ભેદ તો ગીતાર્થ જાણે પણ **અપવાદ ઉપસર્ગના રક્ષણાર્થે છે.**' અપવાદનો ઉપયોગ ગીતાર્થને આધીન છે. વ્યાધિગ્રસ્તને વ્યાધિથી

મુકત કરવા કરૂણાયુકત શસ્ત્ર વૈદ્ય પણ કાપકૂપનો ઉપચાર (ઓપરેશન) કરતાં કંપે ખરો ? એ તો ત્યારેજ જંપે કે જ્યારે સડયું કાપે. તે રાજમાર્ગે જૈનાચાર્યનું સામર્થ્ય બતાવી, આચાર્યપદની મહત્તા શાસ્ત્રાર્થે જાળવવાની ધગશ સુરિજીને હતી.

તેમને હવે તે માર્ગનો અમલ કર્યો ઉપાશ્રયમાં તેઓ પાટપર વિરાજમાન થયા, ધ્યાનસ્થ બન્યા, અધ્યાત્મ વિદ્યાબળે તેમણે પ્રાણવાયુનો નિરોધ કર્યો. હાજર રહેલ અમાત્યાદિ વર્ગ તથા મહાજનોની હાજરીમાંજ. હજારો નયનોથી આશ્ચર્ય પૂર્વક નિહાળાતા **લબ્ધિધારી શ્રી વીરસિંહસુરિ ?** આસન પરથી ધીમે ધીમે અધ્ધર થતા ગયા; જોતજોતામાં ઉપાશ્રયમાંથી ઊડી તેઓએ ગગન માર્ગે ચારણ મુનિની માફક વિહાર કર્યો.

દુનિયાના વ્યવહારમાં રૂઢ છે, **'ચમત્કારને નમસ્કાર !'** અહી તો જ્ઞાન તથા ધર્મ અંગે પરમ ભકિત હતી ત્યાં આવું સામર્થ્ય અનુભવ્યા પછી, નજરોનજર નિહાળ્યા પછી, એ શકિત પ્રત્યે કોઇપણ વ્યકિતની ભકિતમાં કમી રહે ખરી કે ? આવા સુરિજીના ગગન વિહારથી પ્રજાને તો લાગ્યું પણ મહારાજાને સૌથી વધારે લાગ્યું, મુંજાલ મહેતાને મહારાજાએ સુરિજીને ગમે તે પ્રકારે મનાવી લાવવાનું કાર્ય ભળાવ્યું, પણ ગગન વિહારીનો પત્તો તરત મળે ખરો ? સિધ્ધરાજની સભા ધર્મવાદ વિના નિરસ્ત્ર બની ગઇ, પ્રાણ ગયો, ખોખું રહ્યું ! સિદ્ધરાજના પસ્તાવાનો પાર નહોતો પણ થાય શું ?

**કહ્યું છે:—** જે મતિ પાછળ નીપજે, તે મતિ આગળ હોય;
પસ્તાવાનો વખત ના, કામ ન વિણસે કોય.

( ૩ )

**પાટણ નરેશનો પસ્તાવો પરાકાષ્ઠાએ પહોંચે છે.**

અધ્યાત્મ વિજ્ઞાન લબ્ધિ સંપન્ન શ્રી વીરસિંહસૂરિજી પાટણથી ગગન માર્ગે વિહાર કરી પાલીગામે (મારવાડ) પહોંચી ગયા. ત્યાંની સીમે ઉતર્યા. સુરિજી મહારાજ પધાર્યાની સંઘને વધાઇ મળતાંજ સૌ કોઇ સીમે પહોંચી ગયા. પાલીના શ્રી સંઘે તથા નગર મહાજનોએ તેમનો નગરપ્રવેશ મહોત્સવને બહુમાન પૂર્વક અતિ ઠાઠમાઠથી કર્યો.

થોડા દીવસ બાદ પાલીથી રાજપુરોહિત કંઇક કાર્યાર્થે પાટણ આવ્યો હતો, તેણે રાજદરબારમાં જઇ, નમન કરી, સૂરીજીના અચાનક પાલી પધાર્યાની

તથા તેમના સુંદર નગર પ્રવેશ મહોત્સવની વાત કહી જણાવ્યું. કે, "**આવા સામર્થ્યવાન જૈનાચાર્ય ધરાવવાનું ગારવ પાટણને ફાળે છે**" પાટણનો એ પરમ પુણ્યોદય છે પાલીના નગર જનો જાણી શકયા છે કે, એ આચાર્યશ્રી પાટણના રાજાના બાલ્યવયથી ધર્મસખા હતા. પાટણની રાજસભામાં તેમના ધર્મવાદથી પંડિતો પણ મુગ્ધ બન્યા રહે છે. આ તમામ પરિસ્થિતિનો યશ, ભાગ્યવંત ભૂપાલ ! આપને જ વરે છે.

પુરોહિતે તો સરલ હૃદયે હતું તે કહ્યું. પણ સિદ્ધરાજને તો એ કથન અતિ સંતાપ કરનાર થયું. પોતે કરેલ ઉપહાસ્ય ચેષ્ટાથી આવેલ આ પરિણામ માટે પોતે પ્રાયશ્ચિતને પાત્ર છે એમ પોતાને લાગ્યું. સદૈવ મુનિના સંસર્ગે જ્ઞાન વચનો સાંભળનાર આસ્તિક રાજા, 'હસતાં પણ ચીકણાં કર્મ બંધાય છે, જે રોતાંય ન છુટે,' આ તો માનતોજ હોયને ! પાટણ નરેશનો પસ્તાવો પરાકાષ્ઠાએ પહોંચે છે.

મહારાજા **જયસિંહે મુંજાલ** મહેતાને મારતી સાંઢડીએ, સૂરિજીને પાટણ પધારવાને પ્રાર્થના કરવા પાલી મોકલ્યા. મંત્રી ત્યાં પહોંચ્યા. ત્યાંના મહાજને તેમને સત્કાર્યા. મહારાજાની વતી મુંજાલ મહેતાએ તેમની થએલ અવજ્ઞાની ક્ષમા યાચી કહ્યું. "**પ્રભો** ! પાટણ પધારો અને પ્રભુ શાસનની શોભાને વધારો. અમારા માન્યવર મહારાજાને આપના દર્શન વિના લેશ પણ ચેન પડતું નથી. માટેજ મને મોકલ્યો છે. સૂરિજીએ જણાવ્યું, મહેતા ! સ્વામીની તથા શાસનની ધગશ તમારામાં ભારોભાર ભરી છે તે માટે ધન્યવાદ. જે કાંઇ થયું છે તેમાં વિધિનો સંકેત સમજવોજ રહ્યો. આનું નામજ દેવાજ્ઞા મહેતા ! આમાં નૃપતિનો દોષ નથી, એવુંજ આ નિમિત્ત! ગણાય. તો સર્વે જીવો પ્રત્યે સમદ્રષ્ટિ છે. આવી ઘટના અમારા માટે તો તીર્થયાત્રાદિ તથા આત્મ જાગૃતિ માટે ઉપકારી ગણાય ? રાજવીને ધર્મલાભ ! ફરસના હશે તો પાટણ આવવામાં કાંઇ બાધ હોય ખરો કે ? આપ સુખેથી પધારો ધર્મલાભ.

**હર્ષનું વાતાવરણ.**

**મુંજાલ** મંત્રીએ પાટણ જઇ રાજાના હૃદયને આશાથી ઉલ્લસાયમાન કર્યું. એ ઉલ્લાસે કેટલુંક પાપ પણ ખર્યું, તો ખેદ કે સંતાપના શા ભાર?

સૂરિજી વિહાર કરતાં કરતાં મહાબોધપુર નગરે પધાર્યા. પૃથ્વીતલને પાવન કરતા કરતા તેઓ જ્યાં જ્યાં પધારતા ત્યાં, ત્યાં, શાસનનો વિજય ડંકો વાગતો. એ નગરે પણ મહારાજાના પ્રતિનિધિ તરીકે મંત્રી ઉદા મહેતા વંદનાર્થે આવ્યા. અહીં પણ તેમણે પાટણ પધારવાની અતિ આગ્રહપૂર્વક વિનંતિ પણ કરી. સૂરિજીને તે હવે યોગ્ય લાગવાથી મહારાજાના આ વખતના આમંત્રણનો સ્વીકાર કર્યો. ગ્વાલિયર સંઘના અગ્રગણ્યો સૂરિજીને ગ્વાલિયર પધારવા વિનંતિ કરવા આવ્યા હતા, એ માર્ગે તેમના વિહારનો પ્રબંધ પણ યોજાયો હતો, અને તે પણ રાજ્યના સહકારથી. છતાંય સૂરિજીએ શિષ્ય સમુદાય સાથે પાટણ તરફ વિહાર કર્યો. તેઓ ચારૂપ તીર્થે પહોંચ્યા. ત્યાંના સંઘે એવું તો સુંદર સામૈયું કર્યું કે, જેની નોંધ પાટણના ઇતિહાસમાં અમર બની.

**સંઘ તથા રાજ્યનો સંયુક્ત ભવ્ય સત્કાર.**

'સૂરિજી પધારે છે' એ સમાચાર પાટણ પહોંચી ગયા, પાટણમાં હર્ષનું વાતાવરણ છવાઇ ગયું. પાટણનાં સંઘે, પ્રજાજનોએ પાટણને ખુબ ખુબ શણગાર્યું. સૂરિજીના પ્રવેશ દિને, યદિ કોઇ પ્રવાસી પાટણ આવે તો એને જરૂર ભ્રમ થયા વિના ન રહે કે, 'પોતે મૃત્યુ લોકમાં છે કે, દેવોની અમરાપુરીમાં!" દરેક હાટ, દરેક વાટ, દરેક બજાર, એક નહિ હજારો ગમે (પ્રકારે) શણગારાયાં. માર્ગે માર્ગે સુંદર દ્વારો, મંડપો, કમાનો અતિ આકર્ષક બન્યા હતા. જ્યાં ત્યાં જૈન સિધ્ધાંતોનેસમજાવનારાં વાક્યો, સૂત્રો લખાયાં હતાં. પ્રજાની આટલી શોભામાં રાજાની સહાય જે વધારો કરે, એની ગણના કયા ગણિતથી થાય?

આ વખતનો પાટણના સૂરિજીનો પ્રવેશ, મહોત્સવનો પ્રસંગ, રાજા પ્રજાના ગાઢ સહકારથી એવો તો શોભતો હતો કે, **પ્રભુ શ્રી મહાવીર દેવનો યુગ યાદ આવી જાય.** સૂરિજીનો પ્રવેશ મહોત્સવ અતિ આડંબરથી થયો. રાજકુટુંબે તથા પ્રજાએ સાથે મળીને સિદ્ધ કર્યું કે, **'વિશ્વભર વ્યાપક ઉત્કૃષ્ટ જૈન દર્શનના સિધ્ધાંતોને આ રાષ્ટ્ર** તથા **રાજ્ય સત્કારે છે. સન્માને છે, અપનાવે છે, તેમજ ધર્મની સેવા સંયુક્ત યોગે કરી શકે છે'.**

ઉલ્લાસ! ઉલ્લાસ! ઉલ્લાસ!

સૂરિજી મહારાજા પાટણના મુખ્ય ઉપાશ્રયે પધાર્યા, સમસ્ત પ્રજાની નજર સૂરિજી તથા તેમની સન્મુખ સ્થિત 'સિદ્ધરાજ જયસિંહ' તરફ હતી. મહારા-

જાએ ભાવપૂર્વક સૂરિશ્રીને વંદન કર્યું ને થએલ ભૂલ માટે ક્ષમા માગી. ઉદાર ચિત્તે સૂરિશ્રીએ હસતમુખે કહ્યું રાજન? આનુ નામજ વિધિના વિધાન અને દેવાજ્ઞા. જો આ પ્રમાણે ન બન્યું હોત તો-મારાથી ભૂમિ અને રાજમોહ કદાપીકાળે છુટત ખરો કે? મોહને જીતવો તેજ અમારો મુખ્ય આચાર ગણાય. અમારે માટે એકજ સ્થલની સ્થીરતાનો નિષેધ હોવા છતા, ધર્મ સ્નેહ અને તમારાથીંજ હું પાટણ રહેલ હતો, તેમાં આ પ્રમાણે વિહાર થવાથી મારાથી તીર્થયાત્રા, તથા ધર્મો પદેશનો અનેક ગામોમાં સુયોગ મલ્યો. તે કદાપીકાળે મળત ખરો? જેમાં એમજ મનાવુ જોઇએ કે **"જે થાય છે તે સારાને માટે"** ને હવે સંતોષ માનવો જોઇએ. આ પ્રમાણે-બન્ને બાળ સખા સમર્થો વચ્ચેની ખાસ સત્તાથી સ્નેહ સોકલ બંધાઇ. દેશના દેવાઇ, પ્રભાવના થઇ, હર્ષભેર સૌ ઘેર ગયા. તે દિવસે પાટણમાં મહાપૂજાઓ ભણાવવામાં આવી, ખુબ ખુબદાન દેવાયાં અને અનેક વિધ સત્કૃત્યો થયાં. નગરમાં ઉલ્લાસ, ઉલ્લાસ ને ઉલ્લાસ!

એજ પાટણ. એજ સૂરિજી, એજ રાજા સિદ્ધરાજ, એજ પંડિતો, એજ મહાજનો, એજ તેજઃ પ્રથમ હતું તેજ રીતિએ, એજ રાજસભામાં ધર્મવાદ જયનાદ ગજાવતો ચાલુ થયો.

# પ્રકરણ ૨ જું.

## સૂરિજીને ગુર્જરનરેશ તરફથી વાદીવિજેતા તરીકે અર્પણ થએલ 'જયપત્ર'

એક વખત સાંખ્યમતનો 'વાદિસિંહ' નામે એક ભિક્ષુ ખાસ વાદાર્થે પાટણ આવ્યો. આ ભિક્ષુ વાદકુશલ હોઇ, તેની સામે પ્રતિવાદી તરીકે કોને રાખવા તે પરત્વે પાટણની રાજસભામાં ખાસ મંત્રણા થઇ. શાસ્ત્રીઓ, પંડિતો તથા ધર્માચાર્યોએ સર્વાનુમતે શ્રી ગોવિંદાચાર્યજીનું નામ જાહેર કર્યું. મહારાજા જયસિંહ જાતેજ તેજ રાત્રે ઉપાશ્રયે ગયા, ને સૂરિશ્વરજીને સભામાં પધારી સાંખ્યવાદીને જીતવા વિનંતિ કરી.

જવાબમાં શ્રીગોવિંદાચાર્યજીએ જણાવ્યું:— "રાજન! ચિંતા ન કરો. આવા ધર્મવાદના પ્રસંગમાં જૈનાચાર્યો કદી પાછી પાની કરતાજ નથી. આમાં તો અમારા જીવનની સાર્થકતા છે. ગમે તેવા સંયોગોમાં પણ અમે રાજસભામાં આવવાના, અને ફાવવાના, ફાવવાના, ને ફાવવાના! આ તો અમારી ખાસ ફરજ. રાજન! આ વાદમાં મારી હાજરીની જરૂર નથી. અમારો વીરસિંહજ આવશે, તેમના સામર્થ્યનો તમને કયાં અનુભવ નથી? રાજાએ તે કબુલ્યું અને વંદન કરી નિરાંતે મહેલે ગયા.

## વાદીનું વિચિત્ર વર્તન.

બીજે દિવસે નિયત સમયે સભામાં વાદ માટેની વ્યવસ્થિત યોજના થઇ. મધ્યસ્થ મહારાજ અને ઉપપ્રમુખ તરિકે શ્રીપાલ કવિ હતા. વાદીએ વાદ શરૂ કર્યો પણ તે ઉન્માદ ભર્યો. મુદ્દા વિનાનું યદ્‌ તદ્‌ા બોલવું આરંભ્યું, અવિવેકી વર્તન આદર્યું. સનાતની તથા જૈન ધર્માચાર્યો વચ્ચે ખળભળાટ થાય તેવુંજ બોલવુ ચાલુ રાખ્યું. આ જોઇ સભામાં ક્ષોભ થયો, પંડિતો ઊંચા નીચા થયા, અને મહારાજાને પણ આવું વર્તન વાદની મહત્તાને ઘટાડનારૂં તેમજ સભાની માનહાનિ રૂપ લાગ્યું. મહારાજા પોતે કાંઇ કહે તે પહેલાંજ શ્રી વીરસૂરિજી ઉભા થયા, અને

## શ્રી સીમંદીર સ્વામી.



શ્રી નવપદજી જીનાલયના પહેલા મજલા પરના મુળ નાયક.

શ્રી થાણા જુના દેરાસરજીની પ્રભાવિક પ્રતિમા.



શ્રી કેસરીયાજી પ્રભુ જયવંતા વર્તો.

શાંતિ અને ખાસ ગાંભીર્યતાથી, મધુર શબ્દોથી કહેવા લાગ્યા, કે "હે ધર્માચાર્ય! વાદના મૂલ મુદ્દા પર રહો. ન્યાયથી ખસવામાં વાદીનું ભૂષણ નથી. અસંબદ્ધ મુદ્દાઓ રજુ ન કરતાં તમારા ધાર્મિક સિદ્ધાંતોને પ્રકાશો." આખી સભાએ એ સુરને સમર્થન આપ્યું. સૂરિજી તો શાંતિપૂર્વક આસને સ્થિત થયા. રાજાએ વાદીને કહ્યું, "હે વિદ્વાન વાદી! આ ગુજરાતની વાદસભા છે. અહીં વાદ પણ ઊંચો હોય છે અને વાદની નીતિરીતિ પણ ઊંચી હોય છે. જેથી ધર્મ સભાના સુંદર માર્ગનું દીવ્ય દર્શન થાય. જે મંથનથી માખણ નીકળે એવા વાદને ઉપસ્થિત ખુશીથી કરો. આપ યથેચ્છ વર્તો એ બીના દુઃખદ છે, વાદની રીતિએ વાદ કરો, જો પરાજયજ ભાસતો હોય તો, માનપૂર્વક આપ સભાનો ત્યાગ કરી શકો છો."

**વાદી છટક્યો.**

વાદી વાદકળામાં કુશલ હતો એમ આપણે જણાવી ગયા, તેનો અર્થ હવે વાંચકને સમજાશે. તે પોતાના મતનો સંપૂર્ણ જાણકાર જરૂર હતો, તેમજ વાદમાં નટખટ ઉપાયોમાં પણ ઉસ્તાદ હતો. ધમંડમાં ને ધમંડમાં તે આવ્યો હતો ખરો પણ, જ્યારે બરાબરીના ખાંડાના ખેલનો અવસર આવ્યો ત્યારે તેને પોતાની દુર્દશાનો સાક્ષાત્કાર થયો.

વાદીસિંહસૂરિનું તેજ, પ્રતિભા, વકતૃત્વ, શૈલી આદિ જોયાં, એ વડે જ્ઞાનના અનુભવનો પણ કયાસ કાઢયો, સભાનો તથા રાજાના વલણનો રંગ જોયો જેથી તરત હવે તેને ભોંય ભારે થઇ પડી. 'માનપૂર્વક આપ સભાનો ત્યાગ કરી શકો છો, આવા મધ્યસ્થ સ્થાનેથી ગુર્જરનરેશના શબ્દો નીકળતાંજ, તેણે અધિક માનહાનિથી બચવા ઉપરોક્ત શબ્દો ઝીલી લીધા, તે ખુબીથી બોલ્યો, "રાજન્! શુભાશિષ! આ સમયે મારી વાદની ઇચ્છા નથી હું જવા ઇચ્છું છું, જાઉં છું."

**'જયપત્ર!**

વાદી ઉભો થયોને વિદાય થયો, ત્યારથી દૂર પહોંચ્યો. ત્યાં સુધી શબ્દો અને ભણકારા સાંભળતો ગયો, 'વાદી વિજેતા શ્રી વીરસુરિજીનો જય, ગુર્જરનરેશ મહારાજા જયદેવની જય!

મહારાજા જયદેવે વિદ્વાન પંડિતોની સભામાં સૂરિજીની મુકતકંઠે પ્રશંસા કરતા જણાવ્યું 'સૂરિજી! આપે ગુર્જર ધર્મસભાનું ગૌરવ વધાર્યું

અનેક રાજસભામાં નટખટથી ધાંધલ જમાવી જય પામવા પેંધેલા આવા વાદીને, ઉભોજ રહેવા દીધો નથી, બોલવા પણ દીધો નથી, ને આપના પ્રભાવનો જીવતો જાગતો વિજય છે. આવાઓજ ધર્મ માર્ગ પથિકોમાં વૈમનસ્ય ફેલાવે છે. જ્યારે આપ જેવા સમભાવ સ્થાપે છે. ખટપટી વાદીની ખટપટનો નાશ એ ખાસ આવશ્યક હતો. એ નિમેષમાત્રમાં થઇ ગયો. સુરિજી ! આપના પ્રભાવનો આ સાક્ષાત્કાર કેમ વિસરાય ? આ પ્રમાણે સુરિજીનું ગૌરવ કરી તેમને મહારાજાએ "જયપત્ર" અર્પણ કર્યું.

**યથારાજા તથા પ્રજા**

પછી રાજદરબારથી શ્રી વીરસુરિજી ઉપાશ્રય પધાર્યા, ગોવિંદાચાર્યજીએ ગૌરવથી સન્માન્યા. રાજવી તરફથી તેમને વારંવાર દરબારમાં પધારવાનું નિમંત્રણ મળતું, અને તેઓ પધારી શાસ્ત્રાર્થથી પ્રભુના શાસનની શોભા વધારતા સમસ્ત ગુજરાતમાં તેમનું અપૂર્વ માન વધ્યું. પાટણની સભામાં તો તેવું માન હોય એમાં નવાઇશી !

શ્રી વીરસુરિજીના શિષ્ય શ્રી જીનદેવસુરિએ પણ શાસનની અપૂર્વ સેવા બજાવી છે. તેઓ પણ શ્રી વીરસિંહસુરિજીની માફક મહારાજા જયસિંહના સલાહકાર તથા ધર્મ જ્ઞાનદાતા રહ્યા હતા. મહારાજા તેમને રાજમહાલયે બોલાવીને, સત્કારીને પણ ધર્મ સાંભળતા, તેમજ ઉપાશ્રયે જઇને પણ અતિ વિનયથી શ્રુતનું શ્રવણ કરતા.

**યથા રાજા તથા પ્રજા** એ ન્યાયે પ્રજાનો મોટો ભાગ સહજ જ્ઞાનપિપાસુ તથા ધર્માનુરાગી હતો.

અત્રે એક વાત કહેવી આવશ્યક છે કે ગુર્જરનરેશ પોતે શિવધર્માનુયાયી હોવા છતાં તેમનું વલણ જૈન ધર્મ પ્રત્યે ઉચ્ચકક્ષાની ન્યાયવૃત્તિવાળું હતું.

x x x x

**મહારાજનું કથન : અમરાપુરી છે દેવની.**

સાંખ્ય મતના વિચિત્ર સિદ્ધાંતોને જીતવા **જૈનાચાર્યોજ** કાયમ સમર્થ ગણાય છે. સાંખ્યવાદીઓનો સામનો વેદાંતીઓ મોટા ભાગે કરી શકતા નથી, તેમજ બહુદાએ તેઓ તેમને પરાજય પમાડી શકતા નથી. સર્વજ્ઞના મતના આધારે જૈનાચાર્યોજ તેમને સરલતાથી પરાસ્ત કરી શકે છે. પાટણની રાજસભામાં તેમજ સમસ્ત ગુજરાતમાં જૈનાચાર્યોનું સામર્થ્ય, અને મહત્તા અપૂર્વ

રીતે પ્રસિદ્ધ હતી. રાષ્ટ્ર અને રાજ્યનો પ્રેમ સુંદર, સુમેળ, ને ધર્મોદ્ધારકમાં સહાયક હતો. આ કાળે ગુજરાતે 'અહિંસત્વાદ'ને વિશ્વભરમાં ગુંજતો કર્યો હતો. એ વખતના ગુજરાતનાં સર્વ માન્ય ગૌરવનો ચિતાર પણ એક કવિએ આપતાં આ પ્રમાણે કહ્યું છે:—

કલ્પતરૂ દુનિયાતણું ને કામદુર્ગા દેશની;
ગુજરાત બીજી જાણજો અમરાપુરી છે દેવની.

મીનલ મુંજાલ.

એક દિવસ સવારે મહારાજા જયદેવ ઉપાશ્રયે પધાર્યા. શ્રી. વીરસિંહ સુરિજીએ વ્યાખ્યાનની હમણાજ શરૂઆત કરી હતી તેમની અપ્રતિમ અને મધુર વ્યાખ્યાન શૈલિનો ખ્યાલ રાંકકલમ કયાંથી આપી શકે? કલમ તો જે કહે તે કાંક કાંક ( અંશ અંશ રૂપ ) સમજવું. જૈન મુનિરાજની તપશ્ચર્યા, તેમનું દેહદમન અને દાનધર્મના મહિમા પર રસીક ચરિત્રનો પ્રારંભ કરતાં સૂરિશ્રીએ પૂર્વ ભૂમિકા તરીકે જણાવ્યું કે:—

"હે ભવ્યાત્માઓ! તેમજ ધર્મજ્ઞાન પિપાસુઓ! અને ધર્મરક્ષક રાજન! ધર્મ સાહિત્ય ચાર અનુયોગમાં વહેંચાયેલુ છે દ્રવ્યાનુયોગ, ચરણ કરણાનુયોગ, ગણિતાનુ યોગ, અને કથાનુયોગ, આ ચાર અનુયોગોમાં કોઇ પણ તત્ત્વ બાકી રહેતું નથી. બાલજીવોને માટે કથાનુયોગ કહો કે ચરિતાનુયોગ કહો તે અધિક ઉપયોગી છે; પૂર્વધર જ્ઞાની મહર્ષિઓએ પૂર્વના તેમજ પોતાના સમયના ધર્મ-પ્રભાવનાત્મક ચરિત્રોની, ઘટનાઓની નોંધ લીધી છે કહો કે; સુંદર સાહિત્યની રસવતી પીરસી છે. એમાનું એક ચરિત્ર આપણે શરૂ કરીએ, અવંતપતિ પ્રજાપાલ રાજાના પાટવી કુંવર મૂલરાજનુ ચરિત્ર, કથાના સુંદર રસ સાથે બોધને પૂરૂં પાડતું હોઇ કહું છું. સૂત્રકથા સાંભળવા યોગ્ય છે, શાંતિથી સાંભળો, વિચારો, મનન કરો, અને જીવનમાં ઉતારવા યથાશકિત પ્રવૃત્ત બનો."

## પ્રકરણ ૩ જું.

### રાજકુમાર મુળરાજનું અદ્‌ભુત ચરિત્ર

( ૧ )

અવંતિના ઉજ્જૈન નગરમાં ત્યાંના રાજવીને મૂળરાજ નામનો રાજકુમાર હતો. આ રાજકુમાર સપ્ત વ્યસનો યુકત દુરાચારી નીકળવાથી રાજવીએ રાજનીતી પ્રમાણે પોતાના એકના એક યુવરાજને દેશવટો આપ્યો.

આ કાળે અવંતિ અને મગધ વચ્ચે દરેક રીતનો ગાઢો સંબંધ હતો જેથી દેશવટે નીકળેલ રાજકુમારે કાળાં કપડાં પહેરી કાળા ઘોડા પર બેસી મગધ પાટલી પુત્ર તરફ **"બાહુબળે ભાગ્ય પરિક્ષા અર્થે"** પ્રયાણ કર્યું. અને અવંતિના પ્રજાજનોએ અને મહાજને છુટકારાનો દમ ખેંચ્યો.

યુવાન રાજકુમારને મગધ જતા માર્ગમાં પહાડી પ્રદેશ આગળ એક ગુફામાં અદ્‌ભુત યોગીનો ભેટો થયો. જેની રાજકુમારે ઘણા દીવસ સુધી પુરતી સેવા કરી. જેથી પ્રસન્ન થએલ યોગીએ કુમારને રૂપાંતર કરવાની ગુટિકા આપી. રાજકુમાર બચપણથીજ સંગીત કળામાં ભલભલા ગંધર્વોને મહાત કરે તેવો પારંગામી હતો. જેથી તેણે પોતાની કળાનો પ્રભાવ બતલાવવા આ ગુટિકાનો ઉપયોગ કર્યો ને **'વામન રૂપ'** ધારણ કર્યું. ત્યાંથી વામન સ્વરૂપી કુબડા બટુકજી પાટલી પુત્ર નગરે પહોંચ્યા.

અહીં ગામની બહાર ધર્મશાળામાં મુકામ રાખી નિત્ય નગરમાં હાથમાં સિતાર લઇ. અદ્‌ભૂત ભજનોની ધુન લગાવતાં. નગરજનો અને ભલભલા ગંધર્વોને પોતાની સંગીત કળામાં મહાત્ત કરી નગરપ્રેમ જીતનાર બટુકજીએ પાટલી પુત્રમાં વસતી ભલભલી વારંગનાઓને પણ મુગ્ધ કરી.

મગધમાં આ કાળે સંગીતકળાનો ઘણોજ શોખ હતો. તેમાં પાટલી પુત્ર–મગધનું પાટનગર હોવાથી અને અહીં શ્રીમંતોનોજ વાસ હોવાથી સંગીતનિપુણ વારંગનાઓનું તે મહિર ઘર ગણાતું.

આ સંગીતપુરીમાં દેવદત્તાનામે એક વારાંગના રહેતી હતી. આ ગુણિકા પણ પોતાના રૂપાદિ–સંગીતકળાના ગુણોથી પાટલી પુત્રને મુગ્ધ બનાવી રહેલ હતી. એમ કહેવાતું કે; પાટલીપુત્રમાં તો શું પણ ? સમગ્ર મગધમાં તેણીના નૃત્ય અને સંગીતકળાની હરીફાઇમાં કોઇ ટકી શકે તેમ ન્હોતું.

'બટુકજી'ના કાને આ વાત આવી, અને તેને આ ગુણિકાને વશ કરવા નિશ્ચય કર્યો.

એક દિવસ સવારે તેણીના ભુવન સન્મુખ બેસી મનોહર કર્ણ પ્રિય મીઠા-સુંદર રાગ રાગણીઓથી ભરપુર આલાપમય સંગીતની અકકેથી ચઢે તેવી છોલો ઉડાડવા માંડી. રાજમાર્ગપર પ્રભાતમાંજ ભવ્ય મીજલસ જામી, વામનજીના અદ્‌ભુત સંગીતથી આકર્ષાઇ દેવદત્તાએ–પોતાની માધવી નામની દાસીને ત્યાં મોકલી વામનજીને પોતાના ભવનમાં બોલાવી મંગાવ્યો.

કળા વિશારદ મુળદેવ અનેક જાતની આનાકાની વચ્ચે દેવદત્તાના ભવનમાં આવ્યો. જ્યાં સંગીતકારોનો ઉચકોટીનો જલસો જામ્યો. નગરના જાણીતા સર્વે ગંધર્વો (ઉત્સોદા) આ જલસામાં બન્નેની હરિફાઇ જોવા અને તેમાં મસ્ત બનવા એકત્રીત થયા.

ગંધર્વોના કસોટીમય જલસામાં બટુકજીએ પોતાની પ્રિય વીણાને નમન કરી સૂર જમાવી પ્રવિણતાથી એક તાણી બનાવી. પછી પ્રધાન પુત્ર સ્થુલિભદ્રજી માફક આ કુમારે સંગીતના અકેકથી ચઢીયાતો તાનબધ રાગરાગણીમય ગીતોને મધુર કંઠથી ગાઇ તાનસેનોના આ જલસાને કુમારે જ્યારે કૃષ્ણની મોરલી માફક એક ધ્યાની બનાવ્યો ત્યારે, આખી એ–મીજલસ–નાગરાજની ફેણી માફક મુગ્ધબનીને ડોલવા લાગી.

ખુદ દેવદત્તાને તો શું પણ મગધના ઉસ્તાદ ગંધર્વોને પણ આ સમયે એમ થયું કે શું ? અમરાપુરીમાંથી કોઇ ગંધર્વદેવ આપ્યાએ પાટલીપુત્રના સંગીતકારોના ગર્વનું ખંડન કરવા તો પધારેલ નથીને ?

આખીએ મીજલસ આ સંગીતકાર પર આફ્રીન થઇ, અને તેની સન્મુખ સુવર્ણ મોહરોની બક્ષીસનો વરસાદ વર્ષી રહ્યો.

પ્રસન્નચીત્ત દેવદત્તાને એમ થયું કે; જો આવા સંગીતના અભ્યાસી મારે ત્યાં રહે તો, મારી અધુરી રહેલી કળા તેને ગુરુ બનાવી પરિપુર્ણ કરૂ. આ જાતના વિચારે ગુણીકાને માર્ગદર્શક બનાવી, અને તેને વામનજીને નમ્રતાપુર્વક જણાવ્યું કે હે ગંધર્વ ?

મારી અભિલાષા છે કે; આપની શિષ્યા બની મારી અધુરી કળામાં મારે નિપુણ બનવું ! જેથી કોઇપણ જાતના સંકોચ વગર હે દેવ ? તમારે મારે ત્યાં રહેવુ. તમારી દરેક જાતની ઉચ્ચકોટીની સગવડ અમારા તરફથી રાખવામાં આવશે. જેને સર્વે સંગીતકારોએ બહુમતી આપી, વામનજીએ આનાકાની વચ્ચે દેવદત્તાની માગણીનો સ્વીકાર કર્યો. અને વારાંગના ભવનમાં રહી રાજ વૈભવીસુખ કુમાર ભોગવવા લાગ્યો.

માત્ર થોડા દીવસના સમાગમમાં ગુરૂ શિષ્યાના ગાઢ સમાગમે અદ્ભુત પ્રેમ જ્યોત જગાવી. ગુણિકાપુત્રી દેવદત્તાએ પોતાનુ સર્વસ્વ વામનરાજના ચરણે ધરી કહ્યુ કે, હે વામનગુરૂ? માત્ર બે દીવસના આપના સમાગમથ મને ખાત્રી થાય છે કે, આપ કોઇ ભવ્ય રૂપધારી રાજવંશી પુરૂપ છો. માટે આપની ચરણોની સેવા ઇચ્છતી આ દત્તા આપને નમ્રતાપુર્વક અરજ કરે છે કે, આપના મુળ સ્વરુપનું દીવ્યદર્શન કરાવો. અને પ્રેમભિક્ષાની અભિલાષી દેવદત્તાને પાવન કરો. દેવદત્તાનું અપુર્વ પ્રેમબોધન જોઇ મુળદેવે ગુટીકાના પ્રભાવે પોતાનું મુળ ગૌરવશાલી રૂપનું દર્શન કરાવ્યું. પછી પુછવુંજ શું ? આ બન્ને વચ્ચે સ્થુલિભદ્ર અને કૌષ્યા જેવો એક તારી વીણા જેવો પ્રેમ સંબંધ બંધાયો. સ્નેહ વર્ધક મધુરા હાસ્યમય વચનોથી આકર્ષાએલી દેવદત્તા મુળદેવમય બની. અને બન્નેના સંબંધની પાટલીપુત્રમાં પ્રશંશા થવા લાગી.

આ પ્રેમ સાધનામાં મુળદેવનો ભાવ એ હતો કે, પોતાને " બાહુબળે ભાગ્ય પરીક્ષા" કરવી હતી. જેમાં રાજસભામાં મહારાજા સાથે સંબંધ બાંધવામાં દેવદત્તા ગુણિકાજ તેને યોગ્યપાત્ર લાગી. કે, જેનો સંબંધ મગધનરેશ સાથે પુરતો હતો.

( ૩ )

કુદરતની કોઇ અજબજ કરામત છે કે, ભાગ્યશાળી આત્માઓ માટે સુયોગની પ્રાપ્તિ તે ધાર્યા કરતા ત્વરીતગતીથી કરી આપે છે. તે પ્રમાણે અહીં બન્યું.

એક દિવસ મગધરાજ તરફથી દેવદત્તાને રાજમહેલમાં નૃત્ય માટેનું આમંત્રણ મળ્યું. જ્યાં તબલચી તરિકે રાજકુમાર મુળદેવ તેની સાથે ગયો.

સંગીત સમારંભમાં દેવદત્તા સાથે પોતાની સંગીત કળાનો પ્રભાવ મગધરાજ અને મહેમાનોને બતાલાવતા સર્વેને સંગીતની ધુનમાં લીન કર્યા.

આ સમયે દેવદત્તાએ પણ કળા પ્રભાવ બતાવવામાં કચાશ રાખી નહિ. આ પ્રમાણે ગુરૂશિષ્યાની જોડીએ મહારાજાને એટલા બધા પ્રસન્ન કર્યા કે, પ્રસન્નચિન્ત રાજવીએ રાજી થઇ બન્નેને વરદાન માગવા કહ્યું.

સુજ્ઞ દેવદત્તા અને મુળદેવે મગધરાજને આ વરદાન પોતાની પાસે અનામત રાખવા જણાવ્યું. પછી સંગીતની મેફીલ વાહ વાહ સંગીતકારો કહેતા મોડીરાત્રે વીસરજન થઇ.

પૂર્વકાળે વીરાત સંવત ૨૭૦માં આજ પાટલીપુત્ર નગરે પ્રિયદર્શની અશોકના અંધ મહારાજા રાજકુમાર કુણાલે, અંધ સૂરદાસ તરિકે સંગીત-કળાનો પ્રભાવ રાજસત્તા અને મહારાજા અશોકને બતલાવ્યો. પ્રસન્ન ચીત્ત રાજવી અશોક પાસે વરદાનમાં પોતાના શીશુકુમાર સંપ્રતિ માટે મગધની રાજગાદી ભીક્ષામાં માગી રાજસભાની આશ્ચર્યતા વચ્ચે પિતાપુત્ર વચ્ચે ઘણા વર્ષે અણુધાર્યો આ પ્રમાણે મેલાપ થયો. ભીક્ષુક વેશમાં રહેલ મગધના અંધ યુવરાજને–પોતાના હાથે થએલ મહાન અન્યાયના બદલામાં–વચનના પાલનાર્થે અવંતિનુ રાજ્ય તુરતજ અશોકરાજે અર્પણ કર્યું અને મગધના ભાવિ સમ્રાટ તરીકે દશમાસના શીશુકુમારને–સ્થાપીત કર્યો. અને પાટવી તરિકે માન્ય રાખ્યાં.

વરદાન આપવું અને મેળવવું એ કાંઇ રમત નથી. તેમાં તો જીવનની હોડ સમાએલ છે.

જુવો, સત્યવાદી મહારાજા હરિશ્ચંદ્રને આપેલ વરદાન અંગે કસોટીમાં વનવાસ ભોગવવો પડયો હતો. તેજ માફક મહારાજા દશરથને વરદાનના બદલામાં, ઓ રામ ? ઓ રામ ? ના રટનમાં જીવન ત્યાગ કરવો પડયો હતો. જેમાં મહારાજા રામને રાજ્યાભિષેકના બદલે બાર વર્ષનો વનવાસ ભોગવવો પડયો હતો. તેજ માફક પૂર્વકાળે આવા આવા અનેક દ્રષ્ટાંતો શાસ્ત્રોમાં નોંધાયા છે. જેને વાંચતા ખાતરી થાય છે કે વરદાન આપનાર ટેકીલા રાજવીઓ પોતાને દેવ અવતાર માનતા હતા, અને વચનના પાલનાર્થે જીવનને હોડમાં મુકતા.

તે મુજબ અહીં બન્યું પ્રસન્નચીત્ત મગધરાજે દેવદત્તા અને મુળરાજને વરદાન આપ્યું, અને બન્ને જણાએ આ વરદાન અનામત રાખી સમય આવે તેનો ઉપયોગ કરવાનું જણાવ્યું, અને મહારાજાને જગતની કસોટીએ ચઢાવી તકસાધક બન્યા, હવે જોઇએ છે કે આનુ કેવું પરિણામ આવે છે તે.

મુળરાજ કુમારના દુરવ્યસને દેવદત્તાને ત્યાં રહી ઘણી હદ કરી. અહીં રહી સુધરવાને બદલે રાજકુમાર અતિસય જુગારી અને મદીરાપાની બન્યો. જેને દેવદત્તાનો રાજ વૈભવી ધન ભંડાર અને તેની નીયમીત રજવાડી આવક પણ જુગારના દાવમાં પુરી ન પડવા લાગી. આવા હદ ઉપરાંતના જુગારના વ્યસનથી હવે દેવદત્તાને દરેક રીતે તંગી પડવા લાગી. તે અંદરખાનેથી ઝુરવા લાગી. કુમારને સુધારવા દેવદતાએ ભગીરથ પ્રયત્નો કર્યા પણ, ભવિતવ્યતાના યોગ આગળ બધુંએ નકામું ગયું. અને મૂળદેવનું કલંકિત જીવન સુધરવાને બદલે બગડતુજ ગયું.

દેવદતાની માએ પોતાની પુત્રીને જણાવ્યું કે, હે પુત્રી ! આ નિર્ધન જુગારી મૂળદેવનો હવે ત્યાગ કરી, તારા પ્રત્યે આકર્ષાએલ પાટલી પુત્રના કોટયાધીશ અચલ શેઠ સાથે આજ પ્રમાણે પ્રેમમાં લય બની તેને પુરતી રીતે નીચોવવો જેની ખાસ આવશ્યકતા છે, નહિ તો હવે આપણે દુઃખી દુઃખી થઇશું.

દેવદત્તાને ફરજીયાત કચવાતાં દીલે મૂળદેવનો અનુરાગ ઓછો કરી અચલશેઠ તરફ વાળવો પડયો. તેને આસતે આસતે પોતાની કળાની નિપુણતા બતલાવી, અચલશેઠના ધન ભંડારનો ભાર પુરતી રીતે ઓછો કરવા માંડયો.

પરદારા વૈભવી અચલશેઠ પણ હવે દેવદતાના મોહપાસમાં પુરતા સપડાયા. રાતને દીવસ વૈશ્યા ગૃહે રહી તેના મીથ્યા પ્રેમમાં જીવનની સાર્થકતા માનવા લાગ્યા. અને તેણીનો રાજ વૈભવી ખર્ચ પુરો પાડવા લાગ્યા.

આ પ્રમાણે થોડા મહીનાઓ જતા દેવદતાની માતાએ પોતાની પુત્રીને જણાવ્યું કે હે-દત્તા એક મ્યાનમાં કદાપીકાળે બે તલવારો સમાતી નથી. તે મુજબ તારી દરેક જાતની વૈભવી ઇચ્છાઓ પરીપૂર્ણ કરનાર આ અચળ શેઠ પ્રત્યે તારે પણ હવે મુળદેવ જેવોજ અનુરાગ રાખવો જોઇએ.

જુગારી મુળદેવથી હવે આપણી કીર્તિને બટ્ટો લાગે છે. હવે આને આપણા ભવનમાંથી દુર કર. અને તારી જુવાનીમાં ધન કમાવાનો મળેલ અણમોલ તકનો તું લાભ ઉઠાવ.

પોતાની માતાની શીખામણને આ ગુણિકાએ જાતિ ધર્મ પ્રમાણે માન્ય તો રાખી; પણ તેના દીલમાંથી મુળદેવ પ્રત્યેનો પ્રેમ અવિચળ રહ્યો. તેણે

માતાના ઉપરવટ થઇ મુળદેવ સાથે સંબંધ ચાલુ રાખ્યો. છેક મોડી રાત્રે જુગારની મેંફીલ પુરી થતા, આંખો ચોળતો મુળદેવ દેવદત્તાગૃહે આવતો અને એક ઓરડામાં એકાંતમાં–અટુલો પડી રહી જીવનની સાર્થકતા માનતો–"જુઓ કર્મગતિ"

(૫)

આ કાળે–સમસ્ત મગધ સામ્રાજ્યમાં તેલ મર્દનનો ઘેરે ઘેર રીવાજ હતો. માલીશમાં એવા કીંમતી વસાણા યુકત સુગંધી તેલનો ઉપયોગ થતો. કે, જેની કીંમત સુવર્ણ મહોરોને ભારોભાર ગણાતી, માલીશ કરનારાઓને–શ્રીમંતોના ઘેરથી વર્ષાશન અને કીમતી બક્ષીસો પણ મળતી, આ સુગંધી વસાણાઓની અસર આખા શરીરને પુષ્ટ કરનારી, નબળાઇને દુર કરનારી, તેમજ નસે નસમાં જોમવ્યાપક બનતી. વસાણા યુકત રાજસ ભોજનને પચાવનાર આ કાળે જો કુશળ માલીશકારો ન હોત તો, અમોને શંકા રહે છે કે વખતે આ કાલીન વૈભવી શ્રીમંતોનું જીવન એવું તો માયકાંગલું અને નિસ્તેજ બનતકે, તેમને અકાળે વૃદ્ધાપો આવત, અને અતિ વિલાસીપણાને અંગે તેમનું અકાળે મૃત્યુ પણ થાત. આ કાળે ઓછામાં ઓછી આઠ આઠ પત્નિઓ એક એક શ્રીમંતોને ગણાતી, તેમાં ઉપાંગ તરિકે બહારની વારાંગના શાહજાદીઓતો જુદીજ, આવો રાજવૈભવ અને સહાયબી ધરાવનાર અચલ શેઠના માલીશનું કામ દેવદત્તાને પોતાની મરજી વિરૂદ્ધ માતાની આજ્ઞાથી માત્ર શેઠને પ્રસન્ન કરવા પુરતુ પણ કરવું પડતું.

માલીશ પછી સ્નાન ક્રીયાની પણ આ કાળે મહત્તા હતી તે પ્રમાણે માલીશબાદ સ્નાન ગ્રહમાં જતાં, ઘણા દીવસે મુળદેવ શેઠના હાથે આબાદ સપડાયો. શેઠે મુળદેવને આ જાતના પ્રપંચી વહેવાર અંગે પુરતો ઠપકો આપ્યો. આ કાળે રાજ્યનો સખત કાયદો હતો કે, "એક ધણીની રખાત વેશ્યાને ત્યાં બીજો બહારનો પુરૂષ મલી આવે તો, રાજ તરફથી તેને સખત સજા થતી; આ જાતના રાજકાયદાનું ભાન શેઠે મુળરાજને કરાવ્યું.

સદાને માટે પોતાના માર્ગમાંથી આ કંટકને દુર કરવા અચલશેઠે અને દેવદત્તાની માએ દુરાચારી, જુગારી, મુળદેવને અપશબ્દોના પ્રહારથી નવાજવામાં કચાશ રાખી નહિ. પ્રૌઢવઇ વેશ્યાએ પોતાના કુળધર્મ પ્રમાણે અપશબ્દોના પ્રહારથી–હાડો હાડ વ્યાપક બને એવી રીતના શબ્દ પ્રહારોથી મુળરાજને પાણી કરતા પણ પાતળો કર્યો. ને તેને બોલતો બંધ કર્યો.

આ સમ   ળરાજની ચક્ષુઓ પર રહેલ દુર્ગુણતાના પડલો દુર થયાં. તેને પોતાની કરૂણાજનક સ્થિતિનું પુરતું ભાન થયું. અવંતિના પાટવી કુંવરનું આ પ્રમાણે એક હલકટ વેશ્યા અપમ   કરે, તે તેના માટે દુઃખદ અને આત્મ જાગ્રતિનો પુરતો વિષય બન્યો, જેને હવે પુરતો પશ્ચાતાપ થયો. તેણે પોતાની થયેલ ભુલ માટે સર્વેની માફી માંગો અને આ ભવનમાં હવે પછી ભવાંતરે પણ પગ ન મુકવાની પ્રતિજ્ઞા કરી. ને મહામુશીબતે મુકિત મેળવી.

વેશ્યા ગ્રહેથી સહીસલામત બચી જનાર મૂળરાજે પોતાના જીવનનું સાચુ જ્ઞાન કરાવનાર અચળશેઠનો અંતઃકરણ પુર્વક ઉપકાર માન્યો. દેવદત્તાના ઘરમાંથી નીકળી તે નગર બ્હાર સરોવર પર ગયો. જયાં તેણે સ્નાન કરી, પ્રભુની ભાવપુર્વક સ્તુતિ કરતા, નીતિશાસ્ત્રના નીચેના મહાન સ્તોત્રને યાદ કર્યો.

**"અર્થાત્ હે માનવી! જો શરીર નષ્ટ ન થાયતો દેશનો ત્યાગ કરજે. પરંતુ દુર્જનના કરનો સ્પર્શ થતાં ત્યાં ભમ્યા ન કરીશ"**

જેને પુરતી ઠોકર લાગી છે, અને જેના આત્માંમા જ્ઞાન જયોત જાગ્રત થઇ છે, એવા મુળરાજે નીતિશાસ્ત્રના ઉપરોક્ત અણમોલવાકયને માથે ચઢાવી પાટલી પુત્રના પાણીને પણ હરામ કર્યું તેજ સમયે ત્યાંથી સિધ્ધા સૌવીર તરફ એક બ્રાહ્મણનો સાથ મેળવી પ્રયાણ કર્યું.

(૬)

આ બ્રહ્મદેવે મધ્યાહન સમયે કકડીને ભૂખ લાગતા પોતાના થેલામાં રહેલ ગોળમાં મેળવેલ **સાથવો** કાઢી પાણીથી મેળવી તેણે મુળરાજને ખાવા આપ્યો, ને આ સાથે બ્રાહ્મણો પણ તેજ પ્રમાણે ખાધો. અને બન્ને જણાએ સાથે પ્રયાણ કર્યું.

બીજે દીવસે બપોરના ભાથાનો કોથળો ખોલતાં તેમાં એકજ દીવસ ચાલે તેટલો સાથવો દેખાતાં મુળરાજે તેનો ઉપયોગ ન કરતા, બ્રહ્મદેવનેજ તેનો ઉપયોગ કરવા જણાવ્યું. આને પણ આટલુંજ જોઇતું હતું. તેણે ઉપરથી વિવેક બતલાવી પોતાની સાથે રહેલ સાથવો પુરો કર્યો ને કપડાની થેલી ખંખેરી. તેનાથી માત્ર કીડીઓને પણ સંતોષ થયો હશે કે કેમ તેની શંકા રહે છે.

છતા કુમારે પોતાના એકજ દીવસના ઉપકારી બ્રહ્મદેવનું નામ યોગ્ય સમયે બદલોવાળી આપવા પૂછ્યુ. તેણે પોતાનું નામ નિર્ધનશર્મા તરીકે જણાવ્યું. પછી ભુખ્યા પેટે મુળરાજ બ્રહ્મદેવ સાથે થોડીક વાતો કરી. એક ગામનું પાદર આવતા તેનાથી છુટો પડયો. અને ક્ષુધાની તૃપ્તિ અર્થે તે ગામમાં ગયો.

**એટલુ યાદ રાખજો, કર્મ ન છોડે કદાય રાજ્ય બદલે**
**શ્રી રામજી, વનવાસ વેઠવા જાય;**

જેમ પ્રભુ મહાવીરને ઉગ્ર તપશ્ચર્યાના પારણામાં, પોતાના અભિગ્રહ પ્રમાણે અડદના બાકળા મલ્યા હતા તે મુજબ, અવંતિના યુવરાજ મુળરાજને આ સમયે કર્મની કસોટીરૂપે એક ખેડુતના ત્યાંથી બાકળાઓજ મળ્યાં.

આ સમયે રાજકુમારને ભીક્ષામાં મળેલ બાકળાથી કેટલું લાગી આવ્યું હશે તેનો ખ્યાલ હે રાજન! આપને તેમજ આ પરષદાને આવે છે ખરો? **ક્યાં ઉજ્જૈનનો રાજ વૈભવ? ક્યાં દેવદત્તાનું પ્રિતિમય પ્રેમભોજન? અને દુરાચારીપણાના બદલા તરિકે, દીનતામયપણે ભીક્ષામાં બાકળાનું પ્રાપ્ત થવું?**

તેના આત્મામાં પૂર્ણ જાગ્રતી આવી. અને તેનો આત્મા પુર્ણ પશ્ચાતાપથી ભીજીત નિર્મળ બન્યો. બાકળાની પ્રાપ્તિ સાથેજ તેના દુષ્ટ કર્મનો ક્ષય થયો હોય તે પ્રમાણે, કયે માર્ગે જવું તેના અંગે વિચાર કરતાં દૂર દૂર દ્રષ્ટિ ફેરવતા, કુમારની નજરે બરોબર આ સમયે એક મુનિરાજ ચઢયાં.

જેનું હૈયું ઉચકોટીના પરિણામોથી પવિત્ર થએલ છે એવા મુળરાજે હૃદયના ભાવોથી મુનિરાજ પાસે જઈ તેમને ભાવ પૂર્વક વંદન કર્યું ને બાકુળા વ્હોરવા વિનંતિ કરી.

આ મુનિરાજ એક ઉગ્ર તપસ્વી હતા. જેમની કાયા ઉગ્ર તપશ્ચર્યાના કારણે શુષ્ક થએલ હતી, જેમને પણ આજે માસક્ષમણનું પારણું હતું. તેઓ પણ ગોચરી માટે ગામમાં જતા હતા. તેમને—કુમારની વિનંતિનો સહર્ષ સ્વીકાર કરતા જણાવ્યું કે, હે ભાગ્યવંત ? આ અડદનો ઉપયોગ મુનિરાજો માટે આત્મ હીતાર્થે આરાધક બને છે.

આ સમયે મુળરાજની ભકિતથી પ્રસન્ન થએલ દેવતાઓએ આકાશવાણીથી જણાવ્યું કે હે મુળરાજ! તેં આ કામ ઘણુંજ ઉત્તમ કર્યું છે, જેથી અમો તારા પ્રત્યે પ્રસન્ન થયા છીએ, માટે યોગ્ય વરદાન માગી લે.

મુળરાજે જણાવ્યું કે "मह हहीं देवदत्ता, हतिसहस्सच रज्जवे" અર્થાત મને દેવદત્તા સાથે, હજાર હાથી સહીત રાજ્ય આપો" તથાસ્તુ! કહી દેવતાઓ અદ્રષ્ય થયા.

દૈવિક વરદાનની પ્રાપ્તિ બાદ ત્યાંથી મુળરાજ આગળ વધ્યો. જેની સ્થીતિ અનુક્રમે અપૂર્વદાન પ્રભાવે પલટાએલ છે, એવો કુમાર, બેનાતટ નગરે પહોચ્યો, જ્યાં ધર્મશાળામાં જઇ ઉતારો કર્યો.

એ રાત્રીના સમયે તેનેસ્વપ્ન આવ્યું કે, પોતાના મુખમાં ચંદ્રમા પ્રવેશ કરે છે. સ્વપ્ન પછીની પાછલી રાત કુમારે પ્રભુ ચિંતવનમાં જાગૃત અવસ્થાએ પસાર કરી. પ્રભાત થતાજ કુમાર ધર્મશાળાના બગીચામાં ગયો, અને માળીને ફુલ વિણવામાં મદદગાર બન્યો, તેની પાસેથી સ્વપ્ન પાઠક ઉપાધ્યાયનું ઠેકાણુ મેળવ્યું. પછી શાસ્ત્રીજીના ત્યાં જઇ તેના ચરણે ફુલધરી ભાવપુર્વક પ્રણામ કર્યા, ને પાછલી રાત્રે પોતાને આવેલ સ્વપ્નનું ફળ પુછયું.

કુમારનું ભવ્યલલાટ, પ્રભાવિક આકૃતિ જોઇ તેના પ્રત્યે શાસ્ત્રીજી આકર્ષાયા સ્વપ્ન ફળ ઉંચકોટીનું સમજી સ્વપ્નપાઠક શાસ્ત્રીજીએ જણાવ્યું કે, 'હે ભાગ્યોત્મા! તમો અત્યારે મારા અતિથી બનો. કારણ આપ દુરથી આવેલ દેખાવ છો જેથી થાકેલા હશો. જેનો કુમારે સ્વીકાર કર્યો. પછી સ્નાન ભોજન આદિથી ભાવભીનું સ્વાગત કરી સ્વપ્નના પ્રથમ ફળ તરીકે બ્રહ્મદેવે, ગૌરવતાપુર્વક પોતાની કુંવરીનું તેની સાથે પાણી ગ્રહણ કરાવ્યું. પછી જણાવ્યું કે, 'હે ભાગ્યવાન! 'હવે આજથી સાતમા દીવસે તમને રાજ્યગાદી પ્રાપ્ત થશે." આ પ્રમાણે તમારા સ્વપ્નનું ફળ તમને બે રીતે પ્રત્યક્ષપણે તાત્કાલીક ફળદાતા બન્યું છે.

આવોજ એક બનાવ મગધ સામ્રાજ્યના ઇતિહાસના પાને અમરત્વને પામેલ છે. જેમાં વીરાત સંવત ૬૦માં શીશુનાગ વંશી મહારાજા ઉદાયનનું ખુન મનક નામના એક રાજકુમારના હાથે, તેના વેરના બદલામાં પાટલીપુત્ર નગરના ઉપાશ્રયમાં મહારાજાના પૌષધ અવસ્થાએ મધ્ય રાત્રીએ હતા ત્યારે, ક્રૂરતાથી થયું. અને મગધરાજ નિરવારસ મૃત્યુ પામ્યા.

તેજ રાત્રીએ એક નાવિક પુત્ર જેનો જન્મ એક વેશ્યાની કુક્ષીથી થયો હતો તેને, સ્વપ્નમાં પાટલીપુત્ર નગરને પોતાના પેટના આંતરડાંથી

વીંટળાતાં દીઠું. ત્યાર પછી નિદ્રા ન લેતા પહેલી સવારે ઉઠી તે, નજદીકના સ્વપ્ન પાઠકને ત્યાં જઇ પોતાનું સ્વપ્ન કહી સંભળાવ્યુ.

વીદ્વાન સ્વપ્ન પાઠકે જ્ઞાન બળે સ્વપ્ન ફળ સમજી તુરતજ "**નંદ**"નું પુરતુ સ્વમાન સાચવ્યુ તેને નવરાવી સ્વચ્છ કરી, પોતાની કન્યા પરણાવી પછી નવદંપતિને એક સીબીકામાં ( પાલખીમાં ) બેસાડી વાજતે ગાજતે નવદંપતિનો વરઘોડો નગરમાં ફેરવવાની શરૂઆત કરી.

સંજોગવસાત નવ રાજવીની શોધમાં પદહસ્તિસહિત નીકળેલ રાજ સ્વારી, નવ પરણીત દંપતિની સીબીકા નજદીક આવી. પટ્ટહસ્તિએ રાજ્યાભિષેકનો કળશ નંદના મસ્તક પર રેડયો, બાદ મહા અમાત્ય, તેમજ રાજ્ય અમલદારો, નગરશેઠ અને નગર મહાજને નંદને મગધનું સામ્રાજ્ય આપ્યુ ને તેનો રાજ્યાભિષેક તુરતજ થયો.

આ નંદવંશી રાજકુટુંબે ત્યારબાદ ૧૫૦ વર્ષ સુધી-મગધ સામ્રાજ્ય પર રાજ્ય કર્યું. આ રાજવંશીઓએ જૈન ધર્મપાળક રાજવી તરીકે-જૈન ધર્મ અને મગધ સામ્રાજ્યની અપૂર્વ સેવા બજાવી.

તેજ મુજબ અહીં બન્યું. નવ પરણીત દંપતિના પાંચ દીવસ આનંદમાં નીકળી ગયા. પાંચમા દીવસે અહીંના રાજવીનું પુત્ર રહિતપણે મૃત્યું થયું. જેથી રાજ્યગાદી માટે યોગ્ય રાજવીની વરણી કરવા પ્રધાન આદિ પુરૂષો શાસ્ત્રીજીના બગીચામાં પંચ દીવ્ય વસ્તુઓ સહિત, એક ચંપાના ઝાડ નીચે મુળરાજ સુતો હતો ત્યાં જઇ ચઢયા. તેની નજદીક જતા હાથીએ ગર્જના કરી, પછી જ્ઞાની હસ્તિએ કુમાર પર રાજ્ય કલશ ઢોલ્યો, સરણાઇઓ વાગવી શરૂ થઇ. ચામરો વિંઝાવા લાગ્યા.

મુળરાજ જાગૃત થતા તેને આમાં કંઇ આશ્ચર્યતા લાગી નહિ તેને ખાતરીજ હતી. કે, આ પ્રમાણે વરદાન મુજબ બનવાનું છે. પોતે રાજ વૈભવને આ પ્રમાણે ભોગવેલ હોવાથી જાગૃત થતાજ તેને વિનય પૂર્વક સર્વેને વંદન કરી પુછયુ કે, 'હે ભાગ્યાત્માઓ ! આ બધો શો પ્રકાર છે, આપ આ પ્રમાણે મારી ભક્તિ કેમ કરી રહ્યા છો? જવાબમાં મહા અમાત્યે જણાવ્યું કે, હે ભાગ્યાત્મા? આપ આ રાજ્યના માલીક બન્યા છો આપને ભાગ્યવસાત-આ સહસ્ર હસ્તિવાળા મહારાજ્યની પ્રાપ્તિ થાય છે માટે આપ હાથીની અંબાડી પર બીરાજો'

પછી રાજકુમારને અંબાડી પર બેસાડી મુળરાજ રાજવીના જયનાદો વચ્ચે વરઘોડો રાજદરબારે આવ્યો, અહીં મંત્રિઓ–મહાજનો તેમજ રાજ અમલદારોએ મુળરાજનો રાજ્યાભિષેક કર્યો, એક મુનિરાજને ભાવ પૂર્વક અડદના બાકુળા વહોરાવવાના ફળ તરિકે, તેના પ્રતાપે દૈવિક શકિત અને સંકેત, અનુસાર વૈભવિ રાજગાદીની પ્રાપ્તિ રાજકુમારને થઇ.

(૬)

રાજ્ય રીતરીવાજ પ્રમાણે સિંધ સૌવિરપતિ મુળરાજે મગધરાજ જીતશત્રુ પર ભેટ સોગાદ મોકલી, અને દેવદત્તા ગુણિકાને માનભેર મોકલી આપવા જણાવ્યું–મગધરાજે મુળરાજની માગણી મુજબ દેવદત્તાને–ત્યાં મોકલી આપી. આ પ્રમાણે દેવદત્તા અને સહસ્ર હસ્તિવાળુ રાજ્ય બન્ને મુળરાજને મલ્યા અને તે ભોગવવા લાગ્યો.

બીજી બાજુ પાટલી પુત્રમાં શું બન્યું તે આપણે જોઇએ. તેને મુળરાજના પ્રેમમાં લુબ્ધ થએલ દેવદત્તા એ બીજેજ દીવસે હિંમતથી રાજ દરબારે જઇ મહારાજા પાસે પોતાના અનામત વરદાનની માગણી કરતા જણાવ્યું કે હે રાજન! મારી આકા (મા) એ અને અચળ શેઠે મારા મુળદેવ પ્રિયતમનું હદ ઉપરાંતનું અપમાન કરી–ગઇ કાલે ઘરમાંથી કાઢી મુકયો છે તેના બદલા તરીકે–મુળરાજને શોધી લાવવાનું કામ આ શેઠને સુપ્રત કરવું ને તેને મારા ગૃહનો ત્યાગ કરવા જણાવવું મારી આકાને મારી મનોઇચ્છા વિરૂધ્ધ અન્ય પુરૂષના સમાગમમાં મને લાવતા રોકવી.”

ઠીક છે દેવદત્તા?

એમ કહી રાજવીએ દેવદત્તાને જવાની રજા આપી. પછી તુરતજ અચલશેઠને બોલાવી કહ્યું કે, તમારે આજને આજ પોઠ લઇ, ફરી, ફરી, મુળરાજને શોધી માનભેર તેને દેવદત્તાને સુપ્રત કરવો. અને તેના દરવાજે તમારે હવે પછી જવું નહિ.”

આકાને બોલાવી કહ્યું કે, ‘તમારે દેવદત્તા પર કોઇના માટે બળાત્કાર કરવો નહિ. પછી પ્રસન્નચિત્ત રાજવીએ દેવદત્તાને વર્ષાસન બાંધી આપ્યું, અને તેને પવિત્ર જીવન ગુજારવામાં જીતશત્રુ રાજા તેના સહાયક બન્યા.

અહો રાત દીવસ મુળરાજના નામનું રટન કરતી અને તેના માટે ઝુરતી દેવદત્તાને એક દિવસ ઓચીંતી રાજ તરફથી મુળરાજની વધાઇ, અને વાજતે ગાજતે સૌવિર મોકલવા માટે કહેણ આવ્યું. ત્યારે તેના હર્ષનો પાર રહ્યો નહિ. નગરપતિએ દેવદત્તાને–વૈભવતાથી સૌવિર પહોંચતી કરી. તેને પણ તેની અવિચળ ટેકનું ફળ પ્રાપ્ત થયું.

પોતાના આરાધક મુળરાજ પાસે પહોંચતાજ, રાજવૈભવી–રાણીપદને પ્રાપ્ત કરનાર દેવદત્તા, પોતાને મહાન ભાગ્યશાળી માનવા લાગી, બન્ને પ્રેમીઓ મનમાનીતી રીતે સુખ ભોગવવા લાગ્યા.

(૮)

મુળરાજની શોધમાંઅનેક નગરોએ ફરી નિરાસ થતો પોઠ સહીત નીકળેલ અચળશેઠ સોદાગર, બેનાતટ નગરે આવી પહોંચ્યો. વિવિધ પ્રકારનું કીંમતી નજરાણું મહારાજને નજરાણામાં મુકતાજ, મુળરાજે અચળશેઠને ઓળખી લીધા, અને જણાવ્યું કે, કેમ શેઠ? તમારી લાડકી દેવદત્તા ક્યાં છે? જેની ખાતર તમે મુળરાજને હેરાન હેરાન કરી નગરનો ત્યાગ કરાવ્યો હતો ખરૂને શેઠ ?

અચળશેઠે પણ મુળરાજને તુરતજ ઓળખી લઇ નમી પડયા. ને આંખમાં અશ્રુ લાવી માફી માંગતા જણાવ્યું કે હે રાજન! આપના દેશ ત્યાગ બાદ બીજેજ દીવસે મગધરાજ પાસેના અનામત વરદાનના બદલામાં દેવદત્તાએ પોતાના આરાધક પ્રેમીની શોધનું કામ મને સુપ્રત કરાવ્યું ને સદાને માટે ભવનનો ત્યાગ કરાવ્યો "હે રાજન ધન્ય છે" તે દેવદત્તાના આપના પ્રત્યેન અવિચળ પ્રેમને! આટલું કહી શેઠ મોટેથી રાજસભામાં રડી પડયો.

શાહ સોદાગરનો સહપ્રેમે હાથ પકડી ભાવભીનું સ્વાગત કરતા મુળરાજે જણાવ્યું કે, શેઠજી દેવદત્તા તો ક્યારની રાજમહેલમાં અચળ પ્રેમની નિશાનીમાં મહારાણી તુલ્ય વૈભવ ભોગવી રહેલ છે. ને તમો? મારા હાથમાં કરેલ કરણીનું ફળ ભોગવવા આબાદ સપડાયા છો. બોલો શેઠ? હવે તમને તમારી ઉધ્ધતાઇ ભરી વર્તણુકનો શો બદલો આપુ? જો આ સમયે હું ધારૂ તો તમોને હાથીના પગ નીચે એક પળમાં છુંદાવી શકુ તેમ છું, તેમજ ફાંસીને લાકડે પણ ચઢાવી શકું છું. છતાં શેઠજી જૈનધર્મના "ક્ષમાપના"ના મહાન સિધ્ધાંત પ્રમાણે, મને તેમ કરવું યોગ્ય લાગતું નથી.

હે શેઠશ્રી ? મને પણ મારી ઉધ્ધતાઈ ભરી વર્તનનું, તેમજ દુવ્યર્સનનું, પુરતું ફળ પાટલીપુત્રમાંજ દેવદત્તાના ભુવને, આપના અને આકા માર્ફતે મળ્યું છે. આપના કારણેજ પરમ પશ્ચાતાપેજ મારો ઉદય થવાથી, આપને આ સમયે મારા ઉપકારી માનુ છું. ધવલ શેઠને જે પ્રમાણે શ્રીપાળ-રાજા બહુમાનથી માનનીય માન્યા હતા તે મુજબ હું આપને મારા ઉપકારી ગણી, કોઇપણ જાતની જકાત વગર વેપાર કરવાની નગરમાં પુરતી છુટ આપું છું. તેમજ મગધરાજ જીતશત્રુ પર આપનો નગર પ્રવેશ બંધીનો હુકમ પાછો ખેંચી લેવા, અને આપનું ત્યાં પણ બહુમાન કરવા ભલામણ કરૂં છું. આ પ્રમાણે કહી **અપકારના બદલામાં ઉપકાર** તરિકે **અચળ શેઠને** પુરતીરીતે રાજમાન આપી માન પુર્વક તેને સંતોષી વિદાય આપી ગૌરવ કર્યું.

મગધના શાહસોદાગરે જકાત માફીથી આ સમયે પુષ્કળ ધન પ્રાપ્તિ કરી, પછી મુળરાજનો પત્ર લેઇ તે પાટલીપુત્ર ગયો. ત્યાં રાજ તરફથી સારૂ માન પામી તે સુખી થયો. પછી જે બ્રાહ્મણે મુળરાજને બેનાતઃ આવતા માર્ગમાં એક ટંકનું ભોજન કરાવ્યુ હતું, તેને શોધી કાઢી એક ગામ ઇના-મમાં આપ્યુંને તેની દરિદ્રતા દુર કરી.

જે ખેડુતની સ્ત્રીએ **અડદના બાકળાથી** પોતાના જીવનની સાર્થકતા કરી હતી. ને રાજગાદીની પ્રાપ્તિ કરાવી હતી તેને વીરપસલીમાં ભાઇ બીજના દીવસે રાજમહેલે તેડાવી તેને પાંચ ગામો બક્ષીસમાં આપ્યાં.

આ પ્રમાણે પોતાના ઉપકારીઓને-શોધી મુળરાજે સંતોષ્યા. પછી સોવિર નરેશ પોતાના પિતાને મળવા પુરતા રાજ્ય મોભાથી અવંતિ આવ્યા. અહીં પિતા પુત્ર, તથા કુટુંબીજનો અને નગર મહાજને સૌવીરપતિ મિત્ર રાજવીનું ભાવભીનું સ્વાગત કર્યું. આ પ્રમાણે આ કથાનું છેવટ સુખ શાંતિ અને આત્મ હીતમાં આવ્યું. યોગ્ય રીતે ધર્મ કરણીમાં મુળરાજે જીવનની સાર્થકતા કરી ઉચ્ચગતી પ્રાપ્ત કરી.

આ પ્રમાણેના આ લંબાણ ચરિત્ર પરથી હે રાજન ? આપે ખાસ સમજ-વાનું છે કે, **રાજ્યાધિપતિ રાજવી દેવાંશી અને મહાન પુન્યવાન ગણાય છે જેને દરેક જાતના દુવ્યર્સનના ત્યાગી બનવું જોઇએ. "વિલાસી**

જીવન"ને સુધારી દાનનો મહીમા સમજતા થવુ જોઇએ. તેમજ સદા સંત સમાગમમાં આવવું જોઇએ. આ પ્રમાણે શુધ્ધતાથી જીવનની શુધ્ધિ સાચવવી જોઇએ.

આ પ્રમાણેના ચરિત્ર શ્રવણથી મહારાજા જયદેવની આત્મ શુધ્ધિ થઇ. તેને એમજ થયું કે. ઉપકારી સૂરિજીએ આ ચરિત્ર મારા વિલાસી જીવન પર પુરતી અસર કરવા, પ્રજા પાલક તરિકે રાજય સંચાલનમાં બોધની પ્રાપ્તિ અર્થેજ આજનું વ્યાખ્યાન યોજ્યું છે. પછી સૂરિશ્રી તેમજ મુનિવરોને વંદન કરી મહારાજા જયદેવ અને નગરજનો વાહ સૂરિશ્રીની અમોઘ દેશના ! એમ કહેતા સ્વસ્થાને ગયા.

હવે કહેવાની જરૂરીયાત નથી કે, મહારાજા જયદેવના સમકાલીન તેમના સત્ સમાગમી જૈનમુનિ મંડળ ધર્મ પ્રચાર, વિકાશ અને રાષ્ટ્ર સેવામાં જીવનની સાર્થકતા માનતું હતું જેના ફળ તરીકે મહાન ગુજરાત સંસ્કારી ગણાતું

## પ્રકરણ ૪ થું

### દીગંબરવાદીને પાંચ વર્ષની નાની બાળા ધર્મવાદમાં જીતે છે.'

એક વખત ગુર્જરાધિપતિ મહારાજા સિદ્ધરાજની રાજસભામાં કમલકીર્તિ નામના દીગંબરાચાર્ય 'શ્રી નિર્વાણનિષેધ' પર વાદ કરવા પધાર્યા. મહેશ્વરવાદીની જેમ આ વાદીશ્રીની જીહવા પણ તનમનાટ કરી રહી હતી

બુદ્ધિવંત રાજવી અને રાજસભાએ વીરાચાર્યજીને બોલાવ્યા. જેઓ એક પાંચ વર્ષની બાળા સાથે આવી પહોંચ્યાં. તેમણે આ વાદીની અવજ્ઞા પુર્વકની સ્થિતિ નિહાળી શાન્તચિત્તે યોગ્ય આસને બીરાજમાન થયાં.

વાદની શરૂઆત કરતા વાદી 'કમલકીર્તિ'શ્રીએ પોતાની સમર્થ શકિત અને અદ્ભુત વાકય રચનાથી પોતાના વાદને સુંદર રીતે રજુ કર્યો, અને પોતાના મતનું મંડન કર્યું.

આ સમયે પ્રતિવાદી તરીકે વિદ્યમાન આચાર્ય શ્રી વીરસુરિજી નિર્દોષ પાંચ વર્ષની બાળા સાથે રસીક વાર્તાલાપમાં મશગુલ બન્યા હતા, આ વર્તન વાદીને ઘણુંજ અયોગ્ય લાગ્યું, અને તેણે ભરસભામાં ટીકા કરતાં જણાવ્યું કે હે રાજન્! વિદ્વાનોની સભામાં અને ખાસ કરીને આવા પ્રસંગોમાં સમર્થ જૈનાચાર્યનું વર્તન આપને બાળ ચેષ્ટામય નથી લાગતું ? શું મહા પંડિતની આ બાળ ક્રીડા યોગ્ય ગણાય ખરી ?

જેનો જવાબ આપતા આચાર્યશ્રી એ જણાવ્યું કે હે રાજન! 'શ્રી નિર્વાણ નિષેધ'નો વાદ આ બાળા સાથેજ થવાનો હોવાથી અને આ બાળા વાદીને જીતવા સમર્થ હોવાથી તેને બાળક્રીડાથી રંજીત કરી રહેલ છું. તેમાં વાદીશ્રી કેમ આકળા થાય છે? તેની કાંઇ સમજ પડતી નથી.

શું વાદી એમ માને છે કે પાટણની રાજસભા વાદીના વાદને જીતવા અસમર્થ છે ? જો તેમની આ જાતની માન્યતા હોય; તો, બાળીકાના મુખથી જ્યારે પોતાના પ્રશ્નોના સંતોષકારક જવાબો સાંભળતા રહેશે, ત્યારેજ તેમને ખાત્રી થશે કે;

જે પ્રમાણે બાલકુમાર શ્રી કૃષ્ણે કંસ જેવા અભિમાનીને મહાત કરવામાં અદ્‌ભુત દૈવી શકિતનું દિવ્ય દર્શન કરાવ્યું હતું. તેજ માફક શ્રી વાગ્દેવીનો પુરતો પ્રસાદ ધરાવનારી આ બાળા વાદીને ક્ષણ માત્રમાં જીતવામાં અજોડ વાદ વિજેતા છે. તેની ખાતરી તે વાદીને કરાવશે હે રાજન ! આપ બાળાને પ્રતિવાદી તરીકે ઉભા રહેવા આજ્ઞા આપો.

આ સમયે આખીય રાજસભામાં સંપૂર્ણ શાન્તિ પ્રસરી, અને આખીય સભા સાનંદાશ્ચર્યમાં ગરકાવ બની. સભામાં શ્રીપાલકવિ વિગેરે ઉત્તમોત્તમ વિદ્વાનો તેમજ ષટ્ દર્શનના ધર્માચાર્યો હતા, તેઓ પણ આશ્ચર્ય પામ્યા.

રાજાએ જણાવ્યું કે, હે પૂજ્ય સૂરીશ્વરજી! આપ ખુશીથી આ બાળાને પ્રતિવાદી તરીકે હાજર કરો, તેમાં અમારો જરાપણ વાંધો નથી. ખરેખર! આમાંતો ગુર્જરદેવની ધર્મસભાને ગૌરવતા લેવા જેવું છે. કે આ પુણ્ય ભુમીમાં આવા રત્નો પાકે છે....

મહારાજાનો આદેશ મળતાંજ બાળા સતેજ બની, મહારાજા અને પ્રજાને યોગ્ય નમન કરી, પ્રતિવાદી તરીકે નિશ્ચિત સ્થાને વાદાર્થે જઇ ઉભી રહી. તેના મસ્તક પર દુરથી વાસ્ક્ષેપ નાંખી આચાર્યશ્રીએ જણાવ્યું કે, હે બાળા! આ વાદી સાથે વાદમાં સ્ત્રી મુકિત'ને સ્થાપન કર! પછી સૂરિજીએ વાદી કમલ કીર્તિને વાદના સ્તોત્રોને એવી રીતે પ્રકાશીત કરવા જણાવ્યું કે, જેને આખીય સભા સમજી શકે; અને બાળા પોતાના હૃદયમાં સરળતાથી ઉતારી તેનો જવાબ આપી શકે...

'સ્ત્રી મુકિત નિષેધ'ના વાદમાં વાદીને ખાત્રી થઇ કે **શ્રી વીરસૂરિજીએ** સરસ્વતીજીની પૂર્ણ પ્રસાદી મેળવી છે. જેમાં તેઓ દૈવી સહાયતાથી વાદમાં આ બાળાને રજુ કરી, પોતાની દિવ્ય શકિતનું દર્શન કરાવવા માંગે છે. તો ભલે તેમાં પણ રાજસભામાંતો જૈન દર્શનનું જ ગૌરવ છે ને ?

આજના અમારા ધર્માચાર્યો આવું ઉદારતા ભર્યું વર્તન રાખતા રહેશે ખરા કે ?

વિદ્વાનોની જેમ નિપુણ બાળાએ પોતાની વાગધારાથી 'સ્ત્રીમુક્તિ'ને સફળતા પુર્વક સ્થાપન કર્યો. જેનો પ્રત્યુત્તર આપવા વાદી મુનિ અસમર્થ થયાં બાળાના સિધ્ધાંતને માન્ય રાખી મુનિ સ્વસ્થાને સંતોષ પામી બેસી ગયા.

રાજસભાએ અને ખુદ ગુર્જરાધિપતિ મહારાજા જયસિંહે જણાવ્યું કે– અનેક સિધ્ધિઓમાં સિધ્ધ બનેલા અને વાદીઓમાં વીર સમાન શ્રી વીરસૂરિ વિદ્યમાન છતાં પાટણની રાજસભાને કોણ જીતે તેમ છે? જેમના હસ્ત સ્પર્શથી જ્યાં ત્યાં સાક્ષાત થયેલ સરસ્વતી દેવી બોલ્યા કરે છે, તેનું વર્ણન કોણ કરી શકે ?

આવા અનેક પ્રસંગો ઉપસ્થિત થતા શ્રીવીરસૂરિશ્રી તેમજ તેમના વિદ્વાન શિષ્યો વિજયી બનતા. જેનાયોગે ગરવી ગુર્જરભૂમિ અને ગુજરાતના નાથનો જય જયકાર ચારે દીશાએ ગર્જતો.

આનું નામ તે વાદ....

## ખંડ ૪ થો

### પ્રકરણ ૧ લું

### મહારાજા સિદ્ધરાજની માલવ પર ચઢાઈને જીત

### વિહંગાવલોકન

મહારાજા સિદ્ધરાજની વર્તણુકમાં ગમે તેવી ખોડ હોય, છતાં આ રાજવી ભારતમાં આ પૂર્વે રાજવીઓ જેટલુંજ પોતાનુ દેવાંશ ઉચ્ચસ્થાને ગૌરવતા ભરી રીતે સાચવી રહ્યા હતા. મુત્સદ્દી રાજવી તરીકે પોતાની કીર્તિ વધારતાં જયદેવની શુરવીરતા તેમજ સાહસિકતાનાં વખાણ કરતાં ઇતિહાસકારો તેને " ગુજરાત દેશનો શૃંગાર ' અને "ચાલુક્ય વંશનો દીપક" તરીકે જણાવે છે.

અચળગઢ અને ચંદ્રાવતીના પરમાર રાજવીઓ તેના હાથમાં હતા, અને તેએ અણહીલવાડના ઉત્તર દિશાના મજબુત કિલ્લા તુલ્ય રક્ષક ગણાતા.

પશ્ચિમમાં મોઢેરા ઝીંઝુવાડા સુધી તેનું રાજ્ય પ્રસરેલું હતું. પૂર્વમાં ચાંપાનેર અને ડભોઇ, ગુજરાતના મજબુત કિલ્લાઓ પર ગુર્જર ભૂમિની પ્રભાવશાળી ધ્વજાઓ ઉડતી હતી, જ્યાં ગુજરાતના દંડનાયકની દેખરેખ નીચે કોટપાળકો રહેતા હતા. આ પ્રદેશ ગુજરાત માટે અતિશય ફળદ્રુપ ગણાતો.

ઉત્તરમાં આબુની પેલી બાજુ ઝાલોરની પાડોશમાં કચ્છની સરહદ સુધી ગુજરાત રાજવીની વિજયપતાકાઓ લહેરાતી હતી.

ભદ્રેશ્વરના એક શિલાલેખમાંથી જાણવા મળ્યું છે કે; દાદક નામનો પ્રધાન કચ્છ ભદ્રેશ્વર ખાતે સંવત ૧૧૩૯ માં રહેતો હતો.

આ સમયે કચ્છ ભદ્રેશ્વરના સ્થાનીક રાજ્યકર્તા આસપાલનો કુંવર કુમારપાળ હતો. જેણે ભદ્રેશ્વરમાં બાંધેલ કુમારપાળેશ્વર નામના દહેરાસરમાં તેમજ ઉદલેશ્વર મહાદેવના પુરાણા મંદિરમાં પુજા કરવાનો હક ઔદિચ્ય બ્રાહ્મણોને લખી આપ્યો હતો.

જુઓ રાસમાળા પૃષ્ટ નં. ૨૩૧ ની ટીકા—

દક્ષિણમાં કોલ્હાપુરના મહા મંડલેશ્વરો સોલંકીઓના વંશપરંપરાના મુખ્ય જમીનદારો ગણાતા. જુઓ એશિયાટીક સોસાયટીના જનરલ પુસ્તક ૪–પૃ૯–૪ ૩૩ ટ્રાંન્ઝંકશન ઓફ બોમ્બે લિટરરી સોસાયટી પુસ્તક બીજું પૃ. ૩૯૪ નવી આવૃતિ પૃ. ૪૧૩

રાવ બહાદુર ગો. ભં. કૃત દક્ષિણનો પ્રાચીન ઇતિહાસ પૃ. ૧૨૧–૧૨૫

આ સમયે કોલ્હાપુરની રાજ્યગાદી પર પન્હાલ શાળાનો બીજો ભોજ નામનો રાજા રાજ્ય કરતો હતો.

આ રાજવી સિદ્ધરાજથી પુરતી રીતે ડરતો હતો જેથી તેની સાથે પુરતો સંબંધ સાચવી રહ્યો હતો.

આ પ્રમાણે રણભૂમિને ગર્જાવતી વીરગુર્જર સૈન્યે કનોજના રાજાઓ સાથે સિધ્ધરાજે અનેક વખત લડાઇઓ કરી હતી. રકત તરબોળ તરવારો ગંગાના પાણીમાં ધોવાઇ હતી.

મહત્વાકાંક્ષી ગુર્જર નરેન્દ્રે મેવાડ અને અજમેર જેવા બળાઢય પહાડી પ્રદેશોના રાજવીઓ પર પણ ચઢાઇની યોજનાઓ ઘડી કાઢી હતી. જેની માહીતિ બન્ને રાજવીઓને ભેદી જાસુસો મારફતે મળતાં બન્નેએ ઐકયતા સાધી, સંધી કરી, લડાઇની પ્રબળ તૈયારી હોવા છતાં, અંતે આ પ્રદેશો પરની ચઢાઇની યોજના પડતી મુકવી પડી, જેનો ચિતોડના એક શિલા લેખમાં ઉલ્લેખ મળી આવેલ છે. આ પ્રમાણે સિદ્ધરાજની વિજયીપતાકા ભારતની ચારે દિશાએ ફરકતી હતી.

આ કાળે માલવ પ્રાંત નાના મોહટા પ્રાંતોનો સામુદાયિક વિશાળ પ્રદેશ બનેલ હતો સિંધ અને પંજાબની સરહદ પર આવેલ પંચ નદીઓના વિશાળ પટથી આ પ્રાંત એવી રીતે સંકળાએલ હતો કે. જેનાયોગે પરદેશી આક્રમણકારોથી પશ્ચિમોતર રાજસ્થાનના અનેક પ્રાંતના રાજવીઓને કુદરતી રીતે તેનાથી રક્ષણ મળતું.

મહારાજા સિધ્ધરાજની ઉગતી યુવાનીના રાજઅમલ દરમ્યાનમાં માલ-વપતિ મહારાજા નરવર્માની રાજગાદી ધારાનગરમાં હતી, જ્યાં મહારાજા નરવર્મા સંવત ૧૧૬૧માં રાજગાદી પર આવેલ હતા. જેમણે સંવત ૧૧૯૦ સુધી રાજ કર્યું. જેના રાજઅમલ દરમ્યાન બનેલા બનાવોની નોંધ લેતા ગ્રંથ-કારો જણાવે છે કે—

પ્રભાવશાળી મહારાજા સિદ્ધરાજે નિશ્ચય કર્યો કે સમય આવે વીરતાથી માલવ ઉપર ચઢાઇ કરવી અને તેને ગુજરાતમાં ભેળવી દેવો. મહારાજાને આ મુરાદ પાર પાડવામાં સત્તાવાન માલવ સામે અનેક પ્રકારની મુશ્કેલીઓ દેખા-વવા લાગી. છતાં મહારાજા જયદેવ તક સાધક બન્યા.

(૧)

## માલવપતિએ પાટણ પર પાડેલી ધાડ

એક વખત પોતાની વૃદ્ધમાતા મિનલદેવીના આત્મ સંતોષાર્થે મહા-રાજા સિદ્ધરાજે રાજકુટુંબ સહ શુકલતિર્થ તેમજ સોમેશ્વર મહાદેવના દર્શનાર્થે તીર્થયાત્રાએ પ્રયાણ કર્યું. રાજમાતા તેમજ મહારાજાની આ બીજી વખતની તિર્થયાત્રા હતી. આ સમયે રાજમાતાનો હર્ષ સમાતો ન હતો. જેમણે પ્રથમયાત્રામાં નવયુવાન રાજવી સિદ્ધરાજ પાસે તિર્થ સ્નાનનો ૭૨ લાખ રૂપીઆનો વાર્ષિક કર માફ કરાવી, સંખ્યાબંધ યાત્રાળુઓને તિર્થસ્નાનનો લાભ લેતા કર્યા હતા.

આ તિર્થયાત્રાથી પાટણ પાછા આવતા રાજકુટુંબને લગભગ છ મહિના લાગ્યા હતા, ત્યારે રાજ્ય વ્યવસ્થાનો ભાર વયોવૃધ્ધ અમાત્ય શાન્તુ મહેતા ઉપર હતો. જેઓ કુશળ રાજનીતિજ્ઞ અને મહાન બુધ્ધીશાળી હતા. મહારાજાને ખાત્રી હતી કે, ગુજરાતનું જૈન મહાજન અને અમાત્ય, મહારાજાની હાજરી યા ગેરહાજરીમાં રાજવહીવટ કુશળતાથી ચલાવવા શકિતશીલ છે".

(૨)

સમયે સંજોગવસાત એવું બન્યું કે, ધારા નરેશ નરવર્માએ નીતિ-શાસ્ત્ર વિરૂધ્ધ મહારાજાની ગેરહાજરીનો લાભ લઇ ગુજરાતની ભૂમિમાં ધાડ પાડુ તરીકે બલાઢય સૈન્ય સાથે ઓચીંતો પ્રવેશ કર્યો, અને સરહદી ગામો લુંટવા

માંડયા ને તેના સૈન્યે પણ હાહાકાર મચાવ્યો. મહારાજાની ગેરહાજરીમાં આ ચઢાઇનું પરીણામ ધાર્યા કરતા અશિષ્ટ આવે તેમ હતું માલવપતિનું સૈન્ય મોટા પ્રમાણમાં હતું અને પાટણને પુરતી લશ્કરી તૈયારીનો સમય મળ્યો ન હતો મંત્રીએ પાટણના મુત્સદ્દી મહાજનની ખાનગી સભા ભરી મહાજનની સલાહથી શાન્તુ મહેતાએ દીર્ઘ દૃષ્ટિ પૂર્વક સરસ્વતી નદીના સામે પડાવ નાંખી પડેલ માલવ નરેશની છાવણીમાં કુશળ રાજદુતને મોકલી પુછાવ્યું કે, પાટણના રાજકુટુંબ સાથે નીકટના સગાનો સબંધ ધરાવનાર, ધર્માત્મા વૃધ્ધ માલવપતિએ કયા ભેદી કારણોસર આ પ્રમાણે ધાડપાડુનું કામ કર્યું.

રાજદુતને માલવ નરેશે જણાવ્યું કે, વૃદ્ધ અમાત્ય તેમજ પાટણના મુત્સદી મહાજનને જણાવો " કે, **"માલવ નરેશને ધનનો લોભ નથી કારણ માલવનો ખજાનો અખુટ કુબેર ભંડાર સમ છે. તેમજ માલવને રાજ સરહદ વધારવાનો પણ લોભ નથી."** માત્ર ધાર્મિક કાર્યોમાંજ માલવ નરેશ એક કરોડથી પણ અધિક રકમનો સદ્વય કરે છે. તેમજ તેની આવક અત્યારે છન્નુ કોટીથી પણ અધિક છે. માલવનરેશનું જીવન નીતિમય પવિત્રતાથી પસાર થયું છે, અને થાય છે. માલવ નરેશને પાટણની રાજગાદીની મહત્વકાંક્ષાઓ હોત તો ? તેના અંગે અનુકુળતા ભર્યા એવા સંજોગો ઉત્પન્ન થયા હતા કે, માલવ નરેશ પાટણને જલદીથી જીતી શકત !

પાટણના ચંદ્રવંશી દેવવંશી રાજવી સાથે રાજકુટુંબનો નિકટનો સબંધ સાધવા રાજપુત્ર કુમારપાલને પોતાના કુટુંબની કન્યા આપી, પાટણ અને દેહસ્થળી રાજકુટુંબીનું માલવ રાજકુટુંબ મોસાળપક્ષી બન્યું છે. પાટણને રંજાડવાનો આ ચઢાઇમાં મારો મુદલ ઉદેશ નથી **આ સમયે મને માત્ર મહારાજાના શુકલ તિર્થયાત્રાના પુન્યની જરૂરિઆત છે, તે પ્રમાણે મહારાજાની યાત્રાનું પુન્ય શાન્તુ મહેતા મને અર્પણ કરે તો, હું ખુશીથી પાછો ફરૂં એમ છું. એટલુંજ નહિ પણ આ વખતની મારી ચઢાઇના યાદદાસ્ત તરીકે, સોમનાથ મહાદેવના દર્શન અને તિર્થ-યાત્રાથી પવિત્ર થઇ આવેલ ન્યાત્મા રાજવીને મારી રાજકન્યા આપી તેમનો જમાઇ તરીકે સ્વીકાર કરવામાં હું મને પોતાને ભાગ્યશાળી માનું છું.**

માલવનરેસ નરવર્માની પાટણપર ધાડ ને પુણ્ય પ્રાપ્તિ



મહારાજા જયદેવની માલવપર જીત "કર ને જો" માલવનરેશ કાષ્ટ પીંજરમાં.



આ પ્રમાણે બનતા જરૂર માલવ અને ગુજરાતનું જોડાણ સમસ્ત ભારત માટે ઉંચકોટીનું ગણાશે માટે હે દુત! મારૂ ભાવ પૂર્વકનું આ નિવેદન પાટણના મહાજન અને શાન્તુ મહેતાને તુરત જણાવો ને તે પ્રમાણે પ્રબંધ કરો. તેમાંજ પાટણની ગૌરવતા સર્જાયેલ છે.

મહારાજા નરવર્માની સંધિનો કરાર લઇ દુત રાજમહેલે આવ્યો. જ્યાં પાટણનું મહાજન તેની રાહ જોતુ હતું. સમય શાન્ત રાત્રિના પ્રથમ પહોરનો હતો. રાજદુતે માલવ નરેશની ઉંચ કોટીની આકાંક્ષા અને રાજકુટુંબ સાથે સંબંધ સાચવવાની પુરતી જીજ્ઞાસા અને મહારાજાધિરાજને રાજકન્યા આપવાની કરેલ માંગણી વગેરે સર્વે હકીકત શાન્તીથી કહી સંભળાવી. જેના ઉપર પાટણના અમાત્યો મહાજન અને રાષ્ટ્ર સંરક્ષક વીર અમલદારોએ સંકલના કરી, જેમાં વૃધ્ધ અમાત્ય શાન્તુ મહેતાએ જણાવ્યું કે, 'હે પાટણના કીર્તીસ્થંભો? અત્યારે આપણા ઉપર કસોટીનો વિકટ પ્રસંગ આવીને ઉભો છે. જેમાં ગુજરાતની ગૌરવતા સચવાય અને મુત્સદી મહાજનની કુશળ રાજનીતિ અકલંકી રહે તેવી રીતે માર્ગ કાઢવાનું પુરતું જોખમ આપણા માથે રહે છે.

"પૂર્વકાળે મહાન અર્થશાસ્ત્રી ચાણક્યે 'રાજ્ય સંચાલન અર્થે **નીતીજ્ઞ** અને **અર્થશાસ્ત્ર** નામના ગ્રંથો રચ્યા છે. જેમાં રાજ્ય રક્ષણાર્થે **અર્થશાસ્ત્રમાં** જણાવ્યું છે કે" **રાજવીની ગેરહાજરીમાં રાજ્યમાં થએલ ઉપદ્રવનો નાશ તેમજ રાજ્ય ઉપર ચઢી આવેલ તેમજ ચઢી આવતા બળાઢય સૈન્યને રાજમંત્રીએ શામ, દામ, અને ભેદની રાજનીતીએ અટકાવવું જોઇએ'**

તે પ્રમાણે મહારાજાની ગેરહાજરીમાં પાટણ નરેશની ગૌરવતા વધે અને પાટણનું રક્ષણ થાય, એ પ્રમાણે આપણે રાજ્યનું રક્ષણ કરવું જોઇએ. સમય આવે ગર્વિષ્ટ, તક સાધુ નરવર્મા ઉપર પાટણ બળાધ્ય ચઢાઇથી તેના આ જાતના અકૃત્યનો બદલો જરૂર લેશે, તેની હું ખાત્રી આપુછું. પરંતુ અત્યારે રાજના હિતાર્થે ખાસ સંધિની જરૂરીઆત છે.

આ સમયે રાજ્ય સભામાં ઘણોજ ઉકળાટ થયો ત્રિભુવનપાલ તેમજ હાજર રહેલ ઉદયન મંત્રિએ પણ અનેક વીધી પ્રકારના તર્ક વીતર્કો ઉત્પન્ન કર્યા, પરંતુ સર્વેને સમજ પૂર્વક શાંત કર્યા. પછી સભાએ વૃદ્ધ અમાત્યના

સલાહ મુજબ ચાલવાની કબુલાત આપી ત્યારે વૃધ્ધ અમાત્યે માર્ગ દર્શાવ્યો જેમાં સર્વે સમંત થયા.

સંધિનો નિકાલ લાવવા તરતજ ઉંચકોટીના તપસ્વી સાધુઓને રાજમહેલે બોલાવવામાં આવ્યા. અને તેમની હાજરીમાં ને સલ્લાહથી મહારાજા જયદેવની તેમને સર્વ હકીકત કહી સંભળાવી.

મહારાજાની પાશાણુની એક પ્રતિમા રાજમહેલમાં હતી. વૃધ અમાત્ય શાંન્તુ મહેતાએ આ પ્રતિમાની પાદુકા પક્ષાલન વિધી કરી. પક્ષાલન જલ, સહીત શાંન્તુ મહેતા આદી મહાજનના અગ્ર ગણ્ય નેતાઓ નરવર્માની છાવણીમાં ગયા. જ્યાં મહારાજાનું પ્રતિમા પક્ષાલન જલ, માલવ નરેશની અંજલીમાં અર્પણ કર્યું. આ પ્રમાણે મહારાજા સિધ્ધરાજની તિર્થયાત્રાનું પુન્ય માલવ નરેશે પ્રાપ્ત કર્યું. પછી કોઇપણ જાતની હેરાનગતી વીના માલવ નરેશ ધારાનગર પાછા પધાર્યા.

(૩)

**મહારાજ જયદેવની માલવ પર ચઢાઇ.**

મહારાજા સિધ્ધરાજ લગભગ છ મહીને શુકલતિર્થની યાત્રાથી પાછા ફર્યા. જેમને માલવ નરેશના આ જાતના અયોગ્ય કાર્યથી ખુબજ લાગી આવ્યું. રાજમાતા મિનળદેવીના હૈયામાં સખત આઘાત પહોંચ્યો. ને તેઓ તો પથારીવશ થયા, અને ટુંક સમયમાં આઘાતથી તપસ્વી પવિત્ર રાજમાતાનો સંવત ૧૧૮૦માં સ્વર્ગવાસ થયો.

રાજમાતાના સ્મરણાર્થે મહારાજાએ ગુજરાત સિધ્ધપુરમાં **"માતૃગયા"** નામના તિર્થની સ્થાપનાનો નિશ્ચય કર્યો. સોમેશ્વર મહાદેવના દર્શનનો લાભ સર્વેને પુરતી રીતે મળે એ અર્થે મહારાજાએ શ્રી સોમેશ્વર મહાદેવનું વિશાળ મંદીર બાંધવાનું કામ સિદ્ધપુરમાં ચાલુ કર્યું, તેમજ પાટણમાં સહસ્ત્રલિંગ તળાવનું બાંધકામ રાજમાતાની હાજરીમાં ચાલુ કરેલું તેને પુરતો વેગ આપ્યો. ઓડ-લોકોને કામ પર રોકવામાં આવ્યા. રાજમહેલમાં પોતાનો મુકામ રાખી તૈયાર થતા તળાવ ઉપર રાજવી જાતે દેખરેખ રાખતા.

રાજમાતાના સ્વર્ગવાસ પછી સિધ્ધરાજે માલવ પર ચઢાઇ કરી. ને સરહદ સુધી પહોંચ્યા. પણ આ સમયે શ્રી વીરસૂરિજી મહારાજ પોતાના શિષ્ય પરિવાર સહીત અહીં વિદ્યમાન હોવાથી, રાજેન્દ્રે તેમનું માન સાચવ્યું, તેઓ પાછા ફર્યાં

બીજે વર્ષે સવંત ૧૧૮૧માં મહારાજા જયદેવે માલવ ઉપર ચઢાઇ સંપૂર્ણ બલાઢ્ય સૈન્ય સાથે કરી, માલવમાં ભયંકર યાદવાસ્થળી જામી. ધારાનગર લગભગ ઘેરાવા જેવું બન્યું. બંન્ને પક્ષના લડતા હજારો વીર લડવૈયાઓ, હસ્તીઓ, અશ્વ.સૈનીકો, પાહુડીઓ તેમજ તીરંદાજો અને મોટા મોટા વીર સેનાપતીઓના બંને બાજુના બલીદાનોથી રણભુમિ બાર વર્ષ સુધી રક્ત ભીજીત રહી.

રણક્ષેત્રનું કેન્દ્રસ્થાન ઉજ્જૈનના બદલે ધારાનગરજ બન્યું. ધારા નરેશ પરમાર નરવર્માએ રણક્ષેત્રમાં ટેકીલા રાજવી તરીકે, બાર વર્ષ સુધી ગુર્જર કસાએલા લડવૈઓ સાથે સામનો કર્યો. જેમાં બંને બાજુની રાજશકિતક્ષીણ થઇ. છતાં, રણક્ષેત્રમાં ટેકીલા દેવવંશી રાજવીઓએ અંતની ઘડી સુધી જીવનના જોખમે લડવાનો નિશ્ચય કર્યો હતો. જેમાં સ્થીતી ઘણીજ નબળી બનતી ગઈ. મહારાજા સિદ્ધરાજ પણ બાર વર્ષની લડાઇમાં અવાર નવાર જાતે હાજર રહી રણક્ષેત્રને દીપાવતા હતા. લાંબાગાળે તેઓ પણ કંટાળયા.

મહા ભારતના યુદ્ધમાં વીર કેસરીસિંહની માફક અભિમાન્યુનો વધ કરનારના શીરચ્છેદની ભિષ્મ પ્રતિજ્ઞા અર્જુને કરી, જે પ્રમાણે યાદવાસ્થળીમાં ઝીપલાવ્યુ હતું. અને તેની ટેક અવીચળ રહી હતી. તેજ પ્રમાણે એક દીવસ પ્રભાતે મહારાજા સિદ્ધરાજે ભિષ્મ પ્રતિજ્ઞા કરી કે,—**"આજે ધારા પડયા પછી હું ભોજન લઇશ."**

માત્ર એકજ દીવસના મરણીઆ યુદ્ધમાં, રાજ્યના મહાન તીરંદાજ ભીલ સૈનિકોએ, માલવ સૈન્યનો કચ્ચરઘાણ કાઢવામાં કચાશ રાખી નહિ. તેમજ પાયદળ લશ્કરના વીર યોદ્ધાઓ. અને રણઘેલા રજપુતોએ પણ જોતજોતામાં પોતાના પ્રાણોનું બલીદાન મહારાજાની ટેકના રક્ષણાર્થે આપ્યું. અને રણભૂમિને રકત પ્રવાહી નદી બનાવી.

ત્રીજો પ્રહોર થવા આવ્યો છતાં, મહારાજાની પ્રતિજ્ઞા પાલનના ચિન્હો દેખાવા ન લાગ્યા મહારાજ હજુ દાતણ ભેર હતાં. જોતજોતામાં ત્રીજો પ્રહર

પણ નમવાની તૈયારીમાં હતો; એવામાં મહારાજાનું રક્ષણ કરતા એક સૈનિકે હાફળા ફાંફળા મહારાજા સનમુખ હાજર થઇ વદંન કરી જણાવ્યું કે, 'હે રાજન? હમણાંજ માહીતી મલી છે કે, દક્ષિણ વિભાગનો દરવાજો પ્રચંડ મારને લીધે પડુ પડુ થઇ રહ્યો છે. માત્ર મજબુત સાકળદંડ બંધનોના અંગેજ તે અત્યારે ટકી રહ્યો છે તો તે તરફ આ દરવાજો તોડવા હલ્લો કરવો. જેમાં આપને તુરતજ યશ મલશે અને મહારાજાની ટેક પ્રમાણે માળવ નરેશ કેદ પકડાશે અને ધારા પડશે

દીવ્ય પ્રભાવશાળી યુવાન સૈનીકના મુખમાંથી આ પ્રમાણેના સમાચાર સાંભળી મહારાજાએ પોતાનો હાથી તે તરફ ફેરવવાની આજ્ઞા કરી. જોત જોતામાં મરણીયાં વીર સૈનીકો અને હસ્તીઓ સહ મહારાજા તે દક્ષિણ દરવાજે પહોંચી ગયા. જ્યાં તપાસતાં સમજાયું કે, સૈની કે કીધેલ હકીકત સાવ સાચી છે. જેથી મહારાજાએ બળવાન લડાયક અને ઝનુની **"યશઃપટહ"** નામના હાથી પર વીશ્વાસુ **સામળ** નામના મહાવતને તેની પીઠ થાબડી બેસાડયો, જેણે પોતાના માલીકને નમન કરી ગુર્જર પુત્ર તરીકે પોતાના જીવનની સાર્થકતા માની આજ્ઞાનુ પાલન કર્યું.

હાથીના રક્ષણાર્થે દરવાજાની બરોબર વચમાં એક શકિતશાળી ઊંટને આડ તરીકે વચમાં રાખી, હાથીના પાછલા ભાગમાંથી દરવાજાના ત્રીપોલીના પટ પર જોરથી ધકકા મરાવ્યા. પ્રરીણામે અંદરની નબળી થએલ સાકળ ભાંગી. અને દરવાજો ખુલી ગયો આ દરવાજો મહારાજા ભોજે ભાગોળના રક્ષણાર્થે મજબુત બનાવ્યો હતો. છતાં, બળવાન દૈવિક શકિત ધરાવનાર હાથીના બળના કારણે તે ધબદેલો હાથીની પીઠ પર પડયો, અને વફાદાર દેવાંશી પ્રાણી તેમજ શામળ મહાવતનું આત્મ બલીદાન થયું. મહારાજાએ તેજ દીવસે સુર્યાસ્ત પૂર્વે નગર પ્રવેશ કર્યો આ પ્રમાણે ગુર્જરરાજની ટેક સોમનાથ મહાદેવે સાચવી.

માલવપતિ મુંજના સમયથી માલવના પરમારો જે સોલંકી રાજવીઓ સાથે વેરત્વ રાખતા હતા તેનો આ પ્રમાણે અંત આવ્યો. તેજ રાત્રિએ મહારાજાને સ્વપ્નમાં સોમેશ્વર મહાદેવે દર્શન દીધા. રાજવીને દક્ષિણ દરવાજે હલ્લો કરવાનું સુંચન આપનાર સૈનીક તરીકે પોતેજ સૈનીકના રૂપમાં હાજર હતા. તેમજ મહારાજાના પૂન્યનું હરણ કરનાર ગરવીષ્ટ રાજવીને હરાવવાનો, તેમજ પોતાના પરમ ભકતના ટેકના રક્ષણાર્થે, યશપડહ હસ્તિમાં દૈવીક શકિતનું

સંચાલન પણ પોતાના અપૂર્વ ભેદી અનુશકિતઓના પરમાણુ દ્વારાએ થયું હતું. અને અણી પ્રસંગે ગુર્જરેશ્વરની ટેક સાચવવામાં, પલટાયેલ બાજીને સુધારી લેવામાં સફળતા પૂર્વક પોતે સાહયતા કરી હતી. વગેરેની સર્વે હકીકત જણાવી. અને વધુમાં સૂચન કર્યું કેઃ—

" આ વિજય **હસ્તીની** અમર નામના અંગે મહારાજાએ **વડસર** ગામમાં તેના નામનું **યશોદેવ** નામે મંદીર બાંધવું. જેમાં ગણપતી તરીકે તેની સ્થાપના કરવી "

કારણ આ હાથીએ મહાન સેવા અર્પણ કરી, વ્યનતરી દેવગતમાં **યશોદેવ** નામે દેવ તરીકે જન્મ લીધો છે." આ વ્યનતરદેવ ગામનું તેમજ મંદીરનું રક્ષણ કરશે વધુમાં ગુર્જર નરેશો અને રાષ્ટ્રમાં જરૂર પડે ત્યારે તે આ દીશાનો સહાયક બનશે.

આ પ્રમાણે શ્રી સોમેશ્વર મહાદેવે મહારાજાને સ્વપ્ન દર્શનયોગે સુચના આપી ગુર્જર રાજકુટુંબના તેમજ મહાન ગુજરાતના પરમ ઉપકારી **શ્રી સોમેશ્વર દેવને** મહારાજાએ સ્વપ્નમાં ભાવપુર્વક વંદન કર્યું. દેવે શુભાષીશ દેતા જણાવ્યું કે ' હે રાજન ? તારૂ તેમજ રાષ્ટ્રનું કલ્યાણ થાય "આ પ્રમાણે શુભાષિશ આપી મહાદેવ અદૃશ્ય થયા "

રાજ્ય નિતીની વીરૂધ પાટણ પર ચઢી આવનાર નરવર્મા રાજવીનો બાર વર્ષની લડાઇની અધવચમાંજ શવંત ૧૧૮૯માં સ્વર્ગવાસ થયો હતો. તેના સ્થળે માલવ **ધારાનગરની** રાજગાદી ઉપર તેનો પુત્ર **યશોવર્મા** હતો. આ પ્રમાણે આ સમયે **નરવર્મા**ને બદલે **યશોવર્મા** રાજવી દક્ષિણ વિભાગના નબળા દરવાજાની પાછળ રહી રક્ષણ કરી રહ્યો હતો. તે રાજવી જોત જોતામાં મહારાજાના હાથેજ કેદ પકડાયો. અને ધારાનગરમાં માલવના વિજેતા રાજવી તરીકે મહારાજા જયદેવે પ્રવેશ કર્યો.

રાજમહેલમાં પ્રવેશતાંજ રાજવીની નજરે લાકડાના પાંજળાવારી એક ગાડી ચઢી, તપાસ કરતાં સમજાયું કે, ગરવીસ્ટ માલવ નરેશોએ આ પાંજરૂ મહારાજા સિદ્ધરાજને હરાવી તેને છ દોરડાથી બાધી કેદી તરીકે તેમાં પુરી આખા માલવમાં ફેરવી યોગ્ય શાસન દેવાઅર્થે બનાવ્યું હતુ.

આ પ્રમાણેની હકીકત સાંભળતાંજ મહારાજાનો, ગુર્જર અમાત્યોનો તેમજ વીર સેનાપતિઓનો જુસ્સો ઉભરી આવ્યો. દગાબાજ યશોવર્માને ઠાર

કરવાનો દંડનાયક ત્રિભુવનપાળે પોતાની તાતી તલવાર મ્યાન બહાર ખેંચી કાઢી. તેજ સમયે વૃદ્ધ મંત્રિશ્વરે જણાવ્યું કે હે રાજન ? તેનું શાશન એનીજ પદ્ધતી પ્રમાણે મળવું જોઇએ. આનો ન્યાય અહિ ચુકવાય તેના બદલે, દેવાંશી વીજેતા મહારાજા સિધ્ધરાજના રાજ્ય દરબારમાં, પાટણના મહાજનના હાથેજ ચુકવાય તેમાંજ ગુર્જરભુમીના મહાજનની ગૌર્વતા છે.

રાજન ? પાંજરામાં આપને બંધન કરવા રાખેલ છ દોરડાથી ગર્વિષ્ટ યશોવર્મા રાજવીને બાંધો અને પાંજરામાં પુરો. અને તેજ રથની ગાડીને ગુજરાતની વીજેતા પતાકાનીચે આખાએ માલવમાં ફેરવી પાટણસુધી આજ સ્થીતિએ લઇ ચાલો અને જગતને જાણવા દોકે, **"નિતી શાસ્ત્રવીરૂધ્ધ મહારાજાની ગેરહાજરીમાં દેશ ઉપર ઓચીંતો હુલ્લો કરનાર રાજવીના કેવા હાલ થાય છે, અને ખાડો ખોદનારને તેમાંજ પોતાને પડવાનો કેવો સમય આવે છે તે"?** આ પ્રમાણે વૃધ્ધ અમાત્યની સલાહ માન્ય રહી, અને ત્રિભુવનપાળની તલવાર મ્યાન થઇ. ત્રિભુવનપાળે તરતજ યશોવર્મા રાજવીને રાજઆજ્ઞા મુજબ છ દોરડાથી બાંધી પાંજરામાં પુર્યો

જયઅંબિકા માતાના તેમજ મહારાજા સિદ્ધરાજના જયનાદો વચ્ચે વીર ગુર્જર સૈન્યે ગુજરાતનો વિજય ધ્વજ માલવ ઉપર ફરકાવ્યો. આ સમયે ધારાનો સચિવ શરણે આવ્યો. અને બંને વચ્ચે સંધિ થઇ.

મહારાજા ભીમદેવના સમયથી બળવાન મનાતું ધારાનું રાજ્ય પાટણને રંજાડતું હતું, તે લગભગ એક સૈકાબાદ મહારાજા સિધ્ધરાજની વીજય પતાકા નીચે આવ્યું.

(૪)

**મહારાજાએ રણવાસ અને નગરના રક્ષણાર્થે પાકો બંદોબસ્ત કર્યો. ધારા નગરના નગર શેઠને તરતજ પોતાની પાસે બોલાવ્યા, અને રાજ વ્યવસ્થા સાચવવામાં સાથ આપવા જણાવ્યું. પછી નગરશેઠના પ્રમુખપણા નીચે નગરમહાજને ધારાની સુવ્યવસ્થા સાચવવામાં પુરતો સાથ આપ્યો. તરતજ મહારાજા સિધ્ધરાજ તરફથી ઢંઢેરો બહાર પાડવામાં આવ્યો. જેમાં જણાવવામાં આવ્યું કે,–પૂર્વોકત રીતી પ્રમાણે રાજ્ય વહિવટમાં કોઇ પણ જાતનો ફેરફાર કરવામાં નહિ આવે, તેમજ પ્રજાને રંજાડવામાં નહિ આવે. કારણ મહારાજા સિધ્ધરાજની માલવ**

**પરની ચઢાઇ ધનલોભે થઇ નથી, તેમજધન સંપતી લુંટવાનો મહારાજાનો મુદ્દલ ઇરાદો પણ નથી. માત્ર મહારાજા નરવર્માએ પાટણ પર છાપો મારી પાટણ નરેશની ગેરહાજરીમાં જે પુન્ય મેળવ્યુ હતું તે પાછુ મેળવવા, મહારાજાએ આ પ્રમાણે માલવ ઉપર ચઢાઇ કર છે. જેમાં મહારાજા સિદ્ધરાજનો જય થયો છે. ગુર્જરસિંહને પીંજરામાં પુરવા જતા માલવ નરેશ શીયાળની જેમ કાષ્ટના પીંજરામાં જાતેજ પુરાયા છે. માલવને અમારા તરફથી કોઇ પણ જાતની હેરાનગતી થશે નહિ.**

આ પ્રમાણેના નગર ઢંઢેરાથી એકજ દીવસમાં માલવની પ્રજાએ છુટકારાનો દમ ખેંચ્યો, અને મહારાજા સિદ્ધરાજની નીતીમય રાજનીતિના વખાણ થયા.

જોત જોતામાં કોઇપણ જાતના રકતપાત વગર માલવનું અસંખ્ય સૈન્ય નિતીજ્ઞ રાજવીની શરણે આવ્યુ, અને રાજનો સમપૂર્ણ કબજો લેવાયો. આ ઘટના સંવત ૧૧૯૬માં બની.

## આ કાલિન બનાવોની અગત્યની નોંધો

માલવના જીતથી મેવાડનો સુપ્રસિદ્ધ ચિતોડનો કિલ્લો, તથા તેની આસપાસનો પ્રદેશ, જે માલવ સાથે સંકલીત હતો તે, તેમજ વાગડદેશ (ડુંગરપુર અને વાસવાડા) પણ ગુર્જર નરેશના તાબામાં આવ્યા.

મહારાજા જયસિંહે માલવના વિજય પછી બર્બર આદિ જંગલી જાતિઓને વશ કરી. માલવની જીતથી સિદ્ધરાજે **"અવંતિનાથનુ"** બિરૂદ ધારણ કર્યું.

અજમેરના ચૌહાણ રાજા **અનોરાજ** પર મહારાજા જયદેવે વિજય પ્રાપ્ત કર્યો, પણ પાછળથી સંધિ થવાથી પોતાની પુત્રી **કાંચનદેવીનો** વિવાહ આ વીર સાથે કર્યો. જેનાથી સોમેશ્વરનો જન્મ થયો. સોમેશ્વર બચપણથીજ સિધ્ધરાજ પાસે રહેતો હતો. **સોમશ્વરના પુત્ર પૃથ્વીરાજ ચૌહાણે** શાહબુદિનઘોરી સાથે બાર વખત ઘોરયુધ્ધ ખેલ્લા વીર રાજવી તરીકે અમર નામના પ્રાપ્ત કરી ગુર્જર ગિરાની કીર્તિ ગર્જાવી હતી.

# ખંડ ૫ મો

## પ્રકરણ ૨ જુ

### શ્રી હેમચંદ્રઆચાર્યની બુદ્ધિપ્રભા

માલવજીતી મહારાજા સિદ્ધરાજે ત્યાં પોતાની આણુવર્તાવી દંડનાયક ત્રીભોવનપાળ બુધ્ધિવાન ગુર્જર અમાત્યો અને અવંતિના મહાજન તેમજ નગરશેઠે અવંતિની શાંતિ નામવવામાં પુરતો સાથ આપ્યો.

બાર બાર વર્ષની લડત અંતે ગુર્જરરાજનો વિજય દૈવિક સહાયતાથી થવા છતા માલવની પ્રજાને જરાપણ હેરાનગતીમાં ઉતરવુ પડયું નહિ. પણ કોઇની નઝમ્ મહાજન પાસે એવી એક પણ ફરીયાદ નોંધાવી નહિ કે, જેમાં ગુર્જર સૈનિકે કોઇનું નુકશાન કર્યું હોય અથવા તો અન્યાયથી કોઇ પાસેથી કાંઇ મેળવ્યું હોય ?

રાજઢંઢેરો અને ગુર્જરની રાજનિતિની માલવમાં મુકત કંઠે આ સમયે પ્રશંશા થઇ. અને સર્વેને એમજ થયું કે માલવ રાજને પોતાની કૃતિનુંજ આમા ફળ મળ્યું છે. જે ખાડો ખોદે તે પડે તેજ મુજબ ગુર્જરરાજને કેદ કરવા બનાવેલ કાષ્ટના પિંજરમાં માલવરાજ પોતેજ પુરાયા તેમાં વાંક કોનો ? શા માટે માલવની પ્રજાએ અને મહાજને નહાકનું ખોટી રીતે ગુજરાત સાથે બીમા બારમું શા માટે રાખવું જોઇએ ? અવંતિમાં વિજળીક વેગે શાંતિ વ્યાપી; દુકાનો હાટો અને બજારો પૂર્વવત ચાલુ થયા જાણે કશુંજ બન્યુ નથી તે પ્રમાણે વ્હેવાર ચાલુ થયો.

(૨)

મહારાજા જયદેવે અતરે પુરતો બંદોબસ્ત કરી. દરેક સ્થળે પોતે ચોકી પહેરો મુકી નગરશેઠ અને મહાજનને નગર વ્યવસ્થાનો ભાર સોંપી ધારાથી પુરતી લશ્કરી બંદોબસ્ત સાથે માલવરાજ ધારાપતિ યશોવર્મા કાષ્ટપીંજર

સાથે છડી સ્વારીએ ધારા, ઉજ્જૈન, અને માલવના દરેક દરેક ગામમાં ફેરવી રાજવીએ પાટણમાં પ્રવેશ કર્યો. આજે પાટણનો ઉત્સાહ માતો નહતો.

લગભગ ૧૫૦ વર્ષથી પાટણને ગુંગળાવતા માલવપતિઓથી આ સમયે ગુજરાતને પુરતી મુકિત મળી હતી જેથી જેમાં મુકિતદાતા મહારાજા જયદેવને પાટણે એવી રીતે સોનારૂપાના ફુલડે વધાવ્યા કે જાણે મહાન દેવાધિદેવની પધરામણી ન થઇ હોય !

(૩)

રાજમહેલે ખાસ વિજયનો દરબાર ભરવામાં આવ્યો આજનો દરબાર સામંતો, સરદારો, અમાત્યો, નગરમહાજન અને નગરજનોથી ખીચોખીચ ભરાયો હતો.

રાજસિંહાસન સનમુખમાં દરવાજા પાસે કાષ્ટના પાંજરામાં માલવરાજને છ દોરડાથી બંધન યુકત ઉભા રાખવામાં આવેલ હતા. રાજવી યશોવર્મા નીચુ મુખ રાખી રાજકેદી તરિકે શરમીંદા થઇ નીચે ડોકે ઉભા હતા.

દરબારમાં બરાબર વખતસર મહારાજા પધાર્યા. મહારાજાના નામની દુહાઇ ચોપદારે પોકારીને ગુર્જરરાજ સિંહાસના રૂઢ થયા. વારગંનાઓએ અદ્દભૂતતાથી નાચગાનથી સભાને રંજીત કરી. ભાટનારણોએ માલવ વિજયને લગતા મહારાજા જયદેવની કીર્તિના યશોગાનને, સોલંકી વંશના મુળપુરૂષ મુળરાજ સોલંકીની માફક સિદ્ધરાજને પણ ખાસ દેવાવતારી અને ગુર્જર દેશના ઉધ્ધારાર્થે અવર્તમાન હોય તે પ્રમાણે જણાવ્યું.

વિજેતા મહારાજને આસીરવાદ આપવા સર્વે ધર્મના ધર્માચાર્યો પધાર્યા હતા. જેમાં સમર્થ જૈનાચાર્યોમાં શ્રીમદ હેમચંદ્રઆચાર્ય અને સાધુ સંપ્રદાય પણ હતો. સર્વે ધર્માચાર્યોના આશીરવાદ બાદ શ્રીમદ હેમચંદ્રચાર્યે નીચે મુજબ આશીર્વાદ આપતા જણાવ્યું કે–

भूमिकाम गविस्त्र गो मय रसे रालिच्चर त्ना करा ।
मुक्ता स्वस्तिक मा तनुध्व मुडुपत्वं पूर्ण कुम्भी भव ।
धृत्वा कल्प तरो दलानि सर लै दिग्वारणा स्तोरणा
न्याधत्त स्वकरे विजित्य जगतीं नन्वेति सिद्धाधिपः ॥

"હે કામધેનુ! તું તારા ગોરસથી પૃથ્વીને સીંચી દે, હે રત્નાકર! તું તારા મૌક્તિકોથી સ્વસ્તિક પુરી દે, હે ચંદ્રા તું પૂર્ણ કુંભ બનીજા? અને હે દિગ્ગજો! તમે પણ કલ્પલતાના તોરણો બનાવો. કારણ કે, સિધ્ધરાજ પૃથ્વીને જીતીને આવ્યા છે.

આ પ્રમાણે શુભાશિષનાં અમૃતમય કાવ્યોથી ખુશ થએલ રાજવીએ શ્રી હેમચંદ્ર સૂરિશ્વરજીના કાવ્ય રચનાની સંઘ સમક્ષ મુકતકંઠે પ્રશંસા કરી.

જેમના આશીરવાદના શ્લોકથી મહારાજા અતિ પ્રસન્ન થયા સુરિશ્રીને મહાન જ્ઞાની જાણી મહારાજાએ પ્રશ્ન કર્યો કે, '**હે સુરિશ્રી?** હારેલ રાજવી સાથે વિજેતા રાજવીએ કંઇ રીતે વર્તાવ કરવો તે જણાવો?" સુરિજીએ હાજર રહેલ સર્વે શાસ્ત્રીઓ સાથે સલ્લાહ કરી જણાવ્યું કે–

**"રાજન? જે રાજવીએ બાર બાર વર્ષ સુધી માલવની ટેક સારૂ, ગુર્જરનરેશ સાથે રણક્ષેત્રમાં વીરતાથી લડત લીધી છે. તે રાજવીને ભરદરબારમાં આ સમયે મુકત કરવો અને તેમનું બહુમાન સાચવવું. આ પ્રમાણે થતા ધર્મિષ્ટ માલવભુમિનું બહુમાન કર્યા તુલ્ય ગણાશે"**

**ગુર્જરપતિએ-માલવપતિને તેનો પ્રદેશ પાછો સુપરત કરવાનું અભય વચન આપવું. તેના બદલામાં આપે આ સમયે વિજેતા અવંતિપતિ રાજવી તરીકે પોતાના પૂર્વ અર્પિત થએલ પૂણ્ય સાથે. તેના હાથે થએલ પૂણ્યની માંગની માગની કરવી."**

શાસ્ત્રીઓ માર્ફત મંત્રિત 'પુણ્યજળ' યશોવર્મા રાજવીને આપવું. પછી તે જળરૂપી મહાપુણ્ય. યશોવર્માએ આપના હસ્તમાં અર્પણ કરવું. અને આપે. આ પુણ્યજળ પોતાના હસ્તમાં માલવરાજના પુણ્ય તરિકે તેમના હાથે ગ્રહણ કરવું.

આમ થવાથી શ્રીગુર્જરનરેશના પૂર્વે અર્પિતિ થએલ પુણ્યથી માલવપતિનું અધિક બળાઢય પૂણ્ય ગુર્જરાધિપતિને બદલામાં પ્રાપ્ત થશે."

રાજન? આ સમયે સત્યવકતા જૈનાચાર્ય તરિકે મારે જણાવવું જોઇએ કે, ધારાનરેશ મહાન પૂણ્યાત્મા, ધાર્મિષ્ટ રાજનીતિજ્ઞ રાજવી છે. તો તેમનું આ પ્રમાણે વિધિસહ બહુમાન ગૌરવપૂર્ણ થવુ જોઇએ.

(૨)

સૂરિશ્રીની ધર્મ આજ્ઞાનુસાર યશોવર્મા રાજાને કાષ્ટના પીંજરામાંથી તુરત બંધન મુક્ત કરવામાં આવ્યા. મહારાજાએ જેમને સ્વહસ્તે માલવનો રાજદંડ, રાજમુગટ અને તલવાર પાછી અર્પણ કરી. કીમતી અલંકારી વસ્ત્રોથી યોગ્ય રીતે સુસજ્જીત કર્યા. ને પોતાની નજદીક સિંહાસન પર બહુમાન પૂર્વક બેઠક આપી, તેની સાથે પ્રિતથી ભરદરબારમાં હસ્ત મીલન કર્યું. માલવપતિને-ગુર્જરાધિપતિએ ફરીથી ઘણા વર્ષે પોતાનો મિત્ર બનાવ્યો.

કેદ કરવામાં આવેલ સર્વે રાજ્ય અમલદારોને મુક્ત કરવામાં આવ્યા. બન્ને રાજ્ય વચ્ચે મિત્ર રાજ્ય તરિકે સબંધ રાખવાની સંધિમાં માલવપર માત્રનામનોજ ગુર્જરાધિપતિનો અમલ અને ગુજરાતનો રાજ્ય ધ્વજ માલવના ધ્વજ સાથે-માલવમાં ફરકતો રાખવો, આ પ્રમાણે ઠરાવ્યું. તેમજ લડાઇના ખરચ જેટલોજ દંડ લઇ દરેક જાતના-કરવેરામાંથી માલવને મુક્તિ આપી

મહારાજા અને સમર્થ ધર્માચાર્યોની આ પ્રમાણેની ઉંચકોટીની-ધર્મનીતિ અને ઉદારતાથી ઉપકાર બનેલ-માલવપતિના ચક્ષુઓમાંથી હર્ષ પ્રવાહ વહી રહ્યો છે. એવા-ઉપરલાયક માલવપતિ યશોવર્માએ રાજીખુશીથી પોતાનું, પોતાના કુટુંબનું, તેમજ સિદ્ધરાજનું અર્પિત થએલ પૂણ્યદાન,-સિધ્ધરાજ જયદેવને વિધિપૂર્વક હસ્તમુખે અર્પણ કર્યું. અને રાજ દરબાર હર્ષનાદો વચ્ચે બરખાસ થયા.

### મહારાજા યશોવર્મા અને સિધ્ધરાજની મૈત્રી...

મહારાજા સિધ્ધરાજે યશોવર્માને પોતાનો મિત્ર બનાવી રાજ્ય મહેલમાં રાખ્યો. તેને પાટણનો ત્રિપુરૂષ પ્રસાદ, દેવસ્થાનો, રાજ્યસ્થાનો, સહસ્રલિંગ તળાવનાં સહસ્રલિંગો, ધર્મસ્થાનો વિગેરે બતલાવી કહ્યું કે 'હે રાજન! ધાર્મિક કાર્યોમાં રાજ્ય તરફથી દર વર્ષે એક કરોડનો ખર્ચ થાય છે તે તમને ધર્મરક્ષણાર્થે ઠીક લાગે છે કે કેમ?

ત્યારે યશોવર્માએ જણાવ્યું કે હે રાજન! ૯૬ કોટી આવક ધરાવનારો માલવનો હું ધણી, જેના હાથે એક કરોડ તો શું પણ તેનાથી અનેક ઘણી રકમ ધાર્મિક કાર્યોમાં દરવર્ષે ખરચાય છે. જેથી મારૂ જીવન નીતિમય

પવિત્રતાથી પ્રસાર થયુ છે છતાં, તમારે હાથે મારી હાર કો રીતે થઇ તે વસ્તુ મને મુઝવે છે.

આપની તીર્થયાત્રા સમયે જો મારે પાટણની રાજ્યગાદીની મહત્વકાંક્ષા હોત તો, સમય એવો અનુકુલ હતો કે, તે સમયે માલવનરેશ પાટણ જલદીથી જીતી શકત. તેના બદલે મેં આપનું પુણ્ય લાખોના ભોગે પ્રાપ્ત કર્યું: તેથી શું આપને નથી સમજાતુ કે, મારૂ જીવન કેટલુ સંસ્કારી અને ધર્મમય ગૌરવ શાલી છે ?

જવાબમાં સિધ્ધરાજે જણાવ્યુ કે, 'રાજન? જગતમાં દરેક વસ્તુને ઉદયાસ્ત થયા કરે છે, તે પ્રમાણે આમાં બન્યુ છે. કોઇ પણ બળવાન રાજ્યસત્તા અમરત્વને પામી નથી. **નામ તેનો નાશ થવાનો છે.** તેજ પ્રમાણે તમે ને અત્યંત ધર્માભિમાનનું ચઢેલું જૈન મહાન દૈવિક શકિતએ હારમાં દાખવ્યું છે ખરૂ ને?

જવાબમાં યશોવર્માએ જણાવ્યુ કે હે રાજન ! જેટલા દેવસ્થાનોનો નિભાવ માલવ કરતુ આવ્યુ છે, તેટલા જો કોઇ અન્ય રાજ્યસત્તા કરતી હોત તો, કયારનુએ ખજાનાનું તળીયું દેખાયું હોત !

મારા હારને લગતી બાબતમાં મને ખાતરી થઇ છે કે, જરુર મેં રાજ્યનીતિ વિરૂધ્ધ, ગુજરાત નરેશનું ચઢીઆતું પુણ્ય પ્રાપ્ત કર્યું. તેનું જ રૂપ વિજેતા રાજવીને આજે પ્રાપ્ત થયું છે.

પછી મહારાજા સિધ્ધરાજે યશોવર્મા સાથે મિત્રતા સાંધી. સિધ્ધપુરનો મહારાજા મુળરાજનો અધુરો રૂદ્ર માળ પોતે પુરો કરાવ્યો હતો. તે બતલાવવા મહારાજા જયદેવ તેમનીસાથે સિધ્ધપુર ગયા. જ્યાં સોમનાથ મહાદેવના દર્શન કરતા માલવ નરેશને પણ સંતોષ થયો. આ પ્રમાણે બન્ને રાજવીઓ વચ્ચે લાંબા સમયે મૈત્રી દૃઢ બની.

આ પ્રમાણે બન્ને બળાઢય રાજ્યો વચ્ચે ફરીથી મિત્રતા બંધાઇ.

(૪)

### સિધ્ધરાજ માલવ પધારે છે.

પછી મહારાજા યશોવર્માએ સિધ્ધરાજને પોતાની સાથે માલવ પધારવાનું ભાવભીનું આમંત્રણ આપ્યું જેનો સર્વાનુમતે સ્વીકાર થયો.

મહારાજા સિધ્ધરાજ સાથે માલવ જવામાં આ સમયે શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી અને તેમનો શિષ્ય પરિવાર, વિદ્વાન શાસ્ત્રીઓ, પાટણના મહાન અમાત્યો, નગરશેઠ વગેરે મહાજનના નેતાઓ હતા.

અવંતિ ધારાનગરમાં ખાસ દરબાર ભરવામાં આવ્યો.-જેમાં વિજેતા રાજવી તરિકે ધારાના સિંહાસન પર માલવ નરેશે પોતાની જમણી બાજુએ સિદ્ધરાજને બીરાજમાન કર્યા. અને **"મહારાજા વિક્રમ"**ની તેમને ઉપમાં આપવામાં આવી ને તેમનું ઉચ્ચકોટીનું ગૌરવ કર્યું

જેમને માલવનો અખુટ રત્ન ભંડાર, રાજ ખજાનો, અને અણમોલ વિધ્યાભંડારનું દીવ્ય દર્શન કરાવ્યું. તેમજ પ્રભાવશાલી શ્રી અવંતિ પાર્શ્વનાથ મંદીરનું દીવ્ય દર્શન કરાવ્યું.

આ સમયે હાજર રહેલ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે સર્વેને અવંતિપાર્શ્વનાથની ચમત્કારી ઘટના કહી સંભળાવી. નજદીકના મંદીરે જતા સુરિશ્રીએ જણાવ્યું કે, **'હે રાજન?** આજ મંદીરમાં કવિ કાલીદાશને કાલીકામાતાના શાક્ષાત દર્શન થયા હતા અને તેમની કૃપા પ્રાપ્ત થ

આ સમયે મહારાજા સાથે પાટણથી ધારાનગર આવનારાઓની યાદીમાં પ્રાચીન ગ્રંથકારો જણાવે છે કે "શ્રી હેમચદ્રસુરિ સાથે શ્રી દેવસુરિજી, શ્રીમલયસુરિજી તેમજ અન્ય સાધુસંપ્રદાય હતો તેમજ ગુજરાતના મહાજન! અગ્ર ગણ્ય નેતાઓ તેમજ ઉદાયન મંત્રિશ્વર, શાંતુમહેતા, મુંજાલ મહેતા તેમજ માલવની બાર વર્ષની ચઢાઇમાં પાટણ અને ગુર્જર ભુમિનું વીરતાથી રક્ષણ કરનારા અમાત્યો અને સેનાપતિઓ મહારાજા સાથે પધાર્યા હતા.

મહારાજા યશોવર્માએ માલવનો ભોજ સંગ્રાહીત કીમતી ગ્રંથભંડાર મહારાજાને નજરાણામાં ભેટધર્યો, તેમજ કીમતી અણુમોલ દેવતાઇ રત્નો જેની પ્રાપ્તિ મહારાજા વિક્રમને થઇ હતી તે. અર્પેત કર્યા. તેમજ મહારાજા વિક્રમને શ્રી સિધ્ધસન દીવાકરજી માર્ફતે પ્રાપ્ત થએલ મંત્ર સિધ્ધ જડીબુટ્ટીઓ, અને લેપ સાથે કીમતી ઔષધીઓ ભેટમાં પણ અર્પણ કર્યો. જેને જોતા હાજર રહેલ સુરિશ્વરજીના હૃદયમાંથી માલવપતિ માટે ઉચ્ચકોટીના અભીપ્રાય યુકત ઉદગારો અને શુભાષિશની પ્રાપ્તિ થઇ.

તેજ માફક માલવ અને ગુર્જર પ્રાંતને લગતા મિત્રતાના હસ્ત લેખીત ખત પત્રો અરસ પરસ અર્પિત થયા.

—આ વર્ષનું ચાતુરમાસ સુરિશ્રીએ લગભગ-ધારા નગરમાંજ રહી. નીખાલસ્તાથી ધર્મ ને રાષ્ટ્ર સેવામાં પસાર કર્યું ને તેઓ પાટણ પધાર્યા ને મહારાજા પણ બહુમાન મેળવી પાટણ પધાર્યા.

**નોટસ**

મહારાજા યશોવર્માં ( મદનવર્મા ) ને અંગે દ્વાશ્રય કાવ્યની પ્રશસ્તિ સર્ગના ૧૪માં તેમજ ૧૮માં શ્લોકમાં જણાવવામાં આવ્યું છે કે :—

" જે મહારાજાને સિધ્ધરાજ જયદેવે હરાવ્યો હતો તેનું નામ યશોવ-માંજ હતું. સંવત ૧૧૯૫ માંજ આ કાવ્યની રચના શ્રી. હેમચંદ્રાચાર્યે " સિદ્ધહેમ " વ્યાકરણની પ્રશસ્તિમાં કરી છે. '

" મહારાજા યશોવર્માના કાષ્ટ પિંજરવાસને અંગે શ્રી. સોમેશ્વર ભટ્ટ, કીર્તિકૌમુદીના અધ્યાય શ્લોક ૩૧ માં જણાવે છે " કે " મહારાજા યશોવર્માને અહિસિંહે ( સિધ્ધરાજ જયસિંહ ) કારાગ્રહમાં નાંખ્યો.'

દ્વાશ્રયના સં. ૨ ના ૩૪ મા શ્લોકમાં હેમચંદ્રાચાર્યે પણ યશોવર્મા રાજાને કેદમાં નાખ્યાનું લખ્યું છે.

સિદ્ધરાજે પણ પોતાના દોહદ ( દાહોદ ) પંચમહાલના લેખમાં માળ-વાના રાજાને કારાગ્રહમાં નાંખ્યાનો ઉલ્લેખ કર્યો છે.

શ્રી. જયસિંહ સુરિએ ( કુ ચ. સ. ૧ ) જણાવ્યું છે કે ' સિદ્ધરાજની તલવાર બાર વર્ષ મ્યાનની બહાર રહી ત્યારે સિધ્ધરાજે ક્રોધમાં આવી પ્રતિજ્ઞા કરી કે માળવાના રાજાના ચામડાથી તલવારની મ્યાન ચઢાવીશ "

શ્રી જૈનમંડન ગણિએ પણ સિદ્ધરાજની આ પ્રમાણેની પ્રતિજ્ઞાનો ઉલ્લેખ ( કુ. પ્ર. પૃ. ૮ ) ને ટેકો આપ્યો છે અને જણાવ્યું છે કે " આ જાતની પ્રતિજ્ઞા એ નીતિશાસ્ત્ર વિરૂદ્ધની હોવાથી મંત્રીશ્વરોના કહેવાથી મહારાજાએ પ્રતિજ્ઞાના પાલનાર્થે તેના પગના તળીયાની માત્ર નામની ચામડી ઉતરાવી, તલવારની મ્યાન ઉપર પ્રતિજ્ઞાની પૂર્તિ અર્થે લગાવી. હતી"

સંવત ૧૧૯૩માં સિધ્ધરાજે માળવા જીત્યાનો ઉલ્લેખ ધ્રાંગધ્રા (રાજ્ય) માંથી પ્રાપ્ત થએલ લેખમા જણાવ્યું છે કે" **સિધ્ધરાજને અવંતિનાથનું બિરૂદ**" આપવામાં આવેલ છે.

( જુઓ પુ. પુ. ૪, અં. ૧ ૨ જો )

આને લાગતું કાવ્ય તથા તેને લગતો વૃત્તાંત પ્રભાવક ચરિત્રમાં હેમ-ચંદ્રસુરિવાળા પ્રબંધમાં પણ આવ્યો છે.

# પ્રકરણ ૩ જું

## સૂરિશ્વર અને સમ્રાટ

માલવથી ગુજરાત આવી પોહચેલ માલવજ્ઞાન ભંડારનો કઇ રીતે સદ-ઉપયોગ કરવો તેની આજ્ઞા મેળવવા આવેલ ગ્રંથપાલક, રાજમહેલમાં દાખલ થઇ મહારાજને નમન કરી દવાર પર ઉભો રહ્યો.

મહારાજાનું ધ્યાન તે તરફ દોરતા તેની પાસેથા યોગ્ય માહીતી મેળવવા મહારાજે પૂછ્યું કે, 'હે ગ્રંથપાલક' જણાવો કે માલવના જ્ઞાન ભંડારમાં ગુર્જરભુમિના ઉપયોગમાં આવે તેવા કયાં કયાં ગ્રંથો છે?

ગ્રંથપાલકે નમન કરતા જણાવ્યુ કે "મહારાજ" આ ભંડારમાં રાજા ભોજનું બનાવેલ **ભોજ વ્યાકરણ શાસ્ત્ર** નામનો અદભુવ્યાકરણ શાસ્ત્રનો ગ્રંથ છે જે ગ્રંથ હમના ગુજરાતભરની પાઠશાળાઓમાં ચાલે છે. આ ઉપરાંત વિધ્વાન રાજાભોજના બનાવેલા બીજા અનેક ગ્રંથોમાં **"સરસ્વતી કંઠાભરણ"** નામનું અલંકાર શાસ્ત્ર પણ છે. સમસ્ત ગુર્જર દેશના પઠણ પાઠણમાં તેનો પ્રચાર અધિક છે. આપ નામદારનું પકિતોધિક મેળવનારા અલંકાર શાસ્ત્રના વિદ્યાર્થીઓ પણ અધ્યાપી પરીયંત રાજા-ભોજના આ ગ્રંથના પુરના અભીયાસી છે. એ ઉપરાંત બીજા મહત્વના ગ્રંથોમાં તર્કશાસ્ત્ર, ચિકિત્સા શાસ્ત્ર, રાજસિદ્ધાંત, વૃક્ષાયુર્વેદ, વાસ્તુશાસ્ત્ર, ઉદયાસિદ્ધિ, અંકશાસ્ત્ર, શુકનશાસ્ત્ર, અધ્યાત્મક શાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્ર, સામુંદ્રિકશાસ્ત્ર, અને નિમિતશાસ્ત્ર, વગેરેની પ્રતો અતિ મહત્વની છે. ઉપરોકત ગ્રંથોની રચનામાં મહાન કવિશ્વર ધનપાળનો મુખ્ય હાથ હતો. તેમજ અન્ય વિધ્વાન માળવી કવિશ્વરો અને વિધ્વાનોએ તેમાં સાથ આપેલ છે. જેના આધારે માલવનો જ્ઞાનભંડાર આજે ઉંચકોટીનો મનાય છે.

આજે ગુર્જરનું પાટનગર **પાટણ**, ભારતના વિધ્વાન પંડીતો, શાસ્ત્રીઓ, તેમજ સર્વ ધર્મના ધર્માચાર્ય અને ધર્મોનું માહેર ઘર તુલ્ય હોવા છતા

ગર્વિ ગુર્જરભૂમિમાં માલવના જ્ઞાન ભંડાર કરતા સર્વ શ્રેષ્ટ ગુર્જર જ્ઞાન ભંડાર શામાટે તૈયાર થઇ ન શકે ?

ગુર્જર વિધ્યાપીઠોમાં પોતાનું વ્યાકરણ શાસ્ત્ર તેમજ અલંકાર શાસ્ત્ર ન હોવાથીજ વિધ્યાર્થીઓને પરાયા અને અધુરા શાસ્ત્રો અને શબ્દકોશો શીખવવા પડે છે તેના કરતાં ગુજરાતનું કયુ દુર્ભાગ્ય ગણાય નાથ ?

જો આના અંગે પ્રબળ પુરૂષાર્થ કરવામાં આવે, તેમજ સમર્થજ્ઞાની **શ્રીમદ હેમચંદ્રસૂરિ** જેવાનો પુરતો સાથ હોય અને તેઓ જો આ કાર્યની જોખમદારી માથે લેતા હોય તો? નુતન ગ્રંથોની રચના ખરેખર ગર્વિ ગુર્જર ભૂમિની કીર્તિ પર સુવર્ણ કળશ ચઢાવ્યા તુલ્ય તૈયાર થશે ને તેમની સેવા અજરા અમર બનશે. માટે આપ તેમને બોલાવી યોગ્ય પ્રબંધ કરો.

મહારાજને પણ વિધ્વાન ગ્રંથપાલકનું સુચન માર્ગ દર્શક લાગ્યું. અને મહારાજે આ સમયે હાજર રહેલ મંત્રિશ્વરોમાંથી–**શ્રી ઉદયનમંત્રિને–શ્રી હેમચંદ્રસુરિને** માનભેર ઉપાશ્રયેથી મહેલે લાવવા મોકલ્યા.

(૨)

રાજવીના આમંત્રણને માન આપી **શ્રીહેમચંદ્રાચાર્ય** પોતાના વિધ્વાન શિષ્ય સાથે તુરતજ રાજમહેલે પધાર્યા. જેમ યોગ્ય ઉચ્ચસ્થાને ભદ્રાસન પર બેઠક આપી. ગુર્જરરાજ વંદન કરી તેમની સનમુખ નીચે બેઠા. આ સમયે રાજ્યના અનેક અગ્રગણ્ય સરદારો અને વિધ્વાન પંડીતો પણ વિધ્યમાન હતા.

જેમની રૂબરૂમાં ગુર્જરાધિ પતિએ સૂરિશ્વરજીને ભાવ પૂર્વક વંદન કરી નમ્રતા પૂર્વક જણાવ્યું કે, હે સૂરિદેવ? "માલવના જ્ઞાન ભંડારનું નિરક્ષણ કર્યા પછી તેમજ મહત્તા જાણ્યા પછી મને એમ લાગે છે કે, આપણા ગુજરાતમાં ને ખુદ ગુર્જર ભાષામાં આવા સર્વાંગિસુંદર વ્યાકરણ, અલંકાર શાસ્ત્ર, છંદશાસ્ત્ર, અને શબ્દકોશ, આદિ પાઠ્ય ગ્રંથોના રચનાની ખાસ આવશ્યકતા છે. "જેમાં આપ જેવા સમર્થજ્ઞાની જૈનાચાર્ય ગુજરાતના તારણહાર તરિકે વિધ્યમાન હોય? અને ગુજરાતની આ જાતની જ્ઞાનપીપાંસા પુરી ન થાય તો પછી? ગર્વિ ધર્મભૂમિની–નિસ્વાર્થ સેવા અન્ય કયો ધર્માચાર્ય કરી શકશે ?

"આને અંગે આપને રાજ્ય તરફથી દરેક જાતની સગવડતા આપવામાં આવશે તેમજ તમારી તૈયાર થએલ સર્વ કૃતિઓનો પ્રચાર રાજ્ય તરફથી

પુરતી રીતે ચારે દીશાએ થશે જેની ખાતરી રાખશો. સુરિદેવ આપ પુણ્ય પ્રવૃત્તિથી આ કાર્ય સિદ્ધ હાથ ધરો, એવી મારી આપને તેમજ આપના મુનિમંડળને નમ્રતાભરી વિનંતિ છે. આ જ્ઞાન ભંડાર અંગે તો ગુર્જરરાજે જીવન હોડમાં મુકી બાર બાર વર્ષના રણ રંગ ખેલી માલવનો જ્ઞાનભંડાર જંનાચાર્યોના સુચન મુજબ હસ્તગત કર્યો છે તો જરૂર દેવ? હવે ત્વરીતતાથી અણમોલ ગુર્જર ગ્રંથોની રચના થવી જોઇએ.

આચાર્યદેવ ધર્મભૂમિની સેવા અર્થે તેમજ ધર્મદ્યોત અને પ્રચારાર્થે તો અમોએ ભેખ લીધો છે. રાજન? "આપ તો માત્ર ગુજરાતના અક્ષરદેહની ફીકર કરો છો પણ તેનાથી ગુર્જરભુમિના સ્થુલદેહના ચિંતનની ખાસ આવશકયતા છે." 'મહારાજ ? ગુજરાતની લીલીવાડી, કામધેનુ સમરસાળભૂમિ, કલ્પવૃક્ષ સમ વેપાર ઉદ્યોગ, અને ધનસંપતિથી ગુજરાતને તૃપ્ત કરનાર ગુજરાતનું વહાણવટું, એ વર્તમાને સમસ્ત વિશ્વમાં એટલુ બધુ તો આકર્ષક ને ઉપયોગી છે કે, જેના અંગે ન્યાયશીલ દેશોના રાજવીઓ તેમજ વિદેશીઓના મનમાં ગલગલિયા થયા કરે છે. તેનુ કેમ? તે તરફ આપે દુષ્ટીપાત કર્યો છે ખરો !

આપણી આ આબાદી ટકાવી રાખવા ગુજરાતને એવા શેત્રંજના દાવો ખેલવા પડશે કે, જેમાં દેશના રક્ષણાર્થે ભાડુતીઓ મુદ્દલ:કામમાં નહી આવે. શસ્ત્રબળ, અસ્ત્રવિધ્યા, યુદ્ધવિધ્યા, વ્યુહરચના કૌશલ્યતા, પટાબાજી, નિભંયતા, બ્રહ્મવિધ્યા, વ્યહવારવિધ્યા, પાંડિત્ય તેમજ અર્થશાસ્ત્ર વગેરેના શિક્ષણાર્થે, તાલીમબંધ વર્ગો જાગ્રતથી તૈયાર રાખવા પડશે. તે પર તો વિચાર કરો.

'રાજન? માલવની જીત તો આપના માટે આવાહન રૂપ છે. જેમને જેમને અવંતિપતિ વિક્રમાદિત્ય રાજવીનું બિરૂદ ધારણ કરી. જીવનના જોખમે માલવને જીત્યો છે. તેવા દરેક વિજેતા રાજવીના ઇતિહાસ તરફ દષ્ટિપાત કરશો તો આપને સમજાશે કે, વિજય પછી રક્ષણ અને રાષ્ટ્રોઉદ્ધાર અર્થે રાજવીએ રાજ્યના સેવક બની પ્રજા કલ્યાણમાંજ જીવન પસાર કરવાનું રહે છે. તે તેજ પ્રમાણે અને તેજ રાજમાર્ગે આપે હવે જીવન પસાર કરવાનુ રહે છે. રાજ્યના સેનાપતિઓ, સિષ્ટ પંડીતો, અને શાસ્ત્રીઓની સલ્લાહથી યોગ્ય અભ્યાસ ક્રમ નકકી કરવો જોઇએ.

ગુજરાતની વિધ્યાપીઠો અને પાઠશાળાનાં પાઠય પુસ્તકોમાં-યોગ્ય સુધારો કરવો જોઇએ. જેથી આજનો ગુર્જર વિધ્યાર્થી ભવિષ્યનો મહાન તેજસ્વી નરરત્ન બની શકે.

રાજન? મારે દીલગીરી સાથે જણાવવુ પડે છે કે–આજે આખા દેશમાં એવા સાચા **અહિંસક"** લડવીરો નથી કે જેના ચારિત્ર, બ્રહ્મતેજ, અને સંયમ આગળ ઉદ્ધત વર્તન વાળાઓ ઓગળી જાય ને સંયમી બને.

"**હે પ્રતાપી ગુર્જરરાજ?** જ્યાંસુધી આપણે રાજયોગી **મહાત્મા બુધ્ધ અને પ્રભુમહાવીર** જેવા મહાન અવતારીઓના અહિંસાત્મક ઉપદેશ તેમજ તેમના જીવનમાર્ગનું રાષ્ટ્રકરણ તેમજ દેશોદ્ધારનામાં અનુકરણ ન કરીએ અને સંખ્યાબંધ અહિંસાત્મક ગુર્જર વિરો રાષ્ટ્રમાં પેદા ન કરીએ ત્યાંસુધી, આપણા પિતા મહેશ્વરોએ દર્શાવેલ અહિંસાત્મક તત્વજ્ઞાની વિધ્યાભ્યાસનો **અર્થ** શો?

'રાજન? આપની સમક્ષ અત્યારે જે જાતનું તત્વજ્ઞાન રજુ કરૂ છુ તે વૈદિક તેમજ જૈન શાસ્ત્રના **"અહિંસાવાદી"** તત્વજ્ઞાનના સિદ્ધાંતોને પુરતી રીતે સમજીને કરૂ છુ એક સમર્થ જૈનાચાર્ય તરિકે અત્યારે નિપક્ષપાત ફરજ બજાવતા ખુલ્લી રીતે મને જણાવાદોકે, જેમને સોમનાથના મંદીરની દુર્દશા કરી, અને જેમને નજરો નજર જોઇ છે. તેમનો રાજવૃતાંત સાંભળતા ખરેખર થરથરી આવે છે. એટલુંજ નહિ. **ભવિષ્યમાં આવું હજુપી** બનવાનું છે પડધાઓ મારે કાને અથડાય છે. તેનું કેમ?

રાજન? મારી આ ભયંકર અગમચેતી પર ધ્યાન આપી. આપનો યુવાન વર્ગ અને તેનાજે દેશનું કૌવતતીને નુર છે તેને. જુથમાં કેળવો. તેમજ બરોબર સંજ્જ રાખો હવે તો રાજસત્તાએ, દરેક ધર્માચાર્યોએ તેમજ પ્રજાએ દેશને અણિ પ્રસંગે સહાયક થવા કોઇપણ પળે કટીબધ તૈયાર રહેવું પડશે.

રાજન વિદ્યાર્થીઓના બુદ્ધિ અને શકિત ખીલવવા સર્વાંગસુંદર વ્યાકરણ, અલંકાર શાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, વગેરે ગ્રંથોની રચના તુરતજ ગુર્જર ભાષામાં થવી જોઇએ. જેમાં જૈનો અને વેદાંતવાદી પંડીતોએ પોત પોતાની મરીયાદામાં રહી. **અહિંસાત્મક તત્વજ્ઞાનને** પુરતી રીતે સમજી નીતી. અર્થ, અને **ધર્મશાસ્ત્રોની** આજ્ઞા પ્રમાણે દેશને તેમજ પ્રજાને લડવીર અને મરદાંગી આત્મ સયમી બનાવવોજ જોઇએ.

રાજન? બ્હેત્તર તત્વજ્ઞાન સાથે અહિંસાના સ્વરૂપને મેળવી રાજકારણમાં અહિંસાવાદી તત્વજ્ઞાનનો અર્થ, રાષ્ટ્રના ઉદયમાં તેમજ **સંચાલનમાં** એવી રીતે કરવો જોઇએ કે, અર્થ. સામ, દંડ, અને ભેદની રાજનીતીએ ભૂમિને **રકતભીજીતકર્યા વગર,** બુદ્ધિપ્રભાએ રાષ્ટ્રનું રક્ષણ અને ઉદય થાય. ઉદયતો–**અહિંસાવાદી સર્વવ્યાપક તત્વજ્ઞાનથી થવાનો** છે સમર્થ તારણહાર

એવા **મહાન યુગાવતારીઓની** દોરવણી નીચે દેશ જ્યારે અહિંસાત્મક રાજવાદમાં કેળવાશે ત્યારેજ તેનો ઉદય થવાનો છે.

રાજન્? મહાન ગુજગતને પુરતીરીતે અહિંસાવાદમાં કેળવવું. પડશે. ગુર્જર ભાષાના મહાન ધર્મ ગ્રંથોના રચીતાઓએ રાષ્ટ્રના આત્મા બનવું પડશે. તેમજ એવા આત્મ સંયમીઓ જાતે અહિંસાવાદી ઉપદેશક બનવુ પડશે જ્યાં રાષ્ટ્ર સંચાલન ખુલ્લે ખુલ્લું પ્રજાજનોના હાથમાંજ હોય, જ્યાં અહિંસાપરમો ધર્મનો જયનાદ સમસ્ત દેશભરમાં વ્યાપક બન્યો હોય? ત્યારે કોઇ પણ પરદેશી કે, દેશીની દેણુ નથી કે તે, આ અહિંસાવાદી દેશ સામે નજર પણ કરી શકે?

રાજન? અત્યારે મારી મનોદેવતા સાક્ષી પુરી થાય છે. કે, ગુર્જરભૂમિમાં અત્યારે અહિંસાવાદી તત્વજ્ઞાનનો અને જીતેન્દ્રિય દર્શનના મુળીયા એવા તો ઉંડાણમાં ઉતરી રહ્યા છે કે, નજદીકમાંજ ભાવિનીમાણુ હશે તો? 'આજ માતૃભૂમિ અહિંસવાદી અમારી પડાહથી ગાજતી રહેશે. ત્યાર પછી કાળાંતરે સમસ્ત ભારત અનેક પ્રકારના પરદેશી વંટોળીયાઓથી ઘેરાશે. જેમા અવતારી મહાન વિભુતિઓના હાથે. બલીદાને અને ઉપદેશે મુકત બનશે. પછીનું સ્વતંત્ર ભારતનું પ્રજાસત્તાક રાજ અહિંસાવાદી તત્વજ્ઞાનને દીપાવનાર બનશે. શાસ્ત્રધારી રાજસત્તાઓ પણ અહિંસાવાદી ભારતના મિત્ર રાજવીઓ સમ રહેશે. ને સમસ્ત વિશ્વમાં ભારતનો જયજયકાર થશે.

સુરિશ્વરજી આપનું આ ભાવિ ઉજવળ બને અને ભારત પોતાના ઉધ્ધનાં યોગ્ય માર્ગે જલદીથી સ્વતંત્ર બને એવી હું પ્રભુ પાસે પ્રાર્થના કરૂ છું.

રાજન? હવે અમારી આવશ્યક ક્રીયાનો સમય થએલ હોવાથી અમારે જવું જોઇએ. જેથી સર્વેને મારો ધર્મલાભ. આટલું કહી સુરિશ્વરજીએ મહેલેથી વિદાય લીધી. તેઓની પુંઠ દેખાણી ત્યાંસુધી ગુર્જરરાજનું તેજ રટણ હતું કે કેવી પ્રભામય દીવ્ય આકૃતિ? અને કેવો માર્ગદર્શક પ્રભુનો ઉપદેશ? ધન્ય છે, તે જનની કે જેણે આવા રત્નનો જન્મ આપ્યો છે.

શ્રી હેમચંદ્રસુરિજીના ગયાબાદ—રાજમહેલમાં હાજર રહેલ સનાતન, ધર્માચાર્યોએ ગુર્જર રાજને જણાવ્યું કે, હે સુજ્ઞ રાજન? આવતીકાલે રાજસભાની ખાસ એવી બેઠક બોલાવો કે, જેમાં સનાતન ધર્માચાર્યો, ને પડીતો પોતાના અભીપ્રાયો ગુર્જર ગ્રંથરચના પર પુરતી રીતે આપી શકે. અને આપનું તેમજ રાજસભાનું તેથી સમાધાન થાય.

ઠીક છે. પંડીતજી કહી, મહારાજ મહેલની અંદરના વિશ્રાંતિ ખંડમાં ગયા. ને પ્રતિહારીએ સભા બરખાસ્ત કરી.

# પ્રકરણ ૪ જુ

## "સિધ્ધહેમ" વ્યાકરણ પ્રણેતા:—

(૧)

મહારાજા સિધ્ધરાજ રાજસભામાં બેઠા છે, આ સમયે આચાર્યશ્રી ઇરાદાપુર્વક પધાર્યા ન હતા. રાજસભાના પંડીતોએ આ તકનો લાભ લઇ આચાર્યશ્રીને મહારાજાના હૃદયમાંથી ઉતારી પાડવા અને તેમના પ્રત્યેનુ માન ઓછું કરવા અનેક રીતીએ પ્રયત્ન ચાલુ કર્યા.

એક પંડીતજી, રાજન! આપ શૈવ ધર્મી છો. આપના વડવાઓ પૂર્વકાળથી શૈવ ધર્મ પાળતા આવ્યા છે. જૈન ધર્મ ત આપણો પ્રતિપક્ષી છે. તેને આપ જેવા નરેન્દ્રો પ્રોત્સાહન આપશે તો, સમસ્ત ગુજરાત જૈન ધર્માજ બની જશે, અને શૈવ ધર્મનો સદંતર નાશ થશે તેનું પાપ આપશ્રીના શીરે આવશે. તેનો દીર્ઘ દ્રષ્ટીથી વિચાર કરી, સૌના હીતાર્થ શ્રી હેમસુરિના મોહનો ત્યાગ કરવા હું આપને વિનવું છું.

બીજો પંડીત. નામદાર? વાણીઆઓ હંમેશા વાણીમાં શુરા હોય છે. તેઓ પોતાની વાત ચાતુરીથી ભલભલાને આંજી દે છે. તે પ્રમાણે આપ પણ સુરિજીની વાત ચાતુરીમાંજ ખેંચાયા છો. બાકી આપને પાકો અનુભવ થશે ત્યારે સમજ પડશે કે તેમની બધીએ આપણા પ્રત્યે જાળ છે. રાજન? બધો પલ્ટો થાય પણ, જે સમાજમાં જન્મ લીધો છે. તે વંશનો તેમજ સમાજ ધર્મનો પલ્ટો કરવો તે ઘોર પાતક ગણાય એમ વેદાંતવાણી છે. તે પર વિચાર કરવો જોઇએ.

ત્રીજો પંડીત. 'હે નરદેવ! એક વખત સુરિશ્રી શું કરે છે તે જોવા હું, ઉપાશ્રયમાં ગયો હતો. જ્યાં મે જોયુ તો, મહારાજે આપણા વેદ ધર્મના બધા ગ્રંથો જ્ઞાન ભંડારમાં રાખ્યા છે, અને તેમાંથી વાંચન કરી કરી તત્વ ખેંચી વિદ્વતા પ્રાપ્ત કરે છે.

અમારે એટલુ તો માન્ય કરવું પડે કે સૂરિશ્વરજી સત્ય વકતા છે. એટલુજ નહિ પણ તેઓ સત્યના ખાસ પુજારી છે. તેઓ અસત્યનું આચરણ કદાપી કાળે નહિ કરે. જેથી રાજન? આપ તેમને પુછીનેજ ખાતરી કરો કે, તેમને વ્યાકરણ આદિ પ્રતિમાન ગ્રંથોનો અભ્યાસ વેદાંતિક ગ્રથોના આધારે કર્યા છે કે નહિ?

આ પ્રમાણે થતા સત્યવકતા સૂરિજીના પ્રતિઉત્તરથી અમારી ખાતરી થશે અને અમારા સર્વેના દીલનું સમાધાન થશે.

ચોથો વૃધ્ધ પંડીત....હે દેવેન્દ્ર...? અજબ ગજબ થઇ ગયો છે. મેં મારી આ વડીલોની જીંદગીમાં પણ નથી જોયું ને નથી જાણ્યું તે, આપ શૈવી માર્ગી રાજા થઇ આપણા પ્રતસ્પર્ધિ જૈન ધર્મને પ્રોત્સાહન આપી રહ્યા છો? અમોને તે અતિસય ડંખે છે... અને આપ હેમસુરિને ઇશ્વર તુલ્ય માનો છો આનો અર્થ શો? આપને ગમે તે ખરૂ?....ખેર. શીવ? શીવ? શીવ?

આવી રીતે અનેક બ્રાહમણ પંડીતોએ સુરીશ્રીની ગેરહાજરીનો લાભ લઇ તેમની વિરુધ્ધ રાજાના કાન ભંભેર્યા.

દીર્ઘ દ્રષ્ટીવાન મહારાજાને આની વધુ અસર થઇ નહિ પણ એટલો તો નકકી ખ્યાલ થયો કે, આ સર્વે બ્રાહમણ પંડીતો ગુરુદેવના અને સત્ય જૈન ધર્મના પુર્ણ દ્વેશી છે તેઓનું સમાધાન કરવા માટે બીજેજ દીવસે મહારાજે રાજસભા બોલાવી જેમાં આચાર્યશ્રીને પણ પધારવા વિનંતી કરી.

## જીનેન્દ્ર વ્યાકરણની મહત્તા

બીજે દીવસે વિધ્વાન પંડીતો, શાસ્ત્રીઓ, નગરમહાજન સામંતો, તેમજ સષ્ટ ધર્મના ધર્માચાર્યોથી રાજદરબાર એવોતો ખીચોખીચ ભરાયો કે જાણે આજના દરબારમાં સૂરિશ્રીના ઘડતરની અણમોલ્ય કીંમત અંકાવાની ન હોય?

બરોબર સમયસર સૂરિશ્રી આદિ મુનિમહારાજો તેમજ ખુદ મહારાજા પધાર્યા જયનાદોની દુન્દુભી પોકરાઇ વારાંગના નાચ વગેરે દરબારી કાર્યો ચાલુ પધ્ધતી પ્રમાણે ત્વરીતતાથી સંકેલી લેવામાં આવ્યા. ને દરબારમાં શાંતિ પ્રસરી.

શ્રી સંઘ મહાજન અને નગરજનોની પુરતી હાજરીવાળા રાજદરબારમાં મહારાજાએ ઉભા થઇ સૂરિશ્રીને ભાવ પૂર્વક વંદન કરી નમ્રતાથી પુછ્યું કે—

**હે સુરીશ્વર? શું આપે સનાતન વેદ શાસ્ત્રોના આધારે વિધ્વતા પ્રાપ્ત કરી છે?**

આજની સભાનો ભેદ સૂરિશ્રી પુરી રીતે સમજી ગયા હતા જેમાં તેમને આ પ્રમાણેના શંકાનું નિવારણ કરવામાં. જૈન ધર્મની મહત્તા અને ગૌરવ લાગવાથી સૂરિશ્રીએ ઉભા થઇ–દેશના દેવાની ઢપથી શાંતિથી જવાબ આપતા સભાજનો તેમજ રાજવીને ઉદ્દેશીને જણાવ્યુ કે, હે વિદ્વાન સભાજન ને રાજન?

"**પ્રભુ મહાવીરે** પોતાની બાલ્યાવસ્થાના ૮મા વર્ષે, **ઇન્દ્ર મહારાજે** બ્રાહ્મણ સ્વરૂપે પ્રશ્નો કર્યા તેનો જવાબ પાઠશાળાના મહાન વ્યાકરણ શાસ્ત્રી તેમજ જગતને ખાતરી થાય તેવી રીતે અવધિજ્ઞાની **પ્રભુએ ઇન્દ્રને** આપ્યો. જેના અંગે ૧ સંજ્ઞા સુત્ર (૨) પ્રરિભાષા સૂત્ર (૩) વિધિ સૂત્ર (૪) નિયમ-**સૂત્ર** (૫) **પ્રતિષેધ સૂત્ર** (૬) **અધિકાર સૂત્ર** (૭)**અતિદેશ સુત્ર** (૮) **અનુવાદ સુત્ર** (૯) **વિભાષ સુત્ર** (૧૦) **નિપાત સુત્ર** આ પ્રમાણેના દશ સૂત્રો રચાયા તથા 'જિનેન્દ્ર **વ્યાકરણ**' પ્રગટ થયું–આ જોઇ પાઠશાળાના ઉપાધ્યાય પણ સાનંદાશ્ચર્ય પામ્યા. પછી **મહાવીરકુમારને તીર્થંકર દેવ તરીકે** માની પાઠશાળાઓમા આ કાળે તેમના જીનેન્દ્ર વ્યાકરણનુ અધ્યયન ચાલુ રખાવ્યું. ત્યારબાદ **પ્રભુ મહાવીરનું** આ "**જીનેન્દ્ર વ્યાકરણ**" **વલ્કલ પત્રો** પર લખાવ્યું. જેની પૂર્વકાલિન હસ્ત લેખિત પ્રતો હે રાજન? પૂર્વપરપરાથી જૈનાચાર્યોના જ્ઞાન ભંડારોરાં સંગ્રહિત હોવાથી, તેના આધારે અને માતા સરસ્વતિની શાક્ષાતમય પ્રસન્નતાથી મેં કાવ્ય અને સૂત્રરચનામાં વિદ્વતા પ્રાપ્ત કરી છે." જેમાં વેદશાસ્ત્રો તેમજ સર્વે ધર્મશાસ્ત્રોનો અમારે અભ્યાસ તત્વ નિરક્ષણાર્થે કરવો જોઇએ. તેમજ ભંડારમાં સર્વે ધર્મના ગ્રંથો રાખવા જોઇએ. તે અમારો ધર્મ હોવાથી, અમોએ સનાતન ધર્મના અર્વાચિન તેમજ પ્રાચીનગ્રંથો અમારા જ્ઞાનભંડારમાં રાખ્યા છે ને તેનો સદઉપયોગ યોગ્ય પ્રસંગે કરીએ છીએ. અને તે પ્રમાણે સર્વે ધર્મના ધર્માચાર્યોના ભંડારોમાં તેમજ રાજ ભંડારમાં આજે પણ વિધ્યમાન છે–તો શું આ પ્રમાણેનો જ્ઞાન સંગ્રહ અપવાદને પાત્ર ગણાય ખરો?

આ પ્રમાણેનો વિદ્વતા ભર્યો જવાબ સાંભળી સૌ ઠરીજ ગયા. હવે બ્રાહ્મણ પંડીતો તેમની સામે શું બોલે? પ્રથમથીજ સુરીશ્વરથી સૌ ધ્રુજતા હતા. સુરીશ્વર પાસે એક પણ દલીલ ટકી શકી નહિ. અન્તે સૌએ આનંદ ને સંતોષ વ્યકત કર્યો.

(૩)

આ પ્રમાણે વિખ્યાત પંડીતો સાથેના ધર્મવાદમાં શ્રી હેમચંદ્રાચાર્યે સર્વે ધર્માચાર્યો અને રાજવીના દીલને **"જીનેન્દ્ર વ્યાકરણની મહત્તા"** અને પોતે પ્રાપ્ત કરેલ જ્ઞાનની ખાતરી આપી આ સમયે ભલે વેદાંતવાદિ–ધર્માચાર્યોના અંતરમાં મતભેદ રહ્યો હોય પરંતુ બહારથીતો આખીએ રાજસભાનું વાતાવરણ શ્રી હેમસૂરિ તરફ પુરતી રીતે ઢળેલુ અને તેમની જ્ઞાન શકિતના મુકતકંઠે પ્રશંશા કરનાર બન્યું હતું.

આ સમયે પંડીત સભાના અધ્યક્ષ શ્રી શ્રીપાલકવિ, તેમજ અન્ય ધર્માચાર્યોએ–માલવ જ્ઞાનભંડાર અંગે રાજવી સાથે મસલત કરી અને આજની સભામાં સર્વાનુંમતે એમ ઠર્યું કે ગુર્જરગ્રંથ રચનાનું મહાન કાર્ય સુરિશ્વરજીનેજ સુપ્રત કરવું–આ પ્રમાણે ઠરતા–રાજસભાના અધ્યક્ષ સ્થાનેથી બોલતા મહારાજાએ જણાવ્યું કે: ગુરુદેવ! મને વિચાર થાય છે કે, રાજા ભોજના સમયનો મહાન જ્ઞાન ભંડાર ધારાથી પાટણ લાવવામાં આવ્યો છે, તેમાં અનેક વિષયોના ગ્રંથો ઉપરાંત અતિ ઉત્તમ એક **'ભોજ વ્યાકરણ'** મળ્યું છે. જેના રચયિતા **મહાકવિ ધનપાલજી** છે. જેથી આજ પણ **'મહારાજા ભોજ** અને મહાકવિ ધનપાલની યશ ગાથા અને અમર કીર્તિ ચોમેર પ્રસરી રહી છે. આપ પણ મહાન વિદ્વાન છો તો, તેનાથી ચઢીયાતુ **મહાગુર્જર વ્યાકરણ** અને **અદ્ભુત ગ્રંથ** ભંડાર ન બનાવી શકો !

આપ ગ્રંથોની રચના કરશો તો તેથી, સૌની કીર્તિ 'યાવદ્ચંદ્ર દીવાકરો'ની માફક જયવંતી બનશે. અને જગતના વિદ્વાનો પર મહાન ઉપકાર કર્યો ગણાશે...ગુરુદેવ! મારી આ ઇચ્છા પૂર્ણ કરશો એવી મારી આપને નમ્ર વિનતિ છે. તેને અંગે જોઇતી સામગ્રીનીબધી વ્યવસ્થા રાજ્ય તરફથી ખર્ચે કરવામાં આવશે.

સુરીશ્વરજી——રાજન! આપની સાહિત્ય પ્રત્યે આટલી ઉમેદ જોઇ હું અતિશય ખુશ થયો છું. ભલે; મને તેમાં જરાએ વાંધો નથી. ભલે, મહાવીર પ્રભુ અને માતા સરસ્વતી દેવીના સહાયતા બળે આપણી સર્વે મનોકામનાની સિધ્ધિ થશે.

રાજા પણ યોગ્ય ઉત્તર સાંભળતા અતિ ખુશ થયા અને સર્વને સંબોધીને કહ્યું કે; પ્રજાજનો! આ મહાન ઉપકારી પૂજ્ય મહાપુરુષે મારી આગ્રહ ભરી વિનંતિનો સ્વીકાર કરી, વ્યાકરણ આદિગ્રંથોની રચના કરવા વચન આપ્યું છે. તો તેમના કાર્યમાં સૌએ સારી મદદ કરવી.

સુરિશ્રીએ ગુજરેશ્વરની વિનંતીનો સ્વીકાર કર્યો આ સમયે રાજદરબારમાં સુરિશ્વરજી તેમજ મહારાજા જયદેવના જયઘોષનાદોથી સભા એવી રીતે ગજી રહી કે જાણે કોઇ શાસન અવતારીનો પારણાવને ગુર્જરની સંસ્કારી ભૂમિકા વધાવતી નહોય?

આ પ્રમાણે હર્ષનાદો વચ્ચે રાજસભા વિસરજન થઇ. પછી ઉપાશ્રયે જઇ સુરિશ્વરે ગ્રંથ રચનાનું કાર્ય ચાલુ કર્યું.

(૩)

કાશમિર દેશમાં આવેલ ભારતીદેવીના મંદીરે બાહોશ રાજદુતને મોકલી ત્યાંના દેવીગ્રંથ ભંડારમાંથી વ્યાકરણ શાસ્ત્રના પ્રાચિન આઠ ગ્રંથો લાવવાનો પ્રબંધ યોજાયો.

ગુજરાતથી કાશમીર જતા આવતા આ કાળે લગભગ છ મહીના થતા હતા. છતાં ચપળ સાંઢણીસ્વાર દુત ત્યાં જલદીથી પોહચી ગયો. દેવીમંદીરે તેમજ રાજ દરબારે જઇ ત્યાંના કર્મચારીનો, પુરોહીતો, તેમજ રાજ્યાધીકારીઓને રાજદુતે વ્યાકરણ ગ્રંથોને લગતો ગુર્જરેસ્વરનો રાજપત્ર સુપ્રત કર્યો. જેનો સહર્ષ સ્વીકાર થયો.

આ સમયે દેવીમંદીરમાં અપૂર્વ ચમત્કાર થયો. પ્રસન્નચીત દેવીએ સ્વાધિષ્ઠાયકોને આજ્ઞા કરતા જણાવ્યું કે "શ્રી હેમચંદ્રાચાર્ય મારા પ્રસાદ પાત્ર છે, એટલુંજ નહિ પરંતુ તેઓ જૈન શ્વેતાંબર સંપ્રદાયના અગ્રગણ્ય શક્તિશાળી શ્રુતજ્ઞાની મહાત્મા છે. તેઓ મારા મુર્તિમંત પ્રતિકૃતિ રૂપ છે, જેથી તેમને જોયતા શ્રેયકર સર્વે ગ્રંથો આપો."

માતાદેવીની સુચના અને આજ્ઞા મુજબ નીચે ગ્રંથો ભંડારમાંથી રાજદુતને સુપ્રત કરવામાં આવ્યા.

(૧) ચંદ્રગોમી (૨) શાકટાયન, (૩) આપિશલિ (૪) ઉત્પલ, (૫) હરિ, (૬) ક્ષીરસ્વામી (૭) પાણિની, અને (૮) જૈનેન્દ્ર વ્યાકરણ, આ પ્રમાણે આઠે મહાન ગ્રંથોની પ્રતો મેળવી રાજદુત પાટણ આવ્યો.

રાજદરબારમાં હાજર થઇ મહારાજાને નમન કરી દુતે જણાવ્યું કે 'હે રાજન? આ આઠે ગ્રંથો ખુદ ભારતીયમાતાએ સાક્ષાતકાર થઇ, પોતાના ગુપ્ત ભંડારમાંથી ચમત્કારી રીતે પ્રસન્નચી-તે કર્માચારીઓ મારફતે અર્પણ કરતા જણાવ્યુ છે કે, "સુરિશ્રી મારા મુર્તિમંત પ્રકૃતિરૂપ, તેમજ મહાન જ્ઞાની છે. તો તેમની દરેક કૃતિમાં મારે સહાયક થવુંજ જોઇએ." આ પ્રમાણે માતાએ-અમ સર્વેને દર્શન દઇ પાવન કરી-સમર્થ સુરીશ્વરની મહાન અવતારી તરિકે કદર કરી છે, એટલુંજ નહિ પણ અમોને પ્રસાદ આપી શુભાષિશ દઇ મોકલ્યા છે.

આખીએ રાજસભા અને ખુદ મહારાજા, ભારતીય દેવીનો સુરીશ્વર પ્રત્યેનો આ પ્રમાણેનો અગાધ પ્રેમ જોઇ વધુ આકર્ષાયા, ખુદ મહારાજા જયદેવે સુરીશ્વરને ભરસભામાં વંદન કરી સ્વહસ્તે ઉપરોકત આઠ પ્રતો વ્યાકરણની રચનાઅર્થે અર્પણ કરતા પોતાના જીવનની સાર્થકતા માની.

પછી શ્રી હેમચંદ્રાચાર્યવાળો પાટણનો ઉપાશ્રય સમસ્ત ગુજરાતની વિધ્યાપીઠ બન્યો. જ્યાં ખુદ હેમચંદ્રાચાર્યજી-સર્વ સાધુ સંપ્રદાયની મુખ્યમાં મહાન યુગાવતારી દેવેન્દ્રની માફક, યોગ્ય ભદ્રાસને બીરાજમાન થતા. પ્રભુ મહાવીરના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીની માફક અમોધ વાણીથી ગ્રંથોની રચનામાં જીવનની સાર્થકતા માનતા શ્રુતજ્ઞાની શિષ્ય સમુદાય તેમજ લહીયાઓ સુરીશ્વર રચિત શ્લોકનો શબ્દેશબ્દ સચોટતાથી ઉતારતા, જેમની શ્લોકરચનાની અદ્દભુત શૈલી એવી તો સચોટ અને અણમોલ બનતી કે, જાણે પંચમઆરામાં સુરિદેવ પોતે, શાક્ષાત પ્રભુ મહાવીર આદિ તીર્થંકર દેવોના પ્રતિછાયા રૂપ ન હોય?

આચાર્યદેવના મુખમાંથી શ્રુતધારા હિમાલયના વહેતી ગંગાના પ્રવાહની જેમ વહેતી અમૃતવાણીને, પંડીતો, શાસ્ત્રીઓ, તેમજ શ્રતજ્ઞાની શિષ્ય સમુદાય ઝીલતા અને લહીયાઓ ઉત્સાહ પૂર્વક લખતા.

આ પ્રમાણે સવાવર્ષના અંતે સવાલાખ શ્લોક પ્રમાણ **"ગુર્જર હેમ વ્યાકરણ"** ત્રણસો લહીયાઓના હાથે લખાઇ તૈયાર થયું. જેના મુળસૂત્રો,

વિવેચન, સદવૃત્તિ, નામમાળા વગેરે તૈયાર થયા. તેમજ ધાતુપાઠ, ગણુપાઠ, લિંગાનુશાસન વગેરે વ્યાકરણના આઠે વિભાગો લખાઈ તૈયાર થયા.

ત્યાર પછી સૂરિશ્રીએ અભિનવ વ્યાકરણની રચના શરૂ કરી. જેમાં સાત અધ્યાયના મૂળ સૂત્રો ૪૬૮૫, ઉણાદિના ૧૦૦૬ સૂત્રો, અને આઠમા અધ્યાયના ૧૧૧૯ સૂત્રોની રચના થઈ. આ પ્રમાણે કુલ ૫૬૯૧ સૂત્રો તેમજ ૧૧૦૦ શ્લોક પ્રમાણ શ્રી 'સિધ્ધ હેમ વ્યાકરણ' રચાયું.

તેમજ આ ગ્રંથ ઉપર બૃહદ્-મધ્યમ-લઘુ એમ ત્રણ ટીકાઓ સૂરિશ્રીએ બનાવી.

આ વ્યાકરણ ગ્રંથનું લખાણ સુવર્ણ શાહીથી થયું. જેમાં ત્રણસો લહીયાઓને હમેશા એક એક દામ આપવામાં આવતો. આ પ્રમાણે સંવત ૧૧૯૪ થી ૯૭ સુધીના ત્રણ વર્ષમાં વ્યાકરણ ગ્રંથની ૩૦૦ નકલો તૈયાર થઈ.

શ્રી હેમચંદ્રાચાર્યના ઉપદેશ પ્રમાણે ગ્રંથ રચનાની ખુશાલીમાં મ.છીની જાળો બંધ કરાવી. ને કરોડો સોનૈયા પુણ્ય દાનમાં ખરચ્યા.

| | | |
|---|---|---|
| બૃહદ વૃત્તિનું | પ્રમાણ | ૧૮૦૦૦ શ્લોક. |
| મધ્યમવૃત્તિનું | ,, | ૧૨૦૦૦ |
| લઘુવૃત્તિનું | ,, | ૬૦૦૦ |
| કુલ પ્રમાણ | ,, | ૩૬૦૦૦ શ્લોક પ્રમાણ |

આ પ્રમાણે ગ્રંથ રચના મહત્વતામય બની ગ્રંથના પ્રત્યેક પાઠના અંતે એકેક શ્લોક વધુમાં, આર્યા, ઉપજાતિ, માલિની વિગેરે છંદોથી વ્યાકરણ અલંકૃત થયેલ છે. પ્રશસ્તિમાં મ. મુળરાજથી આરંભી સિદ્ધરાજ સુધીના રાજવીઓનું આબેહુબ વર્ણન આલેખવામાં આવ્યુ છે. જેમાંથી ઇતિહાસકારો માટે પ્રમાણભૂત બાબતો જાણવા મળે છે. આમાં પ્રશસ્તસહ કુલ ૩૫ શ્લોકો છે......

આટલો મ્હોટો ગ્રંથ અનેક વિભાગોમાં રચાયો છતા તેના મંગળ ચરણમાં માત્ર એકજ શ્લોક છે.

આ વ્યાકરણ ઉપરથી ૯૦૦૦૦ શ્લોક પ્રમાણ બૃહદ્ ન્યાસ ફરીથી રચાયેલ છે. જે અત્યારે સંપૂર્ણ મળતો નથી પરંતુ ફુટક રીતે પ્રાપ્ત થઇ શકે છે. આ ગ્રંથ હજુ અપ્રસિધ્ધ છે. આ પ્રગટ કરવામાં આવે તો મહાન ઉપકારી નીવડે.

એક દીવસ પ્રભાતનાજ મહારાજાને પથારીમાંથી જાગ્રત થતાજ, વ્યાકરણ ગ્રંથ પરિપૂર્ણ થયાની વધામણી મળી. મહારાજાના આનંદનો પાર રહ્યો નહિ. પુત્ર જન્મની વધાઇથી જેટલો આનંદ થાય તેથી અધિક આનંદ અનુભવ્યો. વધામણી આપનાર પ્રતિહારીને હર્ષના આવેશમાં આવેલ રાજવીએ ગળામાંનો કીમતી રત્નજડીત હાર અર્પણ કરી જીવનની સાર્થકતા માની.

ગ્રંથની સમાપ્તિમાં મહા મહોત્સવ શરૂ કર્યો. અન્તિમ દીને શ્રુતજ્ઞાનના બહુમાન અર્થે હાથીની અંબાડી પર શ્રુતજ્ઞાનને શુભ હસ્તે પધરાવી, રાજ્યની સંપુર્ણ સામગ્રી સહ હાથીનો મોટો વરઘોડો ચઢાવવામાં આવ્યો. જેમાં સૂરીજી, વિદ્વાન પંડીતો, સામંતો, અમલદારો નગરજનો. મહાજન અને સન્નારીઓથી શોભતો વરઘોડો આખાય ગામમાં ફરી રાજભુવન પર ઉતર્યો. ત્યાં રાજસભામાં માનવ મેદની સમક્ષ આ ગ્રંથની પૂજનાદિ વિધિ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે કરાવી. રાજપુરોહીતે શુભાષિશ દીધા, અને પછી તેની વાંચના શરૂ થઇ.

બીજે દીવસે રાજપુરોહીતે રાજમહેલે જઇ સમ્રાટને કહ્યું કે રાજન! બધુ તો ઠીક પણ, આ વ્યાકરણમાં આપના વંશને લગતું વર્ણન કેમ આપવામાં આવ્યું નથી ?

મહારાજાએ જણાવ્યું કે "હે પંડીતો! આ વાત મને આવતી કાલે યાદ કરાવજો એટલે સૂરીજીને પુછી સમાધાન કરીશું.

## સરસ્વતિની સાધના અને કાર્ય સિધ્ધિ

સમર્થ યોગીરાજ શ્રી હેમચંદ્રાચાર્યને આ હકીકતની માહીતિ તાત્કાલીક મલી ગઇ. એમને પણ સમજાયું કે, "આ વ્યાકરણ સમસ્ત દેશમાં વ્યાપ્ત થવાનું છે. તો, તેમાં રાજવંશને લગતું પ્રમાણ ભુત વર્ણન આવે તો, ગુર્જર નરેશ અને ગુર્જરભુમીની કીર્તિ વધારનારુ થઇ પડે તેમ છે. એટલે તેમણે તેજ દીવસે સુંદર રોચક શૈલીમાં ૩૫ શ્લોક પ્રમાણ પ્રશસ્તિ રચી.

આ રચાયું તો ઉપાશ્રયમાં ! અને ગ્રંથ હતો રાજભંડારમાં ! હવે શી રીતે તેમાં તે દખાલ કરાય ? તે એક વિચાર થઇ પડયો. સૂરીશ્રીએ અન્તે નિશ્ચય કર્યો કે......

આમાં 'શ્રુતદેવી'ની સહાયતા લીધા સિવાય છુટકો નથી, એટલે તેઓ એકાન્તમાં પદ્માસને બેસી ધ્યાનમાં તલ્લીન બન્યા.

ધ્યાનથી કઇ વસ્તુની સિધ્ધિ થતી નથી ? તેમાં અજબ શકિત છે કે: હજારો માઇલ દુર હોવા છતાં તેનાથી ધારેલ માનવી અથવા દેવીદેવતાને પોતાના પાસે ખેંચી શકાય છે. ધ્યાન માત્રથી આકાશમાંથી જતા સ્વર્ગિય વિમાનને સમય માત્રમાં અટકાવી શકાય છે. યોગ ધ્યાનથી ધારો તે થઇ શકે છે. અહિં ધ્યાનના બળેજ સરસ્વતી દેવી હાજર થયા. સૂરી-શ્રીની ઉચ્ચ કોટીની મનોભાવના જાણી પ્રસન્ન થઇ જણાવ્યું કે; "હે મહાત્મા ? શાસનના આઠે અધ્યાયમાં દરેક અધ્યાયને છેડે. પ્રશસસ્તિતઃ ચાર ચાર શ્લોક જ્યારે તમે વ્યાકરણ ઉઘાડી જોશો ત્યારે લખાએલા જોઇ શકશો. "આ વ્યા-કરણ પ્રસિધ્ધિને પામશે એટલુંજ નહિ પણ સાથોસાથ આપનું અને મહારાજા જયદેવનું નામ પણ અમર થશે. અને આ વ્યાકરણ **"સિધ્ધહેમ શબ્દાનુ શાસન "ના નામથી જગપ્રસિધ્ધ થશે."**

★

દેવીના આશિર્વાદથી બન્યું પણ તેમજ ? બીજો દિવસ થયો. ઇર્ષાળુ બ્રાહ્મણો મનમાં હરખાતા, હરખાતા, રાજસભામાં જલ્દીથી આવવા લાગ્યા. તેઓતો એમજ માનતા હતા કે. 'રાજ્યયશ:ગાથા' સુરિજીએ લખી નથી. તેથી રાજા નાખુશ થઇ આ વ્યાકરણને અયોગ્ય જાહેર કરશે. અને અભ્યાસ માટે **પતંજલી અને પાણીનીનું** વ્યાકરણ કાયમ રહેશે

## રાજસભામાં મહારાજાના ઉદ્દગારો

રાજસભા ભરાઇ અને વિદ્વાનોના મુખે વ્યાકરણનું વાંચન શરૂ થયું. ત્યારે દરેક અધ્યયનમાં પ્રશસ્તના ચાર શ્લોકો એવા ચમત્કારીક રીતે સંભ-ળાયા કે, જેમાં સિધ્ધરાજને સૂરીશ્વરની નિ:સ્વાર્થ સેવાની ખાત્રી થઇ, પછી તેમણે સૂરીશ્વરના સાહિત્ય કાર્યની મુકત કંઠે પ્રશંસા કરતા પ્રજાજનોને જણાવ્યું કે :—

"હે મારા પ્રજાજનો ? મેં અનેક ક્ષેત્રોમાં મહાન વિદ્વાન મહાત્માઓ જોયા છે. પણ બધામાં નિસ્વાર્થ, દેવસમાન, મહાન યુગાવતારી સુરીશ્વરજીના જેવો સતસંગનો લાભ મને તેમજ આપને ભાગ્યેજ મલ્યો હશે ?

"જેમને મારી આગ્રહભરી વિનંતીનો સહર્ષ સ્વીકાર કરી, મહીનાઓ અને વર્ષો સુધી જેહમત ઉઠાવી સર્વેની ઇચ્છા પરિપુર્ણ કરી છે.

આ ગ્રંથને વાંચતા સૌને સૂરીશ્વરજીની વિદ્ભતા સહેજે ખ્યાલ આવી જશે કે, આ વ્યાકરણ જ્ઞાનસાગરથી રેલમછેલ બનેલ છે.

" અહિં આપણા પંડીતજનોનું સમાધાન પણ થઇ જાય છે તેમને સમજવું જોઇએ. કે, જો હું સુરીશ્વર પ્રત્યે ખેંચાયો હોઉં તો, માત્ર તેમના જ્ઞાન અને ચારિત્રના બળેજ. બાકી વાચળતામાં ખેંચાય જાઉં તેવો મને ન માનશો. દરેક અધ્યાયના અન્તના ચાર શ્લોકમાં અદ્‌ભુત ચમત્કારની ચમકો જણાય છે. જેમાં મને તો લાગે છે કે માતા સરસ્વતીજીનીજ કરામત છે. ધન્ય છે તેમના જ્ઞાન શકિતને ! મારી ઇચ્છા છે કે, આ વ્યાકરણ હવે આપણા અભ્યાસક્રમ માટે સમસ્ત ગુજરાતની વિદ્યાપીઠોમાં દાખલ કરવું, અને પુર્વના ચાલતા વ્યાકરણોને બંધ કરવા.

"પુનઃ એક વખત કહી દઉં કે, આપણે ગુરુદેવનો ઉદ્ધારક તરીકે જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. આવા ઉપકારી પુરુષોથી ગુજરાત ગૌરવતા ધરાવે છે. ધન્ય છે ગુર્જરભુમીને, અને ધન્ય છે તેમની જન્મદાતાને કે જેમણે આવા ઉત્તમ પુરુષોને જન્મ આપી મહાન ઉપકાર કર્યો છે. સિદ્ધરાજ ગુરૂદેવના આ કાર્યક્ષેત્રને કદી વિસરનાર નથી. મરણાંત સુધી ઉપકારીને રાજવી યાદ કરતો રહેશે. ફરી એકવાર ત્યાગ અને સંયમની મુર્તિસમા સૂરીશ્વરને મારી અંજલી સમર્પી કૃતાર્થ થાઉ છું.

રાજવી સાથે પ્રજાજનો, પંડીતો, સામંતો, વિગેરે સૌએ સૂરીશ્વરને વંદન કરતા સુરીશ્વરના આ સાહિત્ય કાર્યની અનેકવાર પ્રશંસા કરે છે. જૈન શાસનનો ! જય હો ! ગુરુ શ્રી હેમચંદ્રસુરિજીનો, જય હો ! આ પ્રમાણેના જયનાદો વચ્ચે આ અઠ્ઠાઇ મહોત્સવ આનંદ વૃત્તિથી ઉજવાયો.

જયનાદો સાથે રાજસભાનું કાર્ય પુર્ણ થયું. સભા વિખરાતા સૌએ ઘર તરફ જવા માંડયું. આજનો આખો દિવસ ચોરે, ચોરે, મહોલ્લે અને ગલ્લીએ ગલ્લીએ જ્યાં જુઓ ત્યાં એકજ વાત.

"શું ! સુરીશ્વરજીની અપાર જ્ઞાન શકિત! શું વિદ્ભતા! તેમના આગળ તો સરસ્વતી પણ હજુરા હજુર સહાયક બની રહેલ છે વિગેરે વિગેરે....... "

સૂરિશ્રીની અમર કૃતિને કીર્તિવંત બનાવવા બ્રાહ્મણ પંડીતોની સલાહથી પાટણનરેશે આ ગ્રંથને કાશ્મિરદેશમાં સરસ્વતિના મંદિરે મંત્રીશ્વરો સાથે મોકલ્યો.

જયાં કાશ્મિર નરેશ અને ત્યાંના પંડીતોની હાજરીમાં **શ્રી સરસ્વતિ માતાના પ્રસાદથી, કળિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિના** હસ્તે લખાએલ આ ગ્રંથને, ચંદ્ર કુંડમાં પધરાવવામાં આવ્યો. ઘડી બે ઘડીમા તો જાણે અદ્દર રીતે સાક્ષાત માતાએ ઝીલી ન લીધો હોય તે પ્રમાણે આ ગ્રંથ કોરો સુવર્ણના થાળમાં કુંકુમ પુષ્પ તેમજ અક્ષતથી પુજીત થએલ તરી આવ્યો. આ પ્રમાણે બનેલ અદ્ભુત ઘટનાથી વ્યાકરણ ગ્રંથની તેમજ તેના કૃતિકારની ખુદ કાશ્મિર નરેશે અને શાસ્ત્રીઓએ પણ મુક્તકંઠે પ્રશંસા કરી. રાજવીએ મંત્રીશ્વર વિગેરેનું બહુમાન સાચવી ગ્રંથને તેમની સાથે પાટણ મોકલી આપ્યો.

પાટણના રાજદરબારમાં મંત્રીઓએ માતાના મંદીરે બનેલ ચમત્કારિક વૃત્તાંત સિદ્ધરાજને કહી સંભળાવ્યો. તે સાંભળી રાજવીને ઘણોજ સંતોષ થયો આ સમયે રાજયસ્થાન કવિઓએ પણ તેની પ્રશંસા કરતાં કહ્યું.

**भ्रात संवृणु पाणिनी प्रलपितं कातंत्र कथा वृथा**
**मा कार्षीः कटु शाकटायन वचः क्षुद्रेण चान्द्रेण किंम्**
**कः कंठाभरणादि भिवठरय त्यात्मान मन्यैरपि**
**श्रूते यदि तावदर्थ मधुरा श्रीसिद्ध हे मोक्तय**

ભાવાર્થ :-અર્થથી મધુર શ્રી હેમચંદ્રસૂરિનાં વચનો **અર્થાત્** તેમની કૃતિજો વિદ્યમાન છે. તો, ' હે પાણિનિબંધુ! તારા પ્રલાપને બંધકર, કાતંત્રની કૃતિ રૂપ કંથા (ગોદડી)વૃથા છે. હે શાકટાયન! તું કટુવચન કાઢીશ નહિ. ક્ષુદ્ર એવી ચાંદ્રોકિતથી શું? અને બીજા પણ કંઠાભરણાદિક વ્યાકરણોથી પોતાને બર (જડ) બનાવે !

આ પ્રમાણે વ્યાકરણની પ્રશંસા સમસ્ત ગુર્જર દેશમાં થવા લાગી.

આ કાર્યમાં ઉદયન મંત્રીએ ઉચ્ચકોટીનો સાથ આપ્યો હતો. જેથી તેના હર્ષનો પાર સૂરિશ્રીની અલૌકિક કૃતિથી સમાયો નહિ.—

પાટણનું મહાજન તો આ કાળે હર્ષઘેલું બન્યું. અને પાટણની વિજયી પતાકા, શાંતુ મહેતા અને મહામંત્રી મુંજાલની કાર્ય કુશળતાના કારણે વધુ કીર્તિવંત બની.

આ કાળે પાટણના ગુજરાતી મહાજનમાં, લગભગ ૧૮૦૦ જેટલા તો કરોડાધિશો હતા. જેમને રાજય તરફથી પૂરતું માન મળતું હતું. તેમના મહેલે

કોટયાધિશ તરીકેનો ધ્વજ નિત્ય ફરકતો, તથા ચોઘડીયાંઓ ત્રણે કાળ વાગતાં. મહોલ્લે મહોલ્લે મંદીરો, પ્રસાદો, ઉપાશ્રયો, તેમજ વિદ્યાશાળાઓ ગર્જતિ હતી.

તેજ પ્રમાણે પાટણમાં તેજકાળે ૫૬ જેટલા તો અબજપતિઓ હતા. જ્યાં લક્ષાધિપતિઓ આ કાળે સાધારણ સ્થિતિના ગણાતા.

બહારગામથી આવેલ દુ:ખી વણિક કુટુંબના સહાયતા અર્થે દરેક ઘેરથી એક દીનાર. (સુવર્ણ સીક્કો) અને શ્રીફળ, ભેટમાં મોકલવામાં આવતાં. અને મહાજન તરફથી તેના વસવાટની વ્યવસ્થા કરવામાં આવતી. આ રીતે પરદેશથી આવેલ દુ:ખી કુંટુબ, ઉદ્યોગીને નિત્યનિયમના આધારે કર્માનુસાર સુખી થતું. આવી તો જ્યાં ઉદારતા હતી. આ જાતની પ્રથા સમસ્ત ગુજરાતમાં ચાલુ હતી. જેમાં લગભગ ૧૮૦૦૦ ગામોનો સમાવેશ થતો હતો. કે જ્યાં એકજ રાત્રિમાં કુમારપાળે દૈવિ પ્રભાવે તોરણો બંધાવ્યા હતા.

મહારાજા સિદ્ધરાજે પાટણમાં એક મહાન (વિશ્વ) વિદ્યાલયની સ્થાપના કરી. જેમાં શારીરીક બળ વધે અને બાળકોને યુદ્ધ શિક્ષણની પ્રાપ્તિ થાય તેવો પુરતો બંદોબસ્ત કીધો. આ જાતનું શીક્ષણ બાળકો અર્થે ખાસ ફરજીયાત ને ઉપયોગી બન્યું.

આ ગ્રંથની ૨૦ પ્રાંતો કાસ્મીરના સરસ્વતી ભંડારમાં મોકલવામાં આવ્યા શિવાય અંગ, વંગ, કલિંગ, લાટ, કર્ણાટક, કોકન, કાઠીયાવાડ, મહારાષ્ટ્ર, કચ્છ, માલવત્સ, સિંધુ, સૌવીર, નેપાલ, પારસીક, મુરૂકુંડ, ગંગાપુર, હરિદવાર, કાશિ, ચેદિ, ગયા, કુરૂક્ષેત્ર, કાન્યકુંબ્જ, ગૌડ, કામરૂપ, સપાદલક્ષ, જાલંધર, સિંહલ, મહાબોધ, બોડ અને માલવ, કૌશિક વગેરે દેશોમાં હસ્ત લેખીત પત્રો મોકલી એટલુંજ નહિ. પણ ઉપરોકત દેશોમાં તેનો સક્રીય પ્રચાર થાય તેવો પ્રબંધ મહારાજાએ કર્યો.

ભાષા જ્ઞાન અર્થે નુતન વ્યાકરણનો અભ્યાસ વિધ્યાપીઠદ્વારા ચાલુ થયો. અધ્યાપક તરિકે જેના કાકલ નામના કાયસ્થ પંડીતને ખાસ રોકવામાં આવ્યો. આ વિષયના ખાસ પારંગામી તેજ માફક અલગ અલગ વિધ્યાપીઠો માટે નિષ્ણાંત અધ્યાપકો દ્વારા વ્યાકરણ શિક્ષણ, ગુર્જર નરેશે સમસ્ત ભારતમાં જ્યાં જ્યાં પોતાની નજર પહોંચી ત્યાં ત્યાં સુધી ચાલુ કરાવ્યું.

વ્યાકરણના અભ્યાસના નિરિક્ષણાર્થે, તેમજ વિધ્યાપીઠના બાળકોના શિક્ષણ નિરિક્ષાણર્થે ખુદ મહારાજા સિદ્ધરાજ અવાર નવાર હાજર થતા તેજ

માફક અનેક વખત શ્રીમદ્ સુરિશ્વરજી તેમજ અન્ય વિદ્વાન મુનીમહારાજો પણ વિદ્યાપીઠોમાં હાજર રહી દેશની મહાન સેવા બજાવતા.

બુદ્ધપટુ તેમજ શિક્ષણ કુશળ વિદ્યાર્થીઓના ઉત્સાહની અભિવૃધિ અર્થે રાજ્ય તરફથી શિષ્યવૃત્તીઓ અને પરિતોષિકો અપાતા.

આ વ્યાકરણનો પ્રચાર તે કાળે બંગાળ મહારાષ્ટ્ર અને માળવામાં પણ ચાલુ થયો. અને વિદ્યાર્થીઓને તેનું જ્ઞાન પુરતી રીતે મળવા લાગ્યું.

આ પ્રમાણે સિદ્ધહેમ વ્યાકરણે આચાર્યદેવ શ્રી હેમચંદ્રસુરિજી અને મહારાજા સિદ્ધરાજની અક્ષય કીર્તિને દેશભરમાં ફેલાવી.

આ વ્યાકરણની રચનાથી સમસ્ત ગુજરાતમાં તે પૂર્વે ચાલતા વ્યાકરણો બાજુ પર મુકાયા, અને આ વ્યાકરણ ગ્રંથે તેનું સ્થાન પ્રાપ્ત કીધું.

આ વ્યાકરણમાં સંસ્કૃત ભાષાનું જ્ઞાન ઉપરાંત વ્યાપક પ્રાકૃત ભાષાનું—જૈન આર્ષ, પ્રાકૃતનું, નાટકોમાં વપરાતી શોર પ્રાંતિક ભાષાઓનું અને આચાર્યશ્રીના સમય સુધીમાં સ્થીર સ્વરૂપને પામેલી અપભ્રંશ–ગુજરાતી ભાષા, સમાએલ છે. એટલે ગુજરાતી ભાષાની વ્યુત્પતિ અને બીજી ભાષાઓના ઇતિહાસ અને ધાર્મિક ગ્રંથો શીખનારાઓ માટે આના જેવું બીજુ વ્યાકરણ ભાગ્યેજ વર્તમાને પણ પ્રાપ્ત થઇ શકે તેમ છે.

પાણિનીએ પોતાના આઠમા અધ્યાયમાં, જેમ વૈદિક વ્યાકરણને સ્થાન આપ્યુ છે. તેજ મુજબ શ્રીહેમચંદ્રાચાર્યજીએ પણ સિદ્ધહેમ વ્યાકરણના **આઠમા અધ્યાયમા** આ પ્રમાણે સરસ સબંધ પૂર્વક ગોઠવ્યુ છે.

સ્વરચીત વ્યાકરણની કૃતિ સફલતાને પ્રાપ્ત થએલ જોઇ સુરિજીને સંતોષ થયો. કરેલ કાર્યને મળેલ રાજ્યાશ્રયનો લાભ શ્રીમદ સુરિશ્રીએ પુરતી રીતે લીધો. જેમા પોતે અભિધાન ચિંતામણી" નામનો ટીકા સહીતનો મોટો શબ્દકોશ તેમજ 'વૈદક નિઘંટુ, દેશી નામમાળા' દેશીભાષાનો શબ્દકોશ, "ધાતુ પારાયણ" અલંકારના જીજ્ઞાસુઓ માટે મોટી ટીકા વાળુ 'કાવ્યાનુશાસન' છંદના અભ્યાસ માટે પૂર્વે કોઇએ ન બનાવ્યુ હોય તેવું **"છંદોનુશાસન"** અને ઇતિહાસના અભ્યાસીઓ માટે ચાવડા અને સોલંકી વંશના સત્ય ઇતિહાસથી ભરપૂર અને પ્રમાણભુત **"દ્વાશ્રય મહાકાવ્ય."** સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં બનાવી સુરિશ્રીએ ગુજરાતને ભારે ઋણી કર્યું.—એટલુજ નહિ પણ આ કાલીન ગુજરાતની ગ્રંથદારિદ્રતા તેમને દુર કરી આ પ્રમાણે વ્યાકરણ ગ્રંથોની રચના ૧૧૯૪ થી ૧૧૯૭ સુધીમાં થઇ. તત્પશ્ચાત્ મહારાજા સિધ્ધરાજ માત્ર બે વર્ષજ જીવ્યાં.

માતાના મંદીરે અજબ ચમત્કાર. સૂરિશ્રીની કૃતિને અમર બનાવે છે.



## આનુ નામ તે જીવનની સાર્થકતા

સ્વ રચિત કૃતિઓને રાષ્ટ્ર વ્યાપક બનાવવામાં સુરિશ્રીએ જીવનની સાર્થકતાં માની. જેમાં સુરિશ્રીને સમસ્ત ભારતના વિદ્વાન પંડિતો અને શાસ્ત્રીઓનો પુરતો સાથ મળ્યો. અને પાટણ વિદ્વાનોનું માહેર ઘર બન્યું.

સુરિશ્રીએ ક્રમેશ બીજા અનેક ગ્રંથોની રચનાથી સાહિત્યની પ્રસાદી સમાજના ચરણે ધરી છે. તે જોતા, આપણને તેમની જ્ઞાનસિદ્ધિ નો ખ્યાલ ચુગાવતારી **"કલિકાળ સર્વજ્ઞ" મહાન** રાષ્ટ્રપિતા તરિકે આવશે.

આ બધા ઉપરથી આપણને તારવવા મળે છે કે, પુર્વ કાળમાં રાજવીઓ ધર્મ, અને સાહિત્યના સુંદર કદરદાન અને પ્રાણદાતા હતા.

આજ ભલે મ ની લઇએ કે; સાહિત્ય અને વાંચન અતિસય વધ્યું છે. પણ **સદ્જ્ઞાનનું વાંચન, ને મનન, પૂર્વે કરતા અત્યારે અતિશય ઘટયું છે?** કોઇપણ લાઇબ્રેરી કે ગ્રંથભંડારમાં જઇને તેના મેનેજરને પુછો કે; ભાઇ ! તમોએ હજારોના ખર્ચે પુસ્તકો વસાવ્યા છે પણ, તેમાં કેવા સાહિત્યનો વિશેષ ઉપાડો થાય છે? ત્યારે તે જવાબમાં કહેશે કે, 'ભાઇ'? આધુનિક પધ્ધતિએ લખાએલ, શુંગાર રસથી ભરપુર, અને સ્ત્રી ચરિત્રને અગ્રસ્થાન અપાયેલ નોવેલોના ગ્રાહકો વધુ છે. જ્યારે માર્ગદર્શક, મહત્વના, સમાજ અને ધર્મ ઉન્નતિ કારક સૂત્રો અને 'ઇતિહાસિક' ગ્રંથોની સામે કોઇ દ્રષ્ટી સરખી પણ કરતું નથી. અમારા ગ્રાહકોના લીસ્ટમાં એવા પૂ-મુનિવરોના નામોનો પુરતો સમાશ થાય છે કે, જેઓ કાળ પ્રવાહમાં તણાઇ વૈરાગ્ય અને સાહિત્યના ગ્રંથોના બદલે નોવેલોનો ઉપયોગ મોહટા પ્રમાણમાં કરી રહ્યા છે.' જેમને આ જમાનાના માનવી તેમજ દેશને સુધારવા કયાં સંસ્કારી ગ્રંથો વાંચવા છે? તેમને તો માત્ર પોતાના જ્ઞાન વૃત્તિના પોષણ અર્થેજ વાંચન જોઇએ છે. જે જાતના વાંચન પરથી સાધુ સંપ્રદાયે અવશ્ય દુર રહેવું જોઇએ. તેના બદલે સાધુ સમાજ તેમાં આજે વધુ ડુબતો જાય છે. તેમાં અમે શું કરીએ?

સમાજે તો **વીરપુત્રોને** સાચા તત્વજ્ઞાની બનાવવા છે. તો તેમના માટે કેવા સાહિત્યની જરૂરીયાત છે? તે પર સુરીશ્વરો અને જનતાના વિચારે, ને તે પ્રમાણે વીરપુત્રોને કેળવવા પ્રયત્ન કરે. જેમાં **સાધુ સંપ્રદાય માટે તો પાઠય પુસ્તકોનો વાંચન ક્રમ** તો, અવશ્ય નકી થવોજ જોઇએ.

નોવેલોના રસીક સાહિત્યેજ જગતને દુરમાર્ગે દોરવામાં હદ કરી છે. તેના પર-પુરતો **અંકુશ આવવોજ** જોઇએ. નહિ તો, ભવિષ્યમાં તેના **કડવા ફળ સાધુ સંપ્રદાય** અને **સમાજને** ભોગવવા પડશેજ.

## પ્રકરણ ૫ મું

## સૂરિશ્વરોની સાહિત્ય કૃતિ

શ્રીમદ્ હેમસૂરિશ્રીના સ્વર્ગવાસ બાદ શબ્દાનું શાસન પર અનેક ટીકાઓ રચાઇ છે. તેમજ **બૃહદ-મધ્યમને લઘુ-વ્યાકરણના** જુદા જુદા વિભાગો પર પણ ટીકાઓ લખાઇ છે.

આ વ્યાકરણ પરથી શ્રી. **દેવાનંદ** વિ. સંવત **૧૩૩૪માં "સિધ્ધ-સારસ્વત" નામનું** વ્યાકરણ રચ્યું તેમજ તેના ઉપર **"હૈમ પ્રકાશ"** નામનો **૩૪૦૦૦** શ્લોક પ્રમાણનો ગ્રંથ રચ્યો. જે, આજે પણ વિદ્યમાન છે. **"દુર્ગ-પદ" વ્યાખ્યા નામનો** અને **"લઘુપદ ન્યાસ"** નામનો **૩૦૦૦૦** શ્લોક પ્રમાણ ગ્રંથ પણ તેમણે રચ્યો આ ગ્રંથ પણ સિધ્ધહેમ સહિત વિદ્યમાન છે.

**વાદિદેવસુરિની** પાટે થએલા વિદ્યાધર **ગણિએ સંવત ૧૩૬૮માં** "બૃહદવૃત્તિ" પરથી **"દીપિકા" રચી** અને **એજ વ્યાકરણ** પર શ્રી **રત્ન-શેખરસુરિએ** "અવચૂરિ" રચી. ક્રમેશ મહોપાધ્યાય શ્રી મેઘવિજયજીએ એના ઉપરથી 'ચંદ્રપ્રભા **"(હૈમ કૌમુદી)" વ્યાકરણ** રચ્યું અને **તેના પર શ્રી હેમચંદ્રગણિએ ન્યાયસંગ્રહ** તેમજ **ન્યાયમંજુષા** ટીકા રચી.

આ સિવાય સિદ્ધહેમ **મધ્યમવૃત્તિ** હોવાનો પણ સંભવ છે.

શ્રી હેમચંદ્રાચાર્યના **"ધાતુપારાયણ સંક્ષેપ્ત"** ગ્રંથ પરથી **શ્રી ગુણરત્નસુરિએ" ક્રિયારત્ન સમુચ્ચય"** નામનો ગ્રંથ રચ્યો.

આ સિવાય હાલમાં પણ વ્યાકરણ ઉપયોગી **ધાતુરત્નાકર, હૈમવંતુ-માલા** વિગેરે અનેક ગ્રંથો મોજૂદ છે. અને વ્યાકરણના અનેક નવા નવા ગ્રંથો બહાર પડતા જાય છે.

આજ વ્યાકરણના **સિધ્ધ** કરેલા **સહસ્ત્રલિંગ શબ્દોનો સંગ્રહ સ્યાદિ શબ્દ સમુચ્ચય** નામથી **શ્રી અમરચંદ સુરિએ પ્રસિધ્ધ** કર્યો. વર્તમાને વિદ્યમાન એવા આચાર્યોએ પણ આ વ્યાકરણ પર યથાશક્તિ ફાળો આપ્યો છે. સુરિસમ્રાટ **શ્રી વિજયનેમિસુરિજીએ** આજ વ્યાકરણ પરથી પ્રક્રિયાક્રમે **બૃહદ્ હેમપ્રભા, લઘુહેમપ્રભા** અને **પરમ લઘુહેમપ્રભા** રચ્યાં છે.

આ પ્રમાણે સંસ્કૃત અને પ્રાકૃતાદિ ભાષાઓમાં ઐતિહાસિક, ભૌદ્ગોલિક, ધાર્મિક, નૈતિક, અને વ્યાકરણાદિના અનેક વિશાળ ગ્રંથો રચી અનેક સુરિશ્વરોએ ભારતની સાહિત્ય સેવામાં અપૂર્વ ફાળો આપ્યો છે. તેમજ ભારતના ચરણે અપૂર્વ સાહિત્યનો ખજાનો ધરી, પોતે કૃતાર્થ બન્યા છે. સાથો સાથ કહેવું જોઈશે કે:—મહારાજા સિદ્ધરાજે પણ સાહિત્ય સેવામાં આટલો અપુર્વ સાથ જૈનાચાર્યોને આપ્યો ન હોત તો, સાહિત્ય રચવાનું કાર્ય જેટલું વેગવંતુ બન્યું હતું. તે ન બનત. અને આજનો સંસ્કારી ગુર્જર સમાજ પદ્ધતિમય વિધ્વતા પ્રાપ્ત કરી શકયો ન હોત !

મહારાજા જયદેવની માફક કુમારપાળે પણ આચાર્યશ્રીની સાહિત્યીક પ્રવૃત્તિને વેગવંતી બનાવી. અનેક ગ્રંથોની રચના કરાવી. પરમાર્હત જૈન રાજવી તરીકે તેમને તેમાં જીવનની સાર્થકતા માની.

આચાર્યશ્રીએ પોતાના જીવનના અંત સુધી ધર્મ અને સાહિત્ય સેવામાંજ પોતાના જીવનની સાર્થકતા સમજી પ્રવૃત્તિ ચાલુ રાખી હતી. તેઓએ ગુર્જર સાહિત્યમાં, સમસ્ત જૈન દર્શનના તત્વજ્ઞાનનું દીવ્ય દર્શન કરાવ્યું છે. તેમજ રાષ્ટ્રને રાજધર્મ સમજાવી સન્માર્ગે દોર્યો છે. પોતે સિધ્ધની સાધના કરી છે. તર્યા છે. ને રાજને તાર્યું છે.

**ગુરુદેવ સાક્ષાત સરસ્વતીના અવતાર સમા હતા.** તેઓએ પોતાનું જીવન પવિત્ર માર્ગે જીવી, હજારો શ્લોકોથી ભરપુર અનેક ગ્રંથો રચી. જગતને ન્યાય ને ધર્મના અમીઝરતા રાજમાર્ગે જીવતા શીખવ્યું છે. ?

આપણે સુરીશ્વરશ્રીના પગલે ચાલી તેઓશ્રીના રચેલા સાહિત્યનો, ઉપદેશનો અભ્યાસ કરવા ભાગ્યશાળી બનીએ. અને દેશની દોરવણીમાં તેનો ઉપયોગ કરતા થઈએ. તેમજ આપણા કુમારોને, તેના જ્ઞાતા કરી, સંસ્કારી બનાવામાં આદર્શ ધર્મ પિતાની ગરજસાધક બનીએ તેમાંજ સાર્થકતા છે.

સુરીશ્વરનું આખુય જીવન અનેક ચમત્કારિક બાબતોથી ભરેલું છે. અમારે એમના સાહિત્યીક જીવન, ઉપદેશ અને માર્ગદર્શનને લગતું ઘણું ઘણું કહેવાનું અને લખવાનું છે. પણ તે તો હવે, ગ્રંથના બીજા ભાગમાં સવિસ્તારથી રજુ કરીશું.

શાસન પ્રભાવક આગમોદ્ધારક શ્રી. સાગરાનંદસુરિજીએ આજ વ્યાકરણ પરથી **પ્રક્રિયાક્રમે "સિધ્ધપ્રભા"** બનાવ્યું. અને પૂ. પં. શ્રીચંદ્રસાગર મહારાજે **શબ્દાનુંશાશન** નામના **મહત્વતાભર્યા** ગ્રંથની **રચના સં ૨૦૦૨**માં કરી. આ પ્રમાણે આજસુધી આ **સિદ્ધહેમની** પ્રવૃત્તિ ચાલુજ રહી છે.

જેનો ઉપયોગ રાષ્ટ્રવ્યાપક બનેલ છે. જેના પર લઘુવૃતિ પણ રચાઇ છે. છે. આ પ્રમાણે સાંગોપાંગ આખું સંપાદલક્ષ **સિધ્ધહેમ વ્યાકરણ** **શ્રી હેમચંદ્રાચાર્યે** રચી. ભારતભુમિની કીર્તિ, ગુજરાતનો યશ, અને **સિધ્ધહેમ શબ્દ** જોડણી અખંડિત રાખી છે.

★

પ્રશસસ્તિબાદ રાજ્યકુળનો ઇતિહાસ તેમજ સિધ્ધરાજની રાજનીતિને લગતો **શ્રયકાવ્ય નામનો** ગ્રંથ શ્રી હેમચંદ્રાચાર્યે રચ્યો.

**આધ્યાવૃક્ષ કાવ્યના** પ્રથમ ૧૪ સર્ગોની રચના સિધ્ધરાજની હૈયાતીમાંજ સૂરિશ્વરે રચો. એટલે તેની રચનાની શરૂઆતનો કાળ સંવત ૧૧૯૭ પછીનો ગણાય છે. આ કાવ્ય પુરૂં થાય ત્યાર પુર્વેજ મહારાજા સિધ્ધરાજનો સ્વર્ગવાસ સંવત ૧૧૯૯માં થતાંજ. રાજ્યગાદી મહારાજા કુમારપાળના હાથમાં આવી. જે રાજવીને શ્રીહેમચંદ્રાચાર્યે અણીના સમયે ખંભાતમાં સહાયક થઇ મૃત્યુના મુખમાંથી બચાવ્યો હતો જેને લગતું સમસ્ત વૃતાંત પણ આ **દ્વાશ્રયકાવ્યમાં** ૧૫ થી ૧૯ સુધીના પાંચ સર્ગોમાં સુંદર રીતે લેવામાં આવ્યું છે. આ પ્રમાણે આ ગ્રંથ પ્રમાણભુત ઇતિહાસ તરીકે આજે જૈનશાસનની તેમજ જૈન ઇતિહાસકારોની ગૌરવતા ગર્જાવી રહેલ છે.

**સુરિશ્વરશ્રીના રચિત ગ્રંથોની યાદી.**

૧ અભિધાન ચિંતામણી (સટીક બૃહદ શબ્દકોષ.)
૨ વૈદક નિઘંટુ દેશીનામમાલા (દેશી ભાષાનો શબ્દ કોષ)
૩ ધાતુ પારાયણ (સમગ્ર ધાતુઓનો કોષ.)
૪ કાવ્યાનુશાસન (છંદના અભ્યાસ માટે ખાસ મનન કરવા લાયક ગ્રંથ)
૫ ઇતિહાસના અભ્યાસ માટે ચાવડા અને સોલંકી વંશના સત્ય ઇતિહાસથી ભરપુર **'મહાકાવ્ય'**

# ખંડ ૬ ઠો

## પ્રકરણ ૧ લું

### મહારાજાની તીર્થયાત્રા

મહારાજા **જયદેવને રાણકદેવી, જસમા ઓઢણ,** અને કચ્છના રાણા **લાખાજીની** માતાએ આપેલ શ્રાપના કારણે સોળ સોળ રાણીઓ હોવા છતાં સંતતિ થઇ નહિ. સંતતિ ભુખ્યા રાજવીએ પ્રજોત્પતિના ઉપાય તરીકે **શ્રી હેમચંદ્રચાર્ય** સાથે તીર્થયાત્રાએ જઇ તીર્થ અને પ્રભુ દર્શનને ભકિતથી પાવન થઇ, ત્યાંથી વળતા કોઇપણ તીર્થમાં અધિષ્ટાયક દેવદેવીને આચાર્યશ્રીની મદદથી પ્રશન્ન કરી. પોતાના વંશની રક્ષા માટે બે શબ્દો પુછવાની જીજ્ઞાશા થઇ.

કુમારપાળ અંગરક્ષક તરીકે હમેશા સિધ્ધરાજની સેવામાં હાજર રહેતા હતા. જેથી તેમને પણ શ્રી હેમચંદ્રચાય સાથે ઘણોજ સારો સબંધ બંધાયો હતો. તેઓ પણ મહારાજાની સાથે હંમેશા ઉપાશ્રયે આવી નિયમિત ધર્મિક વ્યાખ્યાનો શ્રવણ કરવા લાગ્યા. પરિણામે આચાર્યદેવની દેશના અને પ્રતિબોધથી તેમને **"સ્વદારા સંતોષીવૃત"** અંગીકાર કર્યુ. આ વૃત તેમને સત્યગુણી, કીર્તિ વધારનાર અને અભ્યોદયના માર્ગે દોરાવનારું બન્યુ.

કુમારપાળ બહુધાએ પાટણમાંજ રહેતા હતા. જેમના વડીલ બંધુ **મહિપાળ** તથા **કીર્તિપાળ** પાટણ નજદીકના દેહસ્થલીમાં રાજ્ય કરતા હતા.

દેહસ્થલી અને પાટણ વચ્ચે થોડા ગાઉનું આંતરૂ હતું. જેથી કુમારપાળનું કુટુંબ દેહસ્થલી રહેતું. જેમની માતા **કાશ્મીરીદેવી** માટે બન્ને સ્થળો લગભગ સમાનજ હતા. કુમારપાળના પિતા મંડલેશ્વર **ત્રિભુવનપાળ** પાટણના મંડલેશ્વર અને ભદ્રરાજ તરીકે, લાટ સુધીના પ્રદેશોનું વીરતાથી રક્ષણ કરી સોલંકી વંશની કીર્તિ ગર્જાવી રહ્યા હતા. તેમજ આચાર્યશ્રીની સેવામાં તેઓ પોતાના જીવનની સાર્થકતા માનતા હતા.

( ૧ )

મહારાજાએ તીર્થયાત્રાનો પાકો સંકલ્પ કર્યો. સૂરિશ્રી હેમચંદ્રાચાર્ય તેમજ પાટણના સર્વે જૈનાચાર્યો, મુનિ મહારાજો, નગર મહાજન, સનાતન ધર્મના મહાન વિદ્વાન પંડીતો, સન્યાસીઓ, અને સમસ્ત પાટણના નગર જનોને યાત્રાએ સાથે આવવાનું આમંત્રણ રાજ તરફથી રાજપડહ વગડાવી અપાયું. આ પડહમાં જણાવવામાં આવ્યું કે-"રાજવી ? સોમનાથ, ગિરનાર, શેત્રુંજય, આદિ મહાન તીર્થોની યાત્રાએ જાય છે. તો, જેમને સાથે આવવું હોય તેમણે પોત પોતાના ઉપકરણો સાથે લઇ યાત્રાએ આવવું. માણસ દીઠ માત્ર ૪ દ્રમથી કશું વધુ લેવામાં આવશે નહિ. સન્યાસીઓ, તેમ જ સાધુઓનો ખર્ચ રાજભોગવી લેશે."

ગુર્જરના ૩૦૦ વર્ષના ઇતિહાસમાં આવો અપુર્વ પ્રભાવશાલી સંઘ રાજવી સાથેનો તીર્થયાત્રાએ ગયો હોય તેવો આ પ્રથમજ દાખલો હોવાથી પાટણવાસીઓએ અતિ ઉત્સાહથી સંઘમાં રહી તીર્થયાત્રાનો પુરતો લાભલીધો.

વિક્રમ સંવત ૧૧૯૭માં એટલે મહારાજા જયદેવના સ્વર્ગવાસના માત્ર બેજ વર્ષ પૂર્વે–આ પ્રભાવશાળી સંઘ નીકળ્યો હતો. જેમાં હાથીઓ, ઉંટો, બેલગાડીઓ અને વહાણોનો પાર ન હતો. જેમાં સંખ્યાબંધ પાલખીઓ તેમજ સુખાસનો પણ હતા. જેમાં કોટયાધિશોથી લગાવી ગરીબમાં ગરીબ નાગરીક પણ ઉત્સાહથી યાત્રાએ ગએલ હતા.

આ સંઘમાં પાદુકાવિહારી જૈન સાધુઓ ઉપરાંત સન્યાસીઓ પણ હતા પ્રજાજણો પૈકી સંખ્યાબંધ શ્વેતાંબર અને દિગંબર જૈન સંપ્રદાય પણ સાથે હતો તેમજ યોગમતિ વિગેરે અનેક સંપદાયના યાત્રાળુઓએ પણ તેમાં ભાગ લીધો હતો.

સમુદ્રની જેમ ગાજતો, નાહના મોહટા શહેરોમાં પડાવ કરતો. આ સંઘ, દરેક ગામોના દેવમંદીરો, ઉપાશ્રયો, મઠો, ધર્મશાળાઓ, અને દુઃખીજનેનો જીર્ણો ઉદ્ધાર કરતો, શ્રીસંઘ વલ્લભીપુર થઇ શત્રુંજયના રાજમાર્ગે આવી ચઢયો.

સંઘમાં અન્ય જાત્રાળુઓ માફક ભાવિક મહારાજા પણ "મોજડીઓ" (ઉપાનહ) વિના ખુલ્લા પગે, પૂ. આચાર્યદેવ, મુનિ–મહારાજો અને મહાજનના

મહલમાં રહી. ધાર્મિક, આત્મજ્ઞાની ગોષ્ટીઓમાં મગ્ન બની ચાલતા.

( ૨ )

એક વખત અતિ શ્રમિત થએલ મહારાજે, સુરિશ્રીને અતિ આગ્રહપુર્વક ડોલીનો સદઉપયોગ કરવાની આગ્રહભરી વિનંતિ કરી. પરંતું ચારિત્રસ્થિત આચાર્યશ્રીએ તેનો નિષેધ કર્યો.

આ સમયે-પગે ચાલવાથી રાજવીના પગે સોજાનો ભાગ દેખાતા સર્વેના આગ્રહથી મહારાજા રથારૂઢ થયા. અને સંઘના મોટાના ભાગે-ઉત્સાહથી ખુલ્લા પગે ચાલી યાત્રા ચાલુ રાખી.

આ પ્રસંગ પછી ત્રણ દીવસ સુધી કારણાત્સવ મહારાજા સૂરિશ્રીને મળી શકયા નહિ. તેથી—પડાવના સ્થળે—સૂરિશ્રીવાળા તંબુમાં મહારાજા, પોતે સુખસાતા પુછવા ઓચીંતા જઇ ઉભા રહ્યાં. આ સમયે સુરિશ્રી **આયંબિલ** કરતા હતા. રાજાએ પડદો ખસેડી તેમનું લુખ્ખુ ભોજન જોઇ લીધુ. તે જોતા રાજાને વિચાર થયો કે-" **અહો આ જીતેન્દ્રિય, શુષ્ક ભોજનમાં પાણી** મેળવીને ખાય છે? તે કેટલુ આશ્ચર્યજનક ગણાય?

ખરેખર તેમનું તપ અને પુણ્ય દુષ્કર ગણાય" પછી રાજવીએ પ્રગટ થઇ અતિ નમ્રતાથી જણાવ્યુ કે, '**હે સુરિદેવ?** અવજ્ઞાનતાથી નહિ પણ, મિત્રતાથી મારો અપરાધ ક્ષમા કરો. અમારા જેવા આપને પુરા ન જાણનારા જૈન સાધુ સંપ્રદાયોને મિષ્ટાનનુ ભોજન લેનારા જણાવે છે. તેમાં ખરેખર અજ્ઞાનતા છે. તેની મને અત્યારે પુરેપુરી ખાતરી થાય છે.

"**સુરિશ્રી?** ધન્ય છે આપની ઉગ્ર તપશ્ચર્યા અને વ્રત ભાવનાઓને? જવાબમાં **સુરિશ્રીએ** જણાવ્યું કે. **હે રાજન? "જૈન મુનિરાજો** અને **જૈન-સંઘ આવા તીર્થયાત્રાના સંઘોમાં**, ચરી પાળતો હોય છે. જેમાં **આયંબિલની** તપશ્ચર્યા સરૂઆતના દીવસથી તે યાત્રા પુરી થાય ત્યાં સુધીની હોય છે. આ પ્રમાણે પૂર્વ પરંપરિતતાથી બનતું આવ્યું છે. તેમાં અમારા જેવા યોગીઓ માટે આમાં આશ્ચર્ય થવા જેવુ નથી. તેમાં તો અમારા કર્મ બંધનો તુટે છે, ને આત્મ કલ્યાણ થાય છે.

ભિક્ષાવૃત્તિથી ભોજન કરનારા, જીર્ણ વસ્ત્રને ધારણ કરનારા, પૃથ્વી પીઠપર શયન કરનારા, એવા જૈનાચાર્યો-માટે-આ પ્રમાણેનું **આયંબિલ** વ્રતજ દુષ્કર ગણાય. અને તેના આરાધક મહાત્માઓ અને તપસ્વીઓ આત્મ નિર્મળ કરી સત્વરતાથી જીવનની સાર્થકતા કરી શકે છે.

આ પ્રમાણે-અનેક પ્રકારના ધાર્મિક વિધાનોની-સૂરિશ્રીએ રાજવીને સમજ આપી જેથી તેમને અત્યંત સંતોષ થયો.

અપૂર્વ સંતોષિત બની મહારાજ પોતાના તંબુએ ગયા. અને આવી તીર્થયાત્રામાં જીવનની સાર્થકતા માનવા લાગ્યા.

અનેક ગામો અને પ્રાચિન તીર્થોના દેવાલયોનો લાભ લેતો શ્રી સંઘ, શેત્રુંજય ગિરિરાજ આવી પહોંચ્યો. ગિરિરાજ પર મહારાજા જયદેવ, સૂરિશ્રી, સાથે ભાવથી ચઢ્યા. અહીં યુગાદિ પ્રભુને નમી, ભાવ પૂર્વક ભક્તિ કરી. રચના ચઢતા ભાવથી પ્રભુ પુજા કરી, ને ભારે પ્રમોદ સાથે જીવનની સાર્થકતા માની.

રાજવીએ તીર્થની રક્ષા માટે બાર ગામ ભેટમાં આપ્યા. અને પુરતી-રીતે દાન આપ્યું પછી ત્યાંથી શ્રીસંઘ અપૂર્વ ઉત્સાહથી-ગિરનાર પહોંચ્યો.

રાં'ખેંગારના સ્વર્ગવાસ બાદ સૌરાષ્ટ્રની ભૂમિ મહારાજા જયદેવના હાથમાં આવેલ હતી. તેથી આ તીર્થનો વહીવટ ૯ વર્ષથી મંત્રિશ્વર સજ્જન મહેતા કુશળતાથી સંભાળતા હતા. જેમણે સૌરાષ્ટ્રની જીતબાદ પ્રજા પાસેથી ૯ વર્ષમાં કરના મેળવેલા ૨૦ લાખમાં પોતાના ૭ લાખ ઉમેરી ગિરિરાજના ઉધ્ધારનું કાર્ય ઘણુજ સુંદર બનાવ્યું હતું. આ કાળ પૂર્વે અહીં કાષ્ટના મંદીરો હતા. તેના સ્થળે સજ્જન મહેતાએ પાષાણના ભવ્ય, આકર્ષક અને મજબુત સુંદર મંદીરો બંધાવ્યા હતા.

જેના દર્શનથી શ્રીહેમચંદ્રાચાર્યને તેમજ મહારાજાને અત્યંત આનંદ થયો. સર્વેના દેખતા સૂરિશ્રીએ જણાવ્યું કે.-'**હે મહેતા**'? તમોએ આ શાશ્વતા તીર્થના જીર્ણોદ્ધારથી, સ્વ અને પરનું કલ્યાણ સાધ્યુ છે. તેમજ આજે મહા-રાજા જયદેવની કીર્તિને ગર્જવનાર આ જીર્ણોધ્ધારના આ કાર્યથી, ગર્વિ ગુર્જરના ઇતિહાસમાં નામ ના અમર કરી છે. આ કાર્યમાં રાજના ઉઘરાવેલ કરના ૨૦ લાખનો આ પ્રમાણે હીમતથી સદઉપયોગ કરવા બદલ મહેતાને-ઠપકો ન આપતા મહારાજાએ શાબાશી આપી. અને મહેતાએ ખરચેલા ૭ લાખ રૂપિયા રાજવીએ ભાવપૂર્વક અર્પણ કર્યા.

સૂરિશ્રીએ શ્રી નેમીનાથ પ્રભુના ધવળ પ્રસાદનું નિરક્ષણ કરતા જણા-વ્યું કે, 'હે **રાજન**? યાદવ વંશના મુગટ સમાન શ્રી **નેમિનાથ** ભગવંતના જીર્ણોદ્ધારથી દેદીપ્યમાન દીસતો મંદીરનો **પ્રસાદ**? શું આપની યશ ગાથા તુલ્ય કીર્તને અજરા અમર નથી કરતો ?

પછી આ તીર્થની મહત્તા સમજનાર રાજવીએ નીચે પ્રમાણે રાજ આજ્ઞા-જાહેર કરી કે **"આ તીર્થમાં કોઈએ પણ આસનાદિપર બેસવું નહિ" શય્યાપર નિંદ્રા લેવી નહિ, ભોજન કે રસોઇ કરવી નહિ. સ્ત્રી સંગ કરવો નહિ, સુતિકા કર્મ કરવુ નહિ, તેમજ દહી મંથન કરવુ નહિ.'** આ પ્રમાણેની સિધ્ધરાજની રાજ્ય આજ્ઞાનું પાલન આજ સુધી પુરતી રીતે થઇ રહ્યુ છે ને રાજઆજ્ઞા શાશ્વતી રહી છે. અહી **જયદેવ મહારાજે** સુવર્ણ, રત્ન, અને શ્રેષ્ટ પ્રકારના પુષ્પોથી ભગવંતને પુજી-ત્યાંથી રાજવી ગિરિરાજ પરના અંબીકા માતાના મંદીરે પધાર્યા. જ્યાં દેવીનું પૂજન ભાવ પુર્વક કર્યું. માતાને પ્રણામ કર્યા. ગિરિરાજના ઉચ્ચ શીખર પર ચડી રાજવીએ તીર્થરાજને ભાવ પુર્વક વંદન કર્યું.

( ૩ )

આ પ્રમાણે બે મહાન જૈન તીર્થોની જાત્રા કરી સુખરૂપ સંઘ શ્રી **શ્રી સોમનાથ મહાદેવના** દર્શને પ્રભાત પાટણ આવી પહોંચ્યો. આ પ્રભાવશાળી તીર્થ ઉપર રાજમાતા **મીનલદેવીની** અત્યંત શ્રદ્ધા હતી. ખુદ **સોમનાથ મહાદેવે**-રાજમાતાને સ્વપ્નમાં સાક્ષાત્કારે દર્શન દઇ-પોતાનો પ્રભાવ દર્શાવ્યો હતો. અહીં દેવમંદીરમાં સ્તુતિ અને આરાધન સમયે મહારાજા સિદ્ધરાજ સાથે શ્રી હેમચંદ્રચાર્ય અને તેનો શિષ્ય સમુદાય પણ હતો

ખુદ આચાર્યદેવે પણ ગદ્‌ગદિત કંઠે સોમનાથ મહાદેવની સર્વે સમુદાય સન્મુખ નીચે પ્રમાણે સ્તુતિ કરી.

**भवबीजांकुरजनना, रागाद्याः क्षयमुपागता यस्य ।**
**ब्रह्मा वा विष्णुर्वा, हरी जिनो वा नमस्तस्मै ॥**

**અર્થ**—ભવના બીજને અંકુર ઉત્પન્ન કરનાર એવા રાગદ્વેષ વિગેરે દોષો જેના ક્ષય પામ્યા છે તે ગમે તો બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, શંકર હોય, કે જિન હોય તેને નમસ્કાર કરીએ છીએ.

**" यत्र तत्र समये यथा तथा, योसि सोऽस्यभिधया यया तया ।**
**वीतदोषकलुषः स चेद् भवा-नेक एव भगवन्नमोस्तुते " ॥ १ ॥**

ગમે તે સમયે ( શાસ્ત્ર ) માં ગમે તે રીતે અને ગમે તે નામથી જો તે, તમે દોષની કલુષતા રહિત હો. તો હે ભગવન ! તમે એકજ છો માટે તમને નમસ્કાર છે.

આ પ્રમાણે સ્તુતિ કરી. આચાર્યદેવે મહારાજા સિધ્ધરાજ તથા સર્વે પ્રજાજનોને ખાત્રી કરી આપી કે, પોતે પણ ભાવપૂર્વક મહાદેવને પુજ્ય માની નમે છે

અહીં આચાર્યદેવ માટે જે કોઇને શંકાઓ ઉદ્દભવી હતી તેનું સમાધાન સર્વેને થયું. અને આ પ્રમાણેના કર્તવ્યથી આચાર્યદેવની કીર્તિ પ્રભાવશાળી બની.

આ સમયે મહાદેવનાં મંદીરના જીર્ણોધ્ધાર તથા ક્ષેત્રનાં સંરક્ષણાર્થે મહારાજાએ ઘણોજ ઉચ્ચ કોટીનો પ્રબંધ કર્યો. કારણ કે મહારાજા ભીમદેવનાં સમયમાં સોમનાથ મહાદેવનાં મંદીરનું ખંડન થયું હતું.

આ સમયે—સકળ સંઘના હર્ષનો પાર રહ્યો નહિ—ખુદ મહારાજાને—સુરિશ્વરજીના ઉચ્ચકોટીના ભાવોનું પુરતુ આત્મજ્ઞાન થયું. ને તેઓ આ સમયે સુરિશ્વરને શાક્ષાત દેવાવતારી તુલ્ય માનવા લાગ્યા.

અહી પુજાનાર્થે-પુરતી રીતે ભેટ આપી. દરેકને પુરતી રીતે સંતોષી મહારાજા સાથે શ્રીસંઘ ત્યાંથી પાછો ફર્યો. અને **શ્રીઅંબિકાદેવીના** અધિષ્ટત્ **કોટીનારનગરે** આવ્યો. સૂરિશ્રી સાથે માતાના દર્શને જતા—રાજવીએ અતિ નમ્રતાથી—સુરિશ્રીને જણાવ્યું કે, "**હે દેવ!** આપ અંબિકા માતાનું આરાધન કરી તેમને પુછો કે—'**ગુજરાતની રાજગાદીપર મારી પછી કોણ આવશે?**

સૂરીશ્રીએ અહીં ત્રણ અપવાસ (અઠ્ઠમ)ની તપશ્ચર્યા કરી. ધ્યાન પુર્વક દેવીની આરાધના કરી. જેથી દેવી પ્રસન્ન થયા. અને સુરિશ્રીએ પુછેલા રાજગાદીને લગતા પ્રશ્નનો જવાબ આપતા જણાવ્યું કે—

"સિધ્ધરાજના કાકા **ક્ષેમરાજના** પુત્ર **દેવપ્રસાદ,** અને તેમના પુત્ર **ત્રિભુવનપાળ,** જેઓ અત્યારે **દેહસ્થલીમાં** મંડલેશ્વર તરીકે છે, તેમનો પુત્ર **કુમારપાળ** તે, **સિધ્ધરાજ** પછી—મહારાજા **સંપ્રતિની** માફક જૈન ધર્મનો ઉદ્યોત કરનારો પરમાર્હિત જૈન રાજવી તરીકે રાજગાદી ભોગવશે ને દીપાવશે. પણ તેના પછી રાજ્ય વિનાશ પામશે."

**અંબિકા** માતાનુ આ પ્રમાણેનુ ભવિષ્ય સાંભળતા મહારાજાને ઘણો ક્ષોભ થયો. કારણ કે.—**કુમારપાળની** દાદીમા **બહુલાદેવી** એક નૃતિકાની કન્યા હતાં. જેથી મહારાજા **ભીમદેવે દેહસ્થાળીમાં પાટણથી** જુદો મહેલ બાંધી ત્યાં વસાવટ કર્યો હતો. અને પોતાની અન્ય રાણીઓને પાટણમાં રાખી હતી. ત્યારથી દેહસ્થળી **ભીમદેવના** વસવાટી ગામ તરીકે પ્રસિદ્ધ થયુ છે.

ત્યાર પછી મહારાજા **સિદ્ધરાજે** સંક્ષોભિત હૃદયે પુરોહિતોના કહેવા પ્રમાણે **પાટણથી સોમેશ્વર** સુધીની યાત્રા પગે ચાલીને કરી. ત્યાં પણ તપશ્ચર્યા પૂર્વક **મહાદેવને** પ્રસન્ન કરતાં, **મહાદેવે** જણાવ્યું કે, '**હે રાજન!** કોટી ઉપાય કરવા છતાં તારા ભાગ્યમાં સંતતિ યોગ નથી !

આ પ્રમાણે પોતાના ભાગ્યમાં સંતતિ નથી એમ ખાત્રી થતાં પાટણની ગાદીએ **કુમારપાળ** આવે એ કલંકિત વસ્તુ છે. એમ માની. સિદ્ધરાજે નિશ્ચય કર્યો કે, ત્રિભુવનપાળ અને કુમારપાળને કોઇપણ હિસાબે મરાવી નાખવા.-આ પ્રમાણે બન્નેનો જો વધ થાય તોજ કાર્યસિદ્ધિ થાય. પછી તુરતમાંજ સંતપ્ત થએલ સિધ્ધરાજે દેહસ્થળીમાં ત્રિભુવનપાળનુ ભેદી રીતે ખુન કરાવ્યું.

પોતાના પિતાના ભેદી મૃત્યુની હકીકત ચર પુરૂષો મારફતે કુમારપાળને પાટણમાં મળી. જેથી તે તરતજ સાવચેત થયો. અને તેણે દેહસ્થળી તથા પાટણનો ત્યાગ કરી પોતાના બનેવી અણોરાજને ત્યાં કુટુંબ સહિત સાંભર ગયો. જે વખતે કુમારપાળની ઉંમર ૪૭ વર્ષની હતી.

**નોટ**-સાંભરનરેશને સિદ્ધરાજે પોતાની કુંવરી આપી હતી તેમજ કુમારપાળની બહેન દેવળદેવીના લગ્ન પણ તેમની સાથે થએલ હતા. તેમાં ઓછામાં પુરૂ આ રાજવી ગુજરાતની રાજગાદીના મહત્વકાંક્ષા હોવાથી તેમને કુમારપાળને સાથ ન આપ્યો.

૧. અણોરાજ કુમારપાળની હકીકત સાંભળી. તેની બેન દેવળદેવી પણ અત્યંત દુ:ખી થઇ. છતાં કુમારપાળના સંરક્ષણાર્થે **સાંભર ઉર્ફે સારંભરીનું** રાજ્ય પણ પાટણની સામે બાથ ભીડી શકે એમ ન હોવાથી **કુમારપાળને** સ્વરક્ષણાર્થે ત્રિદંડી સન્યાસીનો વેષ લઇ જ્યાં સુંધી મહારાજા સિદ્ધરાજ જીવે ત્યાં સુધી ભાગ્યાધિન બની દેશાટન કરવુ એમ ઠરાવ્યુ.

જેની જન્મ કુંડલીના કેન્દ્રમાં ચક્રવર્તી રાજવી તરીકે ફળ આપનારા ગ્રહયોગ હોવાથી, રાજ્યગાદી **સિદ્ધરાજ** પછી **કુમારપાળનેજ** નિર્ણીત થએલી છે એવા **કુમારપાળને**, ફરજીઆત એક જટાધારી તાપસના વેષમાં ૨ાા વર્ષ સુધી પર્યટન કરવુ પડયું **"આનુંનામ તે કર્મગતી."**

કુમારપાળની સ્ત્રી **ભોપાળાદેવી** અને તેનો પરિવાર **દેહસ્થળીમાં** રહેતો હતો. **સિદ્ધરાજના ગુપ્તચરો** (જાસુસો) કુમારપાળ કર્યાં છે તેની જાણ ખાતર કુમારપાળના કુટુંબની પાછળ ખાઇ પી લાગી રહ્યા હતા. રાજમારાઓની સંખ્યાબંધ ટોળીઓ **કુમારપાળના** રક્ત પિપાસુ બની ખંભાત, ગુર્જર, માલવા, સૌરાષ્ટ અને સાંભરની ભૂમિને ખુણે ખુણે ફરતી હતી છતાં, જેનુ આયુષ્ય બળવાન છે એવા જટાધારી **કુમારપાળને** પકડવામાં કોઇપણ સમર્થ થઇ શકયુ નહિ.

# પ્રકરણ ૨ જું

## કુમારપાળનો રાજ્યાભિષેક

સંવત ૧૧૯૯ના કાર્તક માસમાં મહારાજા **સિધ્ધરાજ** માંદગીને બિછાને પડયા. ત્યારે તેમની નજર સામે સ્વપ્નામાં પણ કુમારપાળનું દર્શન ગુર્જરાધિપતિ તરીકે થવા લાગ્યું. અને ઝખણા પણ તેજ જાતની વધી પડી.

પાટણની રાજગાદી, અને તેના હકદાર વારસ તરીકે **કુમારપાળ** ? આ બન્ને વસ્તૂઓ દેવદુતની માફક રાજવી સામે તરવા લાગી. અને રાજવી લગભગ ભ્રમિત સ્થીતિએ ભાન ભુલો બન્યો,

આખાએ દેહસ્થલી પરગણાનો રાજ વહીવટ સંભાળનાર **કીર્તિપાળ** અને **મહીપાળ** પર રાજવી તરફથી કડક પહેરો મુકાયો. સારૂ થયું કે, આ સમયે **ભોપાલાદેવી** અને તેનો કુમાર **અજયપાળ** માલવ પ્રાતે **યશોવર્મા** રાજવીને ત્યાં રક્ષણમાં હતા. નહિ તો તેમનો કયારનોએ ઘાત થયો હોત ?

**સિધ્ધરાજને** અંત સમયે સદબુધ્ધિ દેનારા રાજમાતા **મીનલદેવી** હૈયાત હતા નહિ. તેજ માફક જેને પોતે પુજય માનતો હતો તે, **કાશમીરીદેવી** ( કુમારપાળની મા ) પણ વિધ્યમાન ન હતા, તેમજ રાજવીએ અવિચારીકૃત તરીકે મંડલેશ્વર **ત્રીભોવનપાળ ( કુમારપાળના પિતા )** જેવા શુભેચ્છકનું ખુન કરાવ્યું હતું.

મહારાજાની માંદગી સમયે સતત પરિશ્રમ ઉઠાવનાર દંડનાયક **ઉધ્યન મંત્રિનો વાંગભટ** નામનો પુત્ર રાજમહેલમાં વિધ્યમાન હતો જેને મહારાજાએ પોતાની પાસે ઘણા વર્ષોથી રાખી તેનું પાલનપોષણ ઘણુંજ ઉચ્ચકોટીથી કર્યું હતું. જેના પર **સિધ્ધરાજની** ગાદી વારસ તરીકેની પસંદગી ઉતરી.

મહારાજાએ અંત સમયની કેટલીક ઘડીકાઓ પુર્વે, રાજ્યના અમાત્યોને મહેલે બોલાવ્યા. ને જણાવ્યું કે, "હવે મારો અંત નજદીકમાં છે" તેણે પોતાના ગળા પર હાથ મુકાવી સોગન લેવરાવ્યા કે "**પાટણની ગાદી પર કુમારપાળને બેસાડવો નહિ**"

આ સમયે સોગન લેવામાં **કુમારપાળના** બનેવી " **કાનદેવ** " (કૃષ્ણદેવ) મોદેરાનો અધિપતિ પાટણનો સર સેનાપતિ, અને જેલનો વરિષ્ટ અધિકારી (જેના હાથ નીચે દશ હજારનું સૈન્ય તો ખાસ સતત તૈયારજ રહેતું, તે) આ સમયની સપથ વિધીમાંથી વંછીત હતા. બાકી વયોવૃદ્ધ અમાત્ય **શાંતુ મહેતા** તેમજ અન્ય અધિકારીઓ સપથવિધિમાં હતા.

તાત્કાલિન બીજી ક્રીયામાં મહારાજાએ **ઉધ્યનના** બીજા પુત્ર **બાહુડની** મહા અમાત્યની જગ્યાએ નીમણુંક કરી **શાંતુ મહેતાને** નિવૃત કર્યા. અને રાજ્ય તંત્ર એવી રીતે ગોઠવી દીધું કે તેમાં **કુમારપાળનો** પક્ષ લેનારા જૈન અમાત્યો, અને જૈન મહાજન **ઉધ્યનમંત્રિના** પુત્ર **વાંગભટ** ને રાજગાદી મળે ફરી જાય, અને તેનો પક્ષ લે. અને **કુમારપાળને** તેમાં નિષ્ફળતા મળે.

આ પ્રમાણેની ગોઠવણ પછી રાજવીને કાંઇક શાંતિ વળી. તેને એમ થયું કે, વનવાસી **કુમારપાળને હવે** રાજ અને મહાજન તરફથી **સાથ** નહિ મળે. અને રઝળવું પડશે.

અંતે ભવિતવ્યતાને આધીન થઇ, **ઇ. સ. ૧૧૪૩માં, સંવત ૧૧૯૯ ના કારતક શુદ ૩ ના દીવસે મહારાજા સિદ્ધરાજ દેવગતીને પ્રાપ્ત થયા.**

( ૨ )

મહારાજા જયસિંહના સ્વર્ગવાસ બાદ જે મંત્રિઓએ **વાંગભટને** રાજગાદી પર બેસાડવાના **સપથ** લીધા હતા તેમના તરફની–તેને અંગે પૂરતી તૈયારીઓ ચાલી રહી.

આખાએ **પાટણમાં** હોહાકાર ગાજી રહ્યો સરસેનાપતિ કૃષ્ણદેવે મહાજનની સલ્લાહથી આખાએ નગરમાં લશકરી પહેરો ગોઠવી દીધા. અને જોરદાર રાજ પડહથી પાટણને જાગ્રત કરતા જણાવ્યું કે, **'દેહસ્થલીના રાજકુટુંબીઓનો પાટણની રાજગાદીપર વારસદાર તરીકે પુરતો હક પોહચે છે. તેથી કદાપીકાળે પાટણની ગાદીપર વણિક અમાત્ય પુત્ર આવી શકેજ નહિ ?**

રાજ્યના મહાન કર્માચારીઓ અને સમસ્ત મહાજનની સલ્લાહથી **સિદ્ધરાજના** દેહના અગ્નિ સંસ્કાર સમયે એમ ઠરાવવામાં આવ્યું કે, "રાજનીતિ પ્રમાણે દેહસ્થળીના ત્રણ હકદાર રાજકુમારોમાંથી કોઇ પણ રાજગાદી પર આવશે." પછી ચંદનના કાષ્ટથી રાજવીનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો.

કૃષ્ણદેવે **સિધ્ધરાજની** સખત માંદગીના તેમજ તેની અંતિમ ઘડીઓ અને સ્વર્ગવાસના સમાચારો કુમારપાળને મારતી સાંઢે ખંભાત પોહચાડયા.

**કુમારપાળ** પોતાના કુટુંબીજનો અને બળાઢય અંગરક્ષક સૈન્ય સાથે પાટણ આવી પોહચ્યો જેની સાથે તેનો પરમ ઉપકારી મિત્ર **વાંસરીનો** પણ સમાવેશ થતો હતો. જેને તાપસવેશમાં રહેલ **કુમારપાળને** પોતાની મધુકરીમાંથી પુરતી રીતે સંતોષ્યો હતો. તેમજ અનેક વખતે શાસ્ત્રોકત દ્રષ્ટાંતોથી જીવપર આવેલ કુમારપાળને શાંતતા આપી હતી

મહારાજા સિદ્ધરાજના સ્વર્ગવાસ બાદ તેર દીવસ સુધી રાજગાદી રાજવી વગરની ખાલી રહી. છતાં રાજગાદી **કુમારપાળનેજ** પ્રાપ્ત થવાની છે. એ જાતના રાજયાધિકારીઓના નિશ્ચયો, અને સંપુર્ણ લશકરી તકેદારીના કારણે ચારે દીશાના ધુરકવા, ડોળાઓ, છતા કોઇપણ રાજસતાએ પાટણ સામે આંગલી પણ ચીંધી નહિ.

ઉદયન મંત્રિએ, તેમજ પાટણના જૈન મહાજનના અને રાજયકર્મચારીઓએ **વાંગભટને** રાજગાદી પરથી પોતાનો હાથ ઉઠાવી લેવા સમજાવવા પ્રબળ પુરૂષાર્થ કર્યો, પરિણામે તે પાટણ છોડી **સાંભર** ચાલી ગયો.

( ૩ )

અઢારે દેશના **મંડલેશ્વરો, નગર મહાજન** અને અમાત્ય વર્ગ વગેરે સર્વેની લાગણી કુમારપાળની તરફેણમાં હોવાથી અંતે સંવત ૧૧૯૯ના કારતક વદ ૨ ને રવીવારે ભર દરબારમાં **કુમારપાળનો** રાજયાભિષેક થયો.

મહારાજા સિધ્ધરાજના અંતીમ સમયે **વાંગભટને** રાજગાદી પર બેસાડવાના સપથવિધિમાં ભાગલેનાર–અમાત્યોએ આ રાજસભામાં હાજરી આપી નહિ. જેનુ કડક શાસન તેમને ભોગવવું પડયું.

આ પ્રમાણે મહારાજા **કુમારપાળને** ૨ાા વર્ષના વનવાસી જીવનબાદ–રાજગાદીની પ્રાપ્તિ સુરિશ્વરશ્રીના ભાખેલ ભાવિ પ્રમાણે **થઇ.** તેમને **સંવત** ૧૧૯૯ થી ૧૨૨૯ સુધી એટલે ૩૦ વર્ષ સુધી રાજગાદી, તેમજ ૮૪ વર્ષનું દીર્ઘાયુ ભોગવ્યું. તેમને પરમાર્હત જૈન રાજવી તરિકે, મહાન ગુજરાતમાં **સુવર્ણ યુગની** સ્થાપનાથી અઢારે દેશોમાં **અમારી પડહથી** જીવહિંસા બંધ કરાવી. **"અહિંસા-પરમો ધર્મ"ના** ઉચ્ચકોટીના સિધ્ધાંતો પ્રમાણે મહાન રાષ્ટ્રને સાત વ્યસનોથી દુર, પરસપરની મૈત્રિ વાળુ, જેને વિશ્વ **રામરાજયની** ઉપમા આપે છે તેવું આદર્શ રાજય સ્થાપ્યું. ને કીર્તિ અજરામર કરી.

વફાદાર જૈન મહાજને પણ રાષ્ટ્ર અને રાજ્યની ઉચ્ચકોટીની સેવાથી સિધ્ધ કરી આપ્યું કે, **'મહાજન'** અને **પ્રજાના** સહકાર અને વિશ્વાસ વિના કદાપીકાળે રાજસત્તા પ્રબળ બનતી નથી અને નભતી નથી"

છતા **"નામ તેનો નાશ તો છે" અસ્તોદયનું** કાળ ચક્ર સદાકાળ ફર્યા કરે છે. તે પ્રમાણે મહાન સદાચારી ગુર્જરાધિપતિઓનો અમલ ત્યાર પછી આંતરીક કુસુંપોના કારણે મતભેદક બન્યો. અંતે ગુજરાતની રાજગાદી ત્રીજાના હાથમાં ગઇ.

આ બધીએ ઘટના સમજવા અમારો **ગુજરાતનો સુવર્ણયુગ** તેમજ ત્યાર **પછી-પાટણમા "વિદેશીરાજ"** નામનો ઇતિહાસિક ગ્રંથ અવશ્ય વાંચો.

卐

**પ્રાચીન સાહિત્ય સંશોધક કાર્યાલયના પ્રથમ હરોળના મહત્વતા ભર્યા પ્રકાશનની બીજી આવૃતિ જલદીથી બહાર પડશે**

## શ્રી મુનિ સુવ્રતસ્વામી ચરિત્ર અને શ્રી સિદ્ધિદાયક મંત્રસંગ્રહ

આ ગ્રંથમાં હરિવંશની ઉત્પત્તિ, શ્રી મુનિસુવ્રતસ્વામીનાં પુર્વ ભવો, આશ્વાવબોધ તીર્થની સ્થાપના, રાજકુમારી સુદર્શનાનું સંક્ષિપ્ત જીવન, તથા તેણે બંધાવેલ અનુંપમ દેવાયતન શકુનિકા વિહાર, તથા તેનું ઐતિહાસિક નિરૂપણ. પરમાત્માના શાસનકાળમાં થયેલ મહાપદ્મ ચક્રવર્તિ તથા વિષ્ણુકુમારનું રોમાંચક જીવન, વિગેરેનું વર્ણન રોનક શૈલીમાં આપવામાં આવ્યું છે. ગ્રંથના વર્ણનને તાદ્રશ્ય બનાવવા માટે વિવિધરંગી આકર્ષક ૩૦ ફોટાઓ અને સુંદર ત્રિરંગી જેકટ આપવામાં આવ્યુ છે. તેમજ

**આ ગ્રંથનો મંત્ર અને સ્તોત્ર-સંગ્રહ વિભાગ**

જડવાદના આ જમાનામાં પણ શ્રધ્ધા પ્રગટાવતા મંત્રો અને મંત્રતંત્રાદિક વૈજ્ઞાનિક પદ્ધતિઓ પણ અદભૂત સામર્થ્ય ધરાવે છે તેની પ્રતીતિ આ ગ્રંથ તમને કરાવશે. આ ગ્રંથમાં નવગ્રહ, ઘંટાકર્ણ, શ્રી સિદ્ધચક્ર, માણિભદ્ર. તેમજ દ્રવ્યપ્રાપ્તિ અને રોગનિવારણના-અનેક-મંત્રો વિધિપુરઃર આપવામાં આવેલ છે; સાથોસાથ પ્રભાવિક સ્તોત્રો પણ સ્મરણ-જાપ માટે દાખલ કરવામાં આવ્યા છે. સાધનની સરલતા ખાતર નવે ગ્રહો, ઘંટાકર્ણ, માણિભદ્ર, જિનદત્તસુરિ ગૌતમસ્વામી, નવપદ મંડળ વિગેરે વિગેરેનાં **પચીસ** ચિત્રો આપવામાં આવ્યાં છે;

એકજ ગ્રંથાકારે બાંધેલ બન્ને બુકો માટે કિમત રૂ. **પાંચ** પોસ્ટેજ અલગ આજેજ લખી નાખો.

**શ્રી પ્રાચીન સાહિત્ય સંશોધક કાર્યાલય,**—ટેંબી નાકા થાણા,

## પ્રકરણ ૩ જું

## સૂરિશ્વર અને સમ્રાટ

જેમને જેમને પોતાને સંકટ સમયે મદદ કરી હતી તે સર્વેને-કરેલ સેવાનો બદલો મહારાજા **કુમારપાળે**-રાજ્યની પ્રાપ્તિ સમયે ઘણીજ સુંદરતાથી વાળી આપ્યો, અને પોતે આપેલ વચનો પાળ્યા. પણ દૈવિક યોગ ગણો, યાતો ભવિતવ્યતાને કારણે, પોતાના સાચા ઉપકારી અને અભયદાતા, **શ્રી હેમચંદ્રાચાર્યજીને** બાર વર્ષ સુધી રાજવી વિસરી ગયાં.

જો કે ઉપકારી **સુરિશ્વરજી કુમારપાળ** રાજવીને ભુલ્યા ન હતા.-સુરિશ્રી આ બાર વર્ષના કાળ દરમીયાન પાટણના વડા ઉપાશ્રયમાં રહી જૈન સાહિત્યની એવી તો અવિરત સેવા બજાવી રહેલ હતા કે જાણે તેમનો જન્મ-માત્ર ગુર્જર સાહિત્યના સર્જનાર્થે, તેમજ દેશને સંસ્કારી બનાવવા અર્થેજ થયો ન હોય ?

( ૧ )

### સુરિશ્રી કુમારપાળનો બચાવ કરે છે.

એક સમયે સુરિશ્રીએ સવારના યોગ ધ્યાનથી મુકત થઇ તુરતજ **ઉધ્યન મંત્રિને** બોલાવી કહ્યું કે,-હે **મંત્રિશ્વર** ? આજે આપ **કુમારપાળ** રાજવી પાસે જઇ મારૂ નામ દઇ કહો કે, તેઓ "આજે નવી રાણીના મહેલે જાય નહિ, કારણ મધ્ય રાત્રીએ ત્યાં પ્રાણ ઘાતક ઉપસર્ગ થવાનો છે." **ઉધ્યન મંત્રિએ સૂરિશ્રીનો** સંદેશ મહારાજાને જાતે જઇ પહોંચાડયો, બારે વર્ષે પણ સુરિશ્રી પોતાના જીવન રક્ષા અર્થે, પ્રતિબંધ કરી રહેલ છે જાણી, મહારાજા **કુમારપાળ** અત્યંત સાનંદાશ્રમમાં પડયા.

તેજ દીવસે બરોબર મધ્યરાત્રીએ-નવીરાણીના મહેલમાં વીજળી પડી ને રાણીનો સ્વર્ગવાસ થયો. ભોપાલદેવીના મહેલે રહી નવીરાણીના મહેલની પળે ખબર મેળવનાર-ગુર્જર નરેશને મધ્ય રાત્રીએ ખબર મળી કે,-રાજમહેલ વીજળી પડવાથી-કડકડાટ સાથે તુટી પડયો છે. જેમાં રાણીસાહેબનો દુ:ખદ સર્વગવાસ થયો છે.

આ જાતની બનેલ ઘટનાથી રાજવીને અત્યંત દુઃખ તો થયું છતા, પોતાના જીવનની રક્ષા માત્ર **સૂરિશ્રીના** અગાધ જ્ઞાનશકિતના કારણેજ થઇ એમ ચોકશ થયું. તેજ સમયે **કુમારપાળે** પુરતો નિશ્ચય કર્યો કે, સૂરિશ્રીના સત સમાગમમાં નીત્ય રહી, હવે પછીના જીવનની સાર્થકતા કરવી. આ સમયે **કુમારપાળ** લગભગ ૬૨ વર્ષની પ્રૌઢાવસ્થાએ પોહચેલ હતા.

જો કે–આ બાર વર્ષના ગાળામાં **કુમારપાળ** સનાતન ધર્માચાર્યોના પુરતા સમાગમમાં આવેલ હોવાથી બહુદાએ શીવમાર્ગનુંરાગી બનેલ હતા.

બીજે દિવસે પ્રભાતેજ મહારાજા **કુમારપાળે**-સૂરીશ્રીને રાજસભામાં પધારવાનું ભાવભીનું આમંત્રણ **ઉષ્યનમંત્રિ** દ્વારા મોકલાવ્યું. જેને ધર્મધ્યોતના કારણ ભૂત ગણી **સુરિશ્રી** રાજસભામાં પધાર્યા.

( ૨ )

**રાજવીનો પશ્ચાતાપ**

સૂરીશ્રીને શિષ્ય સમુદાય સહ રાજસભામાં પધારતા–જોઇ,-ગુર્જરરાજ તુરતજ સિંહાસન પરથી ઉભા થયા, નીચે ઉતર્યા, ને રાજદ્વારે પધારતા સૂરિશ્રીને સામે જઇ પરણીએ પડી ભાવપુર્વક નમન કર્યું. વહેતા અશ્રુ પ્રવાહ વચ્ચે–રાજવીએ કહ્યું કે, '**હે ભગવંત?** બાર બાર વર્ષ સુધી–મેં આપને સંભાર્યા પણ નહિ. આના કરતા તે મારો કયો મોટો અપરાધ ગણાય ? હે **ઉપકારી ?**આપની સામે ઉભા રહેતા પણ મારો અંતર આત્મા દુઃખાય છે.

"**હે સુરિશ્રી?** મારા પરના ઉપકારોની પરંપરાનો બદલો મારે આપને કઇ રીતે વાળી આપવો તેની સમજણ પડતી નથી.

'**હે ઉપકારીદેવ ?** મારી જીવન દોરી રક્ષણનું કરજ હું કઇ રીતે વાળી શકીશ તે જણાવો ?

જવાબમાં **સૂરીશ્રીએ** જણાવ્યું કે **રાજન ?** એ પ્રમાણે પરંપરાથી બનતુજ આવ્યુ છે. છતા ઉપકારી સાધુ સંસ્થા, ઉત્તમ પુરૂષોના હાથે–ઉચકોટીના કાર્યો થવાતા હોય છે તેથીજ, તેમના રક્ષક બનતી હોય છે –તે જાતની તો મેં માત્ર મારી ફરજ બજાવી છે.–એમાં મને ખોટુ લાગવા જેવુ કંઇજ નથી. છતાં '**હે રાજન?** આપના હૃદયમાં ખરેખર–બદલો આપવાની ધગશ હોય તો,–આપ હવે ફકત "**અહિંસા પરમોધર્મ**"નો એટલે **વીરધર્મનો** સ્વીકાર કરો–" જેમાં મારી આશીષ છે.'

**કુમારપાળે** ભરસભામાં તેજ ક્ષણે–જણાવ્યું કે ' **સુરિશ્રી આજથી આ કુમારપાળ આપના આશીષને હિતકારી માની જૈન ધર્મ**

**સ્વીકારે છે.** ત્યાર પછી મહારાજા **કુમારપાળે** જીવના અંત સુધી ચુસ્ત પણે જૈન ધર્મનું પાલન કર્યું.

( ૩ )

## પ્રભાસ પાટણના શિવમંદીરનો જીર્ણોધ્ધાર

એક વખત રાજસભામાં પ્રભાસપાટણથી રાજપુરોહિતે આવી વિનંતિ કરી જણાવ્યું કે 'હે **મહારાજ?** દેવકાપાટણનું ( પ્રભાસપાટણ ) **સોમેશ્વર મહાદેવનું** દેહરૂ પડી ગયું છે. જેના જીર્ણોદ્ધારની ખાસ આવશ્યકતા છે.

આ સમયે **સૂરિશ્વરશ્રી** રાજસભામાં વિદ્યમાન હતા. જેમને રાજવીને આ જીર્ણોધ્ધારનું મહાન કાર્ય પુરૂ ન થાય ત્યાં સુધી **'માસાંહાર ત્યાગનું'** તેમજ **બ્રહ્મચર્ય પાલનનું** મહાન વ્રત લેવરાવ્યું.

લગભગ ૨ વર્ષના ગાળાબાદ–**સોમેશ્વર** મહાદેવનાં મંદીરનો જીર્ણોદ્ધાર પુર્ણ થયાના સમાચારે. મળતા,–મહારાજા કુમારપાળે **સુરિશ્રીને** આગ્રહ પુર્વક તીર્થયાત્રાએ સાથે આવવા વિનંતી કરી.–ગુર્જરાધિપતિએ સુરીશ્રી માટે–ખાસ પાલખી સાથે રાખી. તેમાં તેમને બેસવા આગ્રહ કર્યો. સુરિશ્રીએ જવાબમાં જણાવ્યું કે 'હે રાજન? **સારી તબીયતઅને છતી શકિતએ, કોઇપણ ચીજનો ઉપયોગ–સાધુઓ માટે આચાર વિરૂધ્ધ ગણાય. તેમજ સાધુઓ માટે પાલખીના બદલે ડોલીનોજ ઉપયોગ થઇ શકે, પણ પાલખીનો તો નહિ.** આ પ્રમાણે જણાવી, તેઓ **કુમારપાળથી** જુદા પડયા. અને **શેત્રુંજય,** ગિરનાર, વગેરે સ્થળોએ યાત્રા કરી **પ્રભાસપાટણ** આવ્યા. આ લગોલગમાં મહારાજા **કુમારપાળ** પણ ત્યાં આવી પહોંચ્યા.

અહી સોમેશ્વર મહાદેવની સનમુખ–રાજપુરોહીતો, સામંતો તેમજ હાજર રહેલ ભકત સમુદાયની હાજરીનાં **સુરીશ્રીએ મહાદેવ સ્તોત્રની** ખાસ રચના કરી. તેમજ સ્તુતિ કરી.

આ પ્રમાણેની તેમની સ્તુતિ સાંભળી રાજવી તથા બ્રહ્મદેવો હર્ષિત થયા. પછી તેજ દીવસે બરોબર મધ્યરાત્રીએ સુરિશ્રીએ મંત્ર પ્રભાવથી, શાક્ષાત મહાદેવના દર્શન સર્વેને કરાવ્યા. આ સમયે કુમારપાળે મહાદેવને પુછયુ કે **'ખરો ધર્મ કયો છે તે બતલાવો'** ? જવાબમાં **મહાદેવે** કહ્યું કે **'હે રાજન? "તને ધર્મની પ્રાપ્તિ બ્રહ્મજેવા હેમચંદ્રાચાર્યથીજ થશે."**

સ્વયં **મહાદેવના** મુખથી આ પ્રમાણે **સુરીશ્રીનો** ધર્મ પ્રભાવ સાંભળી રાજા આશ્ચર્ય ચકિત થયો. ને ત્યાર પછી તે અત્યંત ભકિતભાવથી તેમની પ્રત્યે વર્તવા લાગ્યો.

( ૪ )

## દેવબોધિની ઇંદ્રજાળ

મહારાજા કુમારપાળ શ્રીહેમચંદ્રાચાર્યના પ્રતિબોધથી જૈન ધર્મિ બન્યાં જેથી સનાતન ધર્માચાર્યોએ **શંકરાચાર્ય** મઠના **દેવબોધિ** નામના કુશળ વાદિને-પાટણ બોલાવ્યો. આ આચાર્ય મંત્ર, તંત્ર, ગારૂડી વિધ્યા, ઇંદ્રજાળ આદિ વિધ્યામાં પારંગત હતો.

જેને મહારાજા **કુમારપાળને** શીવમાર્ગમાં સ્થીર કરવા, મહારાજાના ધરડા પુર્વજોને ઇંદ્રજાળને યોગે પ્રગટ કરી તેમના મુખથી એમ કહેવરાવ્યું કે **'હે રાજન?** જો તું જૈન ધર્મ પાળશે તો નરકે જશે' ત્યારે આચાર્યદેવે પણ તેવી જાતની ઇદ્રજાળે તેમનાજ મુખથી ફરીથી કહેવરાવ્યું કે **'હે રાજન?** 'તું સ્વર્ગે જશે" આ પ્રમાણે દેવબોધિના પુરતા પ્રતિકાર તરીકે અનેક પ્રકારની વિધ્યાઓથી **દેવબોધિને** નિરભર અને વિરોધ કરતો લગભગ બંધ કરી દીધો. ને તે હારી અંતે સ્વદેશ ચાલી ગયો.

( ૪ )

## અન્યોન્ય મહાન કાર્યોની નોંધ

આચાર્યદેવના પ્રતિબોધથી મહારાજા કુમારપાળે **માળવાના** રાજા **અર્ણોરાજને** પોતાનો મિત્ર બનાવ્યો. જેને **સુરિશ્રીનો** સતસંગી બનાવી, ચુસ્ત જૈન ધર્મિ બનાવ્યો. પરિણામે તેને પોતાના દેશમાં **અમારીપટહની** ઉધ્ઘોષણા કરાવી.

**સુરિશ્રીના** ઉપદેશથી સંવત ૧૨૨૪માં **ઉધ્યન મંત્રિના** પુત્ર **બાહાડ મંત્રિએ શેત્રુંજય તીર્થનો** ઉધ્ધાર કર્યો. તેમજ **શ્રી હેમચંદ્રચાર્યજીએ** મહાન ભાવપુર્વક પ્રતિષ્ઠા કરાવી. **આંબડ મંત્રિએ** ભરૂચના **સમલીવિહાર** નામના જૈન મંદીરનો જીર્ણોદ્ધાર **સંવત ૧૨૨૦**માં કરાવ્યો. અહી પણ **સુરિશ્રીએ** પ્રતિષ્ઠા કરાવી, અહીના દૈવિક ઉપદ્રવને સુરિશ્રીએ પાટણથી ગગન વિહારે ભરૂચ આવી. શાંત કર્યો ને જૈનશાસનની ગૌરવતા વધારી.

સુરિશ્રીના ઉપદેશથી મહારાજા કુમારપાળે ચૌદહજાર નવા જીનમંદીરો બનાવ્યા. ને સોળ હજારનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

ગુજરાત તારંગાજીપર ઘણુંજ ઉંચુ વિસ્તારવાળુ જીનાલય બનાવી તેમાં **શ્રી અજીતનાથજીની** મોટી ભવ્ય પ્રતિમાની તેમજ શ્રી **હેમચંદ્રાચાર્યદેવની** પાદુકાઓની સ્થાપના કુમારપાળ રાજવીએ કરી. આ કાળે આ પ્રાંતના દુઃખી જૈન કુટુંબોને રાજવીએ સુખી કર્યા. આ પ્રમાણે સ્વામી વાત્સલ્યનો લાભ રાજવીએ લીધો.

શ્રી **હેમચંદ્રચાર્યના** ઉપદેશથી મહારાજા **કુમારપાળે** પાટણના ભરઉપાશ્રયમાં નગર મહાજન અને કુટુંબીજનોની પુરતી હાજરીમાં જૈનધર્મના બારવ્રત અંગીકાર કર્યા. ને રાજ્યમાં પૂર્ણપણે અહિંસા પળાવી.

આદર્શ જૈન રાજવી તરીકે મહારાજાએ રૈયતને પણ **અહિંસ નિષ્ઠ** રાખનારી નીતિવાન બનાવી. રાજવીના અમારી પડહથી યજ્ઞહોમમાં પશુબલીના બદલે નિર્જીવ પુજાપો વપરાવા લાગ્યો. સર્વ જીવોને તેમજ પક્ષીઓને અભય દાન મળ્યું પ્રજા સંત વ્યસન રહીત સંસ્કારી બની. માસાહારનો સર્વથા ત્યાગ થયો. મદીરાપાનની રાજ્યમાં ગંધ પણ ન રહી. રાજઆજ્ઞાથી સૌરાષ્ટ્રના મૃગયા શિકારી કોળી બીજા તેમજ કસાઈઓ વગેરેનો ધંધો બંધ પડયો. તેથી રાજ તરફથી તેના બદલામાં તેવને ત્રણ વર્ષની પેદાશ બક્ષીસમાં આપવામાં આવી, અને તેમને રાજ તરફથી અન્ય કામે લગાડવામાં આવ્યાં.

મહારાજાએ જૈન રાજવી તરીકે જીનમંદીર જીનપ્રતિમા, જીનાગમ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, આદિ સાતક્ષેત્રમાં રાજ્ય ભંડારનો સદ ઉપયોગ કર્યો. રાજવી હમેશા દેવપુજા, આવશ્યક આદિ ક્રીયાઓ કરતા. જેમના સદબોધાર્થે ત્રેસઠ શલાકા આદિ ગ્રંથોની રચના **સુરશ્રીએ** કરી આ ગ્રંથો જૈન દર્શનના તત્વજ્ઞાન રહસ્ય ભરપુર, અને આત્માનંદી બન્યા.

સોલંકી વંશની રાજગાદી પર આવનાર રાજવીઓને શ્રાપરૂપ-લુતા નામનો રોગ વંશ પરપરીત ઉતરતો આવેલ, જેને **સુરિશ્રીએ** મંત્ર પ્રભાવે બંધ કર્યો. આચાર્યશ્રીએ **દેવબોધિની** ધર્મ પરિક્ષામાં એક વખત અમાવસ્થાની અંધારી રાત્રિએ બારગાઉ સુધી પુનેમના ચંદ્રમાનુ દીવ્ય દર્શન કરાવ્યું. હતું.

**આનુ નામ તે જીવનની સાર્થકતા ?**

( ૫ )

## બન્ને મહાન વિભુતિઓનો સ્વર્ગવાસ

મહારાજા **કુમારપાળને રાજપાળ** નામનો ભત્રિજો હતો-તેના સમજમાં એમ આવ્યું કે, **કુમારપાળરાજવી** રાજગદ્દી પોતાની પુત્રિના પુત્રને આપશે. જેથી તે **કુમારપાળના** ઘાતનો તક સાધક બન્યો બીજી બાજુ **શ્રી હેમચંદ્રાચાર્યનો બાળચંદ્ર** નામે એક શિષ્ય હતો. જેને ભવિતાવ્યતાનો યોગે **સુરિશ્રી** સાથે-દ્વેશ બુધ્ધિ રાખી.-આ પ્રમાણે **સુરિશ્રીના** સંઘાડામાં તેમજ રાજકુળમાં બન્ને સ્થળે **સુરિશ્રી** અને **ધર્મિ રાજવીનો** ઘાટ ઘડવાની ભેદી યોજનાઓ **રાજપાળ** અને **બાળચંદ્ર મિત્ર** બની કરવા લાગ્યાં. **રાજયપાળે-બાળચંદ્રને** આશ્વાસન આપ્યું હતું કે, 'મને રાજય મળ્યા પછી **રામચંદ્ર** મુનિને નહિ પણ તમને રાજગુરૂની પદવી-આપીશ.' આ જાતના મોહમાં **બાળચંદ્ર**-ગુરૂઘાતક બન્યો.

અંતીમ કાળે **કુમારપાળ** રાજવીની ઇચ્છા જીન પ્રતિમાઓના **અંજન શલાકાની** થઇ. જેથી **સુરિશ્રીના** કહેવા મુજબ **સુવર્ણની** તેમજ પંચ ધાતુઓની પ્રતિમાઓ તૈયાર કરાવી. તે માટેનો મહોત્સવ શરૂ કર્યો. દુષ્ટ બુધિ **બાળચંદ્ર** મુનિએ તેમજ **રાજયપાળે** આ મહોત્સવના અંજનના મુર્હતમાં-અજબ સંજોગમાં એવો તો ફેરફાર કર્યો કે, જેના યોગે દૈવિક કોપથી **સુરિશ્રી** અને **મહારાજાનું** અપમૃત્યુ થાય.

બન્નેજણના ષડયંત્રની માહીતી **સૂરિશ્રીને** જ્ઞાનબળે થઇ. તેમને બન્નેને ઠપકો આપ્યો, પણ તે વ્યર્થ ગયો, અંતે ભવિતવ્યતાના યોગે બન્ને મહાન વિભુતિઓનો અંતીમકાળ કુદરતી સંજોગોએ નજીકમાંજ આવી પહોંચ્યો.

( ૬ )

એવામાં ત્યાં એક યોગી **સુરિના** દર્શને ઉપાશ્રયે આવ્યો. તેણે **સુરિશ્રીના** મસ્તકમાં "મણી" જોયો. તેથી તે લેવા તે ઇંતેજાર થયો. જેથી **સુરિશ્રીના** સહકાર સાધી તે ઉપાશ્રયે વધુ પ્રમાણમાં આવવા જવા લાગ્યો.

એક દીવસ **સુરિશ્રીના** એક શિષ્ય બહારથી આહાર લઇ આવતા હતા ત્યારે, માગમાં આ યોગીએ તેને વાતમાં લટુબનાવી, યુકિતપુર્વક સૂરિશ્રીવાળા આહારમાં ચાલાકીથી ઝેર નાખી દીધું ને તે ખસી ગયો, આ ભોળા શીષ્યને તેની માહીતી પડી નહી,

અજ્ઞાત શિષ્યે ઉપરોક્ત '**વિષ**'**મય** આહાર સુરિશ્રીને આપ્યો. જેનો ઉપયોગ સૂરિશ્રીએ કીધો. પછી તેમનું શરીર ધ્રુજવા લાગ્યુ. તેમને શિષ્યને બોલાવી આહારમાં કઇ રીતે ગરબડ થઇ તે બાબતે પુછપરછ કરી. શિષ્યે માર્ગમાં યોગીવાળી બનેલ ઘટના સંભળાવી. આમાં ભાવિનોજ દોષ માની, કોઇને ઠપકો ન આપતા સર્વેને સદબોધ આપી સુરિશ્રીએ જણાવ્યું કે, "આ **વિષથી** મારૂ મૃત્યુ અવશ્ય થવાનું છે. માટે નીચેની બાબત પર ખાસ ધ્યાન આપવું."

"મારી ચિત્તા સળગાવો ત્યાં મારા મસ્તક નીચે એક દુધનું ભરેલ પાત્ર રાખજો. જેથી મારા મસ્તકમાં રહેલ મણિ તેમાં પડશે. તે મણિને તમો સાચવી રાખજો. કોઇ પણ સંજોગમાં આ મણિ તે યોગીના હાથમાં જવા દેશો નહિ."

આમ કહી અનશન કરી **શ્રી હેમચંદ્રસુરિ** મહારાજ ૮૪ વર્ષનુ આયુષ્ય ભોગવી વિક્રમ સંવત ૧૨૨૯માં સ્વર્ગવાસી થયા. ત્યાર પછી કુમારપાળ રાજવીનું પણ મરણ **રાજ્યપાળે** આપેલ ઝેરથી વિક્રમ સંવત ૧૨૩૦માં સુરિશ્રીના સ્વર્ગવાસ બાદ લગભગ છ મહીના પછી થયું.

આ વખતે સુરિશ્વરજીના બે વિધ્વાન શિષ્યો-**રામચંદ્રસુરિ** તથા **બાળચંદ્ર** વિધ્યમાન હતા. જેમાંથી **રામચંદ્રસુરિને** શ્રીસંઘે **સુરિશ્રીના** પાટે સ્થાપિત કીધા.

શ્રી. **રામચંદ્રસુરિશ્રીએ** સુભાષિત કોષ, કુમાર વિહાર, આદિ ગ્રંથોની રચના કરી.

આ કાળે તપગચ્છની ૪૦મી પાટે **શ્રીમદ્ હરિભદ્ર** સુરિકૃત ગ્રંથો પર ટીકાના રચિયતા શ્રી **મુનિચંદ્રસુરિ** વિધ્યમાન હતા. જેમનો જન્મ ૧૧૩૪માં થયો હતો તેમજ ૧૨૨૦માં સ્વર્ગવાસ થયો હતો. જેમના શિષ્ય શ્રી **અજીત દેવસુરિ** અને **દેવસુરિ** જેવા મહાન વિધ્વાન પંડીત જૈનાચાર્યો પાટણમાં વિધ્યમાન હતા.

શ્રી **દેવસુરિએ** ૮૪ વાદિઓને ગુર્જરરાજ **સિધ્ધરાજના** દરબારમાં જીત્યા હતા. આ **દેવસુરિ** મહારાજ તે બીજા કોઇજ નહિ પણ ગિરિરાજ ગિરનારપર શ્રી **હેમચંદ્રાચાર્યજી** સાથે રહી. **શ્રી વિમલેશ્વર દેવની** પ્રસન્નતા મેળવનાર **મલયગિરિ** સાથેના ભગ્યાત્મા હતા. કે, જેઓએ-સાધુ જીવનમા સાર્થકતા સાધી, અનેક સૂત્રો પર અદ્દભૂત ન્યાય પૂર્વક **વૃતિઓ** રચી હતી.

# પરિશિષ્ટ

( ૧ )

સહસ્રલિંગ તળાવ અંગે જાણવા મળે છે કેઃ—એક વખત મહારાજા સિધ્ધરાજ માલવ જતા હતા ત્યારે સહસ્રલિંગ બનાવવાના ખર્ચ માટે મહારાજાને ચરણે એક વેપારીએ પોતા તરફથી લગભગ પાંચ લાખ મુદ્રાઓ નજરાણામાં ધરી મહારાજા સિધ્ધરાજે તેનો અસ્વીકાર કર્યો. અને તે માળવા ગયા.

કેટલોક સમય જતાં ખજાનામાં તાણ પડવાથી સહસ્રલિંગનું કામ ટુંકુ પડયું આ હકીકતની જાણ પેલા વેપારીને થઇ. જે વેપારીએ સહસ્રલિંગની પુર્ણાહુતિમાંજ પોતાના જન્મની સાર્થકતા માની. "આ ભાવિક શેઠે એક વખત એક શ્રીમંત કુટુંબના પુત્રવધુના કાનનો દાગીનો પોતાના પુત્રદ્વારા ઇરાદાપુર્વક ચોરાવ્યો. પરિણામે ન્યાયાધીશે તેને ત્રણ લાખનો દંડ કર્યો. જે દંડની રકમનો ઉપયોગ સહસ્રલિંગના અધુરા રહેલા કામમાં થયો"

મહારાજા સિધ્ધરાજને સહસ્રલિંગ તળાવ પુરૂ થયાની માહીતી માળવામાં મળી. તેમાં વરસાદના જળ ભરાયાની માહીતી આપનાર માણસને દાનવીર રાજવીએ પોતાના ગળાનો હાર બક્ષીસમાં આપ્યો.

( ૨ )

મહારાજા સિદ્ધપુરથી માળવા–ગયા. ત્યાં–યશોવર્માના મિત્ર તરીકે ચાતુર્માસ ગાળી રહ્યા હતા. તે પૂર્ણ થતાં ત્યાંથી નીકળી ગુજરાતના વડનગરે સ્થિરતા કરી. જ્યાં જૈન અને સનાતની મંદિરો પર ધ્વજાઓ ફરકતી જોઇ–જેથી મહારાજાએ પ્રશ્ન કર્યો કે, 'હે નગરજનો? સનાતન દેવાલયોની જેમ જૈન દેવાલયો પર શા માટે ધ્વજાઓ ચઢાવવામાં આવી છે?

તેના—જવાબમાં—હાજર—રહેલ—પુરોહિતોએ જણાવ્યું કે

હે રાજન?

**"સત્યયુગમાં જ્યારે મહાદેવજીએ તીર્થની સ્થાપના કરી ત્યારે, ઋષભદેવનું તેમજ બ્રહ્માનું એમ બે મંદીરો બનાવી તેઓના ઉપર ધ્વજાઓ ચઢાવી હતી."**

આ મંદીરોનો જીર્ણોદ્ધાર કાળાંતરે પુણ્યશાળી આત્માઓને હાથે થતો રહ્યો. જેમાં ચાર ચાર યુગો વહી ગયા, ત્યારથી સમાનતાથી ધ્વજાઓ આજ સુધી ચઢતી આવી છે.

આ નગર-"શ્રી શેત્રુંજય મહાગિરીનો તળપ્રદેશ ગણાય છે. કારણ કે, નગરપુરાણમાં જણાવ્યુ છે કે, શેત્રુંજયની મુળભૂમિ (તળેટી) આગળની ભૂમિનો વિસ્તાર ૫૦ યોજન, ઉપરની ભુમિનો ૧૦ યોજન, અને ઉંચાઇ આઠ યોજન. આ પ્રમાણે પૂર્વકાળે તેનું ક્ષેત્રફળ ગણાતુ"

"સત્યયુગમાં આદિદેવ ઋષભદેવ થયા તેમના પુત્ર **ભરતચક્રવતીના** નામથી આ આર્યવ્રત **ભરતખંડના** નામે પ્રસીધ્ધ થયો."

"સનાતનીઓ ઋષભદેવને **વિષ્ણુના** આઠમા અવતાર ગણે છે. જ્યારે જૈન દર્શનમાં તેમની પ્રથમ અવતારી તીર્થેશ તરિકે ગણના થાય છે. જેમણે બધા આશ્રમોથી પુજાએલ ધીર યોગી મુનીઓનો ત્યાગ માર્ગ બતલાવ્યો, અને માર્ગદર્શક બન્યા

આ પ્રમાણે પૌરાણિક ગ્રંથોના વચનો દ્વારા મહારાજાને શાંત કરતાં રાજ્યપુરોહિતોએ અંહીના **ઋષભદેવના મંદિરના ભંડારમાં રહેલ પાંચ માણસો ઉપાડી શકે એવું, અતિ પ્રાચીન કાંસાનું ભરત રાજાના નામના લેખનું એક પતરૂ લાવી મહારાજા સિધ્ધરાજને બતલાવી જૈન ધર્મના આદિપણાની ખાત્રી કરી આપી. આનુ નામ તે પુરોહિતની નિખાલસતા'** આવીજ રીતે અન્ય પંડિતજનોની ખાત્રી થતાં મંદીરો પર ચડતા દરજ્જે અમરત્વને પામ્યા.

(૩)

ત્યારબાદ મહારાજા પાટણ આવ્યા જેમાં પ્રસંગોપાત સહસ્રલીંગ તળાવને લગતા ખર્ચના આંકડા વંચાતા હતા. જેમાં ગુન્હેગાર વેપારીના દંડના ત્રણ લાખ વંચાયા, તેથી તે રકમ રાજવીએ વેપારીને પાછી મોકલી આપી.

આથી શેઠે રાજા પાસે હાજર થઇને રકમ ભેટ ધરતાં રાજવીને જણાવ્યું કે, 'હે પૃથવીપતિ' આપ આ શું કરો છો? જવાબમાં તેમણે જણાવ્યું કે-શું જૈન મહાજનના પુત્રોએ કદાપીકાળે ચોરી કરી છે ખરી? વણીક પુત્ર ચોર સંભવી શકેજ નહિ તેમાં વળી-'**પાટણના કોટયાધીશ શેઠનો છોકરો કાનનો દાગીનો ચોરે ખરો?** માત્ર ઇરાદાપૂર્વક તમોએ આ જાતના ચાતુર્યપૂર્ણ પ્રપંચથી '**મોઢું મૃગનું અને અંતર વાઘનું**' એ પ્રણાલીએ આ અયોગ્ય કાર્ય કર્યું છે. જેથી આ પ્રમાણેના ઉપરમય દ્રવ્યોના લોભથી ગુર્જર નરેશનો ન્યાય અન્યાયી ગણાશે. માટે તે દ્રવ્ય તમારે પાછું લેવુંજ જોઇએ. આ પ્રમાણે કહી તેના ત્રણ લાખ રૂપીઆ પાછા આપ્યા.

## મહારાજા જયસિંહના પ્રભાવિક કાર્યોની નોંધ

૧. સંવત ૧૧૫૨ માં સિદ્ધપુર વસાવ્યુ. તેમજ ત્યાં રૂદ્રમાળ નામે શિવાલય બંધાવ્યું.

૨. નવમા તીર્થંકર શ્રીસુવિધિનાથ તેમજ પ્રભુમહાવીરના એમ બે જીન પાસાદો પાટણમાં બધાવ્યા

૩. સિદ્ધપુરમાં ચાર જીનપડિમા યુક્ત સિધ્ધપુરવિહાર અને પાટણમાં રાજવિહાર બંધાવ્યો.

૪. સૌરાષ્ટ્રના રા' ખેંગારને જીતી ત્યાં ગુજરાતની આણ ચાલુ કરી તેની યાદમાં સંવત ૧૧૭૦ માં અશાડ શુદ ૧ થી સિંહ'સંવતસર' ચાલુ કર્યો

આ પ્રાંતનો વહીવટ સજ્જન મહેતાને સુપ્રત કરવામાં આવ્યો. જેમને સંવત ૧૧૭૬ માં શ્રી નેમીનાથ પ્રભુના જીર્ણ મંદીરનો જીર્ણોદ્ધાર ૨૭ લાખના ખર્ચે કરાવ્યો.

મહારાજા કુમારપાળના સમયમાં આ સંવતસરનો પ્રચાર ચાલુ થએલો એમ **શ્રીઅભયતિલકસૂરિ** સંવત ૧૩૧૨માં તેમને દ્વાશ્રય કાવ્યનું પુનરાવર્તન કર્યું તેના ૧૨ માં સર્ગમાં જણાવે છે.

માંગલોર ઉર્ફે મંગલપુરમાં સોઢલ નામે વાવ છે તેના લેખમાં **સિંહ** સંવતસર ૩૨, વિક્રમ સંવત સર ૧૨૦૨નો લેખ છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે મહારાજા જયસિંહે સંવત્સર ચાલુ કરેલ હતો.

૫. રાવસાહેબ મહીપતરામ રૂપરામ નીલકંઠ સિદ્ધરાજના કરેલા કાર્યોની નોંધ લેતા જણાવે છે કે.

ડભોઇનો કીલ્લો અને તેના ચાર માળિના અંતરે ધર્માદાવીશીઓ, **કપડવંજમા** કુંડ, ધોળકામાં માલવ્ય સરોવર, રૂદ્ર મહાલય તથા દહેરા, રાણીની વાવ, સહસ્ત્રલીંગ સરોવર, કુંડો, સાયબાનો કિલ્લો, દશહજાર દેરાનોદ્-ક્ષાસહસ્ર, વીરમગામનું મુનતલાવ, તેમજ ઝઝુંવાડા, વીરપુર, ભદુલા, વેસીંગપુરને થાનનાગઢો, કંડોલા, સિહિંજપુરના મહાલો, દંદાહનો કીતિરતંભ જેતપુર અને અનંતપુરના કુંડો એ સર્વે એને કરાવ્યાં છે.

આવા ઉચ્ચકોટીના પરોપકારી પ્રજા કલ્યાણના કાર્યોમાં સોલંકીવંશની રાજકીર્તિ પર સુવર્ણ કળશ ચઢાવનાર મહારાજા જયસિંહે, પાટણના સહસ્ત્ર-લિંગ તળાવના બાંધકામ સમયે સતિ શીરોમણી પ્રભાવિક જસમાં ઓઢણની ધંધુકા મુકામે છેડતી ન કરી હોત? તેના પતિ અને પુત્રનો ઘાત કરી દેવીનો શ્રાપ ન લીધો હોત તો રાજમાતા મીનલદેવીની હાર્દિક ભાવ-

નાઓ પ્રમાણે સહસ્રલિંગ તળાવ સમસ્ત ગુજરાત માટે આશીરવાદ સમના બનત. જેમાંથી સોમનાથ મહાદેવની કૃપાથી એવા તો પાતાળ ઝરણા ફુટત કે જેને યોગે ગર્વિગુજરની ભુમિ સદા કાળે હરિયાળી અને ફળદ્રુપ સુવર્ણભુમિ બનત. અને સોલંકી વંશના રાજકુટુંબની સેવા અજરા અમર નોંધાત

ચંદ્રમા જેવા શીતળતા દેનાર પૂર્ણ પ્રતાપી પ્રકાશીન ગ્રહને પણ માત્ર આજ જાતના એકજ કલંકના કારણે, ૠષીદેવના શ્રાપથી ગ્રહણ ગ્રસ્ત થવુ પડયુ, અને તેની કીર્તિમાં આ કલંક યાવચંદ્ર દીવા કરો માટે રહ્યું તેજ પ્રમાણે મહારાજા જયસિંહ માટે બન્યું.

સર્વ ધર્મ પ્રત્યે તેમજ ધર્માચાર્યો પ્રત્યે સમદ્રષ્ટિથી વર્તનાર, તેમના પ્રત્યે ઉચકોટીનું માન ધરાવનારા નીતિજ્ઞ રાજવી તરીકે અદ્ભુત ન્યાય રાજ સંચાલન ચલાવનાર, અવિચળ રાષ્ટ્રપ્રેમી; ગુજરાતનું મહાજન, જૈન અમાત્યો અને કર્માચારીઓ પર પુર્ણ વિશ્વાસ ધરાવનાર, પ્રેમાળ રાજવીની કદરદાની ચારે દીશાએ મુકત કંઠે પ્રશંશીત બનેલ. જેમાં માત્ર ભવિતવ્યના યોગે એ પાંચ એવા પ્રસંગો નોંધને પાત્ર બન્યા કે, જેન માટે જરૂર લાગી આવે. છતા ગૌરવતા પૂર્વક જણાવવું પડે છે કે, આ રાજવીએ ચાવડા અને સોલંકી રાજવીઓના ઇતિહાસમાં મહાન ગુજરાતને સંસ્કારી બનાવવામાં, ગુર્જર સાહિત્યનું નીખાલસતા પુર્વક સર્જન કરાવવામાં, વિદ્વાનો પંડીતો અને કલાકારોની કદર કરવામાં તેમજ મહાજન રાજ્ય અને અહિંસા પરમો ધર્મના પ્રચારમાં પુરતો સાથ આપ્યો હતો.

મલ્લધારી શ્રીઅભયદેવસુરિના ઉપદેશથી પણ રાજા જયસિંહે પર્યુષણના આઠે દિવસો એટલે શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા શુદ ૪ સુધી તેમજ એકાદશી પ્રમુખ દિવસોમાં " **અમારીપડહ** વગડાવી સર્વેજીવોને અભય દાન આપી જીવનની સાર્થકતા સાધી હતી. આવા ઉચકોટીના સંસ્કારી રાજવી તેમજ સમર્થ જૈનાચાર્યોની જીવનપ્રભા આ ગ્રંથમાં યથાશકિત રજુ કરતા અમો જણાવીએ છીએ કે, આવા ઉચકોટીના જીવન ચરિત્રો અને પ્રજા કલ્યાણના સદકાર્યોને નજ સામે રાખી તે પ્રમાણેની કૃતિમાં, સ્વતંત્ર ભારતના કર્માચારીઓ કાર્ય દક્ષ બને તો ? સ્વતંત્ર ભારતનો વિજય રાષ્ટ્રધ્વજ વિશ્વવ્યાપી બને તેમજ સ્વતંત્ર ભારતનો અહિંસાવાદ રાષ્ટ્રોધ્ધારના મહાન કાર્યોમાં સદાકાળ માર્ગદર્શક બને.

પરમ કૃપાળુ પરમાત્મા સર્વેને સદબુધ્ધિ અર્પો અને સ્વતંત્ર ભારત સદાકાળ કીર્તિવંત બનો એવી અજરામર આશાએ વીરમુ છું.

**સમાપ્ત.**

# મહાન ગુજરાતનો સુવર્ણ યુગ

## શુદ્ધિ પત્રક

| પૃષ્ટ | લીટી | અશુધ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૧૦ | ૧૦ | આપ્યું | આપી |
| ૧૧ | ૫ | આપૂર્વ | અપૂર્વ |
| ૧૧ | ૭ | દીક્ષિત મુનીરાજની દીક્ષા, | બાળકની દીક્ષા |
| ૧૩ | ૨૧ | દુર્ધંત | દુર્ઘટ |
| ૨૬ | ૨૫ | પશ્ચિયાત | પશ્ચાત |
| ૨૭ | ૨ | સાસન | શાસન |
| ,, | ૧૦ | દેવન્દ | દેવેન્દ્ર |
| ,, | ૧૨ | સૌધર્મા | સુધર્મા |
| ,, | ૧૨ | દેવાધ્રિગણીનો | દેવર્દ્ધિગણીનો |
| ,, | ૧૪ | અધિપત | અધિપતિ |
| ,, | ૧૬ | ક્ષમાક્ષમણ | ક્ષમાશ્રમણ |
| ૨૮ | ૩ | બાલ્યવ્યસ્થાને। | બાલ્યવસ્થાનો |
| ૨૯ | ૯ | દિગમ્બરવ | દિગંબરીય |
| ,, | ૧૬ | ચુર્નિ | ચુર્ણિ |
| ,, | ૨૦ | પ્રકિણુ | પ્રકીર્ણ |
| ૩૧ | ૮ | શેત્રુંજય | શત્રુંજય |
| ૩૩ | ૨ | ચતુવિધિ | ચતુર્વિધ |
| ૩૫ | ૧૫ | જીર્નોધ્ધાર | જીર્ણોદ્ધાર |
| ,, | ૨૧ | ઉન્છેદક | ઉચ્છેદક |
| ,, | ૨૧ | ગર્દભીલ | ગર્દભીલ્લ |
| ૩૭ | ૨૦ | સીમંત | સામંત |
| ૪૨ | ૨ | વિશેષ્યાવશ્કય | વિશેષ્યાવશ્યક |
| ,, | ૧૨ | ફલોધિશ | ફળાધિશ |
| ૪૩ | ૫ | બપ્પભટ | બપ્પભટ મુનિએ |
| ૪૩ | ૨૮ | નિધાન | નિદાન |

| | | | |
|---|---|---|---|
| ૪૪ | ૪ | કાન્યકુબ્જા | કાન્યકુબ્જ |
| ૪૫ | ૨ | ધાડો | ગાઢો |
| ૪૬ | ૧૦ | ચિત્તા | ચિન્તામાં |
| ૪૭ | ૧ | ભીલ્લમાલ | ભીન્નમાલ |
| ૫૩ | ૧૦ | પર્ધમાનસૂરિ | વર્ધમાનસૂરિ |
| ૫૮ | ૪ | તહાં | હતાં |
| ૬૩ | ૭ | આવ્યા | કરી |
| ૬૩ | ૮ | કરણ | ૦ |
| ૬૩ | ૨૧ | સકળાએલ | સંકળાએલ |
| ,, | ૩૦ | જીનેન્દ્ર | જૈનેન્દ્ર |
| ૬૪ | ૧૬ | ગંથની રચના કરી | ગ્રંથની ટીકા લખી |
| ,, | ૨૨ | અને | ૦ |
| ૭૪ | ૯ | આસવાસન | આશ્વાસન |
| ૭૯ | ૮ | માંડલકો | માંડલિકો |
| ,, | ૮ | મહત્ત | મહાત |
| ,, | ૧૯ | પોતાના | પોતાની |
| ,, | ૨૫ | સાનશ્ચર્ય | આશ્ચર્ય |
| ૯૨ | ૫ | વતન | વજન |
| ૧૦૦ | ૧૫ | જાંગલત્વ | જંગમત્વ |
| ,, | ૧૬ | જંગળ | જંગમ |
| ૧૦૬ | ૫ | ધર્મોચાર્ય | ધર્માચાર્ય |
| ૧૦૭ | ૩ | હૈમચરિત્ર | હેમ્ચરિત્ર |
| ૧૦૭ | ૧ (શ્લોકમાં) | તદીષધેમ | તદીષધમ |
| ,, | ૪ ,, | ધર્માપ્તિ | ધર્માપ્તિ |
| ૧૦૪ | ૧૪ | સૂરિશ્વટજી | સૂરિશ્વરજી |
| ૧૧૦ | ૫ | શત્રુંજયપુરી | શત્રુંજય ઉપર |
| ૧૧૪ | ૧૩ | સમત | સમસ્ત |
| ૧૧૪ | ૨૦ | મુનીરાજે | મુનિરાજો |
| ૧૧૪ | ૨૫ | વિભુતીએને | વિભુતિઓનો |
| ૧૧૬ | ૬ | શતાબ્ધિ | શતાબ્દી |
| ,, | ૨૭ | રાજવીઓને | રાજવીઓ પણ |

| | | | |
|---|---|---|---|
| | | આશ્રય હતો | સન્માનતા હતા. |
| ૧૨૧ | ૭ | રાષ્ટોધ્ધાર | જગતનો ઉધ્ધાર |
| ૧૨૩ | ૧૯ | અત્ર | અત્રે |
| ૧૨૫ | ૧૪ | પ્રાર્થ । | પ્રાર્થના |
| ૧૨૭ | ૧૧ | સોકલ | સાંકળ |
| ૧૨૯ | ૨૦ | વાદીસિંહસૂરિએ | વાદીવીરસૂરિએ |
| ૧૩૧ | ૧ | ધર્મોધ્ધારકમાં | ધર્મોધ્ધારમાં |
| ,, | ૨ | અહિંસવાદ | અહિંસાવાદ |
| ૧૩૩ | ૮ | અકકેથી | અકકથી |
| ,, | ૧૮ | ,, | ,, |
| ,, | ૧૯ | તાનબધ | તાલબદ્ધ |
| ૧૩૪ | ૧૫ | કૌષ્યા | કૌશા |
| ,, | ૧૮ | પ્રશંશા | પ્રસંશા |
| ૧૩૫ | ૭ | અશોકના અંધ | અશોકના પુત્ર |
| ૧૩૫ | ૨૦ | જુવો | જુઓ |
| ૧૩૬ | ૧૫ | આસતે આસતે | આસ્તે આસ્તે |
| ,, | ,, | દેવદત્ત | દેવદત્તા |
| ૧૩૮ | ૨૨ | બ્રાહ્મણો | બ્રાહ્મણે |
| ,, | ,, | બાધો | ખાધો |
| ૧૩૯ | ૧૭ | બીજીત | બીજી |
| ,, | ૧૩ | પિતિમય | પ્રીતીમય |
| ૧૪૫ | ૧૧ | રાષ્ટ્રસેવામાં | જગતની સેવામાં |
| ૧૪૭ | ૧૮ | વાક્ષેપ | વાસક્ષેપ |
| ૧૪૯ | ૫ | શૃંગાર | શણગાર |
| ૧૫૧ | ૯ | બયા | બન્યા |
| ૧૫૩ | ૨૩ | બળાહય | બળાઢય |
| ૧૫૩ | ૨૭ | વીધી | ૦ |
| ૧૫૪ | ૬ | પાશાણુની | પાષાણની |
| ૧૫૫ | ૫ | પાદવારથળી | યાદવારથળી |
| ૧૫૭ | ૮ | વ્યનતરી | વ્યંતરી |

| | | | |
|---|---|---|---|
| ૧૫૭ | ૨૪ | પાંજળાવારી | પાંજરાવાળી |
| ૧૫૮ | ૪ | ગૌર્યતા | ગૌરવતા |
| ,, | ૧૪ | રાજઆજ્ઞા | રાજજ્ઞા |
| ૧૬૦ | ૩ | નતીવવા | જાળવવા |
| ૧૬૦ | ૬ | જંગમ | ૦ |
| ૧૬૦ | ૧૫ | બામા | બીયા |
| ૧૬૧ | છેવટનો શ્લોક | भूमिं कामगवि !, स्वगोमयरसैरासिञ्च रत्नाकरा:<br>मुक्तास्वस्तिकमातनुष्वमुडुप त्वं पूर्णकुम्भीभव ।<br>धृत्वा कल्पतरोर्दलानि सरलैर्दिग्वारणास्तोरणा-<br>न्याधत्त स्वकरै र्विजित्य जगतीं नन्वेति सिद्धाधिपः ॥४ | |
| ૧૬૨ | ૧૫ | પ્રેદેશ | પ્રદેશ |
| ,, | ૨૩ | અર્પિતિ | અર્પિત |
| ,, | ૨૬ | ધમિંષ્ટ | ધર્મિષ્ટ |
| ,, | ૨૮ | ગૌરવપૂણ | ગૌરવપૂર્ણ |
| ૧૬૪ | ૮ | વસ્તુને | વસ્તુની |
| ,, | ૧૫ | મારા | મારી |
| ,, | ૧૯ | મહારાજા | મહારાજાએ |
| ૧૬૫ | ૧૨ | શાક્ષાત | સાક્ષાત |
| ૧૬૫ | ૧૪ | સાધુ સંપ્રદાય અર્પિત | સંપ્રદાય અર્પિત |
| ૧૬૫ | ૨૨ | કર્યા | કરી |
| ,, | ૧૬ | જૈનમંડનગણિય | જીન મંડન ગણિએ |
| ૧૬૮ | ૨૧ | તેમજ મહત્તા | તેમજ તેની મહત્તા |
| ૧૬૯ | ૧૧ | તુપ્ત | તૃપ્ત |
| ,, | ૧૪ | દુષ્ટીપાટ | દ્રષ્ટિપાત |
| ,, | ૨૪ | જાગૃતથી | જાગૃત થઇ |
| ,, | ૨૮ | વિજતા | વિજેતા |
| ૧૭૦ | ૩ | વતન | વર્તન |
| ,, | ૨૨ | શ્રસ્ત્ર | શાસ્ત્ર |
| ૧૭૧ | ૧૪ | પડાહ | પડહ |
| ,, | ૨૨ | ઉધ્યના | ઉદયના |

| | | | |
|---|---|---|---|
| ,, | ૨૭ | અકૃતિના | આકૃતિના |
| ૧૭૨ | ૬ | ત | તો |
| ૧૭૨ | ૧૦ | માહ | મોહ |
| ૧૭૩ | ૨૦ | ભ ડરિશ | ભંડારોમાં |
| ૧૭૬ | ૭ | ગર્જ | ગર્જી |
| ૧૭૬ | ૧૦ | પારઆવ | પ્રભાવ |
| ,, | ૧૦ | રાજદુભા | રાજસભા |
| ,, | ૩૧ | નીચે ગ્રંથો | નીચે મુજબ |
| ૧૮૨ | ૮ | અધ્વભૂત | અદ્‌ભૂત |
| ,, | ૧ સંસ્કૃત શ્લોક | कथा | कन्या |
| ,, | ૨ ,, | का | किं |
| ,, | ૩ ,, | | |
| ૧૮૬ | ૧૭ | હેમધતુ | હેમધાતુ |
| ૧૮૭ | ૧૫ | સિદ્ધની | સિદ્ધિની |
| ૧૯૧ | ૯ | કારસાત્સવ | કારણુ વસાત |
| ૧૯૪ | ૨૫ | પરમાહિત | પરમ હિત |
| ૧૯૪ | ૨૯ | દેહસ્થાલી | દેહસ્થલી |
| ૨૦૦ | ૨૦ | સાનંદાશ્રય | સાનંદાશ્ચર્ય |
| ૨૦૦ | ૩૦ | સર્વગવાસ | સ્વર્ગવાસ |
| ૨૦૧ | ૧૪ | પરણીએ | ચરણોમાં |

# આપની હસ્ત રેખામાં ભાવિગતિ અંકાએલ છે

## ને તે જાણવું એ દરેકને માટે ઉપયોગી છે

ચિંતનશીલ ભાગ્યાત્મા વેપારીઓ તેમજ સંસારી મિત્રો

આપ પોતાનું ભાવિ સમજવા વ્હેલી તકે—

મળો યા લખો;

(હસ્તરેખા વિશારદ) જૈન પ્રોફેસર

**શ્રી ભવાનજી માણેકજી ખોના**

વિરજી ગંગાજરનો બંગલો,

મુલુંડ, ( ડી. થાણા ) જી. આઇ. પી. રેલ્વે.

●

## પ્રોફેસર શ્રી ખોના:

આપના હસ્તમાં અંકાએલ રેખાઓ ઉપરથી આખા જીવનની સચોટ ઘટનાઓ વિના સંકોચે જ્ઞાનબળે કહી આપે છે. તેમજ તેઓ આપની મુંઝવણમાં ખાસ માર્ગદર્શક બને છે રાજદંડ કરતા ગ્રહદંડ દરેક આત્માને પુરતી રીતે ભોગવવોજ પડે છે. જેમાં ગ્રહશાંતિના જાપો અને અન્ય દૈવિક ઇલાજો જરૂર મુશ્કેલીઓમાં માર્ગદર્શક બને છે.

જ્યોતિષ શાસ્ત્ર સૌને માટે માર્ગદર્શક છે. દુઃખીત સમુદાય માટે, તે આશાઓના દીપક અને ભોમીયા તુલ્ય ગણાય તો આપની સેવામાં જ્યાં

**શ્રી ભગવાનજી માણેકજી ખોના** જેવા હસ્તરેખા વિશારદ

જૈન પ્રોફેસર-વિદ્યમાન હોય ત્યાં આપે જરૂર તેમની અગાધ જ્ઞાનશકિત અને માર્ગદર્શનનો લાભ મેળવી વિધિના નિધાનનું ભેદી રહસ્ય સમજી સુખી અને સંતોષી બનવું જોઇએ. તેમાંજ જીવનની સાર્થકતા અને લાભ છે.

## પ્રોફેસર શ્રી ખોનાએ—

સેંકડો ભાગ્યાત્માઓની હસ્તરેખા જોઈ તેમને ફળાધીશ જન્મોતરી અને કુંડલી વગર, સચોટતાથી બતાવી સાનંદાશ્ચર્યમાં મુગ્ધ કરી દીધા છે. જેની ખાતરી અમોને તેમની પાસ રહેલ સેંકડો પ્રમાણપત્રો અને હસ્તના મોડલો પરથી થઇ શકે છે.

**ભાવિ અશુભ સુધારવા, પુરૂષાર્થ જે પ્રાણી કરે;**
**પામે અતિશય સંપત્તિને, સુખમાં તે સંચરે.**

અમોને પણ તેમનો લાભ તા. ૨-૧૨-૪૯ ના દીવસે સવારના બે કલાક સુધી મલ્યો હતો. જેમાં તેમની હસ્તરેખાઓ જોવાની, સમજવાની અને તેના આધારે ફલાધીશ કહેવાની અજબ જ્ઞાન શકિતનો પુરતો પરિચય થયો હતો. જેમાં અમોને પણ સંપુર્ણ સંતોષ થયો હતો.

જે ઉપરથી અમોને તેમની હસ્તરેખા વિશારદ જ્ઞાની તરીકેની ખાતરી થએલ છે અને અમો પણ તેમના માટે ખાસ ભલામણ કરીએ છીએ.

પ્રા. શા. સં. કાર્યાલય,
સંવત ૨૦૦૬ ના માગસર શુદ ૧૫
તા. ૫-૧૨-૪૯.
થાણા.

સહી.
મંગળદાસ ત્રીકમદાસ
ઝવેરી

## જાહેર આમંત્રણ

લગ્ન પ્રસંગો તેમજ દરેક શુભ પ્રસંગ

માટે

મુંબઇનાં અજોડ વસ્ત્રાલય

# હિન્દ સ્ટૉર્સ લીમીટેડ ની

મુલાકાત લેવા તમને ખાસ આમંત્રણ છે.

- તદ્દન આધુનીક ઢબના કળામય બનારસી સેલા
- ફેન્સી પાટલી-પાલવની સાડીઓ
- ચણીયા, બ્રોકેડ, બૉર્ડર વગેરે
- મહીસુરનું દરેક રંગનું જ્યોર્જેટ

ઉપરાંત મનપસંદ પ્રત્યેક પ્રકારનું રેશમી તથા સુતરાઉ

કાપડનું અજોડ સ્થળ

# હિન્દ સ્ટૉર્સ લી.

રામવાડી સામે

ટેલિફોન: ૨૭૧૧૮

કાલબાદેવી રોડ

મુંબઈ—૨.